વર્ષ ૫૮મું · અંક ૧૦-૧૧
સળંગ અંક ૬૯૪-૬૯૫

માહે ઑક્ટોબર-નવેમ્બર
ઈસ્વી સન ૧૯૮૧

કુમાર

સંસ્થાપક : સ્વ. રવિશંકર રાવળ • આદ્યતંત્રી : સ્વ. બચુભાઈ રાવત


આવતી કાલનાં નાગરિકોનું માસિક

સ્વ. બચુભાઈ રાવત સ્મૃતિ-અંક

તંત્રી
બિહારીલાલ ટાંક







શ્રી રવિશંકર મહારાજના માર્ગદર્શનથી

ગ્રામ વિકાસ ટ્રસ્ટ

(રૂરલ ડેવલપમેન્ટ ફાઉન્ડેશન)

લાલદરવાજા, અમદાવાદ-૧

'હું માનું છું કે આમજનતાની ઉપેક્ષા કરવી તે મોટું પાપ છે, અને આપણા પતનનાં અનેક કારણોમાંનું તે એક છે. જ્યાં સુધી લાખો લોકો ભૂખ અજ્ઞાનમાં સબડે છે ત્યાં સુધી એમના જ ખર્ચે જે કેળવણી પામ્યો છે તે પ્રત્યેક જન જો તેમના પ્રત્યે લક્ષ ના આપે તો હું તે દરેકને દ્રોહી ગણું છું.' —સ્વામી વિવેકાનંદ

મારી આંખો કામ કરતી નથી અને પગ ચાલવા માટે અસમર્થ છે એટલે હું રૂબરૂ આવીને તમને મળી શકતો નથી, પરંતુ મને વિશ્વાસ છે કે પ્રભુના આશીર્વાદ અને તમારા સહકારથી આપણે સૌ ગામડાંમાં દુઃખપૂર્વક જીવન વિતાવતાં બાળકો અને ભાઈઓ-બહેનોને સુખી કરી શકીશું. કૃપા કરી આ માનવીય સેવાકાર્યમાં તમારો ઉત્તમ સહકાર આપશો.

—રવિશંકર મહારાજ
(જેઓ આજે ૯૮ વર્ષના છે)

લાખો ગ્રામકુટુંબોની ભયંકર ભૂખ અને તીવ્ર તરસના પડકારોની સામે ધર્મયુદ્ધ ખેલવા ચાલો આપણે સહુ સહિયારો પુરુષાર્થ કરીએ.

—પ્રભુદાસ પટવારી
કાર્યકારી ચેરમૅન

આ ટ્રસ્ટને અપાતાં દાનો ૧૦૦% આવકવેરામુક્ત છે. કોઈ પણ રકમનું દાન સ્વીકાર્ય છે.

ચાલો, આપણે યુવાનો, વિદ્યાર્થીઓ અને સન્નારીઓ સહુ સાથે મળીને આપણાં જરૂરતમંદ ભાઈ-બહેનોને પીવાનું પાણી તથા રોજગારી પૂરી પાડવાના આનંદમાં સહભાગી થઈએ.



ભયંકર ભૂખ અને તીવ્ર તરસથી પીડાતાં આપણાં ગ્રામવાસી બહેનો, ભાઈઓ અને બાળકોની સેવા માટે આ ટ્રસ્ટ દ્વારા રૂપિયા ૧,૦૦,૦૦,૦૦૦ (એક કરોડ)નો આ ગ્રામવિકાસ કાર્યક્રમ તુરત હાથ ધરાશે.

દરેક વ્યક્તિ યથાશક્તિ જે દાન આપવું હોય તે આપી ગ્રામ્યપ્રજાને ભયંકર યાતનામાંથી ઉગારવાના મિશનમાં સહભાગી બનો. કોઈ રહી ન જાય.



વાના પાણીની જ્યાં સમસ્યા ઉગ્ર છે તેવાં સેંકડો ગામડાં છે. હજારો કુટુંબોને રોજ પેટ-પૂરતું ખાવા ભાગ્યે જ મળે છે. બેકારીનો વ્યાધિ આપણાં ગામડાંનાં મર્મસ્થાનોને કોરી ખાય છે.

આ ટ્રસ્ટ ગાંધીચીંધ્યા માર્ગે ગ્રામોદ્ધારની અનેક પ્રવૃત્તિઓને વરેલું છે, એ પીવાના પાણીની તથા ગ્રામોદ્યોગોની સવલતો પર ભાર મૂકે છે. ગામડામાં એક પાતાળકૂવો કરવા માટે તમે રૂ. ૩૦,૦૦૦નું, પાણીના કૂવા માટે રૂ. ૧૦,૦૦૦નું અને એક કુટુંબને રોજગારી આપવા માટે રૂ. ૧,૦૦૦નું દાન આપી શકો છો. બાકીનુ અનુદાન સ્થાનિક જિલ્લા સંસ્થાઓ તરફથી પૂરું પાડવામાં આવશે. અમે અંબર ચરખો, સાબુ, અગરબત્તી, ખાદ્ય પદાર્થો વણાટ-કામ આદિ લઘુ ઉદ્યોગો પૂરા પાડીશું. આમાંની કોઈ પણ એક પ્રવૃત્તિ માટે પણ દાન સ્વીકાર્ય છે.

35 CCA પ્રમાણે ૧૦૦% આવકવેરામુક્તિ * દાન નીચેના સરનામે મોકલશો :

ગ્રામ વિકાસ ટ્રસ્ટ

બહુમાળી મકાન સામે, લાલ દરવાજા, અમદાવાદ-૩૮૦ ૦૦૧ (ભારત)
ટેલિફોન: (આ.) ૩૯૩૪૭૮, (ઘર) ૪૧૧૦૦૧ ટેલિગ્રામ: 'NYAYA' અમદાવાદ

અનુક્રમ

ઑક્ટો.-નવેમ્બર ૧૯૮૧

સળંગ અંક ૬૫૪-૬૫૫

ચિત્રો

બચુભાઈ — પૂઠું, મુખચિત્ર પાછળ અને ચિત્રપૂર્તિ

બચુભાઈ (ચિત્રકાર : એલ. સી. સોની) — પૂર્ણરંગી મુખચિત્ર

કાવ્યો

વંદન જય ગુજરાત (બચુભાઈ રાવત) ૨૪૭

શ્રદ્ધાંજલિ (શંકરદેવ વિદ્યાલંકાર) ૨૫૧

સ્વ. બચુભાઈ ...(દેવજી રા. મોઢા), કવિબ્રહ્મા (ચં. સંઘવી) ૨૫૪

તમે (પિનાકિન્ ઠાકોર) ૨૫૬

બચુભાઈને શું જોઈએ ? (સુંદરમ્) ૨૬૪

મૂકીને (મનહર જાની), બોલ્યા વિણ (બાલમુકુન્દ દવે) ૨૮૦-૨૮૧

આલવાલનનું સ્મરણ (રાજેન્દ્ર શુકલ) ૨૮૨

મુ. બચુભાઈ રાવતને (ઇન્દુકુમાર ત્રિવેદી) ૨૮૨

ચરિત્ર અને લેખો

બચુભાઈ રાવત — ધીરુ પરીખ ૨૪૮

નિષ્ઠાવાન કર્મયોગી — અનંતરાય રાવળ ૨૫૫

મુરબ્બી બચુભાઈ એટલે — કનુભાઈ જાની ૨૫૭

સ્મરણો ભીનાં ભીનાં — જયન્ત પંડયા ૨૬૦

બચુભાઈ - એક અખંડ દીવો — ભગવતીકુમાર શર્મા ૨૬૧

સાહિત્યિક પત્રકારત્વના પ્રતીક બચુભાઈ — વિષ્ણુ પંડ્યા ૨૬૩

બચુભાઈ વિષે — સુંદરમ્ ૨૬૫

તુલસીક્યારામાં જીવનજળ સિંચનારા — ગુણવંત શાહ ૨૬૬

એક મુલાકાત — ચંદ્રવદન ચી. મહેતા ૨૬૭

અ-સરખા મિત્રો — શિવકુમાર જોશી ૨૬૮

થોડાં અંગત સ્મરણો — ગુલાબદાસ બ્રોકર ૨૬૯

એક અજોડ ઉદાહરણ — નરોત્તમ પલાણ ૨૭૦

‘કુમાર’નું પહેલું પાનું — ભોળાભાઈ પટેલ ૨૭૧

રાવત-મરોડ ૨૭૪

બચુભાઈ — નિરંજન ભગત ૨૭૭

બચુભાઈનાં સંભારણાં — મધુસૂદન પારેખ ૨૮૩

પિતાતુલ્ય બચુભાઈ — સુનીલ કોઠારી ૨૮૪

ગુજરાતનું એક તેજસ્વી રત્ન — પ્રભુદાસ પટવારી ૨૮૫

મારી માન્યતા — ચંપકલાલ મહેતા ૨૮૬

આભાર અને ક્ષમાપના

સ્વ. શ્રી. બચુભાઈ પ્રત્યેના પ્રેમાદર અને ‘કુમાર’ માટેની લાગણીથી આ અંક માટે પોતાની કૃતિઓ આપનાર સૌ કવિલેખકોના, અને જાહેરખબર આપનાર સૌ શુભેચ્છકોના અમે અત્યંત આભારી છીએ. અને અત્યાર સુધીનો વિલંબ નિભાવી લેનાર સૌ વાચકો તથા મુદ્રણ માટેના સમયની તથા અન્ય મર્યાદાઓના કારણે આ અંકમાં જેમના લેખોનો સમાવેશ નથી કરી શકાયો તે લેખકોની અમે ક્ષમા પ્રાર્થીએ છીએ. આ બાકીના લેખો હવે પછીના અંકમાં સમાવી લેવામાં આવશે. આ અનિવાર્ય નિર્ણય લેવા બદલ અમે અત્યંત દિલગીર છીએ. —સં.

‘કુમાર’ કાર્યાલય લિમિટેડ તરફથી મુદ્રક અને પ્રકાશક : અશોકભાઈ બચુભાઈ રાવત - મુદ્રણ અને પ્રકાશન-સ્થાન : કુમાર પ્રિન્ટરી, કુમાર કાર્યાલય લિમિટેડ ૧૪૫૪ રાયપુર, અમદાવાદ-૩૮૦ ૦૦૧, ફોન નં. ૩૬૩૭૪૫ - વાર્ષિક લવાજમ : રૂ. ૩૦-૦૦; પરદેશ : રૂ. ૬૦-૦૦ અથવા પાઉન્ડ ૪ અથવા ડૉ. ૧૦; છૂટક નકલ : રૂ. ૭-૦૦







બચુભાઈ

શ્રી રવિશંકર રાવળે
ઈ. ૧૯૧૯–'૨૦ના અરસામાં કરેલા રંગીન સ્કેચ



૨૭-૨-૧૮૯૮] **સ્વ. શ્રી બચુભાઈ રાવત** [૧૨-૭-૧૯૮૦

મહત્ત્વાકાંક્ષાનો અખૂટ વહડાવી ઉરઝરો પ્રભો ! શાને દીધું લઘુ જીવનનું પાત્ર ઝીલવા ?
(બ.રા.)

(છબિ-ચિત્રકાર : એલ. સી. સોની-ભુજ • બ્લૉકો : શ્રી રામસિંહજી રાઠોડના સૌજન્યથી)

આવતી કાલના નાગરિકોનું માસિક
વર્ષ ૫૮મું અંક ૯મો · ૧૦મો
ઑક્ટોબર–નવેમ્બર ૧૯૮૧
સળંગ અંક ૬૯૪–૬૯૫

...કવિતા-વાચનથી ભાવકને પ્રબોધ અને પ્રમોદ બંને મળવાં જોઈએ. વિષય ગમે તે હોય પણ એની પાછળ અનુભૂતિની સચ્ચાઈ હોવી જોઈએ, અને એની રજૂઆત કાવ્ય વંચાતું જાય તેમ એનો રસ હૃદયમાં ઊતરતો જાય એવી વિશદ હોવી જોઈએ. એમાં પૂર્વાચાર્યોએ પ્રબોધેલા ત્રણ ગુણ ઓજસ, પ્રસાદ અને માધુર્ય હોવાં જોઈએ. ઉપાડથી માંડીને અંત સુધી તેની રચના રેખા-ઉતાર હોવી જોઈએ અને અંતમાં તેના મુખ્ય રસની જમાવટ કરતી ચમત્કૃતિ સધાવી જોઈએ. સૉનેટ હોય તો તે તેના ગુણધર્માનુસાર પાસાદાર બનીને અંતની બે પંક્તિમાં ચોટદાર વળાંક લઈ પાણીદાર મોતી જેવું બનવું જોઈએ. ગીત હોય તો તેની બાની અને પ્રાસમાં તે લલિત અને લાવણ્યમય હોવું જોઈએ. પ્રાસને હું ગીતનું આવશ્યક અંગ ગણું છું, અને તેની બાનીમાં લાલિત્યને જરૂરી માનું છું. એ જ રીતે ગઝલમાં નવો ઉન્મેષ આવકાર્ય છે. પણ તેની રચનાનો કસબ કાયમ રહીને તેનું અગત્યનું અંગ જે મિજાજ તે એમાંથી પ્રગટતો હોવો જોઈએ. ભજનમાં પણ બાની અને કથન બંનેમાં પ્રૌઢી અને ગાંભીર્ય સાથે હૃદયને હલાવી નાખે એવી ચોટ હોવી જોઈએ. ટૂંકામાં, કૃતિ ગમે તે હોય પણ વાચન કે શ્રવણ દરમિયાન એની એક મધુર રૂપાકૃતિ સરજાતી જતી હોવી જોઈએ, અને અંતે રસાનંદની એક લહરી મૂકી જતી હોવી જોઈએ.'

બ. રા.

ઈ. ૧૯૭૯માં
એક રેડિયો-મુલાકાતમાં
આપેલા ઉત્તરોમાંથી

વંદન જય ગૂજરાત*

ભારતભૂમિની ગુણવંતી લઘુ પુણ્યવતી રસભૂમિ
સત્યાગ્રહની કર્મભૂમિ તું, ઝઝૂમીએ જહીં ઘૂમી,
જયગાન ગજવતાં માત;
તુજને વંદન જય ગૂજરાત!

રસકસવંતી ભરતભૂમિની શ્રેષ્ઠ સુભગરસપુત્રી,
ગિરિ, ગહ્વર, સરવર, નદી ઝરણાં, પ્રકૃતિ-પ્રસાદી ધરતી,
ધનધાન્ય ભરી રળિયાત; તુજને૦

યદુકુળતિલક કૃષ્ણચંદ્રની રાજ્યભૂમિ જયવંતી,
ઘોષ ગીતાના સદાય કરતી, કર્મયોગ ગુંજવતી,
જય ગૌરવવંતી માત; તુજને૦

સિદ્ધરાજ, વન, ભીમદેવ સમ સમરવીરોની પ્રસૂતા,
વીર કેસરીસમ જયત્રાડે ધરણી જે ધ્રૂજવતા
કરી વિજયધ્વજ ફરકાટ; તુજને૦

નૃસિંહ, મીરાં સરખાં રસિયાં સંતનની રસજનની,
ધર્મધુરંધર દયાનંદ ને કલાપીની કુલભૂમિ,
વા'તી રસગંગી દિનરાત; તુજને૦

પ્રેમ–શૌર્યનું રણશિંગ ફૂંકવનો નર્મદ જય ગજવે,
સત્યનિષ્ઠ કર્મવીર ગાંધી અવનવ ચેતન પ્રેરે,
જન ઘૂમે કીર્તિધ્વજ સાથ; તુજને૦

જાગ્રત જા તુજ તનુજ થયાં ત્યાં આ નવચેતન ભરતી,
પ્રાચી દિશામાં વિવિધ રંગભરી ઉદય ઉષા ઝળહળતી,
જો! દિવ્ય હસંત પ્રભાત; તુજને૦

ઘેરી ધુરંધર દેશતણાની ઘૂઘરમાળ ઘમકશે,
સ્વતંત્રતા, રિદ્ધિ, સિદ્ધિ ને પ્રતાપ, ચેતન સરશે,
જોઈ સ્તબ્ધ થશે જગ માત! તુજને૦

બચુભાઈ રાવત

* બચુભાઈએ આ કાવ્ય સંવત ૧૯૭૫માં આષાઢ સુદ સપ્તમીએ રચ્યું અને પોતાના હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'ના ઑગસ્ટ–સપ્ટેમ્બર ૧૯૧૯ના અંકમાં પ્રથમ પ્રકટ કર્યું હતું.

બચુભાઈ રાવત

ધીરુ પરીખ

'બચુભાઈ, 'કુમાર'માં રવિભાઈનું આત્મકથાનક તમે પ્રકટ કર્યું; હવે તમને નથી લાગતું કે તમારે પણ તમારું આત્મકથાનક લખવું જોઇએ?'

'ના; હું તો રહ્યો મામૂલી માણસ. મારી વળી આત્મકથા કેવી?'

'આત્મકથા નહિ તો સ્મરણકથા તો આપો જ. એમાંથી ઘણાઓને ઘણું જાણવા મળશે.'

'એમાં તે વળી શું જાણવાનું હતું! મારું જે કંઈ છે તે આ 'કુમાર' જ.'

બચુભાઈના અવસાન પૂર્વે દોઢેક વર્ષ મેં બચુભાઈ પાસે આ વાત ઉખેળી હતી. પણ જાતજાહેરાતથી હમેશાં 'નેપથ્ય'માં જ રહેનારા બચુભાઈ, એમનો શબ્દ વાપરીને કહું તો, 'ફાકું' આપે જ શાના? એ સ્મરણકથા એમની પાસે લખાવવા મેં ખૂબ પ્રયત્નો કર્યા, પણ એ નામુક્કર જ ગયા. એ ચર્ચામાં મને એક તબક્કે એમ પણ લાગેલું કે બચુભાઈમાં રહેલી કોઈ લઘુતાગ્રંથિનું તો આ આધિપત્ય નહિ હોય ને? બચુભાઇએ આત્મકથા ધરાર ના આપી તે ના જ આપી! એમની સાથે એમનું ઘણું ગોપવીને એ ચાલ્યા ગયા. હવે તો માત્ર આ જીવન-રેખા જ...

"મારું જે કંઈ છે તે આ 'કુમાર' જ." આમ કહેનાર બચુભાઈ માટે 'કુમાર' એક મોટી સ્વપ્નસિદ્ધિ સમ હતું. સચિત્ર અંગ્રેજી સામયિકો કુમારકાળે વાંચેલાં ત્યારથી એવું વૈવિધ્યપૂર્ણ સચિત્ર સામયિક ગુજરાતીમાં પ્રકટ કરવાનું એમનું સ્વપ્ન હતું. પરંતુ એ સ્વપ્ન આવ્યું હશે ત્યારે કદાચ એમને ય ખયાલ નહિ હોય કે પ્રસ્તુત સ્વપ્ન આમ 'કુમાર' રૂપે સાકાર થશે, સિદ્ધ થશે.

છેલ્લાં વર્ષોમાં નાદુરસ્ત તબિયતને કારણે એઓ કાર્યાલયમાં નિયમિત નહોતા જઈ શકતા. જો કે એ પરિસ્થિતિમાં એમના ઘરનો એમનો એ ઓરડો જ કાર્યાલય બની ગયો હતો. ટપાલો વંચાય એ ઓરડામાં, જવાબો લખાય એ પલંગમાં બેઠાબેઠા, સંપાદનની ચર્ચા થાય સોફામાં બેઠાબેઠા, પલંગમાં તકિયાને અઢેલી પ્રૂફો વંચાય પણ એ જ ઓરડામાં, મુલાકાતીઓ પણ આવે-જાય ત્યાં જ. સ્થળ જ બદલાયું હતું, કામનો પ્રકાર અને પ્રસ્તાર એ અને એટલો જ. આમ છતાં ય હવે એ રોજ સાંજે નિયમિત થોડું ફરવા નીકળતા. અઠવા-ડિયામાં એક-બે સાંજ અમે સાથે જ ગાળીએ. હું ઊઠું એટલે એઓ પણ ફરવા નીકળે. લૉ કૉલેજ પાસેના સમર્થેશ્વર મહાદેવ સુધી એ ચાલતાચાલતા આવે, પછી પાછા વળે. આવી એક સાંજે અમે એમના નિવાસસ્થાન 'નેપથ્ય'માંથી નીકળ્યા. નજીકમાં જ છે રેલ્વે ક્રૉસિંગ. અમે ત્યાં પહોંચ્યા ત્યારે એ બંધ હતું, ક્રૉસિંગના બંધ ઝાંપા સામે એકીટશે જોઈ રહી એ મૂગા થઈ ગયા. પછી મૌન તોડયું. કહે, 'ગાડીનું મને ભારે આકર્ષણ છે!'

'કેમ?' મારાથી સહજ પુછાઈ ગયું.

'કિશોર હતો ને ગોંડલમાં ગાડી જોતો ત્યારે સ્વપ્ન હતું કે ક્યારે આ ગાડી મને અમદાવાદ લઇ જશે? આજ વર્ષોથી અમદાવાદ આવીને વસ્યો છું ને જે કંઇ પામ્યો છું તેનું સ્મરણ કરતાં અહીંથી પસાર થતી આ ગાડી મને હમેશાં રોમાંચક અનુભવ કરાવે છે.'

ગોંડલમાં હતા ત્યારે બચુભાઇ જાણે સ્વપ્નસિદ્ધિની શોધમાં હતા. એમનો જન્મ તો વતન અમદાવાદમાં ઇ. સ. ૧૮૯૮ના ફેબ્રુઆરીની ૨૭મી તારીખે. પરન્તુ એમને મન જન્મભૂમિ અમદાવાદ કરતાં કર્મ-ભૂમિ અમદાવાદનો વિશેષ મહિમા હતો. આમ તો થોડુંક પ્રાથમિક શિક્ષણ એમણે અમદાવાદમાં લીધેલું, પરન્તુ બાકીનું પ્રાથમિક અને સંપૂર્ણ માધ્યમિક શિક્ષણ એમણે ગોંડલમાં જ પૂરું કર્યું હતું.

એમના પિતાશ્રી પોપટભાઇ જીવાભાઇ રાવત ત્યારના સૌરાષ્ટ્રમાં ગોંડળમાં પશુવૈદ્ય અને પૅડોક સુપરિન્ટેન્ડન્ટ હતા. પિતાશ્રી જે હોદ્દા પર હતા તે એમનો ત્રણ પેઢીથી ચાલ્યો આવતો હોદ્દો. પિતાજી અત્યંત શોખીન અને રસિક જીવ હતા. બચુભાઇની કૉળેલી રસવૃત્તિમાં આ પિતૃવારસો વાંચી શકાશે. પ્રાણીઓ પ્રત્યે પણ પિતાશ્રીમાં પરમ પ્રેમ હતો. પુત્રમાં પણ આ પ્રેમ જળવાઇ રહ્યો હતો. પણ પિતાજી અત્યંત ક્રોધી હતા એમ બચુભાઇ શરમપૂર્વક કહેતા હતા. એઓ એમ પણ જણાવતા કે આથી જ મેં ક્રોધને જીતવાનો સભાન પ્રયત્ન કર્યો છે. જો કે બચુભાઇને કંઇ અણગમતું બનતું ત્યારે ત્યારે એમના નાકનાં ફૂલતાં ફોયણાંમાં, ધ્રૂજતી પાતળી ઓષ્ઠરેખામાં અને સહેજ અધ્ધર ખેંચાતાં ગાઢાં ભવાંમાં, પોતાને અણગમતા એવા ક્રોધના પિતૃવારસના અવશેષો જરૂર જોઇ શકાતા. પિતાજીની કર્તવ્યનિષ્ઠા પણ અજબની! બચુભાઇમાં આ કર્તવ્યનિષ્ઠા ખૂબ ફાલી અને ફૂલી હતી. કહો કે આ પિતૃ દીધી કર્તવ્યનિષ્ઠાને કૉળાવીને એમણે સાચા અર્થમાં પિતૃતર્પણ કર્યું હતું. માતા સૂરજબા અતિ સૌમ્ય અને ઋજુ સ્વભાવનાં હતાં. ધર્મશ્રદ્ધા પણ અડગ. બચુભાઇના હૈયાની ઋજુતા અને શ્રદ્ધા માતૃદેણગી હતી. બુદ્ધિપૂત બચુભાઇને અમદાવાદના ભદ્રકાળી માતાના મંદિર પાસે કે રાયપુર ચકલામાં છબીલા હનુમાન પાસે કે કાર્યાલયમાં એક ગોખલામાં મહાલક્ષ્મીની છબી સામે નતમસ્તકે ઊભેલા જોઇએ ત્યારે આ ધર્મશ્રદ્ધા-ની પ્રતીતિ થયા વગર રહે નહિ. અરે, જ્યોતિષ અને અંકવિદ્યામાં પણ એમને ભારે શ્રદ્ધા. 'કુમાર' જ્યારે લિમિટેડ કંપનીમાં રૂપાંતરિત થયું ત્યારે 'લિમિટેડ'નો સંક્ષેપાક્ષર 'લિ.' હોવા છતાંય એમણે એ સંક્ષેપ દ્વયાક્ષરી રાખ્યો : 'કુમાર કાર્યાલય લિમિ.' કારણ કે 'લિ.' રાખવાથી અક્ષરોની સંખ્યા આઠ થતી હતી; અને આઠનો આંકડો અંકવિદ્યાની દૃષ્ટિએ અપશુકનીઆળ ગણાય. આમ છતાં ય કોઇ પ્રકારની અંધ-શ્રદ્ધામાં તો એ ફસાયા જ નહોતા.


એમની આ શ્રદ્ધામાંથી જન્મેલી ભક્તિ કોઇ દેવદેવીની ઉપાસના તરફ નહિ, પરન્તુ કર્મ તરફ વળેલી હતી. કર્મની એમણે ઉત્કટ ભક્તિ-પૂર્વક આરાધના કરી હતી. કર્મયોગ એ જ એમનો ભક્તિયોગ. એ જ ભક્તિવૃત્તિએ એમને પુરુષાર્થી બનાવ્યા હતા. એમનું સમગ્ર જીવન જાણે પુરુષાર્થયજ્ઞ હતો. ઈ. સ. ૧૯૧૪માં એ મૅટ્રિક થયા. ત્યાર બાદ પૂના જઇ ફર્ગ્યુસન કૉલેજમાં અભ્યાસ કરવાનો મનસૂબો ઘડ્યો. એ માટે એમણે પ્રયત્નો પણ કર્યા. પરન્તુ તત્કાલીન કૌટુંબિક વિપરિત પરિસ્થિતિને કારણે એમના પિતાશ્રીએ એમને પૂના મોકલ-વાની અનિચ્છા દર્શાવી. યુવાન બચુભાઇનાં અરમાનોની ઇમારત કડડભૂસ કરતીકને તૂટી પડેલી એનો વસવસો અવારનવાર વાત-વાતમાં એમનાથી વ્યક્ત થઇ જતો. પરન્તુ એ વખતે તો પિતાજીની ઇચ્છાને માથે ચઢાવી કૉલેજના અભ્યાસનું સ્વપ્ન એમણે કાયમને

માટે ત્યજી દીધું. એ સાથે જ એમણે સંકલ્પ કરી લીધો કે ભલે કૉલેજ-માં જવાનું ના બન્યું પણ એક સ્નાતક જેટલું જ્ઞાન તો સ્વપ્રયત્ને પ્રાપ્ત કરી જ લેવું. પોતાના સતત પુરુષાર્થથી એમણે ઉક્ત સંકલ્પને સિદ્ધિમાં પલટાવ્યો હતો એ વાતની પ્રતીતિ 'કુમાર'ના તંત્રી બચુભાઇ સાથે જેમને ચર્ચાનો પ્રસંગ પડ્યો હશે તેને થઇ જ હશે.

૧૯૧૪માં મૅટ્રિક થઈ એમને ગોંડળની સંગ્રામજી હાઈસ્કૂલમાં જોડાઈ જવું પડ્યું. એમની દૃષ્ટિએ આ એમનો ઘડતરકાળ (Period of formation) હતો. ૧૯૧૫ થી ૧૯૧૯ એ પાંચ વર્ષ એમણે સંગ્રામજી હાઈસ્કૂલમાં શિક્ષક તરીકેની સેવાઓ આપી. આ ગાળા દરમિયાન ખરા અર્થમાં તો એઓ વિદ્યાર્થી જ બની રહ્યા. સ્વપ્રયત્ને એમણે સાહિત્ય અને કળાનું બની શક્યું એટલું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું. એ વખતે ગોંડળમાં એક ચિત્રશાળા ચાલતી હતી. એમણે એ ચિત્રશાળામાં વર્ગો ભરી એ સમયની ચિત્રકામની પ્રાથમિક પરીક્ષાઓ પણ પસાર કરેલી. રિસેસ અને રજાઓ દરમિયાન શાળાના પુસ્તકા-લયનું કામકાજ કરી સાહિત્યિક સજ્જતા કેળવવાનો પણ પૂરતો પ્રયાસ કર્યો હતો. એમાં સ્વ 'ધૂમકેતુ', દેશળજી પરમાર જેવા સાહિત્યકાર તથા રવિશંકર પંડિત જેવા ચિત્રકાર મિત્રો મળ્યા અને એક આગવું વાતાવરણ ઊભું થયું. વળી, એ વખતે ત્યાં વિદ્વાન ગણાતા સ્વ. કવિ 'વિહારી'નો પણ સતત સાહિત્યસંપર્ક રહ્યા કર્યો, જેને પરિણામે એમની કાવ્યપ્રીતિ ઉત્તેજાઈ.

આ પૂર્વે પણ એમને ખાસ કરીને અંગ્રેજી વ્યક્તિઓ અને વાઙ્-મયનો પરિચય કેળવવાનું સુભાગ્ય પ્રાપ્ત થઈ ચૂક્યું જ હતું. ગામથી દૂર ચારપાંચ અંગ્રેજ કુટુંબોનો ઘરોબો. ત્યારે ત્યાં ગાર્ડન સુપરિન્ટે-ન્ડેન્ટ મિસ્ટર મૅરટ સાથે મૈત્રી સધાઈ. એમને ત્યાં અંગ્રેજી સાહિત્યનું સાપ્તાહિક 'બુકમૅન' આવતું હતું તેના વાચનનો લાભ મળવો શરૂ થયો. આ સામયિકના નાતાલના ખાસ અંકમાં કોઈ કવિ કે લેખકની સાહિ-ત્યિક-પ્રવૃત્તિ વિશે ચિત્રમય સામગ્રી પ્રકટ થતી. આ વાચને એમની સાહિત્યિક રુચિ બલવત્તર બનાવી હતી. પછી તો અમદાવાદમાં આવ્યા અને 'જ્હૉન ઑવ લંડન્સ વીક્લી'ના ગ્રાહક બન્યા. એમાં એ કાળના યુવાન સાહિત્યકારોની મુલાકાતો આવતી, પ્રશ્નોત્તરી આવતી, વચ્ચેનાં પૃષ્ઠ પર વાય. વાય.ની સહીથી અમેરિકન રૉબર્ટ લિન્ડના હળવા નિબંધો પ્રકટ થતા. એ સામયિકના તંત્રી 'જ્હૉન ઑવ લંડન'ના અગ્રલેખોમાં લખાયેલા 'લેટર્સ ટુ ગૅાગ ઍન્ડ મૅગૉગ'ની પણ ખૂબ હવા હતી. તો બીજી તરફથી 'બુકમૅન'ના તંત્રી સેન્ટ જોન એડકોકની પણ યુવાન લેખકોમાં જબરી પ્રતિષ્ઠા હતી. મોડી રાત સુધી એઓ પોતાના તંત્રીખંડમાં કાર્યરત રહેતા અને નવલેખકોના પત્રોના લેખોના ઉત્તરો આપતા. તંત્રી બચુભાઈના આ જાણે ગુરુઓ બન્યા. એમના પરોક્ષ પ્રભાવ તળે બચુભાઈનું તંત્રીકર્મ આરંભાયું.

આ ઉપરાંત પણ આજના અમેરિકન 'ટાઈમ'ની ઢબે પ્રસિદ્ધ થતા 'લિટરરી ડાયજેસ્ટ'ની ઑર પ્રતિષ્ઠા હતી. એમાં 'કરંટ પોએટ્રી' નામનો વિભાગ આવતો, અને ત્યારે કયુમિંગ્ઝ જેવા કવિઓની રચનાઓ પાનું ભરીને આવતી. બચુભાઈની કાવ્યપ્રીતિ આ અંગ્રેજી કાવ્યોના સેવનથી તેમ જ દેશળજી પરમાર 'પોએટ્રી રિવ્યૂ' નામક દ્વૈમાસિક મંગાવતા તેના તથા અમેરિકાથી હૅરીએટ મનરોએ શરૂ કરેલા 'પોએટ્રી' નામક માસિકના વાચનથી પોરસાઈ હતી. વળી, પ્રથમ વિશ્વયુદ્ધ બાદ ઇંગ્લૅંડમાં સાહિત્યની જે નૂતન આબોહવા બંધાઈ હતી, તેને નવા લેખકોના સમૂહે પ્રકટ કરેલા 'ઍથીનિયમ' નામક સાપ્તાહિકમાં ઠીક સ્વરૂપે ઝીલવામાં આવી હતી. બચુભાઈ, આમ અંગ્રેજી સાહિત્યના (વિશેષ કરીને કાવ્ય-સાહિત્યના) જૂનાનવા પ્રવાહોના પરિચયમાં રહ્યા. એમના



△ બચુભાઈ - એકયાશી ઊતરતાં (ફોટો : જગન મહેતા) △

સાહિત્યિક પત્રકારત્વના આ બધાં સામયિકો અને તેમના એ બધા તંત્રીઓ આદર્શ નમૂના રહ્યા.

લગભગ આ ગાળા દરમિયાન સ્વ. હાજી મહમદે મુંબઈથી સાહિત્ય અને કલાનું સુંદર સચિત્ર અને સુરુચિપૂર્ણ સામયિક 'વીસમી સદી' શરૂ કર્યું. યુવાન બચુભાઇને એ ગમી ગયું. એમાંથી પ્રેરણા લઈ એમણે 'જ્ઞાનાંજલિ' નામે હસ્તલિખિત પત્ર શરૂ કર્યું. મિત્રોની રચનાઓ અને આદિથી અંત સુધી બચુભાઈના એકધારા મરોડદાર અક્ષરો. વચ્ચે વચ્ચે સુશોભનનાં છાંટણાં ય ખરાં. ભાવિમાં એઓ એક સારા પત્રકાર થવાના હતા તેની આ અંકો ગવાહી પૂરે તેમ છે. એમનું એ હસ્તલિખિત પત્ર મિત્રવર્તુળમાં ખૂબ ચાહના પામ્યું. એનો પમરાટ સ્વ. રવિશંકર રાવળ સુધી પહોંચ્યો. એમની ભાવિ મૈત્રીનાં જાણે ત્યારથી બીજ રોપાયાં.

ગોંડળમાં એક ખૂણે બેઠાબેઠા બચુભાઈ આત્મવિકાસની કપરી સાધના કરી રહ્યા હતા. પરંતુ એ વખતે ગુજરાતમાં ચાલતી સાહિત્યિક પ્રવૃત્તિ અને પાંગરતી થયેલી કલાપ્રવૃતિઓથી એઓ ખૂબ અભિભૂત થયા હતા અને ગોંડલ છોડી અમદાવાદ જેવી વિશાળ સં-સ્કારભૂમિમાં આવવા તલપી રહ્યા હતા. એમનો આત્મા હવે જાણે ત્યાં મૂંઝાતો હતો.

એ જ અરસામાં એક ઘટના બની. સ્વામી અખંડાનંદ અમદા-વાદ ખાતેનું પોતાનું 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય' બંધ કરવાનું વિચારી રહ્યા હતા. એઓ જૂનાગઢ જઈ રહ્યા હતા ત્યારે વચ્ચે ગોંડળ-માં કવિ 'વિહારી'ના પુત્ર ચંદુભાઈ પટેલને ત્યાં એઓ ઊતર્યા. કાર્યા-લય બંધ કરવાના પોતાના વિચારની એમણે જાણ કરી. સ્વ. ચંદુ-ભાઇએ સ્વામી અખંડાનંદને એ સદ્પ્રવૃત્તિનો સંકેલો ન કરવા માટે સમજાવ્યા. સ્વામી અખંડાનંદ 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય' એક શરતે ચાલુ રાખવા તૈયાર થયા કે સ્વ. ચંદુભાઇએ એમને કોઈ ભાવના-શાળી દૃષ્ટિસંપન્ન યુવાન કાર્યકરની સહાય પૂરી પાડવી. ચંદુભાઇએ

બચુભાઇને આ વાતની જાણ કરી. બચુભાઇને તો ભાવતું હતું ને વૈદે કહ્યું જેવી વાત થઈ. તરત જ ચંદુભાઇએ સ્વામી અખંડાનંદને બચુભાઇનું નામ સૂચવ્યું. થોડી વાટાઘાટો થઈ. આખરે સ્વામી અખંડાનંદે બચુભાઇને 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'માં કામ કરવા અમદાવાદ તેડાવ્યા. ઈ. સ. ૧૯૧૯ના નવેમ્બરના અંત ભાગમાં, આમ, બચુભાઇએ ગોંડળ છોડ્યું અને અમદાવાદ આવીને વસ્યા. અહીં એઓ વરસ-દોઢવરસ રહ્યા તે દરમિયાન પ્રકાશન અને મુદ્રણ વ્યવસાયનાં વિવિધ પાસાંનો પ્રત્યક્ષ અનુભવ મેળવી લીધો.

એઓ 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'માં જોડાયા ત્યારે ત્યાં બે જ માણસો કામ કરતા હતા : એક, મૅનેજર શ્રી ત્રેણીશંકર પઢિયાર, અને પટાવાળો સખારામ. બીજા માણસોને સ્વામી અખંડાનંદે છૂટા કર્યા હતા. બચુભાઇ સહિત હવે ત્રણ માણસો થયા. છેલ્લા થોડા મહિનાનાં પાકા રોજમેળ, ખાતાવહી, સ્ટૉકલિસ્ટ આદિ કામો ચડી ગયાં હતાં. બચુભાઇએ આ કામમાં પણ મદદ કરવા માંડી. તો સાથે સાથે છપાઇ રહેલાં પુસ્તકોનું પ્રૂફવાચન કરવાની તેમ જ નવા તૈયાર થતા ગ્રંથોનું સંપાદન કરવાની જવાબદારી પણ એમણે સંભાળી લીધી. આ ઉપરાંત પુસ્તકોનું છૂટક વેચાણ, પત્રવ્યવહાર અને લગભગ ૬૬૦૦ જેટલા ગ્રાહકોને મોકલવાનાં પુસ્તકોનાં સરનામાં કરી ને ટપાલમાં બાંધી રવાના કરવા સુધીની કામગીરી બજાવવી પડતી હતી. ક્યારેક વળી સખારામ હાજર ના હોય તો થેલા ઊંચકીને પોસ્ટ ઑફિસ સુધી પહોંચાડી આવવાનું કામ પણ પતાવવું પડતું. કોઇ કામની નાનમ નહિ, મગજ પર એનો ભાર નહિ. જ્યાં જોતરાયા ત્યાંની નાનીમોટી સઘળી, નવી-જૂની બધી જ જવાબદારીઓ સ્વીકારી કચવાટ વગર કામ કરવું એ હતો બચુભાઇનો કર્મમંત્ર. આજના આ સંઘબળ-પ્રધાન યુગમાં બચુભાઇ જેવા કામઢા માણસની કાર્યપદ્ધતિ કોઇને કઢંગી પણ લાગે. પણ છેક સુધી બચુભાઇએ પોતાની એ કાર્યશૈલીનો ત્યાગ કર્યો નહોતો. માટે જ તો બચુભાઇ એ બચુભાઇ હતા.

ઇ. ૧૯૨૦ની આસપાસનો આ સમય દેશની નવજાગૃતિનો કાળ હતો. બચુભાઇનું વય ત્યારે બાવીસ વર્ષનું. અનેક યુવાનોની જેમ એ પણ દેશસેવાની ભાવનાથી રંગાયા હતા. પરંતુ રાષ્ટ્રવ્યાપી સ્વાતંત્ર્યની ચળવળમાં સીધો કે સક્રિય ભાગ લેવાને બદલે, એમણે જુદો રાહ અપનાવ્યો. સ્વામી વિવેકાનંદના એક સૂત્રે એમને ત્યારે ખૂબ આકર્ષ્યા : દેશના ઉદ્ધાર માટે યુવાનોએ એકએક સંસ્કારક્ષેત્ર શોધી લઇને તેમાં આસનબદ્ધ બની કામે લાગી જવું જોઇએ. બચુભાઇએ પણ દેશસેવાર્થે આ પત્રકારત્વના ક્ષેત્રની પ્રવૃત્તિ અપનાવી લીધી. પણ પત્રકારત્વ એમને મન કેવળ વ્યવસાય (profession) નહોતો, એ એમની મનગમતી પ્રવૃત્તિ (vocation) હતી. પત્રકારત્વને એમણે સાંસ્કૃતિક પ્રવૃત્તિનો મોભો અપાવ્યો. ગુજરાતી પત્રકારત્વમાં 'કુમાર' દ્વારા એક પત્રકારત્વની વિશિષ્ટ વાટી એમણે ઊભી કરી છે તે ગુજરાતી પત્રકારત્વના ઇતિહાસમાં મહત્ત્વનું સીમાચિહ્ન છે. પત્રકારત્વના પ્રથમ પાઠો એમણે ઉપાસ્યા 'સસ્તું સાહિત્ય વર્ધક કાર્યાલય'માં.

આ દરમિયાન મુંબઇનો વસવાટ છોડી સ્વ. રવિશંકર રાવળ અમદાવાદમાં સ્થાયી થયેલા. બચુભાઇ એમના વિશેષ સંપર્કમાં આવ્યા. આ પૂર્વે પણ બચુભાઇના સ્વચ્છ, સુરુચિપૂર્ણ, કલાસૂઝવાળા હસ્તલિખિત 'જ્ઞાનાંજલિ'થી અને તે નિમિત્તે એમની શક્તિઓથી સ્વ. રવિશંકર રાવળ માહિતગાર તો હતા જ. કલા-સંસ્કારના ક્ષેત્રમાં ઉમદા પ્રદાન કરવાની બચુભાઇની તમન્નાથી એ પૂરા વાકેફ પણ હતા. આ સંજોગોમાં એક બીજી ઘટના બની.

મુંબઈમાંથી સ્વ. હાજીમહમદે સચિત્ર સામયિક 'વીસમી સદી' શરૂ કર્યું હતું તેની આર્થિક સ્થિતિ કથળવા લાગી હતી. આ સામયિકની સતત ચિંતાથી હાજીમહમદની તબિયત પર પણ અસર પહોંચી હતી. એઓ 'વીસમી સદી'ને ઉગારી લેવા માટે અવારનવાર રવિશંકર રાવળને પત્રો લખી, સંચાલન-સંપાદનમાં સહાયરૂપ થાય તેવા યોગ્ય માણસની માગણી કરતા રહ્યા હતા. રવિશંકર રાવળને બચુભાઈનું નામ આ માટે સર્વથા યોગ્ય લાગ્યું. એમણે સ્વ. હાજીમહમદને બચુભાઇનો પરિચય કરાવ્યો. બચુભાઇ માટે આ મહામૂલો અવસર હતો. 'વીસમી સદી' જેવા મનગમતા સામયિક સાથે સંકળાવું અને મુંબઇ જેવું મહાનગર સાંપડવું એવો બેવડો લાભ હતો. બચુભાઇએ આ તક વધાવી લીધી. 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'માંથી રાજીનામું આપ્યું.

બચુભાઇનું જીવન એક રીતે બહુ સંઘર્ષમય નહોતું. એ સમથળ પ્રવાહ જેવું વહ્યું છે. બહુ મોટી ઘટનાઓ પણ એમાં નથી. કદાચ આ પણ એક કારણ હોઇ શકે કે જેણે એમને આત્મકથાનક લખતા રોક્યા હોય, આમ છતાં ય કેટલાક નાના પ્રસંગો એવા બનતા હોય છે કે જે વ્યક્તિના જીવનમાં ક્યારેક મોટો વળાંક સર્જે. બચુભાઇ માટે મુંબઇ જઇ 'વીસમી સદી'માં જોડાઇ જવાની ઘટના કંઇક આવી હતી. કદાચ એ ત્યાં રહ્યા હોત, રહેવાનું બન્યું હોત તો તો બહુધા પરિણામ તો જે આવ્યું તે જ આવ્યું હોત એમ લાગે છે. ફરક એટલો જ કે એમને જુદી પરિસ્થિતિમાં કામ કરવાનું આવ્યું.

'વીસમી સદી'માં જોડાઇ ત્યાંનું કામકાજ સંભાળી લે તે પહેલાં જ હાજીમહમદનું એકાએક અવસાન થયું. 'વીસમી સદી' બંધ પડ્યું. બચુભાઇ તો 'સસ્તું સાહિત્ય'ની નોકરી છોડી બેઠા હતા. આર્થિક રીતે કફોડી સ્થિતિમાં મુકાઇ ગયા. પરન્તુ રવિશંકર રાવળે બાંહ્ય સાહી લીધી. હાજીમહમદના સંસ્મરણમાં 'હાજીમહમદ સ્મારક ગ્રંથ'ના સંપાદન કાર્યમાં એમણે બચુભાઇને ગોઠવી દીધા. પણ આથી કંઇ ભાવિનો અંદાજ લગાવી શકાય તેમ નહોતો. આ સંપાદનનું કાર્ય પતે પછી શું ? કશું જ નક્કી ન હતું. હા, રવિશંકર રાવળ 'વીસમી સદી' જેવું એક સચિત્ર સામયિક અમદાવાદથી પ્રકટ કરવાની યોજના ઘડી રહ્યા હતા. એમાં એ બચુભાઇનો સાથ લેવાનો પણ ખયાલ રાખતા હતા. પરંતુ રવિશંકર રાવળની એ યોજના આકાર લે તે પહેલાં તો 'હાજીમહમદ સ્મારક ગ્રંથ'નું કામ પૂરું થઇ ગયું. બચુભાઇ ફરી પાછા કામવિહોણા બની ગયા. ત્યાં જ તરતમાં સ્થપાયેલા 'નવજીવન પ્રકાશન મંદિર'માં પહેલા સવેતન કાર્યકર તરીકે ૧૯૨૨માં એઓ જોડાયા. લગભગ દોઢેક વર્ષ એમણે ત્યાં કામ કર્યું. ૧૯૨૩માં ત્યાંથી છૂટા થયા. નવજીવનની નોકરી દરમિયાન એમને સ્વામી આનંદ જેવા ચુસ્ત સમયપાલક કર્મયોગીના સાન્નિધ્યનો લાભ મળ્યો. બચુભાઇની કર્મઠતા અને નિયમિતતા ત્યાં વધુ પોષાઇ.

પરન્તુ ૧૯૨૩માં 'કુમાર' માસિક શરૂ કરવાની યોજના રવિશંકર રાવળે પાકી કરી લીધી. ૧૯૨૪ના જાન્યુઆરીથી 'કુમાર'નું પ્રકાશન કરવાનું નક્કી થયું. રવિશંકર રાવળ પહેલેથી જ બચુભાઇને રાખવા માગતા હતા. એ ઘડી હવે આવી પહોંચી. 'નવજીવન'માંથી છૂટા થઇ ૧૯૨૪ના જાન્યુઆરીથી બચુભાઇ રવિશંકર રાવળની સાથે 'કુમાર'ના સંપાદનમાં જોડાઇ ગયા. આ પછી આયુના અંત લગી એકધારી લગનીથી એમણે 'કુમાર'નું સંપાદન કાર્ય કર્યું હતું. હવે એમને ચોક્કસ ધ્યેય લાધી ગયું. એકનિષ્ઠાથી એમણે નિજ ધ્યેયને સિદ્ધ કર્યું. જીવનની આ ઓછી સફળતા નથી. રવિશંકર રાવળ અને બચુભાઇ રાવતની જુગલબંધીએ ૧૯ વર્ષ સુધી, દોઢ તપથી યે વધારે સમય સુધી, 'કુમાર' દ્વારા ગુજરાતની કલાભિરુચિને સંસ્કારવામાં અને સંવર્ધવામાં અદ્વિતીય ફાળો આપ્યો. આ વર્ષોમાં બચુભાઇ મનથી 'કુમાર' સાથે એવા જડાઇ ગયા કે સાયુજ્યભક્તિનો એ એક અર્વાચીન નમૂનો

तारुण्य संस्कृति-वैतालिकाय 'कुमार'-शिल्पकाराय
पत्रकार वरेण्याय श्री बचुभाई रावत-महाभागाय

श्रद्धाञ्जलिः

शंकरदेवः विद्यालंकारः

अर्धं शत्यास्तु वर्षाणां
साहिती–गगने शुभे ।
वैजयन्तीं कुमारस्य
धुन्वन् विजयतेतराम् ॥

गुर्जर्याः ललितोद्याने
'कुमार'-वल्लरीं मुदा
प्रफुल्लितां प्रकुर्वाणः
मालाकारो महीयते ।

प्रशिष्टां सरणिं तन्वन्
निर्मात्रीं प्रतिभां स्तुवन् ।
राजतां रसिक-श्रेष्ठः
नितरां सौष्ठव-प्रियः ॥

काव्य-कर्म प्रबोधाय
कवीनां मुग्ध चेतसाम् ।
बुधवारे सदा येन
कवि-गोष्ठो सभाजिता ॥

आभिजात्यं पुरस्कृत्य
संस्कृत्या गौरवं पुनः ।
प्रणोदयन् यशोलेभे
बान्धवः गुणशालिनाम् ॥

तस्य निष्ठा, कलाप्रीतिः
दाक्षिण्यं भूति-कर्मसु ।
मर्मज्ञता च काव्येषु
गौरवेण प्रगीयते ॥

'नेपथ्य'-वासिने तस्मै
श्रद्धया मुदितात्मने ।
शिल्पिने नव-संस्कृत्याः
नमस्या संप्रदीयते ॥

બની રહ્યા. બચુભાઇ વગરનું 'કુમાર' કે 'કુમાર' વગરના બચુભાઇની કલ્પના પણ ના થઇ શકે એવું એમનું અદ્વૈત સધાઇ ગયું.

ત્યાં જ 'કુમાર' બંધ પડી જાય એવી વેળા આવી. આ તો બચુભાઇનું હૃદય જ બંધ પડી જાય તેવી સ્થિતિ! 'કુમાર' તો એમનું 'હૃદય'-દ્વિતીય''. રવિશંકર રાવળે ૧૯૪૨માં પોતાની અંગત જવાબદારીથી ચાલતું 'કુમાર' આટોપી લેવાનો નિર્ધાર કર્યો. પરંતુ કેટલાક સંસ્કાર ક્ષેત્રના સજ્જનોને 'કુમાર' બંધ થાય તે રુચ્યું નહિ. રસ્તો ખોળી કાઢ્યો. 'કુમાર'નું લિમિટેડ કંપનીમાં રૂપાંતર થયું. ૧૯૪૫થી બચુભાઇ આ લિમિટેડ કંપનીના મૅનેજિંગ ડિરેક્ટર બન્યા. 'કુમાર' એની સકલ પ્રવૃત્તિઓ સાથે ચાલુ રહ્યું એ ગુજરાતી પત્રકારત્વના અને સંસ્કાર-પ્રવૃત્તિના ઇતિહાસનું મહદ્ સૌભાગ્ય છે. આમ, ૧૯૪૩થી જીવનના અંત સુધી એમણે 'કુમાર'ના તંત્રી તરીકેની અને મૅનેજિંગ ડિરેક્ટર તરીકેની બેવડી જવાબદારી સંભાળી! અને આ બધાના બદલામાં એમનો છેલ્લો પગાર રૂ. ૭૨૫ વત્તા કેટલીક નજીવી ખાસ સગવડો! આ કારમી મોંઘવારીના દિવસોમાં ય બચુભાઇએ પોતાના પગારની બાબતમાં કદી અસંતોષ વ્યક્ત નથી કર્યો. ક્યારેક એમને વધુ પગાર માટેનું સૂચન થયું ત્યારે પણ એમણે નકારી કાઢ્યું હતું : 'કોની પાસેથી? ખોટ કરતી કંપની પાસેથી મારે પગારવધારો લેવો?' હા, 'કુમારે' કદી નફો કર્યો નથી! બચુભાઇને એનો કાયમ ખટકો રહી ગયો. 'શેર હોલ્ડરોને હું કશું નથી આપી શકતો' એવો વસવસો એમણે કાયમ અનુભવ્યો. 'મારા જેવા અણઆવડતવાળા મૅનેજિંગ ડિરેક્ટરને બોર્ડ ઑફ ડિરેક્ટર્સ નિભાવે છે અને શેર-હોલ્ડરો ઉદારતાથી સહી લે છે એ કંઇ ઓછો ઉપકાર નથી' એમ બચુભાઇએ અવારનવાર કહ્યા કર્યું હતું. પરન્તુ એક સરેરાશ (average) ગુજરાતીની સંસ્કારશ્રીમાં સંવર્ધન કરનાર 'કુમાર'નું જમા પાસું નાનુંસૂનું નથી!

બચુભાઇ 'કુમાર'ના સંસ્કારયજ્ઞના ઋત્વિજ હતા. 'કુમાર' દ્વારા એમણે જે સામાજિક-સાંસ્કૃતિક સેવા કરી હતી તેની જાહેર કદર ઓછી થઇ નથી. બચુભાઇને એનો સંતોષ હતો એઓ માનતા કે મારાથી વધુ સુખી બીજો કોણ હોય? એમની સુખની વ્યાખ્યા એમની હતી! સુખી કુટુંબ, આર્થિક રીતે બહુ વિટંબણા નહિ ને સામાજિક પ્રતિષ્ઠા; આ ત્રણ વસ્તુ જેને મળે તેને પછી કયું સુખ બાકી રહે? બચુભાઇ એમનાં પત્નીને 'બાઇ'(એમનું નામ સુધાબેન)કહીને બૂમ મારે અને એઓ આવનારની સરભરામાં હસતે ચહેરે ગૂંથાઇ જાય એવી, એમના શબ્દોમાં, **devoted wife** મળવી એ ઓછું સદ્ભાગ્ય નહોતું. બચુભાઇની બધી જ સંસ્કાર પ્રવૃત્તિને મોકળાશથી ખીલવાનું મળ્યું તેમાં આ 'બાઇ'નો ફાળો અનન્ય. બે પુત્રો – ભરતભાઇ અને અશોકભાઇ – તથા પાંચ પુત્રીઓ – ચંદ્રાબેન, ભદ્રાબેન, નીલમણિબેન, મૃદુલાબેન અને પ્રજ્ઞાબેન – નો વિશાળ કુટુંબવડલો બચુભાઇને ક્યારેય બોજારૂપ લાગ્યો નહોતો. ભર્યું-ભર્યું કુટુંબ હોવું એ એમની ભાવના. સઘળા કુટુંબની વચ્ચે બચુભાઇને કુટુંબરસ માણતા જોવા એ પણ એક લ્હાવો હતો. આર્થિક રીતે સધ્ધર ના કહી શકાય તેવી આમદાનીને પણ એમણે તો પર્યાપ્ત જ ગણી હતી. કોઇ વ્યસન નહિ, કોઇ મોજમજાહ (luxury) નહિ. સાદું રહેઠાણ, સાદું જીવન! પછી શા માટે સંતોષ ના હોય? માણસને મોટી મોટી મુરાદો (great expectations) જ મારી નાખે છે. ખોટા ખર્ચ એને ખાઇ જાય છે. બચુભાઇ આ બધાથી બચીને ચાલતા માટે એ જાતને સુખી માનતા. પ્રતિષ્ઠા પણ, એમની નજરે, ઓછી મળી નહોતી. ૧૯૪૮માં પત્રકારત્વ માટેનો 'રણજિતરામ સુવર્ણચંદ્રક', સંસ્કારક્ષેત્રની સેવા માટે હરિ ૐ આશ્રમ તરફથી ૧૯૭૩માં અપાયેલો સુવર્ણ-ચંદ્રક, ભારત સરકાર તરફથી ૧૯૭૫માં મળેલો પદ્મશ્રીનો ઍવોર્ડ : કલાક્ષેત્રની એમની એકધારી સેવાની કદર રૂપે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમી દ્વારા ૧૯૭૯માં થયેલું સન્માન, આ બધું એમને ભાવવિભોર અને આભારવશ કરતું. એઓ કહેતા : 'મારા જેવા એક મૅટ્રિક ભણેલા મામૂલી નાગરિકને આ મળ્યું તે ઓછું નથી.' એમની કલા-સંસ્કારક્ષેત્રની સેવામાં કદરરૂપે જ ૧૯૫૪માં ગવર્નર તરફથી મુંબઇ રાજ્યની વિધાનસભામાં એમને છ વર્ષ માટે નિયુક્ત કરવામાં આવ્યા હતા. ૧૯૩૮માં નાગપુરની ભારતીય લિપિ વિચારણા સમિતિમાં તેમ જ ૧૯૫૩માં મુંબઇ રાજ્ય લિપિ સુધારણા સમિતિમાં તેઓ નિયુક્ત થયા હતા. ૧૯૫૫ અને ૧૯૬૫ મુંબઇ સરકારે નીમેલી રાજ્યના મુદ્રણ ઉદ્યોગ માટે લઘુતમ વેતન નક્કી કરી આપનારી સમિતિમાં નિમાયા હતા. (અહીં એક આડવાત. બચુભાઇ સ્વયં ઝાઝું લેતા ન હતા એટલે અન્યને ઝાઝું દેતા પણ ન હતા. ભૌતિક સ્તરે ઘણાને આનો રંજ પણ રહેતો. આની પાછળ એમની દૃષ્ટિ તો સાદું જીવન અને ઉચ્ચ વિચારની જ રહેલી હતી. જો કે અહીં એમ લાગે કે મનુષ્ય પોતાની ગમે તેવી ઉચ્ચ ભાવના પણ બીજા પર અનિચ્છાએ લાદવાનો આગ્રહ સેવે ત્યારે

તેને સત્યાચાર ગણવો કે અત્યાચાર ? પણ આવા સૂક્ષ્મ તત્ત્વ ટૂંપણામાં એ રસ લેતા નહિ. મોજશોખમાં અત્યધિક વાપરવા માટે અત્યધિક પ્રાપ્ત કરવું તેને તે ઊંચા જીવનધોરણની નિશાની ગણતા નહોતા. આવા પશ્ચિમની ભોગપ્રધાન સંસ્કૃતિ પ્રત્યે એમને પૂરી નફરત હતી.) ૧૯૬૫માં સૂરત ખાતે મળેલી ગુજરાતી સાહિત્ય પરિષદના ૨૩મા અધિવેશનના પત્રકારત્વ વિભાગના પ્રમુખ તરીકે એમની વરણી કરી ગુજરાતની પ્રજાએ એમને ઉચિત અર્ધ્ય આપ્યો હતો. એ પહેલાં ૧૯૫૪માં અખિલ ભારતીય મુદ્રક મહાસંઘની કારોબારી સમિતિમાં સભ્ય તરીકે અને ૧૯૫૯માં પહેલી ગુજરાત મુદ્રક પરિષદના પ્રમુખપદે તેઓ વરાયા હતા. ગુજરાત રાજ્ય શાળા-પાઠ્ય પુસ્તક મંડળના સ્થાપના કાળથી ૧૯૭૯ સુધી તેની કારોબારી સમિતિમાં રહ્યા હતા. ગુજરાત સાહિત્ય સભા, ગુજરાત વિદ્યાસભા આદિમાં એઓ અનેક વર્ષો સુધી સક્રિય રહ્યા હતા. મહાકવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ અને કલારવિ ટ્રસ્ટને પણ એમણે પોતાની સૂઝશક્તિનો પૂરો લાભ આપ્યો હતો. આજના યુગમાં પ્રતિષ્ઠા પાછળ હવાતિયાં મારતા કેટલાક મહાનુભાવોને જોઇએ છીએ ત્યારે બચુભાઇની આ નિર્લેપતા આશ્ચર્ય અને આદર જન્માવે છે. કશા માટે પડાપડી નહિ, દોડધામ નહિ, ઊહાપોહ નહિ. જે આપમેળે ખોળામાં આવી પડે તેને વિનમ્રતાથી વધાવી લેવું એમ એઓ માનતા અને અન્યોને મનાવતા. આમ, ત્રણ તારે એમના સુખનું પોત વણાયું હતું.

એમાંય વળી બે વાર પરદેશ જવાનો યોગ પ્રાપ્ત થયો તેને તો એઓ પોતાનું મહાભાગ્ય સમજતા. પ્રથમ વાર તેઓ ૧૯૬૮માં ઇંગ્લૅન્ડ ગયા ત્યારે ત્યાં સ્થપાયેલા સૌપ્રથમ ગુજરાતી પાક્ષિક (જે પાછળથી સાપ્તાહિક બન્યું છે) 'ગરવી ગુજરાત'ના સ્થાપક ને તંત્રી રમણિકલાલ સોલંકીએ સંપાદન માટે માર્ગદર્શન લેવા તેમને નિમંત્ર્યા હતા. એ જ પ્રવાસ દરમિયાન અન્ય 'કુમાર'પ્રેમીઓના આગ્રહ અને આમંત્રણથી એમણે અમેરિકાનો પણ પ્રવાસ કર્યો હતો. ૧૯૭૭માં 'ગરવી ગુજરાત'સામયિકની દશાબ્દી વખતે તેમને ફરી ઇંગ્લૅંડ નિમંત્ર્યા હતા. બચુભાઇને ઇંગ્લૅંડ જવાનું નાનપણથી સ્વપ્ન હતું. પરન્તુ એમની કુંડળીમાં જોષીઓએ આ યોગ વાંચ્યો નહોતો એમ એ કહેતા ત્યારે જ્યોતિષ પરની અંધશ્રદ્ધાથી એ મુક્ત હતા તેમ એમના કાકુ પરથી તરત જ પરખાઇ જતું.

નાનપણમાં ગોંડળમાં કેટલાક યુરોપીઅન અમલદારોની વચ્ચે વસવાટ હતો. વળી અંગ્રેજી સામયિકો પણ ત્યારે વાંચેલાં. અંગ્રેજ પ્રજા પ્રત્યે એમને અહોભાવ પ્રકટેલો. એટલે એમના દેશ પ્રત્યે પણ આકર્ષણ જાગેલું. આ આકર્ષણ સતત વધતું રહ્યું. જ્યારે એ દેશમાં પ્રથમ વાર પગ મૂકવાનું થયું ત્યારે 'હું કવિ હોત તો કાવ્ય રચી નાખત' એવો એમનો વિસ્મયકારક અને રોમાંચક અનુભવ હતો એમ એ કહેતા. એમની આ અંગ્રેજભક્તિ એ પ્રજાના નિષ્ઠા, પ્રામાણિક્તા, કર્મઠતા, સચ્ચાઇ, નિયમિતતા, નીતિમત્તા આદિ ઉચ્ચ ગુણો પ્રત્યેની ભક્તિ હતી. બચુભાઇએ ઉક્ત ગુણોને જીવનમાં ઉતારીને એ પ્રજાને કેવો ભવ્ય અર્ધ્ય આપ્યો હતો! પૂરા એટિકેટના એ માણસ. સફેદ સુરવાલ, સફેદ અચકન અને ઊંચી દીવાલની સફેદ ટોપીના સમ્પૂર્ણ ભારતીય પોશાકમાં સજ્જ એવા આ સજ્જનને ઉમાશંકર જોશીએ યથાર્થ રીતે જ 'અંગ્રેજ' કહ્યા હતા. બોલવું-ચાલવું, બેસવું-ઊઠવું, ખાવું-પીવું બધું જ વ્યવસ્થિત. નાનીનાની બાબતોમાં પણ એમની વ્યવસ્થાપ્રીતિ ડોકાયા વગર રહે નહિ. બે કાગળને ભેગા કરી ટાંકણી મારવી હોય કે છાપું વાંચ્યા પછી પાછું મૂકવાનું હોય – બચુભાઇ એ કાગળોની ધાર અચૂક મેળવે જ. કોઇ એમ ના કરે તો તેની તેમને ભારે ચીડ. બચુભાઇની ચોપાસ બસ વ્યવસ્થા જ વ્યવસ્થા. ક્યારેક તો બીજાને અકળાવી નાખે એટલી બધી વ્યવસ્થા ! 'કુમાર' માટેની સામગ્રીનાં જુદાંજુદાં રંગનાં પરબીડિયાં ! કાવ્ય, વાર્તા, ચરિત્ર, લેખ, માધુકરી, સાહિત્ય-સંપર્ક – જે સામગ્રી પસંદ થાય તેને તરત તે તે પરબીડિયામાં મૂકી દે. આ વ્યવસ્થા એમની સુઘડતાની દ્યોતક હતી.

વ્યવસ્થા અને સુઘડતા સાથે એમનામાં જે ઊંચી રસવૃત્તિ હતી તેણે 'કુમાર'ને જડતામાંથી ઉગારી લીધું હતું. બીબાંની પસંદગી, એની ગોઠવણી, બે શબ્દો વચ્ચે સ્પેસ નાખવાની વિશિષ્ટ દૃષ્ટિ, પૃષ્ઠસજાવટ, મુખપૃષ્ઠ સજાવટ અને બંધાઇ સુધીની ઝીણી કાળજી ને સૂક્ષ્મ સૂઝમાં આ રસવૃત્તિ દૃષ્ટિગોચર થતી. 'કુમાર'નું તૈયાર થયેલું પાનું જો ના ગમે તો રદ કરી ફરી તૈયાર કરાવે. કશું જ શિથિલ કે મોળું ચલાવી લે તો બચુભાઇ શાના ? છાપેલું પણ નાપસંદ પડ્યું હોય ત્યારે રદ કર્યું હોય એવા દાખલા એમના અંતરંગ સાથીઓથી અજાણ્યા નથી. રૂઢિચુસ્ત લાગતા બચુભાઇ સદા વિકસિત રહ્યા હતા, સદા પ્રયોગશીલ રહ્યા હતા. પ્રત્યેક 'કુમાર'નું પૂઠું જુદું જ હોય એવી વિપુલ પ્રયોગશીલતા ભારતના સામયિક-ઇતિહાસમાં અજોડ છે. એમને મન 'કુમાર'નું સંપાદન એ સર્જન હતું. ભલે એમણે સીધું સર્જન ના કર્યું હોય કે ન જેવું કર્યું હોય, પણ એમની સિસૃક્ષા 'કુમાર'ના સંપાદનમાં સતત ક્રિયમાણ રહી હતી. બચુભાઇનું સંપાદન-પ્રકાશન એક સર્જકના સ્પર્શવાળું સંપાદન-પ્રકાશન હતું. અનિયતકાલિક 'કવિતા'ના ગુટકાથી માંડી 'રૂપસંહિતા' જેવા પુસ્તક પ્રકાશનમાં એમની સર્જકસહજ પ્રયોગશીલતાનાં દર્શન થાય છે. 'કુમાર'નાં પ્રકાશનો એ દૃષ્ટિએ વિશિષ્ટ છે. બચુભાઇ મુદ્રણસાધનાના મહર્ષિ હતા. ઉત્તમ મુદ્રણ એટલે 'કુમાર' એવી એક કાળે કહેતી હતી. આ બધાં પાછળ બચુભાઇનું તપ કામ કરતું હતું.

'કુમાર કાર્યાલય'નો સમય તો દસ વાગ્યાનો. પણ બચુભાઇ નવેક વાગ્યે આવી જ ગયા હોય. બપોરે જમવા જાય તેટલી રિસેસ. સાંજે કાર્યાલય છ વાગ્યે બંધ થાય, પણ બચુભાઇ તો બહુ મોડે સુધી બેઠેલા હોય. ક્ષણે ક્ષણ કાર્યરત, બસ-સ્ટેન્ડ પર ઊભા હોય કે બસમાં બેઠા હોય-એ કશુંક વાંચતા જ હોય. ક્ષણે ક્ષણનો જાત પાસે અને અન્ય પાસે હિસાબ માગે તેવા એ **hard taskmaster** હતા.

યંત્રોની ખટાખટ વચ્ચે એક નાની શી કૅબિનમાં, જેને ભાગ્યે જ કોઇ ઑફિસ કહી શકે તેવી, બચુભાઇની ઑફિસ. કોઇ પણ જાતનો ઠાઠઠઠારો નહિ. પદનું ગૌરવ જળવાય તે જરૂર જુએ, પણ એનું અભિમાન નહિ. યંત્રોના અવાજો અને માણસોની અવરજવર વચ્ચે તમે કઇ રીતે આ કૅબિનમાં કામ કરો છો એમ એમને પૂછવામાં આવે ત્યારે એ જણાવતા કે 'યંત્રોનો આ અવાજ મારે માટે રોમાંચક છે, પ્રેરણાદાયક છે; કદાચ એથી દૂર જઇને જ મને કામ કરવું ના ફાવે.' કાર્ય અને કાર્યાલય સાથેનું આટલું બધું અને આવું તાદાત્મ્ય ભાગ્યે જ કોઇનામાં જોવા મળે. જે કામ હાથમાં લીધું હોય તેમાં સંપૂર્ણ ચિત્ત પરોવે. એ કામ જ એમને મન પ્રાર્થના. **'Work is Worship'**-નો જાણે બચુભાઇ મૂર્તિમંત અવતાર જ જોઇ લો. એ ઘરે હોય તો પણ 'કુમાર'ના જ કંઇ ને કંઇ વિચાર કરતા હોય.

પરન્તુ આનો અર્થ એ નથી કે એમનો જીવનરસ, કુટુંબરસ, મનુષ્યરસ શુષ્ક બની ગયો હતો. એ તો હતા માનવભૂખ્યા માનવી. પોતાનાં વર્તન કે વાણીથી અકારણ કોઇને પણ માઠું ન લાગે તે માટે તે હમેશાં સજાગ અને સભાન રહેતા. કુટુંબવત્સલ પણ એવા જ. આટલી વ્યસ્તતા વચ્ચે પણ એ કુટુંબમેળો જમાવે જ. એમના હૈયાની ઋજુતાનો પણ એમના પરિચયમાં આવેલાને ખયાલ હશે જ. સૌથી નાના પુત્ર અનંતભાઇનું ભરયુવાન વયે અવસાન (ઈ. ૧૯૬૧) થતાં એમના જીવનમાં મોટો આઘાત એમણે અનુભવ્યો હતો. જ્યારે જ્યારે એમની



પુત્રો, પુત્રીઓ અને તેમનાં સંતાનો સહિત સમગ્ર પરિવાર સાથે બચુભાઈ. છબિમાં ખુરશી ઉપર બચુભાઈના પુત્રો, પિતરાઈ ભાઈ તથા જમાઇઓ બેઠેલા છે. તે દરેકની પાછળ તેમનાં પત્ની તથા તેમની નીચે તેમનાં સંતાનો બેસાર્યા છે. આ રીતે ડાબી બાજુથી અનુક્રમે: ખુરશી પર બેઠેલા: ગુણવંતલાલ ઠાકોર (જમાઇ) અને તેમની પાછળ તેમનાં પત્ની અને બચુભાઈનાં પુત્રી પ્રજ્ઞાબેન (જેમના લગ્નપ્રસંગે આ છબિ લેવાઈ હતી.) તે પછી બે પુત્રો અશોકભાઈ (તેમની પાછળ તેમનાં પત્ની પુષ્પાબેન) અને ભરતભાઈ અને તેમની ગોદમાં તેમનો પુત્ર કુંતલ, તથા તેમની પાછળ તેમનાં પત્ની મધુકાન્તાબેન તથા તેમણે તેડેલી તેમની પુત્રી શ્રુતિ; ડૉ. રતિલાલ ઠાકોર (જમાઇ) અને તેમની પાછળ તેમનાં પત્ની ચંદ્રાબેન (બચુભાઇનાં પુત્રી); બચુભાઈ તથા તેમની પાછળ તેમનાં પત્ની સુધાબેન; બાલસિંહભાઈ રાવત (બચુભાઈના પિતરાઈ ભાઇ) અને તેમની પાછળ તેમનાં પત્ની શારદાબેન; પોપટલાલ ઠાકોર (જમાઇ), તેમની ગોદમાં તેમનો પુત્ર જિગીષ અને તેમની પાછળ તેમનાં પત્ની ભદ્રાબેન (બચુભાઇનાં પુત્રી); દિનકરલાલ ઠાકોર (જમાઇ), તેમણે તેડેલી તેમની પુત્રી સ્વિટી અને તેમની પાછળ તેમનાં પત્ની નીલમણિબેન, (બ.નાં પુત્રી) અને કનૈયાલાલ ઠાકોર (જમાઇ) તથા તેમનાં પત્ની મૃદુલાબેન (બ.નાં પુત્રી). આગળ નીચે બેઠેલાં બાળકો, અનુક્રમે: ચક્ષુતોષા અશોકભાઈની પુત્રી, દિપ્તી ભરતભાઈ, નિમીષ અને કેતકી (ડૉ. રતિલાલના દૌહિત્રી); હિમાંશુ ભરતભાઈ, રોહિણી બાલસિંહભાઈ, ઉલ્કા અને મયંકા – પોપટલાલની પુત્રીઓ, નમિતા દિનકરલાલ અને રાજિવ કનૈયાલાલ. પાછળની હારમાં ઊભેલાં ડાબી બાજુથી અનુક્રમે: મિતા, પુષ્પા ને ઇન્દુમતી – ડૉ. રતિલાલની પુત્રીઓ; અનંત બચુભાઈ, સ્નેહબાળા અને શરદકુમાર તથા રુકૂમિણીબેન (બચુભાઈનાં પિતરાઈ બહેન ને ભાણેજો) અને કીર્તિકુમાર, પિયુષ તથા હસિત – ડૉ. રતિલાલના પુત્રો.

(ફોટો • મફતલાલ દૂધિયા)

વાત નીકળે ત્યારે એ આર્દ્ર બની જતા આમ છતાંય લાગણીને વેવલાપણામાં એમણે ક્યારેય પલટાવા દીધી નહોતી. ગમે તેવા કરુણ કે કારમા પ્રસંગે પણ એઓ સ્વસ્થતા ગુમાવતા નહિ. આમ, ઉચ્ચ પ્રકારનો સંયમ એમના જીવનનો બીજમંત્ર હતો આથી એઓ પ્રત્યેક બાબતમાં **classicist** (પ્રશિષ્ટતાવાદી) હતા 'કુમાર' એમની આ વૃત્તિ-પ્રવૃત્તિનું કાયમી સંભારણું છે

એમની આ પ્રશિષ્ટ મનોવૃત્તિને કારણે ભારતીય પરંપરાના એઓ પૂજક હતા સૂક્ષ્મ મૂલ્યોની માવજતથી માંડી સ્થૂળ બાબતોમાં પણ ભારતીયતાના આગ્રહી હતા. દેશના રાજકારણ, સમાજકારણ, શિક્ષણકારણ સર્વત્ર જ્યાં જ્યાં એમને મૂલ્યહ્રાસ જોવા મળતો ત્યાં ત્યાં એઓ અકળાઇ ઊઠતા મૂલ્યોની માવજત કરીને 'કુમાર' દ્વારા એમણે એક અર્થમાં દેશસેવાનું જ કામ કર્યું હતું.

આ પ્રશિષ્ટ વૃત્તિએ એમને આગ્રહી બનાવ્યા હતા. આ આગ્રહો પણ જાતજાતના. ગુજરાતી લિપિને પહોળા પેટવાળો મરોડ (જેને થોડો સમય 'રાવતલિપિ'થી ઓળખવામાં આવ્યો હતો તે લિપિ નહિ પણ મરોડ જ) આપવામાં પણ લિપિશાસ્ત્ર પ્રમાણે અક્ષરોના મૂળસ્વરૂપની વધુમાં વધુ નજીક રહેવાનો તેમનો આગ્રહ છતો થાય છે. જોડણીમાં પણ એ મૂળ ઉચ્ચારણ કે વ્યુત્પત્તિનો ખયાલ રાખીને ચાલનારા. 'મુંબઈ' જેવું પ્રચલિત નગરનામ પણ 'કુમાર'માં તો 'મુંબાઇ' તરીકે જ છાપે, કારણ કે એ શબ્દ મુંબા+આઇ'નો બનેલો છે માટે. એવું જ 'પ્રકટ'ની બાબતમાં. 'પ્રગટ' ને સ્થાને એ 'પ્રકટ' લખવાના છાપવાના આગ્રહી. અન્ય ભાષાનો શબ્દ હોય ત્યારે પણ એ મૂળ ઉચ્ચારણ શોધી કાઢવા પ્રયત્ન કરે અને પછી એ પ્રમાણે લખવાનો આગ્રહ સેવે. આવી ખાંખતને કારણે 'કુમાર'માં જોડણીદોષ શોધવો અતિ મુશ્કેલ છેલ્લેછેલ્લે આ દોષો થતા હતા. એક વાર મેં કહ્યું, 'બચુભાઈ, હમણાંહમણાંથી 'કુમાર'માં જોડણીદોષો રહી જવા પામે

સ્વ. બચુભાઈ રાવતને

તમે ભલે પક્વ વયે ગયા, છતાં
ના એ તમારું જવું ઓછું દુઃખદ;
વિદાય તો આપ્તજનોની કોઈ દિ'
કોઈ ક્ષણે યે સરખી જ આકરી!

પચ્ચાસ વર્ષો પર આજથી તમે
મળ્યા, પ્રવેશ્યા મુજ જિન્દગી મહીં
જ્યારે મને, મુક્તક મારું છાપીને
'કુમાર'માં, કીધ કવિત્વ – દીક્ષિત!

અહો, પછી તો નિત નિત્ય આપણા
સંબંધની યે ક્ષિતિજો વધી રહી;
મારી વધી ભક્તિ તમારી મેર, ને
તમારું વાત્સલ્ય વધ્યું મુજ પ્રતિ!

ગયા... સુણ્યું ને ચરર... ધ્વનિ ઊઠયો
જાણે ઉતૈડાયું કશુંક ચિત્તથી!

દેવજી રા. મોઢા

કવિબ્રહ્મા – સદ્‌ગત બચુભાઈને

હૈયે એવી ઊલટ મનમાં સ્વસ્થ જીવે મળીશું,
જાશું જાણે બુધ-કવિસભા માણશું, ગીત ગાશું,
દેખી ન્યારો ઇજન મળશે પ્રેમથી, આવ વ્હાલા;
ખોટાં સ્વપ્નાં, પળ વહી ગઈ, હાથ દેનાર છે ક્યાં?

તારી નિષ્ઠા અજબ સરખી, ખંત તારા અનેરા,
મૂલ્યો ઊંચાં, જાતિ–નિયમનાં ત્રાજવાં એકધારાં:
પેલા દાદા ઊભડક દડે બાળ રિઝાવવા ત્યાં
એવાં લાડાં લઘુકવિ તણાં સ્નેહ આપી સુધાર્યાં!

દષ્ટે હસ્તે નવનીત ખપે, લેશ નીભે ન ઊણાં,
શિલ્પી શાણો મૂરત ઘડી કૈં જીવના જીવ પૂર્યા;
લક્ષ્મી જેવી ચીજ ગમી નહીં, જે અતિ લોકભોગ્ય,
તૃષ્ણા ત્યાગી તપ સકળ તારું 'કુમારે' તદ્દૈક્ય!

વિતંડાવાદી આ યુગ, વિરલ તું શુદ્ધ ચરિતે,
કવિબ્રહ્મા જેવો રત લઘુકના સર્જન વિષે!

ચંપકલાલ સંઘવી

છે.'' કોઇ મહા અપરાધ થયો હોય તેમ તેમનું મોં તરત જ પડી ગયું; પછી કહે, 'સાચી વાત છે. એ ભૂલો જોઇને આ ગાલ પર લપડાક મારવાનું મન થાય છે. પણ વધતી જતી ઉમરને કારણે હારતાં જતાં નયનતેજનું જ આ પરિણામ છે.' આમ છતાંય એ બાબતમાં કોઇના પર વિશ્વાસ ના રાખે. 'કુમાર'નો અક્ષરે અક્ષર એ જાતે વાંચી જાય. લેખકોની હસ્તપ્રતો (ક્યારેક તો કંટાળો ઊપજે એવા હસ્તાક્ષરોવાળી) ધીરજપૂર્વક અને ચીવટપૂર્વક વાંચી જાય, તેમાં ઉચિત સુધારા-વધારા કરે, ક્યારેક ફરી લખવું પડે તો તેમ પણ કરે, પોતાને કશું ના સમજાય, તેવું તો ના જ છાપે. 'મારા વાચકને હું જે છાપું તે જરૂર પડે તો સમજાવી શકવાની મારી તૈયારી હોવી જોઈએ' આ દૃષ્ટિથી એ સામગ્રીની પસંદગી કરે ભાષાકીય અને કલાકીય રીતે શુદ્ધ અને સુરુચિપૂર્ણ સામયિક પ્રકટ થઇ શકે એનો બચુભાઈએ 'કુમાર' દ્વારા દાખલો બેસાડ્યો છે.

'બુધ-કવિતાસભા' અને 'નિહારિકા' પણ 'કુમાર'નાં આનુષંગિક માતબર પરિણામો. કવિતા અને ફોટોગ્રાફીની એ દ્વારા બચુભાઈએ ન ભુલાય તેવી માવજત કરી છે. ફોટોગ્રાફીમાં બદલાતાં વલણો અને વિભાવનાઓ સાથે એ જેટલી સહજતાથી તાલસે કદમ મિલાવી શક્યા હતા તેટલું કવિતા અને ચિત્રકલામાં આવેલા પલટાઓ સાથે કદમ મિલાવવાનું કામ એ કરી શક્યા નહોતા. છંદોબદ્ધ કવિતાનો એમનો આગ્રહ એ અંતે તો હઠાગ્રહ સુધી પહોંચી ગયો હતો પરંતુ જ્યારે ગદ્યમાં લખાએલાં હાઈકુ એમણે છાપ્યાં ત્યારે 'બચુભાઈ, અહીં તો તમે છંદ વગરનું કાવ્ય છાપ્યું' એવી ટકોર મેં કરી ત્યારે તેમણે માત્ર સ્મિતથી જ એનો ઉત્તર વાળેલો! આમ છતાં ય ગુજરાતી કવિતાના ઇતિહાસમાં 'કુમાર'નું, 'બુધ-કવિતાસભા'નું અને બચુભાઈનું કામ ચિરસ્મરણીય રહેવાનું. એમના જેવા કાવ્યચાહક તો ક્વચિત જ મળે. પોતે એ બાબતમાં પૂરા નમ્ર. કહે, 'હું કંઈ કાવ્યશાસ્ત્ર ભણ્યો નથી. પણ કાવ્યો વાંચીવાંચીને એક અદનો ભાવક બની શક્યો છું'. વાત સાચી હતી. મૅટ્રિક સુધી એઓ બીજી ભાષા તરીકે ફારસી ભણેલા. આથી સંસ્કૃત કાવ્યશાસ્ત્રનો અભ્યાસ જ નહિ, પરન્તુ પછી સ્વપ્રયત્ને સંસ્કૃત કાવ્યશાસ્ત્રની થોડી પરિભાષાથી પણ પરિચિત થઈ ગયેલા. એ જ રીતે અંગ્રેજી કાવ્યશાસ્ત્રની પરિભાષાનો પરિચય પણ મેળવતા રહેલા. બચુભાઇ આજીવન વિદ્યાર્થી હતા. જ્યાંથી નવું જાણવા મળે ત્યાં ત્યાંથી એ મેળવવા હરદમ ઉત્સુક જ હોય. અને પાછું એ બધું 'કુમાર'ના વાચકોને પથ્ય બનાવી પહોંચાડતા પણ ખરા. આથી જ 'કુમારે' એમની રાહબરી નીચે એક જ્ઞાનકોશ જેવું કામ કર્યું છે. બચુભાઇને, મુંબઈમાં ઉજવાયેલા એમના અમૃત મહોત્સવ પ્રસંગે ચંદ્રવદન મહેતાએ, 'કુમાર' યુનિવર્સિટીના કુલપતિ કહ્યા હતા તે કેટલી સામર્થ્ય અને સાર્થ અંજલિ છે!

૧૨મી જુલાઇ ૧૯૮૦ના રોજ સવારે બચુભાઈનું અવસાન થયું તે પૂર્વે ત્રણેક દિવસે મળવાનું બન્યું હતું. પગે સોજા હતા. નબળાઇ પણ હતી, પરંતુ 'કુમાર'ની ટપાલ અને પ્રૂફ વાંચતા હતા. મેં કહ્યું, 'બચુભાઈ, હવે મૂકો.' એ બોલ્યા, **'I wish to die with my boots on'** ત્યાર પછી તો બીજે દિવસે હૃદયરોગનો હુમલો આવ્યો. ગૅસ પણ ખરો, એ બેભાન બની ગયા. એ અવસ્થામાં જ એ ચાલ્યા ગયા. સાચા અર્થમાં જ એ પહેર્યાં પગરખે ચાલી નીકળ્યા હતા. જાત પાસેથી જોખીજોખીને કામ લેવાની એમની આ વૃત્તિ અંત સુધી અકબંધ રહી હતી.

બચુભાઇનું સ્મરણ એક ઉમદા ચારિત્ર્યવાન પુરુષનું સ્મરણ છે. સમાજમાં જ્યારે ચોતરફ ચારિત્ર્યની કટોકટી વરતાતી હોય ત્યારે આવી ચારિત્ર્યવાન વ્યક્તિઓનું હોવું એક ચમત્કાર છે. આવી વ્યક્તિઓ એકલપંથી રહેવા સર્જાયેલી હોય છે. બચુભાઈ એકલપંથી હતા. પોતે નક્કી કરેલા ચીલે અણનમ ચાલ્યા જવું એ એમનું જીવનધ્યેય. 'કુમાર' દ્વારા એમણે આની પ્રતીતિ કરાવી આપી છે. બચુભાઈ એટલે અખંડ કર્મયોગ, અપ્રતિમ નિષ્ઠા, અનન્ય આભિજાત્ય, અજોડ વ્યવસ્થા અને અદ્વિતીય સંપાદનસૂઝ. બચુભાઇને 'કુમાર' મળી ગયું તે એમનું સદ્‌ભાગ્ય હતું; પણ ગુજરાતને બચુભાઇ મળ્યા એ ગુજરાતનું પરમ સદ્‌ભાગ્ય રહેશે. બચુભાઇ વારંવાર થતા નથી. □

નિષ્ઠાવાન કર્મયોગી

—અનંતરાય રાવળ—

શ્રી બચુભાઈ રાવતના અવસાનના સમાચાર ગયે વર્ષે અમેરિકામાં જાણવા મળતાં ગુજરાત રાજ્યની લલિત કલા અકાદમીના મકાનમાં અકાદમી તરફથી થયેલા એમના સન્માન પ્રસંગે છેલ્લી જોવા મળેલી. ફિક્કા પડી ગયેલા અને સોજાની ફેરફારવાળા ચહેરા, આંખની ઝાંખપ અને ધીમા નબળા અવાજવાળી એમની ઠીકઠીક જરાગ્રસ્ત આકૃતિ નજર સમક્ષ ખડી થઈ. એથી એમની વિદાયના સમાચાર સાંભળતાં દિલગીરી થઈ પણ આઘાતનો આંચકો નહિ લાગેલો. અમંગળની આશંકા એ દૃશ્યે જન્માવેલી હતી. બચુભાઇને એવા એ પહેલાં કદી નહિ જોયેલા. ખાદીનાં સફેદ સુરવાલ, લાંબો કોટ અને ટોપીથી વિભૂષિત સીધા સોટા જેવી એમની પ્રસન્નમુખ કાયાને અમદાવાદમાં સાયકલ ઉપર સવાર થઇને આવતી-જતી વર્ષો સુધી જોઈ છે. કેટલીક વ્યક્તિઓને હમેશાં સ્ફૂર્તિલી જોવાને આપણે ટેવાયા હોઇએ છીએ. બચુભાઈ એક એવી વ્યક્તિ હતા. એમની સ્ફૂર્તિ ચંચળતાવાળી ન હતી, સ્વસ્થ પ્રકારની હતી. સ્વાસ્થ્ય શરીર ને મન બેઉનું. વાર્ધક્યનો પ્રભાવ વરતાવા લાગ્યો ત્યારે એમણે સાયકલ મૂકી બસનો ઉપયોગ કરેલો, પણ એ તો થોડાંક વરસ પૂર્વે જ.

એમના નામસ્મરણની સાથે જ મનની નજર સમક્ષ ખડું થતું એ શરીર તો ભસ્માન્ત થઈ ચૂક્તાં સ્મૃતિને હવે ભરવા માંડે એમનું કૃતમ્. હસ્તલિખિતોમાં આદર્શભૂત 'જ્ઞાનાંજલિ'—જેણે રવિશંકર રાવળને આકર્ષી તેમનો સ્નેહસદ્ભાવ તથા ભાવિ સહયોગ રળાવી આપ્યાં; 'હાજી મહમદ સ્મારક ગ્રંથ'નું એવું જ આદર્શ સ્મારક ગ્રંથ-સંપાદન; 'ઊગતી પ્રજાનું' અને 'આવતી કાલનાં નાગરિકોનું' માસિક બનવા મથેલ 'કુમાર'નું રવિશંકર રાવળના તંત્રીપદ વખતે નેપથ્યમાં અને ત્યાર બાદ જાહેરમાં ભાવના, દૃષ્ટિ અને ઊંચી કલાભિરુચિથી શોભતું રહેલું સંપાદન; સ્વચ્છ અને કલાત્મક મુદ્રણમાં તથા ચિત્રોનાં મુદ્રણ તથા પ્રકાશનમાં 'કુમાર' પ્રિન્ટરીએ દેખાડેલી સિદ્ધિ; મરોડદાર વળાંકોના સૌંદર્યની શક્યતા સાબિત કરતો રાવત મરોડ; આજના સંખ્યાબંધ લબ્ધપ્રતિષ્ઠ ગુજરાતી કવિઓનાં ઘડતરમાં જેના ફાળાની સાહિત્યના ઇતિહાસે નોંધ લીધા વિના ચાલે નહિ એવી એમણે શરૂ કરેલી 'કુમાર' કાર્યાલયમાં દર બુધવારે રાત્રે મળતી વર્ષો સુધી નિયમિતપણે ચાલેલી કાવ્યસભા કે બુધસભા, 'ગુજરાત સાહિત્ય સભા' અને 'ગુજરાત વિદ્યાસભા'ની કાર્યવાહક સમિતિઓના એક જાગ્રત સભ્ય તરીકે વરસો લગી તેમણે શોભાવેલું પદ; ગુજરાતી લિપિના ટાઈપરાઈટરના કળપટની અક્ષર-સુધારણામાં તથા ગુજરાત રાજ્ય શાળા-પાઠ્ય-પુસ્તક મંડળનાં શાલેય પુસ્તકોના મુદ્રણ-ઉત્પાદનમાં તજ્જ્ઞ તરીકે એમણે આપેલો કિંમતી ફાળો; 'મહાકવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ' તથા 'કલા-રવિ ટ્રસ્ટ'ના એક ટ્રસ્ટી તરીકે બજાવેલી સેવા; કેટલું બધું સ્મૃતિનોંધનો વિષય બને એવું નીકળે છે એમના જીવનકાર્યમાંથી!

સ્વ. બચુભાઈ આપઘડ્યા પુરુષ હતા. અભ્યાસમાં મૅટ્રિકથી આગળ યુનિવર્સિટીમાં જઈ ન શકેલા એ જીવને ગોંડલમાં જ રહી શિક્ષક તરીકે જીવન પૂરું કરવાનું રુચ્યું નહિ. એમની સાહિત્ય–સંસ્કારપ્રીતિ અને જુવાનીસુલભ ઉત્સાહ, ભાવનાશીલતા અને મહત્ત્વાકાંક્ષા એમને અમદાવાદ ખેંચી લાવ્યાં. એમના સાહિત્ય અને સંસ્કારના સમાનશીલવ્યસન મિત્ર દેશળજી પરમાર ત્યાં પહેલાં પહોંચી ગયા હતા. 'ધૂમકેતુ'ને પોતે અહીં આવ્યા પછી ગોંડલ છોડાવી અહીં ખેંચ્યા. અહીં આવ્યા પછી એમણે ઉત્તરોત્તર જે વિકાસ સાધ્યો તેમાં સૌથી મોટો ફાળો તેમના નિષ્ઠાવંત કર્મયોગનો છે. સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલયનું કામ હોય કે નવજીવન કાર્યાલયનું, હાજીમહમદ સ્મારક ગ્રંથનું કામ હોય કે 'કુમાર' કાર્યાલયનું, પોતે દત્તચિત્ત બની નિષ્ઠાભરી કર્તવ્ય-પરાયણતાથી એને એવું રસપૂર્વક બજાવ્યું, ને તેમાં શીખવા જેવું શીખી લેતા પણ ગયા કે ગીતાભાખ્યો કર્મકૌશલ યોગ સાધતા રહી તેઓ દક્ષ પ્રેસ-વ્યવસ્થાપક, મુદ્રક અને સંપાદક બની ગયા, અને તેમાં પ્રથમ પંક્તિમાં આવી રહ્યા. પ્રારંભનાં વર્ષોમાં સ્વ. રવિશંકર રાવળનો તેમના આવા ઘડતરમાં થોડો ફાળો હશે, પણ પોતાની કામગીરી જવાબદારી અને કુશળતાપૂર્વક બજાવી થોડા જ કાળમાં તેમણે રવિશંકર રાવળને કુમાર પ્રિન્ટરી અને 'કુમાર'ના સંપાદન પરત્વે નચિંત કરી મૂક્યા હોવા જોઇએ. વ્યવસ્થાશક્તિ, સમયપાલન, ઊંચું ધોરણ, સુઘડતા, ચોકસાઈ, કરકસર વગેરેનો આગ્રહ—આ બધા એમના વ્યક્તિગુણો એમના કર્મયોગને ઊજળો અને સફળ બનાવતા રહ્યા. જાત પાસેથી પૂરું કામ લે તેવા, અને તેથી સહ-કર્મચારીઓ પાસેથી પણ તેવા ને તેટલા કામની અપેક્ષા રાખે એવા.

સ્વ. બચુભાઈ આમ તો સાહિત્યનો જીવ. કલારસિક પણ એટલા જ. એમની ગોંડલની મિત્રમંડળી પણ પછીથી નીવડનાર સાહિત્યરસિકોની. પોતે ગોંડલ છોડી અમદાવાદ આવ્યા અને મિત્રોને પણ તેમ કરવા પ્રેર્યા તે ત્યાંની સાહિત્યપોષક હવામાં જીવવા અને ખીલવા. 'જ્ઞાનાંજલિ' હસ્તલિખિતનું તથા હાજીમહમદ સ્મારક ગ્રંથનું સંપાદન અને ગુજરાત પ્રશસ્તિનું તેમનું કાવ્ય સાહિત્યપ્રીતિના બોલતા પુરાવા હતા. પણ પછી તો 'કુમાર'ને જ એમની સાહિત્યપ્રીતિ પૂરી સમર્પિત થઈ ગઈ. 'કુમાર' માટે યોગ્ય વ્યક્તિઓ પાસેથી યોગ્ય વિષયો પર લેખો મંગાવવા-લખાવવા, આવેલી લેખસામગ્રીમાંથી સ્વીકાર્યની પસંદગી કરવી, ભાષા અને શૈલીની દૃષ્ટિએ ઘણાં લખાણોને ટૂંકાવવાં સુધારવાં મઠારવાં, પ્રત્યેક અંકમાં સામગ્રીની મુદ્રણની અને ઉઠાવની દૃષ્ટિએ કલાત્મક ગોઠવણી (Layout) કરવી, પ્રૂફશુદ્ધિ સુધ્ધાં સમગ્ર અંકના મુદ્રણ પર દેખરેખ રાખી નિયત તારીખે તેને અચૂક પ્રગટ કરવો જ—આ બધી કામગીરીએ પોતાના સ્વતંત્ર સાહિત્યસેવન અને સાહિત્યસર્જન માટે બચત સમય અને શક્તિ તેમને રહેવા દીધાં નહિ. એ અંગત ગેરલાભ સામે 'કુમાર'ની વિકાસયાત્રા અને સફળતાની ઉપલબ્ધિએ તેમને અસંતોષ રહેવા નહિ દીધો હોય. એમની લેખિનીને અને એમના શિષ્ટ સ્વચ્છ ગદ્યને આમ છતાં 'કુમાર'ના અંકોમાંના કાવ્યપરિચયો, ચિત્રપરિચયો અને વ્યક્તિવિશેષોના પરિચયોના લેખોનાં સંકલન અને ભાષામાં યથાવકાશ કામ મળી રહેતું હતું.

બચુભાઈની કાવ્યભક્તિને અને કાવ્યજ્ઞતાને પૂરતું કામ મળી રહેતું હતું 'કુમાર'માં પ્રગટ થતાં કાવ્યોની પસંદગીમાં. 'જેમ 'પ્રસ્થાન'માં તેમ 'કુમાર'માં કાવ્ય છપાય તો પ્રતિષ્ઠા મળ્યાનું મનાતું એવી પરિસ્થિતિનો જશ સીધો બચુભાઇને જાય. 'કુમાર' કાર્યાલયમાં દર બુધવારે રાતે મળતી કવિસભામાં થતાં સરજાતી કવિતાનાં પઠન, આસ્વાદ, અને ચર્ચાત્મક વિવરણ-વિવેચનમાં બચુભાઈની કાવ્યસિસૃક્ષા જાણે પ્રૉક્સીથી સારા પ્રમાણમાં સંતોષાઈ હશે એમ મનાય. એમની કાવ્યાભિરુચિ 'કલાપી', 'કાન્ત', ન્હાનાલાલ અને બળવંતરાયની કવિતાથી ઘડાઈ-પોષાઈ હતી. વૃત્તસૌષ્ઠવ એમને પ્રિય. છંદોના પરંપરિત પ્રયોગ સુધી પણ એમની રુચિ વિસ્તરી હતી. પણ અછાંદસે એમને આકર્ષ્યા નહિ; એ એમનો **acquired taste** પણ બની શક્યો ન હતો. બુધ-

તમે

તમે તો કર્મોના કઠિનતમ એ માર્ગ જ વર્યા,
કુમારાં કૈશોર્યે, યુવક વયમાં સંયમ ધર્યા;
ઊંચા આદર્શોના અવિરત રહ્યા શૃંગ જ ચઢી,
શ્રમે સંધ્યાઓ સૌ સુનહર કસુંબી રસમઢી.

તમે આરાધો તે વર હૃદયધર્મે પલપલે,
સુધીરા સંકલ્પે શુભ સબલ ચિત્તે સ્થિર ગતિ;
રહ્યાં આ સંસારે નિત નવલ આકર્ષણ ભલે,
પ્રલોભે પંથે એ અવગણત ચાલ્યા ધ્રુવ મતિ.

યુગોથી સાહિત્યે ઝળહળી રહે સંસ્કૃતિ-કલા,
પ્રકાશે સંશોધી વિરલ નિજ તો ઉજ્જ્વલ કરો;
તમે અન્યોને યે શુચિ પ્રગટતા દીપક ધરો,
સુતેજે સંસ્કારો શત શત શગે વૃત્તિ સકલા.

તમે સિંચ્યાં સ્નેહે વિબુધ મન મ્હોરે મઘમઘે,
સજાવ્યાં સૌંદર્યો અનુપમ થતાં અક્ષર ઝગે.

પિનાકિન્ ઠાકોર

સભા અને 'કુમાર' દ્વારા તેઓ આજના કડીબદ્ધ પ્રતિષ્ઠિત કવિઓના પ્રેરક, પ્રોત્સાહક, અનુમોદક બન્યા હતા. દેશળજી પરમાર, ચંદ્રવદન મહેતા, શ્રીધરાણી, 'સુંદરમ્', રામપ્રસાદ શુક્લ, ઉમાશંકર, રાજેન્દ્ર શાહ, નિરંજન ભગત, પ્રિયકાંત મણિયાર, 'ઉશનસ્', બાલમુકુંદ દવે, જયંત પાઠક, લાભશંકર ઠાકર, ચન્દ્રકાન્ત શેઠ અને બીજા ઘણા કવિઓનાં કાવ્યો પ્રથમ 'કુમાર'નાં પાનાં પર પ્રકાશિત થયાં હતાં, એ હકીકત જ 'કુમાર' તથા બુધસભા દ્વારા બચુભાઈએ કરેલી કાવ્યસેવાની દ્યોતક છે. કેટલાક કાવ્યસંગ્રહો એમને કૃતજ્ઞતાપૂર્વક અર્પિત કરાયા છે તે આ કારણે. 'કુમાર' બહાર 'ગુજરાત સાહિત્યસભા' અને 'ગુજરાત વિદ્યાસભા' જેવી સાહિત્ય સંસ્થાઓ સાથેનો એમનો સક્રિય ને નિકટનો નાતો પણ એમની સાહિત્યભક્તિનું ફળ.

બચુભાઈ જેમ સાહિત્ય અને કલામાં શિષ્ટતાના આગ્રહી તેમ જીવનમાં પણ શિષ્ટતાના ઉપાસક. વ્યક્તિ તરીકે આગલી પેઢીના ઘણા સદંશોની જીવન્ત મૂર્તિ જેવા કે તેના અનુકરણીય નાદર પ્રતિનિધિ જેવા. લખાણમાં તો ખરી જ, પણ પોતે સૌરાષ્ટ્રમાંથી આવતા હોવા છતાં સામાન્ય વ્યવહારની વાતચીતની ભાષામાં પણ હમેશાં શિષ્ટતા અને ઉચ્ચારશુદ્ધિ જાળવી હતી. એમના હસ્તાક્ષર પણ એવા જ શુદ્ધ અને સુવાચ્ય. પોશાકમાં તેમને જોનારા-ઓળખનારાઓના નિત્યપરિચિત ખાદીનાં ટોપી, લૉંગ કોટ અને સુરવાલમાં એમણે ક્યારેય ફેરફાર, પરદેશમાં પણ, કર્યો ન હતો. સાદાઈ, સંયમ, સુઘડતા અને કરકસર તો એમનાં જ. નિયમપાલનના તો એ એવા આગ્રહી કે બુધસભામાં એમની સિવાય બીજું કોઈ આવ્યું ન હોય તો પણ પોતે એકલા બેસી નિયત સમય સુધી હાજર રહે, એવું ઘણી વાર બન્યું હોવાનું જાણ્યું છે. મૂલ્યોનો આગ્રહ અને કર્તવ્યનિષ્ઠા પણ એમનાં આગલી પેઢીનાં જેવાં. એ નિષ્ઠાએ જ એમને 'કુમાર'ને એવા સમર્પિત કરી દીધેલા અને તેની જોડે એવી મમતા કે તાદાત્મ્ય તેમનું બંધાઈ ગયેલું કે 'કુમાર' એટલે બચુભાઈ અને બચુભાઈ એટલે 'કુમાર' એવું સમીકરણ માંડી શકાતું. આથી જ 'કુમાર' માટે વચમાં આવેલા ચિંતાના કાળમાં મુંબઈ ખાતે મોટા પગારની પત્ર ને પ્રેસ-વ્યવસ્થાપકની જગ્યા માટે મળેલા નિમંત્રણને સાભાર અસ્વીકારી તે 'કુમાર' કાર્યાલયને જ વળગી રહ્યા હતા. પારદર્શક નિખાલસતા, સૌજન્ય, મિલનસાર પ્રકૃતિ અને સત્યનિષ્ઠા તેમના સ્વભાવગુણો હતા. સત્યનિષ્ઠાને જ કારણે તેઓ પોતાના અભિપ્રાય છુપાવતા ન હતા. સ્પષ્ટપણે-ક્યારેક સાત્ત્વિક પ્રકોપ સાથે પણ – એવો પ્રસંગ આવે ત્યારે કહી નાખતા હતા. ગુજરાત સાહિત્યસભા, ગુજરાત વિદ્યાસભા અને ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળની કાર્યવાહક સમિતિઓની બેઠકમાં તેમનું આવું સ્પષ્ટ કથન બીજા સભ્યોએ સાંભળ્યું હશે જ.

કામ હમેશાં બોલે છે. બચુભાઈના કામની કદર થયા વિના રહી નથી. એમને રણજિતરામ સુવર્ણચંદ્રક, હરિ ૐ આશ્રમનો ચંદ્રક, ભારત સરકાર તરફથી પદ્મશ્રીનું સન્માન, ગુજરાત રાજ્યની લલિતકલા અકાદમીનું સન્માન જેવાં બહુમાન મળ્યાં છે. બૃહદ્ મુંબઈ રાજ્યની વિધાનપરિષદમાં સરકાર નિયુક્ત સભ્યપદ માટે એમની પસંદગી થઈ હતી. એમના મિત્ર-પ્રશંસક તરફથી ઇંગ્લૅંડ અને અમેરિકાના પ્રવાસનો પ્રબંધ પણ થયો હતો. આ બધું સન્માન અને કદર એમને ઘટતાં જ હતાં, એ વિશે ભાગ્યે જ મતભેદને અવકાશ હોય. આ કદરદાનીએ અને તેના પ્રતીકરૂપ સન્માનોએ તેમને માનવસહજ સંતોષનો અનુભવ અવશ્ય કરાવ્યો હશે, પણ એણે એમના મગજને ક્ષણ વાર પણ ફેરવી નાખ્યું નથી. અભિમાન એમનામાં ક્યારેય જોવા મળ્યું નથી. પોતાની મર્યાદાનું ભાન એમનામાં જાગ્રત હતું.

બચુભાઈ સાથે કામ કરવાનું મારે 'ગુજરાત સાહિત્યસભા', 'ગુજરાત વિદ્યાસભા', 'મહાકવિ ન્હાનાલાલ સ્મારક ટ્રસ્ટ', 'કલારવિ ટ્રસ્ટ', ગુજરાતી કળપટ-સુધારણા સમિતિ તથા ગુજરાત રાજ્ય પાઠ્યપુસ્તક મંડળની કાર્યવાહક સમિતિના સમાન સભ્યપદને નાતે ઠીક પ્રમાણમાં બન્યું છે, તેનું મને મીઠું સ્મરણ છે. એમને એવી બધી સભાઓ કે સમિતિઓમાં એક જાગ્રત સન્નિષ્ઠ સભ્ય તરીકે પોતાનો ભાગ ભજવતા મેં જોયા છે. અંગત રીતે મેં એમનો સારો સદ્ભાવ અનુભવ્યો છે. સ્વ. યશવન્ત પંડ્યા-પ્રદત્ત 'કુમાર-ચંદ્રક' પ્રતિવર્ષ અપાવો શરૂ થયો ત્યારે મને તેની નિર્ણાયક ત્રિપુટીના સભ્ય-પદે નિમંત્રવામાં અને ઘણાં વરસ પછી મારે બદલે બીજાને નીમવાની મેં બે વાર કરેલી વિનંતીને હસીને અસ્વીકારવામાં એ સદ્ભાવ જ વ્યક્ત થતો હતો. વરસની 'કુમાર'ની ઉત્તમ વાર્તા કે નાટિકાના નિર્ણાયકો પણ વરસોથી અમે બે હતા. મારો નિર્ણય લગભગ હમેશાં પોતાની સંમતિથી એ વધાવતા રહ્યા હતા. મને એમના માટે મનમાં કાયમ આદર અને સદ્ભાવ રહ્યા હતા.

જીવનવિધાતાને પોતાની શક્તિઓનો પૂરો હિસાબ આપી 'સ્વકર્મણા' તેને અભ્યર્ચી જનાર આવા બચુભાઈ હવે સદેહે આપણી વચ્ચે નથી, પણ 'કુમાર'ની ફાઇલોમાં એમની હાજરી વરતાયા જ કરવાની અને બુધવારિયા કાવ્યસભા? અન્યત્ર અને અન્ય સંસ્થાના ઉપક્રમે મળ્યા કરનાર એ સભા પણ એમનું કાયમી સ્મારક બની રહેશે. □

મુરબ્બી બચુભાઈ એટલે?

—કનુભાઈ જાની—

મુ. બચુભાઈ એટલે? અનન્વયનો જ પ્રયોગ કરવો પડે. એમ તો, વ્યક્તિમાત્ર માટે અનન્વય ન ચાલે? ના. વ્યક્તિમાં વૈયક્તિકતા કરતાં સામાન્યતા–સામુદાયિકતા વધારે હોય છે. બહુ બહુ તો કોઈક વળી કોઈક ક્ષેત્રે શક્તિવિશેષ દાખવે, જુદું તરી આવે – સ્વભાવે કરીને ને શક્તિવિશેષે કરીને; પણ પોતામાંના વિભૂતિતત્ત્વનું સમ્માર્જન કરી, એની શબલતા પ્રગટાવીને નહિ. એમ તો, વિભૂતિતત્ત્વ દરેકમાં ક્યારેક ચમકારો કરી જાય જ; પણ એને પ્રગટાવવાનો પુરુષાર્થ ને પ્રગટ્યા પછી પ્રજ્વલિત રાખી, સતત કામે લગાડવાની જાગૃતિભરી સૂઝ કેટલામાં? માટે જ કહેતા હોઈએ છીએ કે 'અમુક?' તો કે' 'સેંકે એકાદ માંડ'.

આ વિભૂતિતત્ત્વ એ કોઈ 'સુપરહ્યુમન એલિમેન્ટ' એમ મારા મનમાં નથી. 'વિ+ભૂ' એટલે વિશેષ થઈને ફેલાઈ રહેવું. સામાન્ય રીતે માણસ પોતાનામાં જ બંધાતો હોય છે; શક્તિવિશેષનું ભાન હોય તો તો, એ શક્તિની સભાનતાએ જગાવેલ આત્મરતિથી જુદા તરી આવવાનું પસંદ કરી, ઊલટો, વિશેષ બંધાતો હોય છે! શક્તિનું ભાન જીરવવું અઘરું છે. શક્તિપ્રમાણ વિશેષ હોય છતાં એના ભારને બદલે એના પ્રયોગે રત રહી, બંધાવાને બદલે ફેલાવાનું અનાયાસે જેમનાથી થતું હોય એવી વ્યક્તિઓને હું વિભૂતિ ગણું. એ ચમત્કાર નથી. માનવ્યના પરમ અનુસંધાનનો જ એમનો વિનિયોગ હોય છે. એવો વિનિયોગ સ્વભાવગત થવો એ સહજ નથી. એવો સ્વભાવ વિરલ જ.

બચુભાઈના સ્વભાવનો વિચાર કરો. એમને ગુસ્સે થતા નથી જોયા? ક્યારે? કઈ મતલબથી? એમના ગ્રહો–આગ્રહો કાંઈ એમણે કોઈથી અજાણ્યા રાખ્યા હતા? પદ્યવાળી જ કવિતાનો, જ-કાર સાથેનો આગ્રહ; છંદનો આગ્રહ; ફૂટપટ્ટી લઈને છાપેલું લખાણ—એમાંનાં ઇલસ્ટ્રેશન્સ બાદ કરીકરીને—માત્ર લખાણ જ માપીમાપીને, પછી જમાના–જૂના લાગતા ધોરણે નિયત પુરસ્કારનો કરકસરિયો હિસાબ; સમયપાલનનો આગ્રહ; વ્યવસ્થાનો આગ્રહ; અમુક ભાવ-ભાવના-પરસ્તીનોય આગ્રહ; અમુક પ્રકારની સુરુચિનોય આગ્રહ; 'કુમાર'માં શું આવે – ન આવે એના નિર્ણયના માપદંડો એમના જ એમના; ત્યાં કોઈ ચર્ચા કે છૂટછાટને લવલેશ અવકાશ નહિ! ગમા-અણગમાનાં એમનાં પાકાં બંધારણો! આ પરમ માનવીય લક્ષણો. બુધ-બેઠકની બહાર નીકળીને તરત આ બધાંની ચર્ચા ત્યાં જનાર કોણે નથી કરી?

'કુમાર'ની કવિતાશાળાએથી નારાજ થઈ ઊઠી જનાર એક તેજસ્વી કવિજૂથે પોતાના મઠમાં કેટલાંક કવિડોકાં લટકાવ્યાંની 'મિથ' ચાલે છે. એ રૂઠેલ કવિજૂથને ઉમાશંકર જેવાની જોડાજોડ આમની યે ડોકી મૂકવાનું સૂઝ્યું એમાંય આમની કવિતાપરસ્તીને અંજલિ જ ને?!

મને યાદ છે, બચુભાઈને પંચોતેર થયાં એનો ઉત્સવ કરવા કેટલાકો નીકળ્યા. બચુભાઈને ખરેખર એ નાપસંદ! જાહેર પ્રશસ્તિ?! અભદ્ર. કહેવાપૂરતું નહિ; હઠપૂર્વક એમ ના થવા દીધું. છેવટે પ્રેમ આગળ પલળ્યા. એક શરતે: કોઈ પ્રશસ્તિ નહિ, કોઈ મોટો સમારંભ-ઠઠારો નહિ, કોઈ ઉપચાર નહિ, કોઈ વ્યાખ્યાન-ફાખ્યાન નહિ. ને એમ થયું. થયો કેવળ મિલનારંભ! પણ કવિલેખકોથી હર્યો-ભર્યો. કવિઓની, એમની નજર તળેથી પસાર થએલી, એમનો સંસ્પર્શ પામેલી પેઢીઓનું ત્યાં મિલન થયું હતું. એમનાથી જુદા બેસનાર પણ એમનો સમાદર કરતા હતા. આપણા જાહેરજીવનનો આ એક ઘડારૂપ પ્રસંગ બની રહેશે.

બચુભાઈએ આગ્રહો રાખ્યા; પાળ્યા-પળાવ્યા; બુધસભા કરી, ચલાવી; પણ એને અલગ ચોકામાં કે ફિરકામાં ફેરવાવા ન દીધી. એનું રૂપ મુક્ત રહ્યું. હા, બુધના દાઝેલા કોકે કદીક દુર્વ્યવહાર કર્યાનું પણ જાણમાં છે; છતાં ત્યારે એવી છોકરમતને એ ઔદાર્યથી મૂકભાવે જતી કરતા.

એમના આગ્રહોની જોડાજોડ, નિયત આવકમાં જ ચલાવવું, સામે ચાલીને આવતાં પ્રલોભનોને 'ઊંહું' કહીને ચોખ્ખી ના પાડ્યે રાખવી; 'કુમાર' સિવાયનું બધું ગૌણ લેખવું; 'કુમાર'ને જરાય ઝાંખું પડવા ન દેવું; એ માટે સતત વાંચ્યે રાખવું, વિચાર્યે રાખવું, જાહેર-જીવનને અવલોકતા રહેવું; નવીનવી પેઢીની આકાંક્ષા-અપેક્ષા જોયાં-જાણ્યાં કરવી; 'કુમાર'ના અશ્વને એની રખવાળી માટે સદા-સાબદો રાખવો; જે નવી શક્તિઓ દેખાય એની ભાળ રાખવી; એ શક્તિઓને કામે લગાડવા ઉદ્યુક્ત રહેવું; નવી પેઢીને પલોટવાના કામને પોતાનું કરી બેઠેલો બીજો એક તો તંત્રી બતાવો!

બચુભાઈ એટલે માત્ર જ તંત્રી જ શું? તંત્રીઓ તો ક્યાં ઓછા છે? એક હાથે લખાણ લે, આંખતળે કાઢે–ન કાઢે, ને પસંદગીનું મુદ્રણે પસાર કરાવી, બીજે હાથે સમાજને પકડાવી દે આ તંત્રીઓ! આજે તંત્રીઓને હાથે-આંખે 'કૃતિઓ' પકડાવનારાનીયે પડાપડી છે ત્યાં તંત્રીઓને ક્યાં ઝાઝું કરવાનું રહે? બચુભાઈ તો લેખકને બરાબર ચકાસે-તપાસે; ના પાડતાંય એનામાં રહેલા ગુણતત્ત્વને નુકસાન ન થાય એની કાળજી લે. સ્વીકાર્યા પછી માત્ર નિયત સ્થાને ગોઠવણીનું કામ જ તંત્રીને ઘણુંખરું રહે! એમ નહિ; અહીં તો એ કૃતિના વાચને જે પ્રશ્નો જાગે એનો અભ્યાસ તંત્રી પોતે કરવા લાગે. ચર્ચા કરે. પત્રો લખે. વાંચે. લેખકનું ધ્યાન દોરે. તારવે. ચિત્રો–મથાળાં વગેરે વિચારે. તૈયાર કરવા જેવી જરૂરી નોંધો કરે. અને એમ કૃતિ છેલ્લો આકાર પામે.

મને યાદ છે, હું ગ્રીક ટ્રૅજેડીઝ પર લખતો હતો ત્યારે કૃતિએ-કૃતિએ એમની પ્રશ્નાવલિઓનો નિકાલ મારે કરવો પડતો. એ સજ્જ હોય. પુસ્તકો વાંચ્યાં હોય; નવુંનવું ખોળી લાવ્યા હોય. હાથમાં નવુંનવું વાચન પણ, એ અંગેનું પકડાવતા જ રહે. "'ટ્રૅજેડી'નો પર્યાય ન હોય એમ તમે કહો છો પણ આ હિન્દી-ગુજરાતીમાં 'ત્રાસદી'–'કરુણાન્તિકા' વગેરે છે તેનું શું? એ પ્રચલિત પણ છે. પછી શું? એ કેમ ન વાપરવા?" ને પછીની ચર્ચામાં ગળે ઊતરે કે હાં, આ તો આપણી 'ભવાઇ'ની માફક એક આગવા જ સ્વરૂપનું નામ, ત્યારે નોંધ મુકાવડાવે, કથામાં આવતાં પૌરાણિક સંદર્ભો સ્પષ્ટ કરવા જ પડે. આ તંત્રી તો પરમ વિદ્યાનુરાગી, વિદ્યારત પોતે વાંચે ને વંચાવડાવે પણ. માયથૉલૉજીના મારા અભ્યાસનું જાણ્યું કે ગણપતિનું કામ વળગાડ્યું.

ચાલુ બનાવો વિશે પણ જાગ્રત. બાંગ્લાદેશમાં મોટે પાયે નૃસંહાર થયો ત્યારે એ કંપી ઊઠેલા, જીવ બાળ્યો! એ સંહારલીલાને ખુલ્લી પાડનાર પાકિસ્તાની પત્રકાર વિષે જાણતાં 'લંડન-ટાઈમ્સ' મંગાવી આપ્યું. એમાં વચલાં બેય પાનાંને આવરીને એક જ શબ્દ મોટેમોટે બીબે મૂક્યો હતો 'જિનોસાઈડ'! જગ આખામાં એ લખાણની અસર પડેલી. મને કહે લખી આપો. એમનો પ્રેમાદેશ ક્યારેક મૂંઝવણમાં પણ મૂકે. પણ પાળ્યા વિના છૂટકો નહિ! જે ગઢમાં હું કામ કરું ત્યાં ગુરુજી (ગોલવેલકર)નું તો ત્યારે નામ પણ ન દેવાય! ગુરુજીનું અવસાન થયું. મને કહે, 'આ અવસાન એ એક નોંધપાત્ર ઘટના ગણાય કે નહિ?' મને શી ખબર કે મારી 'હા'ના અનુસંધાને 'તમે લખી આપો'નો આદેશ છુપાયો હશે! ક્યારેક પાંચપાંચ છછ મહિના

પહેલાંથી બાંધી લે. વિષય આપે, ને પ્રેમથી એવી રીતે તકાદો છૂટે કે હજાર કામો વચ્ચે ય કામ પતાવ્યે જ છૂટકો! લેખ વાંચે કે, પાછો, ફોન કરે કે પત્ર લખે! ગમ્યું હોય એ વખાણ્યું હોય. એમના રાજીપાથી પોરસાઈએ! આ કરામત દિલની! એમાં નહિ જોહુકમી, નહિ લોભ-લાલચ, નહિ બીજાં કોઈ પ્રલોભનો.

કઈ તાકાતે એ કામ કઢાવતા? બે તાકાતો: એમની પોતાની આગવી જાણકારીની કે બહુશ્રુતતાની અને પેલી મીઠાશ ને ગુણજ્ઞતાની. સારું-માઠું-મોળું એ બરાબર પરખી શકતા. એમનું એ પરખંદાપણું લેખકને પ્રેરતું. અને, ઉષ્મા. એનો દેખાડો નહિ. ખોટા મલાવા નહિ. છતાં એ ઉમળકાવાળા નિખાલસ આદમી હતા. મળવું ગમે એવા. વાતે ચડે તો દિલચોરી ન કરે. ચાહવા જેવા લાગે. ચાહી બેસાય. જોકે આમન્યા ન છૂટે. શીળી હૂંફ લાગે.

મેં બચુભાઈને દુભવેલા! મેઘાણી પરની લેખમાળાનો ૧૩મો લેખ, ઠીકઠીક રાખીને એમણે, 'જરા ટૂંકાવી આપશો?...ને આ લેખમાળા ચાર-છ હપ્તામાં પૂરી થાય તો સારું'—એવી ઇચ્છા પ્રગટ કરેલી. કૃતિનું વિવેચન નહિ, પણ અગત્યની કૃતિઓના લેખનવેળાનો ચિતાર ને લેખકના મનોભાવો તો વિસ્તૃત ચરિત્રમાં આલેખવા જોઇએ, કૃતિ એ તો લેખકને મન એના જીવનની એક મહત્ત્વની ઘટના છે, એમ હું માનનાર. મેં એ ચોખવટ કરેલી પણ ખરી. લેખ પાછો લઈ લીધો. કલમ સમેટી લીધી. ચૂપ થઈ ગયો... પછી તો કાળબ્યયે વચમાં એવા અંતરાયો આવ્યા કે જે પડ્યું તે પડ્યું જ! એમને ને મને બન્નેને એનો વસવસો હતો. પણ સંબંધમાં ઓટ ન આવી. એમને ઘેર ક્યારેક અમે પતિપત્ની બન્ને મળવા જતાં. બહુ રાજી થતા. નવા વરસ નિમિત્તે અમે એ એક જ ઘેર જવાનું ચૂકતાં નહિ! હવે...!? એવું નવું વરસ જ ક્યાંથી આવે! બચુભાઈ તરફથી એ મોટો પુરસ્કાર મળતો! હતા પ્રેરક ઉષ્માપુંજ.

આમ પૂછો તો નાતો શો? લેખક-તંત્રીનો? ના. 'કુમાર' નામે એક કુળ એમણે સ્થાપેલું. એ વિસ્તરતું જ રહ્યું... એનું કામ જ સંસ્કારવિસ્તરણનું. બહુ મોટું કામ લઇને બેઠેલા. શિક્ષણનું જ ગણાય. પૂરી સજ્જતા પણ. પુસ્તકોની દુનિયાની તો સારી જાણકારી. એનો પરિચય એક સમિતિમાં સાથે કામ કરવાનું થયું ત્યારે થયો. હું, હસિતભાઇ અને એ; સો ઉત્તમ ગુજરાતી પુસ્તકોની યાદી કરવાનું કામ સોંપાએલું. વરસેક દિ' ચાલ્યું. એ પૂરા ઉદ્યમશીલ રહ્યા. પણ એમની જાણકારી ઘણી, એની પ્રતીતિ થઈ. વાચન વિશાળ ને વિવિધલક્ષી. માહિતીનો સજીવ ભંડાર.

જેમ પુસ્તકના એમ બચુભાઈ ચિત્રના પણ માણસ. (ચિત્રની પ્રારંભિક પરીક્ષાઓ તો ગોંડળમાં વિદ્યાર્થીકાળે આપી દીધેલી, એ પછીની સજ્જતા તો જાણીતી છે. આપણા સારા કળા-મીમાંસક.) ગાંધીશતાબ્દી સમિતિનું કામ ત્રણેક વર્ષ ચાલ્યું. તેમાંય બે વર્ષ તૈયારીનાં. દેશ આખામાંથી પસંદ કરીને સમિતિ રચાઈ હતી. એમાં બચુભાઈ પણ હતા. મારે ફાળેય કામ આવેલું. બચુભાઈએ વિષયની તારવણી, એની નોંધો, એ માટેનું સંદર્ભસાહિત્ય, એની પ્રાપ્તિ, વાચન-નોંધ-થી માંડીને ચિત્રવિષયગત નોંધોની સંકલ્પનાઓ, એની નીચેનું લખાણ, ચિત્રની કલ્પના સુધીની તૈયારીઓમાં સતત રીતસર ઉદ્યમ કર્યો જ; એટલું જ નહિ, પછી નમૂનાનાં ચિત્રો તૈયાર કરાવી, પસંદ કરી, મોટાં ચિત્રો પણ તૈયાર કરાવ્યાં. એ સમગ્ર કામગીરીમાં એમની વિદ્વત્તા ને ચિત્રનિર્માણસૂઝ બન્નેનાં દર્શન થયાં. બચુભાઈ એટલે માત્ર કલાનિરીક્ષક કે સમીક્ષક જ નહિ, કલાનિર્દેશક પણ.

એ કામગીરી દરમિયાન જ, યાદ છે, મેં મારી એક રચના આપી, લઈ ગયા. વરસાદ વિષેની હતી. બુધમાં બોલાવ્યો. એ પછી તો નિયમિત વરસો સુધી બુધનું જાણે બંધાણ પડેલું. હું ને ધીરુભાઈ વહેલા જઈએ. ક્યારેક પિનુભાઈ પણ. ઉપર મેડે ચોપડીઓના ઘોડા વચ્ચે સાંકડ-મોકડ બેસીએ. એક સાંકડી પાટે બચુભાઈ. (એ સંસ્કૃતિ-કળાની મોકળાશનો જીવ; કેવી સંકડાશ ભોગવી!) એમને મળેલાં કાવ્યોના ગંજ ક્યારેક કાઢે, વાંચીએ એ પહેલાં એમણે પોતે વાંચીવાંચીને વિભાગો પાડી રાખ્યા જ હોય! અમારી સાથેનું વાચન તો વધારાનું! ને પાછું, બધાની વચ્ચે તો વંચાય જ! અસ્વીકૃત રચનાઓના જવાબની નોંધ જે તે કાવ્યની ઉપર ટપકાવે. લગભગ દરેકને જવાબ આપે! કૃતિ કરતાં તો ઘણી વાર મોકલનારે લખેલો કાગળ વાંચવાની મજા પડે. જો કે બધા પત્રો વાંચવા ન આપે! પણ, નવા કવિનું તો ઝીણવટથી વાંચે, ને જવાબે. કોઈ પણ કૃતિ બે-ચાર વાચન વિનાની પાછી કરાઈ નથી કે લેવાઈ નથી. બચુભાઈ જાણે કવિતાને રીતસર સેવે! (કૃતિ સ્વીકારાયા પછી પ્રગટતાં પણ, એટલે જ વાર લાગે.) એમણે સ્વીકારેલી કરતાં વણસ્વીકારેલી કવિતાનું પ્રમાણ સેંકડો ગણું હશે! કોઈ કાવ્યપ્રેમીએ સર્જાતી કવિતાને આટલી ધીરજથી, આટલો સમય ફાળવીને, આટલી ચાહીચાહીને આટલા શ્રમપૂર્વક નહિ જ વાંચી હોય! અજોડ એમનો કાવ્યાનુરાગ.

એક વાર હસતાં હસતાં કહે: 'આ મારા વાળ ધોળા થઈ ગયા હોય તો તે 'કુમાર'થી નહિ, કવિતાથી.'

બચુભાઈની કાવ્યપઠનરીતિ પણ વિશિષ્ટ. એમની એ સાવ નાની 'કૅબિન' કહેતાંય ખોટા પડીએ એટલી, સાડીત્રણ બાજુના પુસ્તકોસભર ઘોડા-કબાટો અને એક ભીંત-થાંભલીની માંડ છ-બાય-છની કે આઠ-બાય-આઠની ખૂણુલીનેય એક ખૂણે મૂકેલ એક સોફા કે ખુરશીમાં બેઠેબેઠે, પડખેના ઘોડામાંનાં વપરાએલાં મોટાં પરબીડિયાંનાં બેચાર કાઢીને બાજુમાં રાખેલા નાનકડા સ્ટૂલ પર કે પાટિયા પર મૂકી, એના પર દાબણી મૂકી, પસંદ કરેલા કવરમાંથી એક પછી એક કાગળો કાઢે, ઉપર-તળે કરતા ગોઠવે; એમાંથી વળી બેચાર ખેંચી, પસંદ કરી, ઉપર મૂકે; એમાંથી એક પર જોવા આંખો લગાડે કે, સામેની પાટલી પર બેઠેલા ચાર-પાંચ કવિ-મિત્રો અને બારણાં-વચાળે નાનકડા મૂંડા પર બેઠેલા પિનુભાઈ ને તે પછી સ્ટૂલ-બૂલ જે આવ્યું તે લઈ બારણાં-બહાર ગોઠવાએલા સૌ બુધાનુરાગીઓ સરવેના કાન સાબદા થઈ જાય. ત્યાં સુધીમાં સહેજ ધ્રૂજતાં આંગળાંથી એમણે કાગળ પર બરાબર નજર ફેરવી હોય, ક્યારેક જમણે હાથે કાગળ પકડી, ડાબા હાથનાં આંગળાંની પોલી મુઠ્ઠીનું ભૂંગળું એક આંખે મૂક્યું હોય ને કોક ન ઊકલતો શબ્દ ઉકેલી લીધો હોય; ને કહે, 'હં...! ચાલો. શીર્ષક છે–' કહીને, કે ક્યારેક 'શીર્ષક પછી વાંચીશું' કહીને—લયાન્વિત, ભાવસભર પઠન શરૂ કરે, તે પરથી જ પામી જવાય કે આ પ્રથમ વાચન નથી. પમાય કે, કવિતા એ કાનની કળા છે. મજા તો ઉચ્ચારાતા શબ્દની જ છે. બચુભાઈ કાવ્ય વાંચે; કવિનું નામ પહેલાં ન દે. કવિનું નહિ, કાવ્યનું જ ત્યાં મહત્ત્વ. કવિને નહિ, કાવ્યને જ બુધમાં આગળ કરે.

આખું કાવ્ય ધીમેધીમે, કાન-મન પકડી શકે એવી રીતે વંચાઈ રહે. પઠનમાં ન હોય આવેશ, ન ખોટો વેગ-આવેગ, ન નાટ્યાત્મકતા, ન ગાન-તાન, ન ખોટો સ્વરનો ભાર-ઉતાર. પ્રત્યેક શબ્દ ને આખી રચનાથી વાંચનાર માહેર હોય છતાં પ્રથમ વાચનની જ તાજપ અનુભવાય. પઠન પૂરું કલાત્મક છતાં કાવ્યાભિમુખ જ કરે એવું; પાઠકની બધી શક્તિઓ સાંભળનારને કાવ્યાભિમુખ કરવામાં જ લાગી ગએલી હોય, પોતાની તરફ ખેંચવામાં નહિ. કાવ્ય એ અમુક હદે 'પર્ફોર્મિંગ આર્ટ', રજૂઆત માગી લેતી કળા છે, એ અનુભવાય. એના એક સૂઝવાળા કલાકાર એ હતા. પણ રજૂઆતથી કૃતિ વધુ ખુલ્લી થાય, પ્રગટે.

વાચન થઈ રહે કે તરત સોપો પડે. વાચન-પ્રવૃત્ત આંખ ભાવકો

તરફ વળે, મુખ પર પૃચ્છા હોય, જાણે પુછાતું હોય: 'કાં? કેવું લાગ્યું?' પછી ચર્ચા થાય. એ મુક્ત રહે તે એ જુએ. કોઈ નિયંત્રણ નહિ, પણ મુદ્દા બહાર કશું ન જાય એની પૂરી કાળજી. ચર્ચાનું કેન્દ્ર જળવાય તે જુએ. ચર્ચા ચગવા દે. પક્ષો પડે. એને અનુષંગે પાછું ક્યારેક કાવ્ય આખુંયે ફરીથી વંચાય. બીજી વારે ન પતે તો ત્રીજી વાર. ક્યારેક શબ્દપ્રયોગ, રચનાપ્રયોગ, લયરચના, છંદ, વગેરે તત્ત્વો પર મતાંતરો ચાલે; ગરમ ચર્ચા પણ જામે, અવાજો ઊંચે જાય, સામસામા વિંઝાય, આક્ષેપોય થાય, પણ ફરી ફરીને કાવ્ય પ્રત્યે સૌ વળે. કાવ્યનિમિત્તે કાવ્યતત્ત્વો ચર્ચાઈ જાય! ચર્ચા દૃષ્ટાન્તમાંથી જ ઊગી હોય એટલે અધ્ધર પણ ન હોય. ને અધ્ધર રહેવાય પણ નહિ. કાવ્યે પાછાં વળ્યે જ છૂટકો. સૌના અભિપ્રાયોને અંતે બચુભાઈ પોતે પણ અભિપ્રાય આપે. કવિનું નામ તો છેલ્લે કહે. 'ફલાણાનું કાવ્ય હતું.' નામને કાટલે કવિતા એ ન તોળે.

મોટે ભાગે બેઠકમાં આવેલાનાં કાવ્યો પહેલાં લેવાય. ત્યારે પણ બચુભાઇને જ કાવ્ય અપાય. એ આંખ ફેરવી લે. કાંઈ ન ઊકલે તો કવિને પૂછી લે. પછી પોતે જ પડે, ને ચર્ચા માટે મૂકે. ત્યારે કવિ જ્ઞાત હોય. એની હાજરી હોય. એય ચર્ચામાં ભાગ લે. એનું જૂથ પણ ક્યારેક હોય. એક-બીજાનું તાણે એમ પણ બને. છતાં ચર્ચા તો થાય જ. બચુભાઈ ન દોરાય જૂથથી, ન નામથી. નબળું કાવ્ય લાગે તો ત્યાં ને ત્યાં સૌના દેખતાં પાછું પકડાવે. ક્યારેક કોઈક મહેમાન આવે તો તેમનો લાભ પણ લેવાય.

ઘણી વાર બે પંક્તિ જ વંચાય તે પરથી લાગે કે આ આખું શું કામ વાંચતા હશે? તેમાંય કોઈ નવાગંતુકે રચના મોકલી હોય કે લઈને આવ્યો હોય તો બચુભાઈ એ રચના પાછળ અવશ્ય ઠીકઠીક સમય ગાળે! થાય કે, આ નિરર્થક! પણ ત્યાં એમનું ધ્યાન માત્ર રચના પ્રત્યે ન હોય. રચનારને દોરવામાં હોય. પૂછે પણ ખરા: 'ક્યાં રહો છો?...ત્યારે ત્યાં તો આ અમારા પિનુભાઈ રહે છે.' ઓળખો છો ને? આ પિનાકિન ઠાકોર. એમને મળતા રહેજો. આ રચના કાચી છે.' કાવ્ય-રચનાની ફાવટવાળા કોઈ કવિમિત્રને કોઈ વાર પરત થાય ત્યારે બહાર જઈને એ ભભૂકે! બેચાર વાર ઉપરાઉપરી એવું થાય તો આવતા બંધ પણ થાય. જૂથ બાંધીને આવ્યા હોય તો આખું જૂથ જાય. એવી ઘટનાની ત્યાં કદી ચર્ચા ન થાય. હોય! આવે; જાય!

વૃક્ષ પર જેમ પંખીઓ અનેક આવે ને જાય, વૃક્ષ ત્યાંનું ત્યાં, તેમ બુધસભા તો ત્યાં ઊભી ને ઊભી જ હોય. નવાનવા આવે; જૂના મુલાકાત લે; પરિચિતો પૂર્વસ્મરણો દે; અપરિચિત શક્તિ-અરમાનો લઇને આવે; બુધસભાનો વડલો ત્યાંનો ત્યાં. ગુજરાત સિવાય બીજે ક્યાંય આવું છે ખરું, અરધી સદી ઉપરાંતનું આવું એકધારું કાવ્યચર્ચા ધામ?

કાવ્યવિમુખ થઈ જવાય, કાવ્યાસ્વાદની શક્તિઓ જ ન રહે, સંવેદન-બધિર બની જવાય એવું આ જગત થતું જાય છે. કવિતા બહુબહુ તો કેવળ અમુક વ્યક્તિની વ્યક્તિગત સંવેદનાનું સાધન બની શકે. તેમાંય વૈયક્તિકતા કેટલે અંશે જળવાય? આ માસ-મિડિયાનો પ્રસારો ને ધસારો પણ કાંઈ ઓછો નથી. રીડ્ઝ કહે છે એ ક્યાં ખોટું છે? 'We are more and more tempted to do things as members of this or that group. Poetry is badly adapted to group-appreciation. We can enjoy music in a concert hall and pictures in an art gallary. We can admire feats of architecture and engineering in public, surrounded by our fellow-men.'

જૂથથી એવાં ટેવાતાં-ટેવાતાં જઇએ છીએ કે જાણે એના વિના ન જ ચાલે! સંગીત તો મહેફિલ વિના ન જામે! ચિત્ર તો આર્ટગૅલેરીમાં સૌની સાથે રહીને જોવાય. સ્થાપત્યની કે યંત્રની કોઈ રચના પણ, જાહેરમાં સૌ સાથે હોય તો ઔર મજા પડે જોવાની. પણ કવિતા? ભલે, વ્યવસ્થિત-આયોજિત કાવ્યપઠનના જાહેર કાર્યક્રમો થાય; કવિતા જાહેરમાં માણવાની ચીજ છે ખરી? કવિતા તો અંતરતર. ને અંતર તો પોતે ડોકિયું કર્યે એકલાને જ દેખાય એવી ચીજ. એકલા પડી સંવેદવાની જ વસત. એને જૂથ સાથે મેળ ન ખાય. એ તો એકાન્ત માગી જ લે. હા, રચના માટેનો ધક્કો પૂરો પાડવાનું કામ કાવ્ય ચર્ચનાર જૂથ કરે. મનમાં એક આબોહવા બાંધી આપે—કાવ્યકર્મ માટેની, એને અનુકૂળ. કવિકર્મનાં કેટલાંક કૌશલ્યોની સભાનતા આપે. ભાવકને કવિતા પ્રત્યેના અભિગમની તાલીમ આપે. એ રીતે કવિ ને ભાવક બેયને, આખરે તો આ તાલીમ આંતરિક રીતે જ સજ્જ કરે. એ પછી, છેવટે, કામ કરવાનું તો છે એણે એકલે જ—એ કામ સર્જનનું હોય કે ભાવનનું. કવિતામાં તો સદાય 'એકલો જાને રે!' જ હોય. ને બુધે કોને બાંધ્યા, કહેશો? ન બંધારણ, ન સભ્ય-ફી, ન રોકટોક, ન હાજરીની લપછપ! ન-શાળા જેવી આ ખુલ્લી શાળા—de-schooled open school! અભ્યાસક્રમ કે શિક્ષણક્રમ વિનાની એ કાવ્યશાળા; બચુભાઈ એના ગાદી વિનાના કુલપતિ.

વાણિજ્યશૂરા ગણાતા ગુજરાતમાં કાવ્યને ક્ષેત્રે કવિ-ભાવકની રુચિ ઘડીને, પરોક્ષ રીતે તો એટલા પૂરતી ગુજરાતી પ્રજાની સંવેદનાની માવજત, કોઈ ઢોલ પીટયા વિના કે કોઇને ક્યારેય પોતાની શક્તિઓનોય—શબ્દાર્થે પ્રતિ-અક્ષ (પ્રત્યક્ષ, નજરોનજર દેખાડી શકાય એવો) પરિચય આપ્યા વિના, એમણે કરી છે. છેક ૧૯૨૦થી આજ સુધીની આપણી સર્જાતી કવિતાના સતત પરિચયમાં જેટલા એ રહ્યા છે એટલા બીજા કોઈ ભાગ્યે જ હશે. છંદોની સારી જાણકારી, કાવ્યતત્ત્વોની પકડ; છતાં કહે, 'મેં ક્યારેય કાવ્યતત્ત્વનો શાસ્ત્રીય અભ્યાસ કે વ્યવસ્થિત અભ્યાસ કર્યો જ નથી. હું તો એક ભાવકને નાતે જ મારા પ્રતિભાવો આપું છું. એથી વિશેષ મારો કોઈ દાવો નથી.' પણ એમનું ભાવન તે કાવ્યપરિશીલનથી ભર્યુંભર્યું, એમને કાવ્યજ્ઞ કરી મૂક્યા એવું. એ અમસ્તું, સહેલાઈથી નથી થયું. પસંદ કરેલાં ગણતરીનાં કાવ્યો પછવાડે, દર વખતે, જે ગંજના ગંજ કૃતક રચનાઓના એમને ખાંપવા પડ્યા છે એની જેને જાણ છે તે નિકટવર્તીઓ તો જાણે છે કે કેશ ધોળા કરી મૂકે એવી જ એ કામગીરી બનેલી. પણ એ કેશ પણ જાણે કવિતાધોયા લાગે!

એવું જ હૈયું. ઘરનાં સૌની ખબરઅંતર પૂછે. કોઈ સાજું-માંદું જાણ્યું કે પત્તું આવે જ! ઝાઝા દિવસથી ન મળાયું હોય તો આરોગ્ય વિષે આશંકા કરે, એની પૃચ્છા કરતું પત્તું આવે જ! ઉંમરનો ભાર ન વાતમાં, ન વર્તનમાં; છતાં, પ્રાજ્ઞપણું પમાય. જેટલી બહારની વ્યવસ્થા, સ્વચ્છતા, એટલી જ જાણે અંતરની પણ.

એક વાર મને ને ધીરુભાઈને એક કામ સોંપ્યું. મેઘાણીભાઈનાં કાવ્યોનું સંપાદન કરવાનું એમને માથે આવેલું. એમણે પોતે મહેનત કરેલી જ; છતાં, અમને પણ એમાં જોડયા. મેં મારી યાદી બનાવી, ધીરુભાઇએ એમની. પુસ્તકો સાથે રાખ્યાં. અમે ત્રણ સાથે મળ્યા. સાથે બેસી ચર્ચા કરી. છેવટની યાદી તૈયાર કરી. કામ પત્યું.

બેચાર અઠવાડિયાં બાદને એક બુધવારે અમને બેને અક્કેકું બંધ કવર પકડાવ્યું. પૂછ્યું. તો કહે, 'અહીં ખોલવાનું નથી.' બહાર નીકળી ખોલ્યું. મહીં ચિઠ્ઠીમાં લખેલું કે તમે બંનેએ સંપાદનમાં વધુ જહેમત ઉઠાવી છે. અટલે પુરસ્કારનાં નાણાંમાં તમારો વધુ હિસ્સો ગણાય. આની નથી ના પાડવાની, નથી ચર્ચા કરવાની!'

કેટલાય 'મોટા' ગણાતાઓને ખાતર નોંધો કરવી પડી છે, વ્યાખ્યાનોની તૈયારી પણ કરી આપવી પડી છે, આખેઆખાં ભાષાન્તરો પણ

કરવાં પડયાં છે—ક્યારેક તો આખેઆખાં પુસ્તકનાં; પૈસા-પુરસ્કારનું તો દૂર રહ્યુ, 'આ બધું કરે એમાં શું ?' એવે સેવાધિકારદાવે આભાર માનવાનો ઉપચાર પણ નથી થતો, ત્યાં આ 'વધુ હિસ્સો' !! બચુભાઈ ગણ ન ભૂલે. ઋણ ન રાખે.

સ્વભાવમાં જ એક પ્રકારનું સાધુપણું. પહેલો હાથ પકડયો'તો અખંડાનંદજીએ. પછી નવજીવનમાં સ્વામી આનંદ જેવાનું સાન્નિધ્ય. ને છેક ૧૯૨૪થી-'કુમાર'ના આરંભથી જ-એની એકોપાસના. પૂરા આસનબદ્ધ. અનેકવિધ શક્તિઓ ક્યારેક વિધાનસભામાં, પાઠ્યપુસ્તકમંડળમાં, લિપિસુધારામાં, મુદ્રણકળામાં, એના વ્યવસાયના પ્રશ્નોમાં, એમ અનેક બાબતોમાં જ્યાં સંજોગવશાત્ જોડવી પડે ત્યાં જોડે, પણ 'કુમાર' જોડે તો દિલનું અતૂટ અખંડ જોડાણ. ને, આવડું લબ્ધપ્રતિષ્ઠ સામયિક હાથમાં જ, છતાં કલમસંયમ કેવો! લખી શક્યા હોત; છતાં એક કલમ પોતાની કેળે એ કરતાં અનેક નવીનવી કલમો કોળાવવી, એમાં વધુ રસ લીધો! ચરિત્ર, લલિતનિબંધ, રૂપક, લઘુકથા — એ સ્વરૂપોના વિકાસમાં 'કુમાર'નો ફાળો, અવિસ્મરણીય. એમાં નવીનવી કલમો એમણે ચીંપેલી. ને કવિઓની તો ત્રણચાર પેઢી!! મમ્મટે કાવ્યને પ્રગટાવનાર કારણ (હેતુ) ગણાવતાં **काव्यज्ञशिक्षयाभ्यास:** ને પણ મૂક્યું (કાવ્યને જાણનારની જોડે બેસીને કાવ્યનો 'અભ્યાસ' કરવો, એને પુનઃપુનઃ ઘૂંટવું) તે કેટલું સાચું છે! ભામહે આવા **तद्विद्** એટલે કે કાવ્યવિદ્ કે કાવ્યજ્ઞ સમક્ષની તાલીમમાં શીખ આપી કે **'विलोकयान्यनिबन्धांश्च'** (અને બીજાઓની રચનાઓ પણ જોજો, પારખજો!) બુધસભા દ્વારા બચુભાઈ આ ત્રીજું બળ જ બનેલા ને! બધું મળશે— કવિ મળશે, વિવેચકો મળશે,...પણ આવો બીજો કવિતાપ્રેમી, કવિપ્રેમી 'કાવ્યજ્ઞ' ક્યાં?

બચુભાઈ 'સાહિત્યકાર' નહોતા, એમના વિનાનું સાહિત્યક્ષેત્ર કલ્પવું મુશ્કેલ છે! સાહિત્યકાર ન હોવા છતાં, સાહિત્યનો ઇતિહાસ રચવામાં—કવિઓ, ચિત્રકારો, લલિત નિબંધકારો આપીને, સાહિત્યની સૃષ્ટિ સમગ્ર પર આંખ રાખતા રહીને, કલમથી નહિ, આંખથી વ્યાપનાર આવા કેટલા? રણજિતરામ..., હાજીમહમ્મદ..., પછી? આ. સાહિત્યકાર નહિ છતાં સવાઈ સાહિત્યકાર! □

સ્મરણો ભીનાં ભીનાં

—જયન્ત પંડયા—

૧૨ જુલાઈ, ૧૯૮૦ની સવારે દસેક વાગ્યે હ. કા. આર્ટ્સ કૉલેજમાં યશવન્તભાઈ પાસે બેઠો હતો ત્યાં ટેલિફોન ઉપર સમાચાર આવ્યા કે બચુભાઈ રાવતનું અવસાન થયું. થોડી વાર અમે મૂગા બેસી રહ્યા; બહિર્વ્યવહાર ઘડીભર અંતર્મુખ થયો; બેયેની મનના પાયા હલમલાવી ગઈ.

એમનું વય ત્યારે ૮૩ વર્ષનું. લોકનજરે એ પાકટ વય ગણાય, પરંતુ મૃત્યુ બચુભાઈ નજીક મોડું ઢૂંકે તો સારું એમ હમેશાં મનમાં થયા કરતું. ૧૯૮૦ના ફેબ્રુઆરી માસમાં એ ૮૨મું વર્ષ પૂરું કરીને ૮૩-મા વર્ષમાં પ્રવેશતા હતા તે દિવસે જોગાનુજોગ, કુમાર કાર્યાલયમાં, બચુભાઈને મળવાનું થયું. ધીરુભાઈ પરીખ પણ ત્યાં હતા. તે દિવસ એમનો જન્મદિન છે એવું વાતવાતમાં જાણ્યું ત્યારે સહજ રીતે કહેલું: "બચુભાઈ 'શતમ્ જીવ શરદઃ' કહેવું એ તો કદાચ અભિશાપ ગણાય, પરંતુ 'શતમ્ જીવ શરદઃ વર્ધમાનઃ' એમ તો અવશ્ય કહી શકાય." એમણે કેવળ મુક્ત હાસ્યથી એ અભિવાદન સ્વીકારેલું. તે પછીના બીજા અઠવાડિયે, ફરી એમની પાસે ગયો તે વેળા લાભશંકર ઠાકર બેઠેલા. શરીરની કેટલીક કનડગત વિશે બચુભાઈ આયુર્વેદિક ઉપચારની મદદ લેવા માગતા હતા. લાભશંકરને કહેવાય કે નાડી એવી અવઢવમાં એમણે ફોન કર્યો, ઉપચાર માટે મળતું છે એટલું ઉમેર્યું ય ખરું. લાભશંકરે કહ્યુ, 'બચુભાઈ, તમારે તે આવવાનું હોય? હું જ આવું છું.' બચુભાઈ પ્રસન્ન થયેલા. 'રે' મઠાધિપતિ લાભશંકર અને બચુભાઇ એ બે અસમાન ધ્રુવો હતા એ વાત જાણતો હતો એટલે લાભશંકરને જોઈને નવાઈ લાગી હતી, પરંતુ બચુભાઇએ જ ફોડ પાડયો અને લાભશંકરને મારો પરિચય આપવા માંડયા. લાભશંકરે એમને સાંભળી લીધા પછી ઉમેર્યું, બચુભાઈ, 'અમે પરમ મિત્રો છીએ; ભાષા સાહિત્ય ભવનમાં અમે સાથે હતા.' આ સંવાદ પછી થોડા દિવસમાં બિહારીભાઈ અને બીજા સાથીઓએ બચુભાઈને કાર્યાલયમાં આવવાનો શ્રમ ન લેવા વિનંતી કરી અને કચવાતે મને એમણે સ્વીકારી હતી. બસ, તે પછી તેઓ કુમાર કાર્યાલયમાં ન જ આવ્યા!

આ લખનારે એ 'કુમાર'ના તંત્રીને મળવાની પહેલ છેક કુમાર વયથી કરી હતી. દાહોદની બેઠા ઘાટની એન્ટી-ફ્રી લાયબ્રેરીમાં 'કુમાર', 'નવચેતન', 'ઊર્મિ અને નવરચના' જેવાં સામયિકો વાંચતાંવાંચતાં રવિશંકર રાવળ, બચુભાઇ રાવત, ચાંપશી ઉદ્દેશી, જેવાં નામો મોંએ ચઢી ગયેલાં. એ દિવસોમાં આ નામો તેજસ્વી તારકો જેવાં લાગતાં; અને એમના સુધી પહોંચવું અકલ્પ્ય લાગતું. એ આંતરયાત્રાને મુકામે પહોંચતાં, ફલવતી થતાં ખાસ્સાં ત્રીસેક વર્ષ લાગ્યાં હશે. ૧૯૫૭ થી '૬૦નાં વર્ષોમાં અમદાવાદમાં રહેવાનું થયું ત્યારે 'બુધસભા'માં ઘણી વાર ગયો હતો—કવિતા લીધા વિના. ત્યારે બચુભાઈ કદાચ ચહેરો ઓળખતા થયા હશે, નામ-ઠામ તો રામ જાણે! વચ્ચેવચ્ચે કોઈક કવિતા, કોઈ લખાણ મોકલવાની ચેષ્ટા કરેલી ખરી પરંતુ ગજ નહોતો વાગ્યો.

અંગત પરિચય થયો છેક ૧૯૭૯માં. 'નિરીક્ષક' એમાં નિમિત્ત બનેલું. દેશવિદેશની રાજકીય ઘટનાઓની નોંધમાં, એક વાર, લૉર્ડ માઉન્ટબેટનને અપાએલી નાનકડી અંજલિ વાંચીને તેમણે ફરમાન મોકલ્યું—માઉન્ટબેટનનું ચરિત્ર લખી આપો. ઉવેખી ન શકાય એવા પ્રેમથી રસાયેલો એ આદેશ હતો. લખાણ આપવા જાતે ગયો ત્યારે અલકમલકની એમણે વાતો કરી: તેમના પિતા વેટરિનરી તબીબ હતા. ગોંડલમાં એમના ઘરની નજીક બે અંગ્રેજ કુટુંબો રહેતાં હતાં. એ કુટુંબોની રીતભાત એમના કિશોર માનસને કેવી પ્રભાવિત કરી ગઈ હતી; તેમાંથી અંગ્રેજ પ્રજા માટે કેવો આદર ઊભો થયો; અને આજે પણ એ કેવો ટક્યો છે, એ બધું એમણે મુગ્ધભાવે કહ્યું. એ વાત અમારા સંબંધોનો સેતુ બની ગઈ. હું ઊભો થયો એટલે કહે: 'કુમારના વાચકોને પ્રેરણા આપી શકે એવા અંગ્રેજ નવલકથાકારોનાં જીવનચરિત્ર અને તેમની કૃતિઓમાંથી એકાદ પ્રતિનિધિ કૃતિનો આસ્વાદ, વિવેચન વગેરે લખો.' ટૉમસ હાર્ડીથી એની શરૂઆત

ફરી. બચુભાઈ ખરેખરા તંત્રી હતા. રિયાઝ કરાવે અને શક્તિ જુએ તો પલ્લવિત કરે. એમના અવસાનના બરાબર એક મહિના પૂર્વે, તા. ૧૨ જૂને લખેલો, પત્ર મળ્યો : '......હમણાં લાંબા સમયથી આપણે મળી શક્યા નથી પણ 'નિરીક્ષક'માં તમારા અગ્રલેખો રસપૂર્વક વાંચતો રહું છું. સરસ લખો છો. એમાં માર્શલ ટિટો ઉપરનો તમારો અંજલિ લેખ ખૂબ ગમેલો. થયું કે તમે 'કુમાર' માટે એનું વિસ્તૃત ચરિત્ર લખી આપો. જેટલું વહેલું આપી શકો તેટલું સારું.' બચુભાઇને આપેલું એ મારું છેલ્લું લખાણ હતું!

બચુભાઈ એક જીવતી વિદ્યાપીઠ હતા. કોઈ પણ યુનિવર્સિટીએ નહિ ઉછેર્યા હોય એટલા કવિઓ અને લેખકો બચુભાઈએ એકલે હાથે ઉછેર્યા દેખાય છે. એમની બુધસભા એ કવિતાની સંસદ હતી. સંસદે બચુભાઈને ઘડ્યા અને બચુભાઇએ સંસદને. અલબત્ત, નવી કવિતા તેમને ઝાઝી સ્પર્શી ન શકી, 'જેને હું ન સમજું તેને છાપી શી રીતે શકું?' એમ એ સ્પષ્ટતા કહેતા. 'કુમાર' એ સાહિત્યકારોનું એવું એક પારણું છે કે જેની દોરી બચુભાઈએ કદી ઢીલી મૂકી ન હતી. ઉંમરે અડચણો મૂકવા માંડી એટલે એમણે બુધસભા સાહિત્ય પરિષદને ભળાવી અને એ 'પ્રત્યર્પિતન્યાસમિવાન્તરાત્મા' થઈ ગયા. માણસ પ્રેમાળ, વિનમ્ર પણ ખરા, પરંતુ એ વિનમ્રતા લોખંડથી રસાયેલી હતી. એમનું કામ સ્વચ્છ; સુઘડતા રગરગમાં ઊતરેલી; ઉદ્યમ અને ચીવટ પણ પાછાં ન પડે. વ્યવહાર અને અભિરુચિમાં અંગ્રેજ ઊતરેલા. એ લાક્ષણિકતા પકડીને, ઉમાશંકરભાઈએ બચુભાઈને 'ગુજરાતમાં 'ભૂલો પડેલો અંગ્રેજ' કહીને બિરદાવેલા.

સરસ્વતીના દરબારમાં બચુભાઈનું આસન એક ભક્તજનનું હતું. મોટા સર્જક, લેખક, વિવેચક થવાનો એમનો ઉપક્રમ નહોતો. એક ભક્તની રીતે વાગીશ્વરનું સમારાધન કરવા માટેનાં ઉપકરણો, મુદ્રણ, લિપિ, ટાઈપોગ્રાફી, કલા, વાર્તા, કવિતા ઈત્યાદિને સંમાર્જિત ને શોભનીય બનાવીને દેવીને ચરણે ધરવાનું એમને ગમતું; એનો આગ્રહ પણ એ રાખતા. એ છાબમાંથી જીવન ઘડનારા કોઈક કુમારને પૂરતું અને ઈષ્ટ પાથેય મળી રહે એની કાળજી ઘણાંને ચોખલિયાપણાની લાગતી. પરંતુ બચુભાઇ નિર્વિકાર જ રહેતા અને એની સજા પણ ભોગવતા.

જીવનભર એ નેપથ્યવાસી રહેલા. સભા-સમારંભોનાં લાલનપાલન કે માનચાંદ મેળવવા એમણે કશી પેરવી કરી હોવાનો સંભવ નથી. એમની ઊંચાઈ સ્વતઃ સિદ્ધ હતી. મુંબઈ રાજ્યની લેજિસ્લેટિવ કાઉન્સિલનું સભ્યપદ અથવા તો 'પદ્મશ્રી'ની નવાજેશથી એમનાં જન્મજાત અલંકરણોમાં ભાગ્યે જ કશો ફેર પડ્યો હશે; બલકે એ કદાચ એમને અડવાંઅડવાં લાગ્યાં હશે. સારું થયું કે ગુજરાત રાજ્ય લલિતકલા અકાદમીને, માર્ચ ('૮૦) માસમાં, શાલ તામ્રપત્ર અને રૂપિયા એક હજાર સાથે, એવોર્ડ આપવાનું સૂઝ્યું. ચારેક માસ મોડું થયું હોત તો એક લીલી લ્હેરખીના અનુભવથી એ વંચિત રહી જાત.

આજે સવા વર્ષે પણ બચુભાઈ નથી એ કલ્પના જીરવવી અઘરી લાગે છે. ક્યારેક એમનો પત્ર આવી પડશે એવા ભણકારા પણ વાગે છે. એ બધાં માયાનાં માવઠાં છે. એક સ્વચ્છ, ભાવસભર, સન્નિષ્ઠ, કાર્યપ્રવણ અને આદર્શોન્મુખ જગતના એ પ્રતિનિધિ હતા. એમનું જગત શ્રેયાર્થી જગત હતું. એ જગત ટકી રહે તે માટે પોતાની રીતે મથનારા લોકોમાં તે પોતાની જાતને ગણતા. એમનો અસબાબ ઊઠ્યો તેની સાથેસાથે પેલા જગતની સમૃદ્ધિમાંથી કંઈક, અવશ્ય, ઓછું થયું હોવું જોઈએ.

આ લખાણ ઉપર ફરી નજર ફેરવું છું ત્યારે લાગે છે કે બચુભાઈ વિશે લખતાંલખતાં મારી જાત વિશે પણ કંઈક ચીતરી બેઠો છું. એ કદાચ વ્યવસાયી જોખમ—ઓક્યુપેશનલ હેઝર્ડ—હોઈ શકે. એમાં કોઈ 'અહમ્'નો આવિર્ભાવ ખોળી ન કાઢે તો સારું. વ્યક્તિઓ સાથેના પરિચયમાં પડેલું સાયુજ્ય ટાળવું સહેલું નથી. લેખન-પ્રવૃત્તિમાં અન્ય કલાઓની જેમ, માણસે 'સ્વયમ્'ને પ્રકટ કરવાનું હોય છે. એક તંત્રી તરીકે બચુભાઇ પણ એ જ પસંદ કરત. એમને નિમિત્તે આ શક્ય બન્યું હોય તો આ સ્મરણાંજલિને બીજી કશી સાર્થકતાના ઓરતા નહિ રહે. □

બચુભાઈ – એક અખંડ દીવો

ભગવતીકુમાર શર્મા

છેલ્લાં અઠ્ઠાવીસ વર્ષથી લેખનક્ષેત્ર સાથે અને છવ્વીસ વર્ષથી પત્રકારત્વ સાથે સક્રિય રીતે સંકળાએલો રહ્યો હોવાથી પ્રકાર પ્રકારના સંપાદકોના પ્રત્યક્ષ-પરોક્ષ પરિચયમાં આવવાનું બન્યું છે. પણ એ સૌમાં સ્વ. મુ. શ્રી બચુભાઈ અદ્વિતીય અને ઉત્તમ લાગ્યા છે. ઘણાક સંપાદકો તો પોતાની પાસે આવતી સામગ્રીમાંથી પોતાને જે સારી જણાય તેને સજાવીને છતાં યાંત્રિક રીતે છાપી નાખતા હોય છે. કેટલાક તો કૃતિની પસંદગીની ખખામાં પણ પડતા નથી હોતા. માત્ર લેખકકવિનાં નામની 'સ્ટાર-વૅલ્યૂ'ને જ મહત્ત્વ આપતા હોય છે. 'તમે સારા લેખકોની પણ નબળી કૃતિઓ તમારા સામયિકમાં કેમ છાપો છો?' એવું જ્યારે એક જાણીતા સર્જક-સંપાદકને પૂછ્યું ત્યારે તેમણે જવાબ આપેલો : 'એ જવાબદારી જે તે લેખકની છે. તેની કૃતિ નબળી હશે તો વાચકો તેનો પ્રતિકૂળ પ્રતિભાવ પાડશે. પ્રતિષ્ઠિત લેખકને નારાજ કરીને હું શા માટે બૂરો બનું?' કેટલાક સંપાદકો લેખકોને આભાર-સ્વીકાર-અસ્વીકારનો છાપેલો જવાબ જ પાઠવી દેતા હોય છે. કેટલાક તો એટલી તસ્દી યે નથી લેતા; જ્યારે કૃતિ છપાય ત્યારે જ લેખકને ખબર પડે કે સંપાદકે તેની કૃતિ સ્વીકારી હતી. કેટલાક સંપાદકો પોતાની સર્જન-વિવેચન-વ્યાખ્યાન પ્રવૃત્તિના મુખપત્ર જેવાં સામયિકો પ્રગટ કરે છે, કેટલાક ચોક્કસ જૂથને 'પ્રોજેક્ટ' કરવા માટે જ સંપાદનકાર્ય કરે છે. કેટલાક 'વન મૅન શો' ચલાવે છે—એમનું સામયિક અથેતિ એમનાથી અને એમની ઇમેજથી છવાયેલું—છપાયેલું હોય છે. કેટલાક સંપાદકો તેમનાં સામયિકોને વિતંડાનાં વાહન બનાવી દે છે. કેટલાક માત્ર પોતાની ધૂન ખાતર સામયિકનું સંપાદન-પ્રકાશન કરે છે.

સ્વ. બચુભાઈનું સામયિક-સંપાદનકાર્ય આવી અને બીજી મર્યાદાઓથી લગભગ મુક્ત હતું. તેઓ તેમને મળતી સામગ્રીનું અત્યંત કાળજીપૂર્વક ચયન કરતા, એટલું જ નહિ કૃતિનો કોઈ મુદ્દો કે લેખક-કવિનું દૃષ્ટિબિન્દુ પોતાને સ્પષ્ટ ન થાય તો તે અંગે તેઓ જે તે લેખક-

કવિ સાથે, ક્યારેક તો દીર્ઘ પણ, પત્રચર્ચામાં ઊતરતા, કોઈક કાવ્યમાં વૈકલ્પિક શબ્દો પણ તેઓ સૂચવતા, પરંતુ સર્જકની અનુમતિ અને સંતોષ વિના તેમ જ પોતાની પ્રતીતિ વિના મનસ્વીપણે કોઈ કૃતિ ક્યારે ય પ્રગટ ન કરતા. સાહિત્ય-કળા વિષેના તેમના પોતાના ચોક્કસ વિચારો હતા અને તેમાં તેઓ હરગીજ બાંધછોડ ન કરતા, પણ તે સાથે લેખક-કવિના સ્વમાનનું યે તેઓ કદી ઓછું મૂલ્ય ન આંકતા.

સંપાદકનો ધર્મ માત્ર પોતાની પાસે આવેલી સામગ્રીમાંથી ઉત્તમનું ચયન કરવામાં સમાઈ જતો નથી. પરંતુ ઉત્તમ સામગ્રી પોતાના સામયિકને માટે મળતી રહે એવી પ્રોત્સાહક સર્જનાત્મક આબોહવાનું નિર્માણ કરવાનો તથા જ્યાંથી પણ એવી સામગ્રી ઉપલબ્ધ થવાની થોડીકે ય આશા સંભાવના હોય ત્યાં સતત ટકોરા મારવાનો, ટહેલ નાખવાનો પણ છે. સ્વ. બચુભાઈએ આ ઉભયવિધ સંપાદકધર્મો રૂડી પેરે બજાવ્યા. સૌથી વધુ સુગંધીદાર અને રસભર્યું ફૂલ કયું, ક્યાં ઊગે છે તથા ક્યાં તેવા પુષ્પના પ્રફુલ્લનની સંભાવના છે એ જાણી લેવાની આંતરસૂઝ તથા ત્યાં પહોંચવાની ખંત ધરાવતા ભ્રમર જ નહિ, સ્વ. બચુભાઈ ગુજરાતી સાહિત્ય-પત્રકારત્વના ક્ષેત્રના ઉત્તમ ઉદ્યાનપંડિત હતા. એ કર્મ બજાવવા જતાં તેમણે ન તો માત્ર શ્રેષ્ઠ સુમનસંચય કર્યો, પણ કેટલીયે ખીલુંખીલું થતી સર્જક-કળીઓને માવજત, ખાતર, પાણી અને અમીદૃષ્ટિ અર્પી સૌરભસભર, રસદાર પુષ્પમાં પરિણત કરી. એ બાબતમાં તેઓ અદ્ભુત સમદર્શી હતા. તેમને પુષ્પની સુગંધ અને રસ સાથે નિસબત હતી, તેનાં નામ કે મોભા સાથે નહિ. બચુભાઈની સંપાદક દૃષ્ટિમાં ઉમાશંકરથી માંડીને આજનો કોઈ સાવ ઉદીયમાન સર્જક, સહુ કોઈ સમાન હતા—પોતપોતાની કૃતિને બળે. એ અર્થમાં તેઓ કૃતિનિષ્ઠ સંપાદક હતા. 'આ કૃતિ તમને જેબ આપે તેવી નથી' એમ લખી નામી સર્જકની કૃતિ પણ તેઓ નિઃસંકોચપણે છતાં પૂરા વિવેકથી પરત કરતા તેવો અનુભવ ઘણાને થયો હશે જ. સર્જક નવોસવો હોય તો દિશાસૂચનના પ્રોત્સાહનના બે શબ્દો પણ તેઓ અચૂક લખતા, જે 'સ્વીકાર-અસ્વીકાર'ના ઉષ્માવિહીન અને બીબાંઢાળ સંપાદક-ઉત્તરોને પડછે તે સર્જક માટે તો મોટી મિરાત જેવા બની રહેતા.

કુશળ દિગ્દર્શક જેવા બચુભાઈ આમ છતાં હમેશાં 'નેપથ્ય'માં રહ્યા, પણ એમની પ્રતિભાનો, એમની જીવનદૃષ્ટિનો, એમની રહેણી-કરણીનો સ્પર્શ માત્ર 'કુમાર'નાં હજારો પૃષ્ઠોમાં જ નહિ, એમની આસપાસની આબોહવાથી માંડીને એમના કાર્યાલયના ખંડ, પહેરવેશ તથા ચાલ, સર્વત્ર વરતાયો ને તે તેમના આયુષ્યના અંતિમ શ્વાસ સુધી. ક્યાંય ઉભડભેંચાપણું નહિ, ક્યાંય નબળું ચલાવી લેવાની શિથિલતા નહિ; પછી તે કૃતિનું ચયન હોય, પેઈજની ગોઠવણી હોય કે મુદ્રણની શુદ્ધિ હોય. તેઓ માત્ર 'પરફેક્શન'ના પૂજારી ન હતા, પણ 'એકસ-રે લેન્સ'ના અણીશુદ્ધ આરાધક હતા. પોતે જેને ઉત્તમ ગણ્યું હતું તેનાથી નીચું કશું તેમને ખપતું ન હતું. ગુજરાતમાં સામયિકો ચલાવવાં આમે ય દુષ્કર છે, અને તેનું ઉચ્ચ ધોરણ એકસરખી રીતે દાયકાઓ સુધી જાળવવું એ તો અતિ દુષ્કર—બલકે અશક્યવત્ છે. તેમણે બંને વિકટતમ લક્ષ્યો પૂરી નિષ્ઠાથી ચરિતાર્થ કરી બતાવ્યાં.

એક આદર્શ સંપાદક તરીકે તેમને અખિલ જીવનનો કોઈ અંશ વર્જ્ય ન હતો - પછી તે કવિતા હોય કે ક્રિકેટ, વાર્તા હોય કે વૃક્ષ. તેમને 'ચોખલિયા' માનનારાઓ ભૂલી જાય છે, કે તેમણે 'કુમાર'નાં પૃષ્ઠો પર 'તારુણ્યની તકલીફો' શીર્ષકની મુખ્યત્વે જાતીયવિજ્ઞાનનો શાસ્ત્રીય પરિચય કરાવતી લેખમાળા સુધ્ધાં પ્રગટ કરી હતી. પ્રાણી-સૃષ્ટિ, પક્ષીજગત, આકાશદર્શન, શતરંજ, રાગરાગિણી, ચિત્ર-શિલ્પ-સ્થાપત્ય, ટપાલટિકિટ, ઘરગથ્થુ વૈદક, રમૂજી ટુચકા, જીવનચરિત્રો, આત્મકથા, પ્રવાસવર્ણન, સાચી સાહસવાર્તા, રહસ્યકથા, દેશી-વિદેશી સાહિત્યનું આચમન, પુષ્પોના પ્રકારો—બચુભાઈના સંપાદન-વ્યાપ-માં શું શું નહોતું સમાયું ? એ દૃષ્ટિએ એમની સંપાદનજાળ પૃથ્વીથી આકાશ પર્યંત ફેલાએલી રહેતી. વિદ્યા-પ્રવિદ્યાની બધી જ શાખા-પ્રશાખાઓની માહિતી—બલકે જ્ઞાન, છતાં કશું જ ભારઝલ્લું કે દુર્બોધ નહિ. વાચકોને સતત લક્ષ્યમાં રાખવા, છતાં વાચકોની રુચિ સમક્ષ ન ઝૂકતાં તેનું સંવર્ધન અને ઊર્ધ્વીકરણ કરવું એ બેધારી તલવાર જેવી કામગીરી તેમણે વિરલ કુનેહથી પાર પાડી હતી.

ન તેમણે કદી પોતાની છબી પોતાના પત્રમાં છાપી, ન પોતાનું નામ વારંવાર છાપ્યું, ન પ્રશંસાપત્રોની પ્રસિદ્ધિનો અતિરેક કર્યો, ન 'કુમાર' દ્વારા પોતાની ઇમેજ ઉપસાવવાનો પ્રયત્ન કર્યો, ન પોતે જૂથ રચી જૂથપતિ-મઠાધીશ બન્યા-લેખાયા, ન પોતાના બ્રિટન-પ્રવાસનાં સંસ્મરણો છાપ્યાં, અન્યોનાં આત્મકથાનકો પ્રગટ કરનાર આ 'નેપથ્ય'-સાધકે ન પોતાની આત્મકથા લખી કે પોતાના સામયિકમાં પ્રગટ કરી, ન પોતાની બહુમુખી શક્તિને 'કુમાર' સિવાય અન્યત્ર ક્યાંય રેળાઈ જવા દીધી, ન પોતે કોઈ બહુ ભગીરથ કામ કરે છે તેવો પોતાને મુખે કે વર્તનથી ક્યારેય કોઇને અણસાર આવવા દીધો, ન પદો કે પદવીઓની સ્પૃહા રાખી, ન વિદ્વત્તાનો ડોળ કર્યો, ન વિદ્વાનોમાં ખપવા-લેખાવાનો પ્રયત્ન કર્યો. ન ટોળામાં ભળ્યા છતાં ન અતડા રહ્યા; આંખ-કાન-મગજ-મન-હૃદય ખુલ્લાં રાખ્યાં છતાં ન પોતાની પ્રતીતિ તથા શ્રદ્ધાને અળપાવા દીધી, ન પોતાના સ્થાનનો ભૌતિક કે કીર્તિકામી લાભ ઉઠાવ્યો, ન સર્જક બનવાના સભાન પ્રયત્નો કર્યા, ન માત્ર સંપાદક બની રહેવામાં ક્ષોભ કે લઘુતા અનુભવ્યાં, ન આશુતોષ કે ન આશુરોષ બન્યા, ન ગ્રહો અને ગ્રંથિઓને પોષ્યાં-પોષાવા દીધાં.

સ્વ. બચુભાઈનું સંપાદનકાર્ય સુઘડ, સાદગીપૂર્ણ, સુરુચિસંપન્ન, નૈસર્ગિક સૌન્દર્યસૂઝ ધરાવનાર, ત્રેવડયુક્ત, શીલશોભન ગૃહલક્ષ્મીના ગૃહકાર્ય જેવું હતું. તેમાં સૌષ્ઠવ અને સૌન્દર્યલક્ષિતા ખરાં, પણ વિલાસ તથા તેમાંથી સંભવી શકે તેવો પ્રમાદ સમૂળા નહિ. તેમાં કરકસર ખરી—બીબાંની, જગ્યાની, મથાળાંની, બ્લૉક્સની, છતાં અનાકર્ષક વેદિયાપણું નહોતું તેમ બીજા છેડાના રંગભભકા-ભડકા યે નહિ. એમની કલાદૃષ્ટિ, સૌન્દર્યદૃષ્ટિ, કાવ્યવિભાવના, એ સર્વના મૂળમાં એમની સત્યશોધક, સંસ્કારપોષક અને સમાજહિતલક્ષી દૃષ્ટિ રહેલી હતી. તેમનું સંપાદનકાર્ય આધુનિક આર્કિટેક્ચરના અવનવા-અટપટા નમૂના જેવું કે મુગલાઈ મહાલયની વિલાસખચિત ભવ્યતા રેલાવતું નહિ, પણ તપોવનસ્થિત કોઈક ઋષિની, સવત્સી ધેનુ, પત્ર-પુષ્પવલ્લરી, લીંપ્યાગૂંપ્યા આંગણ અને પરમતત્ત્વ ઉપાસનાની આભાની ધીમીધીમી તેજસરવાણીઓ પ્રગટાવતી મઢૂલી સરખું હતું. એ મઢૂલીને એક ખૂણે અખંડ દીપ જલ્યા કરતો હતો. એ દીપ નિરપેક્ષ નિષ્ઠાનો હતો, અને નિષ્ઠા સત્યસાધનાનું બીજું નામ છે. સ્વ. બચુભાઈ ક્રમશઃ પોતે જ એ અખંડ દીપમાં પરાવર્તિત થઈ ગયા હતા. એનું તેજ હજી યે ઝળહળે છે—ઝળહળતું રહેશે.

'...એક ખૂણામાં આસનબદ્ધ બની પોતાની જુવાનીના પ્રારંભથી વૃદ્ધત્વના છેડા સુધી સતત એક જ કાર્યમાં જીવન સમર્પી બચુભાઈ ઉચ્ચ કોટીના કર્મયોગીની કક્ષાએ પહોંચ્યા હતા. એમના સુયશનું સ્મરણ પણ ઢીલીપોચી વ્યક્તિને સુદૃઢ બનાવવા જેટલું પ્રેરક હતું.' —પ્રભુદાસ ગાંધી

સાહિત્યિક પત્રકારત્વના પ્રતીક બચુભાઈ

—વિષ્ણુ પંડયા—

૧૯૭૬નો એક વર્ષાદિવસ. વર્તમાન ભુસાઈ ગયો હતો. 'સૌરાષ્ટ્ર' અખબારનાં પીળાં પાનાંની જીર્ણશીર્ણ ફાઈલ હાથમાં હતી. ઈ. ૧૯૩૨ની વીસમી ઑગસ્ટના એ અંકમાં ઝવેરચંદ મેઘાણીએ એક સાહિત્યિક પત્રકાર-સંપાદકનું શબ્દચિત્ર દોર્યું હતું, આમ—

'એ ઘરમાં પૂરું અજવાળું પેસી ન શકે. હવા પોતે જ અંદર આવતાં ગૂંગળાય. ચારે બાજુથી જાણે કોઈક ડાકુઓએ ઝકડી લઈને મ્હોંએ ડૂચા માર્યા હોય તેવું એ મકાન. ભોંયતળિયે ભેજ અને મેડી પર ન્યુમોનિયાના દરદીને લાયક બાફ. ઓરડાના એક ખૂણે બચુભાઈનું ચલનશીલ ઑફિસ જેવું ઘોલકી ટેબલ. સામે ખૂણે, રવિભાઈનું અને બચુભાઈનું સળેખડાં જેવું શરીર સમાઈ શકે તેવી નાની મોરી. આખું જ મકાન ઘોલકી જેવું. એકાદ બે પરોણાના બિસ્તર પણ અસ્તવ્યસ્ત પડયા હોય. ઑફિસ-વ્યવહાર આખો દિવસ ચાલુ. જે ઘરમાં રવિભાઈ છેલ્લાં નવ વર્ષોથી પોતાનાં બાળબચ્ચાંને અને એટલાં જ વહાલસોયાં દરદોને લઈને રહ્યા તે જ આ ઘર. કોઈ ઝળાંઝળાં રૂપ ધરીને 'કુમાર' લોકોની આંખો આંજવા કદી ન નીકળ્યું, પણ એના આ બે સંચાલકોએ 'કુમાર'નું એક જે સ્વચ્છ, સુરેખ સ્વપ્ન સેવેલું હતું, તેની એક પછી એક રેખા સમતા અને સ્વાસ્થ્ય ધારણ કરતી ફૂટતી હતી. 'કુમાર'નાં પાનાં પર કલામય મેળવણીની પરીકથા સર્જનારું, વસ્તુ ગોઠવણનું મૂક સંગીત નીપજાવનાર અને ઇંગ્લિશ-અમેરિકન સામયિકોના છેલ્લામાં છેલ્લા આદર્શોનો જીવતો સમાગમ સેવીને પોતાની આ નાનકડી ઘોલકીમાંથી એવું સર્જન કરવા મથનાર આ જુવાન દસ-બાર કલાક લગી પોતાની બુદ્ધિશક્તિનો નીચોડ ઠાલવે છે. 'કુમાર' માટેનો એમનો તોર એક જ છે. અંધારિયા કાતરિયાની વાયુરૂંધી પરશાળમાં પોતાના શામળા હાડપીંજર પર બજારની બત્તી વડે છવાતી જાળિયાંની છાયાના શણગાર પહેરીને ખોળામાં પોતાનાં ભુલકાં રમાડવાનો એ તોર છે. સામી દુકાનેથી વેચાતાં આણેલાં થોડાં ફૂલ અને છાશના ઘોળવાનું એકાદ ટમ્બલર – એ એમનો વૈભવ!'

જેલની દીવાલોની પાર આ શબ્દોથી 'કુમાર કાર્યાલય' સુધી મન પહોંચી ગયેલું. ભાવનગર જેલમાં, ૧૯૭૫-'૭૬માં સેન્સરશિપ વિરોધી લડાઈની બક્ષીસ તરીકે આવી પડેલા એ દિવસોમાં ઓગણીસમી-વીસમી સદીનાં સામયિકો સાથેની ગોષ્ઠિ ચાલુ હતી. ભારતીબહેને બહારથી મોકલાવેલી 'સૌરાષ્ટ્ર' પત્રની ફાઈલો તેમાં આવી અને વાંચતાં-વાંચતાં બચુભાઈની સાડાચાર દાયકા પરની તસવીર અથડાઈ ગઈ.

થોડાક દિવસ પછી, નવું 'કુમાર' ટપાલમાં મળ્યું. એમાં 'ચાતક'ની એક કવિતા હતી :

કેવા એ દિવસો હતા, ને કેવી એ રાતો હતી
હર પલ મોત સાથે જાણે મુલાકાતો હતી!

આ કાવ્ય વાંચ્યું ત્યારે તો લાગ્યું કે મેઘાણી-યુગમાં પ્રવેશી ગયો છું. પણ વાસ્તવિકતા ૧૯૭૬ના વર્ષની! સેન્સરશિપના ફંદાથી બચી જઈને આ કવિતા કઈ રીતે 'કુમાર'માં છપાઈ ગઈ હશે એની નવાઈ લાગી.

એ રચના પછી તો, દીવાલોની વચ્ચે સ્વરોમાં પણ પલટાઈ ગઈ. વિચાર-સ્વાતંત્ર્ય જેવા મુદ્દા પર કારાવાસ ભોગવનારાઓને 'ગુલાગ આર્કિપેલગો'થી માંડીને આવડી નાની કવિતા પણ 'પોતાની' બની જતી. એક અધ્યાપક મિત્ર પ્રા. સત્યવ્રત જોશીનું ગળું બુલન્દ હતું. તેમણે રચનાને સ્વર આપ્યો ને અતીતના વર્તમાન સાથેના વિસંવાદને વ્યક્ત કરી દીધો ત્યારે મને બરાબર યાદ છે કે અમારી સાથેના એક બીજા અટકાયતી ધારાશાસ્ત્રી શ્રી ચંદ્રકાંત દરૂની આંખો છલકાઈ ગઈ હતી.

થોડાક દિવસો પછી મેં બચુભાઈને પત્ર લખ્યો ત્યારે આ વાતો લખી. એ અનામ કવિને અભિનંદન પહોંચાડવાનું કહ્યું અને 'સૌરાષ્ટ્ર'ની ફાઈલો ઉથલાવતાં મેઘાણીએ 'કુમાર' અને 'કુમાર'ના તંત્રીનું તેમાં આપેલું શબ્દચિત્ર મળી આવ્યું હતું તે ય મોકલાવ્યું.

'કુમાર' જેલમાં નિયમિત મળતું હતું. છૂટયા પછી પહેલી વાર બચુભાઈને મળ્યો એ મુલાકાત મારે માટે અ-પૂર્વ હતી. આર્દ્ર અવાજે, હાથ પકડીને તેમણે કહેલું : 'હવે તો તમે ખુલ્લા આકાશ નીચે આવ્યા. દર મહિને જ્યારે 'કુમાર'નું રેપર બંધાતું હશે ત્યારે હું એક જ વાચકને યાદ કરતો, અને ભાવનગર જેલમાં 'કુમાર' પહોંચ્યું કે કેમ તેની ખબર મેળવી લેતો...'

એમણે જ સાહિત્યિક સંપાદકની ચિંતાને છાજે તે રીતે પૂછેલું: 'જેલમાં કંઈ નોંધ ટપકાવેલી કે નહિ? 'ઓતરાતી દીવાલો' પછી જેલ-સાહિત્યનો આપણે ત્યાં અભાવ છે. તમે સ્મૃતિકથા લખી શકશો.'

'મીસાવાસ્યમ' પુસ્તકથી એ હરખાયેલા; અને ડૉ. સુકન્યા ઝવેરી પાસે આ પુસ્તકનું દીર્ઘ અવલોકન લખાવીને 'કુમાર'માં છાપ્યું પણ ખરું.

ઉત્તમ લેખો—ઇતિહાસ અને ઇતિહાસ ઘડતાં પાત્રો વિષે—જોઈએ એવા એમના આગ્રહ પાછળ 'કુમાર'નો કુમારવર્ગ હતો એમ હું માનું છું. એક વાર એક-દોઢ કલાક ભાવિ પેઢીનાં સંસ્કાર-ઘડતરમાં સાહિત્યના પ્રદાનની ચર્ચા તેમણે કરેલી. 'કુમાર'માં અનેકવિધ સામગ્રી ભલે આવે પણ તેમાં લક્ષ્ય પેલો થનગનતો જ્ઞાનપિપાસુ તરુણ જ!

એક વાર પંડિત દીનદયાળ ઉપાધ્યાય વિષે ક્યાંક ટૂંકી નોંધ વાંચી હશે એટલે ફોન કર્યો : 'આ માણસ ઉચ્ચ કોટીના પુરુષ હતા એમ લાગે છે. તમે એમના વિષે ઘણું જાણતા હશો. એક સરસ ચરિત્રલેખ ન લખો?' પછી ઉમેર્યું, 'કુમારોના જીવનમાં પ્રેરણા મળે તેવો.'

એ વાત પછી ભુલાઈ ગઈ; ત્યાં ફરી પત્ર આવ્યો, એ જ માગણી. દીનદયાળજીનું સેવાવ્રતી જીવન રાજકીય પરિવર્તનના સાથે જોડાયેલું હતું પણ એવી રાજકીય અસ્પૃશ્યતા રાખ્યા સિવાય એમણે આ આદર્શ જીવન વાચકો માટે માગ્યું હતું; એ લખાયું અને છપાયું ત્યારે ખૂબ રાજી પણ થયા. એ પહેલાં ગુજરાતમાં ૧૮૫૭થી ૧૯૪૫ સુધીના ગાળામાં સશસ્ત્ર સ્વાતંત્ર્યજંગ માટેના પ્રયાસોની ઇતિહાસકથા સ્નેહપૂર્વક તેમણે છાપી હતી.

'કુમાર'ના અંધિયારા પણ સુઘડ કાર્યાલયમાં જઉં ત્યારે અનેક વાર રમૂજમાં કાર્યાલયની ઉપર સંસ્કૃત પાઠશાળા છે તેના સંદર્ભે કહેતો : 'બચુભાઈ, તમે સંસ્કૃતિને આંખમાથા પર રાખી છે.' એ હસતા અને પછી રાજકારણ, શિક્ષણ જેવા અનેક વિષયો પર ચર્ચા છેડે. એક વાર એમનું વિધાન સાંભળ્યું : 'હું ભારતીયકરણમાં માનું છું.' મને નવાઈ લાગી. તેમણે સ્પષ્ટતા કરી : 'તમે કહો છો ને કે હું સંસ્કૃતિને આંખમાથા પર રાખીને ચાલું છું. વાત સાચી છે. આપણાં પારંપારિક મૂલ્યોનો વિચ્છેદ કરવામાં જાણ્યેઅજાણ્યે ભણેલો વર્ગ જે ભાગ ભજવે છે અને રાજકારણીઓ અલગતાવાદ સર્જે છે તેથી હું ખિન્ન છું. અહીં કિશોરોને રાષ્ટ્રીયતાનું શિક્ષણ અપાવું જોઈએ તે અપાતું નથી એ અર્થમાં ભારતીયકરણના દૃઢ સંકલ્પ વિના ચાલવાનું નથી...'

એક સામયિકની દુનિયામાં જીવતા આ જાગ્રત સંપાદકે સાહિત્યની સાથે જ સંસ્કારનું સિંચન પણ ગુજરાતની ત્રણત્રણ પેઢીને તો કર્યું જ છે. ગુજરાત એવા બીજા સંસ્કારશિલ્પી સંપાદકની રાહ અચૂક જોશે. □

બચુભાઈને શું જોઈએ?

પ્રભા-મણિ

સુંદરમ્

કોઈ કહે છે મુજને વળી વળી:
'એને કંઈ, કૈંક જ જોઈએ, તું દે.'
દઈ દઈ દેવું જ શું ય તેને?
લખી લખી શું કરવું જ એને?

'લખો લખો કાગળ', તે શું કાગળો
ઓછા છ તેને ઘર કે કહ્યા કરે...
જો રીમનાં રીમ પડયાં વખારમાં,
સુમુદ્રિયાં પત્ર અનેક પાસમાં.
ટિકિટો અને ના પરબીડિયાં ખુટે,
ખૂટે કદી તો.
સામી જ છે પોસ્ટની ઑફિસે ત્યાં.

અને વળી અન્ય શું એહ માગે?
જુઓ હવે તો ઘર છે નવું થયું,
'નેપથ્ય'માં ભાઈનું ભાગ્ય છે ભળ્યું,
જેને સુવાને નહિ ઠામ-ઠેકાણું
તે શું દિયે?
કાર્યાલયે પાય-તુટેલ દૂબળી
ખુર્સી હવે અન્ય
સ્પ્રિંગાળ ને પૉલિશવંત ફર્તી
    નવી બની છે;
ને માણસોની પર આણ એની
ખાસ્સી હવે છે...
અધ્યક્ષ, સંચાલક, રમ્ય મુદ્રક-
એને શું ખૂટે?

ભૂરા પ્રકાશે દ્યુતિ દેતી વિદ્યુત્,
સફાઈ તો સૌ સ્થળ માંહિ સોહતી,
સફેદ અચકન, સુરવાળ તે ધરે-
પોશાક એ ખાસ્સી અમીર રીતનો,
ને ચર્મની બૅગ વળી કરે રહે,
'નેપથ્ય'માં વાસની હૂંફ છે હવે,
હવે શું ખૂટે? 'લખજો' લખ્યા કરે.

ખૂટે કઈ આશ હજી સુતોષવી?
મળ્યાં બધાં સાધન સૌખ્યનાં અને
છે કાર્યનું ક્ષેત્ર સુયોગ્ય તો મળ્યું,
સંસારનું યે સુખ છે ભર્યુંભર્યું,
સંતાનની મ્હેર શી રેલછેલ છે?
બાકી હવે શું?
હશે હશે બાકી-કંઈક બાકી,
    ઘણું ય બાકી—
જે અર્થ એ હા અમ પાસ આવતો.

કને અમારી બસ એક ઝોળી,
અને મળે પાઈ ન એક ખોળી,
અમે ભમંતા, નહિ કૈં જ ઢંગ,
એવા કને યાચવું, કોણ અર્થ?

ત્યાં કોઈ બોલે મુજને વળી વળી:
'છોને રહી કાગળની વખારો,
ટિકિટો અને પોસ્ટ ઑફિસ પાસે,
કાર્યાલયે સૌ વશ કાર્ય એને,
'નેપથ્ય' છો હો નવલું, અને ઘરે
સમૃદ્ધિ સંતાનની રમ્ય રેલતી,—
તો યે ચહે એ ટુકડા જ પત્રમાં
બે બોલ, બે અક્ષર મિત્ર-હસ્તના,
આત્મા તણા કો સહચાર-સખ્યના,
કળામયી કૈં કૃતિ. કાવ્ય-કેલી.'

એ દેહના ધર્મથી, અર્થ-કાર્યથી,
મળેલ સિદ્ધિથી ન તોષ માનતો,
સુસૂક્ષ્મ ને શુદ્ધ નિગૂઢ સર્વથી
આત્મા તણો એ સહચાર-સખ્ય
ભૂખ્યો ચહે, સ્નેહ-સંભાર સૃષ્ટિનો.

શું એટલી માંગ જ માત્ર એહની?
એ બાબતે તો બહુ માલ-ધારી
અમે, દઈએ ગુણની ગુણો અને
વખારની યે દઈએ વખારો.

પરંતુ એ લઈ. કરશે શું એને?
આ માલ મોંઘો, વસમો અમોને;
જે સંઘરે સાપ મણિ-પ્રભાર્થે,
તે જાણતો જોખમ સર્પ-સંગનાં.

અગમ્ય આ સર્પ તણો પ્રભા-મણિ,
અમે બુઝારે ઉરના છ ગોપવ્યો,
બધું અમારું સળગી ગયું અને
અમે ય શું ના ભસ્માવશેષ?

'નેપથ્ય' એણે નવલાં રચ્યાં, અને
નેપથ્ય સૌ તો અમ છે ગયાં બળી,
આ એક ઝોળી કરમાં રહી ઝુલી,
ખુલ્લા પગે ચોંટત માર્ગની ધુલી.
રહી નથી કાગળની ય કાપલી,
નથી રહી ક્યાંય સુવાની છાપરી,
એને મળ્યું જે, થયું ભસ્મ તે અમ,
અમારી જે ચીજ, ખપે શું એને?
એને લઈ શું કરશે ખરે એ?
મહા પ્રભાનો પુલકંત આ મણિ,
ના વ્યક્તિ કો એકલ કાજ દ્યોતતો,
એ સર્વ લેવા નિજ બાથ ઝંખતો,
ને સિદ્ધિ કાજે નિજ સર્વ હોમતો,
એ વિશ્વના પ્રેમ થકી ભભૂકતો,
ને અલ્પતા જીવનની જલાવતો,
એ સર્વનું વર્ધન ભવ્ય સર્જતો,
મહાર્હ, તેજોજ્જ્વલ, આ પ્રભા-મણિ,
ઝલાય તો ઝાલી લિયે, પછી શું
કાલે થશે તે અમને ન પૂછે.
દેવા બેઠા અમે તો છલછલ
    દઈએ મોકળે હાથ સૌને. (૧૯૩૩)

આજે હવે કૈં સરવૈયું લાધતું:
'નેપથ્ય'નો એહ નિવાસી, અંકમાં
વૈજ ઇશના સુપ્ત, હવે નિહાળિયે:
કોને મળ્યું શું શું-રહ્યું શું બાકી.

અમે ય હા 'પલ્લવ' 'સેતુ' સર્જ્યાં,*
ત્યાં પોઢવા,-પાર સમુદ્ર પ્હોંચવા,
અને વળી તે ય વિસર્જી વિશ્વના
વંટોળિયામાં વિચરી-સરી રહ્યા.

'નેપથ્ય'નો વાસી વિશાળ ભોમે
રંગો તણી પદ્મની પામિયો શ્રી,
સુદીર્ઘ આયુ, છલકાતી સૃષ્ટિ
સંતાનની, લક્ષ્મી તણી કૃપા ઘણી
અને કૃપા ઈશ તણી ય-જેટલી
ઝિલાય એ શીશની ટોપીને વિષે,
ઝીલી શકે માનવ-પાત્ર જેટલું.
શિરે અમારે ન ટોપી-છાપરું,
આ ભૂમિનું ઓછું પડે ગમાતરું,
વ્યોમાન્તરોમાં અમ જે વિમાનો,
એને ય દેશું ત્યહીં સ્હેલ-નોતરું:
ફ્રી પાસ, ફ્રી-ફ્રી...

બજેટની વાત હવે કશી ના...
અનંતનો સાગર-જોખમી પણ.
સિક્યોરિટી કેવલ એક 'અજિન'ની,
ન મૃત્યુ જેને, 'સુપથા' જતો વહી,
સૌ સૃષ્ટિની શ્રી-પ્રતિ, શ્રીપતિ સ્વયં
(૧૯૮૦

* સુંદરમ્ તથા ઉમાશંકરનાં નિવાસસ્થાનો

ઇ. ત. એટલે કે બચુભાઈ રાવત. બ. રા. અક્ષરો વાંચવા મળતા ત્યારે તે બચુભાઈ રાવતનું નામ છે એમ સમજાતું. એ પછી એ નામનું સંક્ષિપ્ત નિરૂપણ ઇ. ત.ની રીતે પણ થાય એ બચુભાઈએ શીખવ્યું. એમની આ વિદ્યા એમની પોતાની કે પરદેશ અંગેના એમના પરિચયમાંથી આવેલી 'ભૂલા પડેલા અંગ્રેજ'ની એ પ્રશ્ન આપણે નહિ વિચારીએ. ટૂંકમાં બચુભાઈ એટલે બચુભાઈ.

આવું નામ, આવા નામવાળા આ માણસ આ પૂર્વે થયા નથી જો કે આવું તો દરેકને માટે કહી શકાય. જાણીતી કે અજાણીતી નાની કે મોટી, વ્યક્તિ, વસ્તુ માત્ર વિધાતાની સૃષ્ટિમાં હમેશાં અનોખી છે, અપુનરાવર્તિત છે. કુદરત કહો કે ભગવાન એની પાસે ઘાટઘૂટની નામ-રૂપની, વિવિધતાની ખોટ નથી. એકનો એક ચહેરો ફરીથી બનતો નથી. એકનો એક માણસ પણ ફરીથી બનતો નથી.

આમ, બચુભાઈ તે બચુભાઈ. એ આવ્યા અને ખાસ્સા દીર્ઘ એવા જીવનમાં કાંઇ અનોખું કરી ગયા.

બચુભાઈ ન હોત તો 'કુમાર' ન હોત. એમ તો રવિભાઇ ન હોત તો પણ 'કુમાર' ન હોત એમ કહેવું પડે. પણ બચુભાઇ ન હોત તો કુમાર કાર્યાલયની એ સૃષ્ટિ, એ ખૂણો, એ ખુરશી સરજાત નહિ, અને ત્યાં બેસી ગુજરાતની એ અપૂર્વ સૃષ્ટિને કોઈ સાકાર કરત નહિ. જેવી રીતે અમદાવાદમાં પાનકોર નાકે એક નાનકડા મેડા પર બચુભાઈનો વિશાળ પરિવાર પાંગર્યો તેવી રીતે ૧૪૫૪ રાયપુરમાં, એ લાંબા પણ પહોળા નહિ એવા ડેલામાં 'કુમાર' અને તેને માટેનું કાર્યાલય તથા 'કુમાર'ના ૬૫૦થી વધુ અંકો સર્જાયા.

એમની સાથેનો મારો પ્રથમ પરિચય અને ગુજરાતી સાહિત્ય પરિષદને એમણે 'બુધસભા' સમર્પિત કરી તે પ્રસંગે એમના છેલ્લા મિલન વચ્ચેના ઘણા પ્રસંગો તાજા થાય છે. પણ એમનાં સ્મરણો સર્જકોની પાસે પડેલાં છે – રિલીફ રોડ ઉપર જામી જતા ટ્રાફિકની માફક, એટલે હું બહુ વિસ્તારથી નહિ લખું.

બચુભાઈ અને હું કોઈ અનોખી રીતે ભેગા થઈ ગયા, એકબીજાને વગર ભેટચે ભેટી પડચા. એનું નિમિત્ત તો કવિતા જ હતી, પણ પછી તો હું 'કુમાર' પરિવારના અંગ જેવો બની ગયો. રવિભાઈની જ એ અમીરી કહેવાય કે એમણે ઘણાને પોતાના વાત્સલ્યમાં લઈ લઇને એક અનોખો પરિવાર રચી લીધો અને ગુજરાતને એક જીવનસમૃદ્ધિ આપી.

વિદ્યાપીઠનો સ્નાતક થઇ હું ગુજરાતનાં ગામડાંમાં સત્યાગ્રહ મોરચે ગોઠવાયો અને ત્યાંથી યુદ્ધની, યૌવનની, આપણાં અનોખાં પરાક્રમોની હવામાં રહ્યોરહ્યો, કવિતા લખાતી ગઈ તેમતેમ બચુભાઈને મોકલતો રહ્યો. એ ઉત્તમ રીતે સચિત્ર બનીને 'કુમાર'ના પહેલા પાના પર આવવા લાગી. 'કુમાર'નું પહેલું પાનું જાણે મારા માટે જ હોય તેવું બની ગયું – હું તેમને માટે લખી શકચો ત્યાં સુધી. એમાં 'જવાન દિલ' આવ્યું. 'બુદ્ધનાં ચક્ષુ' આવ્યું, 'મહાગંગા મહાસભા' આવ્યું, પણ મારા પચાસમા વર્ષ અંગેની કૃતિ મેં મોકલી ત્યારે તે નાના કદના ટાઈપમાં પહેલા પાનાના એક ચતુર્થાંસ જેટલા ભાગમાં ગોઠવાઇ તે જોઈ હું સાચેસાચ કૃતાર્થ થયો, મારું સ્થાન આ બધામાં કેટલું તેનો એક સાક્ષાત્કાર અનુભવીને.

એ સત્યાગ્રહના દિવસોનું એકાદ સંભારણું ટપકાવી લેવા જેવું છે. હું જંબુસર તાલુકામાં, ઉમાશંકર વીરમગામ બાજુ, સક્રિય હતા. અમે અમદાવાદમાં અવારનવાર ભેગા થઈ જતા ત્યારે બચુભાઇ અમને જમવાને 'નેપથ્ય'માં આમંત્રતા. એ અમારું સૈનિક-જીવન, યુદ્ધની અનોખી ખુમારી તેમ જ માત્ર હાથઝોળીની સમૃદ્ધિથી સભર રહેતું. 'બચુભાઈને શું જોઈએ? પ્રભા-મણિ' એ કાવ્ય એ દિવસોમાં મેં લખેલું તે (૧૯૮૦માં કરેલા નવા ઉમેરણ સાથે) અહીં મુકાએલું છે. એવા એક દિવસે અમે બચુભાઈને ત્યાં જમવા બેઠેલા. ત્યારે બચુભાઈના ભાણામાં માત્ર ત્રણ વાની પીરસાઈ. અમારું કુતૂહલ જોઈ 'મેં તો ત્રણ વાની ખાવાનો નિર્ણય કર્યો છે' આવું કાંઈ બચુભાઈ બોલેલા અને ત્યારે ઉમાશંકરે અમારા વતી કહેલું, 'ત્રણ વાની પણ ક્યાં છે!'

અમારી એ રખડપટ્ટી અને 'કુમાર કાર્યાલય'ની અખંડિત જેવી રહેલી સૃષ્ટિ એકબીજાથી જુદાં પડી જતાં હતાં, છતાં આપણે જાણીએ છીએ તેમ 'કુમારે' પણ આ સ્વાતંત્ર્ય-સંગ્રામમાં પોતાનો યે ફાળો નોંધાવેલો છે. તેણે છાપેલા કોઈ લખાણ માટે સરકારે 'કુમાર'ને પણ થોડી ભીંસમાં લઈ લીધું હતું. એટલે વિપુલતાની રીતે નહિ, પણ આંતરિક રીતે 'કુમાર' પણ સ્વાતંત્ર્યસંગ્રામમાં સૌની સમકક્ષ હતું તેની નોંધ પણ લેવી જોઈએ.

મારાં કાવ્યો 'કુમાર'માં આવતાં ગયાં, અને બચુભાઈની પાસેથી નામ પામીને 'કાવ્યમંગલા' રૂપે ગ્રન્થસ્થ થયાં તથા તેને રણજિતરામ સુવર્ણચંદ્રક પણ મળ્યો. હું અમદાવાદ-નિવાસી બન્યો. 'બુધસભા' ધીરેધીરે સાકાર અને સુસ્થિર બની, મારા કાવ્યજ્ઞાનને મેં થોડુંથોડું પીરસ્યું. વરસો જતાં કુમાર કાર્યાલયથી મારું નિવાસસ્થાન દૂર જતું ગયું–ખાસ તો પશ્ચિમની નવરંગપુરા પાસેની સ્વસ્તિક સોસાયટીમાં અને પછી તો ગુજરાત બહારની દુનિયામાં, તેમતેમ બુધસભામાં હાજરી આપવાનું ઓછું થવા માંડચું. પણ બહારગામથી આવું ત્યારે તો બુધવારની હું ખાસ નોંધ લઈ રાયપુરના એ ડેલામાં ઉપસ્થિત થતો.

બચુભાઇનો જે વિકાસ થયો, તેમ જ થતાં રહી ગયો તેની નાનકડી નોંધ પણ લઇ લેવા જેવી લાગે છે.

કુમાર કાર્યાલયમાં દાખલ થાઓ અને ત્યાં તૈયાર થઈ બહાર પડતા 'કુમાર' માસિકનું પાનેપાન જોઇ લો ત્યાં સુધીમાં તેની પાછળ કાર્ય કરતી એક ઝીણવટભરી, ચોક્સાઇવાળી, કુશળ દૃષ્ટિવાળી, સુયોજનકારક અને ઔચિત્ય, સૌન્દર્ય, હળવુંક માધુર્ય, હળવુંક સ્મિત, ક્દીક બની આવતું અટ્ટહાસ્ય વેરતી એક ચેતનાની સક્રિયતા તમને ત્યાં બેઠેલી, હરતીફરતી જોવા મળે.

બચુભાઈ 'કુમાર'ના મૅનેજિંગ ડિરેક્ટર બન્યા ત્યારે એ ખૂણામાંથી થોડા બહાર હઠચા, તેમની ખુરશી મોટી અને ફરતી બેઠકવાળી થઈ, આસપાસ થોડી મોકળાશ વધી એ એમના વિકાસનું વિરાટ પગલું કહેવાય. અને એમના દીર્ઘ જીવનમાં પછી તેમની શક્તિઓની જે કદર થઈ, 'કુમાર'ના સંપાદન ઉપરાંત તેમનું કાર્યક્ષેત્ર, લેખન, તેમની તજ્જ્ઞતા જેમાં ખાસ પ્રગટતી એવી મુદ્રણકળા, પત્રકારિત્વ, તેમને મળેલી રાષ્ટ્રીય સ્તરની પ્રતિષ્ઠા અને તેમના અવસાન પછી સૌ કોઇએ તેમને મોકળા મને આપેલી ભાવાંજલિઓ એ એક સફલ ધન્ય જીવનના મનોહર આલેખ જેવું બની રહે છે.

છતાં એ કેવું પરિમિત જીવન હતું તે પણ મને દેખાવા માંડચું ત્યારે મને તેમના પ્રત્યે ખૂબ ખૂબ ભાવ વધવા લાગ્યો. ખરેખર, આથી આગળ વધી શકાતું નથી એ પણ કેવું કહેવાય!

પણ રવિભાઈએ 'કુમાર' સંકેલવાનો નિર્ણય કર્યો ત્યારે એમને મેં જે સ્થિતિમાં જોયા, જે રીતે તેમણે પોતાનું હૃદય મારી સમક્ષ ખોલેલું, તે જોઇને મને થએલું કે 'કુમાર'માં સેંકડો મહાન વ્યક્તિઓનાં જીવનચરિત્રો, પરાક્રમગાથાઓ છાપ્યા પછી પણ જીવનમાં આવતો આવો આર્થિક પલટો એમના જેવા માણસને યે ચિંતામાં મૂકી દે એને શું સમજવું ?

કુમાર કાર્યાલયમાં આવતાં પહેલાં ભદ્રકાલીનાં અને રાયપુર દરવાજા તરફના છબિલા હનુમાનનાં નિત્ય દર્શન કરતા બચુભાઇ સ્વસ્તિકમાં મારા નવા મકાનમાં એક શનિવારે આવી ચડ્યા. હું ગોંડિ-

તુલસીક્યારામાં જીવનજળ સિંચનારા

—ગુણવંત શાહ—

પથ્થરફોડા ગમે તેટલા હોય તો ય સમાજને પથ્થરમાંથી ભાવ પ્રગટાવનાર શિલ્પીની ગરજ રહેતી હોય છે. આપણી નજરે ક્યાં તો પથ્થર ચડે કે પછી પથ્થરમાંથી બનેલી મનોહારી મૂર્તિ ચડે છે. પરિણામે 'અવ્યક્તમધ્ય' સર્જનપ્રક્રિયા તો અણદીઠી જ રહી જવા પામે છે. છીણીહથોડી પાસે શિલ્પીએ કઈ રીતે કામ લીધું છે અને કેટલું ઝીણું કાંત્યું છે તેનો પૂરો ખયાલ આપણને ક્યાંથી આવે? જ્યારથી 'કુમાર' જોયું ત્યારથી એ એક મનોરમ મૂર્તિનું સૌન્દર્ય લઈને આપણી પાસે આવતું રહ્યું છે. આવા સૌંદર્યને અરધી સદી કરતાં ય વધારે સમય પર્યંત જાળવી રાખવાના પરાક્રમને બચુભાઈ રાવતે વિક્રમને દરવાજે પહોંચાડ્યું.

વર્ષો સુધી ઊગતી પેઢી માટે ગુજરાતમાં દીવાલો વગરની અને હડતાલો વગરની 'કુમાર' નામની એક ખુલ્લી યુનિવર્સિટી ચાલતી રહી. આ અદ્ભુત યુનિવર્સિટીના અનોખા કુલપતિ તરીકે બચુભાઈએ જે યજ્ઞકાર્ય કર્યું તેને કારણે પોતે 'કુમાર'નો પર્યાય બની રહ્યા. તંત્રી અને એના સામયિક વચ્ચેનું આવું વિરલ એકત્વ એવી ઘટના છે જેને ગુજરાત વર્ષો સુધી સાચા કેસરની માફક સંઘરી રાખશે.

બચુભાઈને મળવાનો સુયોગ મને માત્ર એક જ વાર પ્રાપ્ત થયેલો. રશિયાના જનગણમનના માનીતા કવિ યેવતુ શૅન્કોની આત્મકથા પરથી ગુજરાતીમાં તૈયાર કરેલું જીવનચરિત્ર મેં 'કુમાર' માટે મોકલ્યું હતું. એમનો પ્રતિભાવ મળે તે પહેલાં અમદાવાદ જવાનું બન્યું અને વિનોદ ભટ્ટ મને એમને ત્યાં લઈ ગયા. તેઓની તબિયત સારી નહોતી રહેતી તો ય ખાસી વાતો થઈ. વાતની શરૂઆત ગોંડળથી થઈ અને પૂર્ણાહુતિ થઈ મારા લેખથી. પૂરા આદર સાથે એમણે પેલો લેખ મારા હાથમાં મૂક્યો અને એ 'કુમાર' માટે ચાલે તેમ નથી એમ કહીને અંદર નોંધેલી ભૂલો બતાવી. મારાં પુસ્તકોની એમણે પ્રશંસા કરી પરંતુ એમાં ય રૅશનિંગમાં કંટ્રોલ ભાવે મળતી ખાંડ લેતા હોઈએ એવી લાગણી થાય એટલો આકરો સંયમ!

વિનોદ સાથે એમનું ઘર છોડ્યું ત્યારે એક વાત યાદ આવી જવાને કારણે થોડીક રાહત થઈ. મુંબઈ હતો ત્યારે કવિતા લખવાની શરૂઆત કરેલી. સુરેશ દલાલના કહેવાથી મેં એક કવિતા 'કુમાર' માટે મોકલવાનું દુઃસાહસ કર્યું. જવાબમાં મજાના અક્ષરોમાં લખાયેલી ત્રણચાર લીટીઓમાં બચુભાઈએ કવિતાનો અસ્વીકાર કરવાનો કસબ કેટલો ગરિમાયુક્ત ને નિર્દંશ હોઈ શકે તેનો પરચો કરાવેલો. એ જવાબ મેં સુરેશને વંચાવ્યો ત્યારે મુંબઈગરું હાસ્ય કરીને તેણે કહ્યું: 'બચુભાઈ તો ભલભલાની કવિતા પાછી વાળે, મારી ય વાળે. તું બીજે મોકલ, લેવાઈ જશે!' મેં એ જ કવિતા બીજે મોકલી અને તે લેવાઈ ગયેલી. વર્ષો પછી જયંત પાઠકે કહેલું કે, 'બચુભાઈએ કવિતાઓનો અસ્વીકાર કરીને મારા ઘડતરમાં ફાળો આપ્યો છે.' આવું બધું યાદ કરીને હું આશ્વાસન તો પામ્યો, પરંતુ મનમાં એક વાત ઘૂંટાતી રહી કે બચુભાઈ પાછું ન કાઢે એવું કશુંક લખવા મથવું.

બચુભાઈની ઝીણું સૂતર કાંતવાની ટેવ ઝીણા ટાઈપમાં છપાતા 'કુમાર' સાથે એકરૂપ થઈ ગઈ. આજે હવે બચુભાઈ 'કુમાર'ની ઑફિસમાં નથી છતાં ય હજી 'કુમાર' માટે લેખ મોકલતી વખતે બચુભાઈ જાણે મારી સામે એક કડક છતાં ય પ્રેમાળ શિક્ષકની માફક ઊભા રહી જાય છે; જાણે મને કહેતા ન હોય કે: 'ખબરદાર જો નિંભાડામાં પકવ્યા વગરના શબ્દો મોકલ્યા છે તો!' કઠિયારાઓની બહુમતી વચ્ચે ય સમાજને એક માળીની ગરજ રહેતી હોય છે. માળી જમીનમાં ઊગેલું નિંદામણ ઉખેડી કાઢે તેથી એને કોઈ નિષ્ઠુર **(ruthless)** નથી કહેતું. એમ કરવું એ એનો સ્વધર્મ છે. તંત્રીઓ તો ઘણા હોય છે, પરંતુ બચુભાઈ તો તંત્રી ઉપરાંત સંત્રી પણ હતા અને 'કુમાર'ની ગુણવત્તા અંગે એમણે જીવનભર ચોકી કરી.

છોડને પાણી પાનારો ક્યારેક પાણી એવી રીતે રેડે જેથી પ્રત્યેક પાન ભીંજાય અને વળી મૂળિયાં પણ એ પાણી પામે. બચુભાઈએ 'કુમાર'ની માવજત કરી તે મૂલગામી હતી એટલું જ નહિ, પૂર્ણગામી પણ હતી. 'કુમાર'નો પ્રત્યેક અંક એમના સંસ્પર્શે કાયમ માટે ઘરમાં સાચવી રાખવા જેવું એક નજરાણું બનીને સાર્થક થતો. એમનો ચહેરો જ એવો હતો જેના પરથી ચીવટાઈ અને નિષ્ઠાના ભાવ વહ્યા કરતા. પરદેશોમાં વિવિધ વિભાગોની જાળવણી કરીને પ્રત્યેકની અનોખી ગુણવત્તા ટકાવી રાખનારાં સામયિકો છે એ ખરું, પરંતુ ત્યાં તંત્રી પાસે તજ્જ્ઞોની આખી મોટી ફોજ રહેતી હોય છે. આપણે ત્યાં એવું નથી. આપણે ત્યાં તો તંત્રી એટલે **'one man army'**. 'કુમાર'-ની આગવી પર્સનાલિટીને આપણે આ હકીકતને ધ્યાનમાં રાખીને નીરખવી જોઈશે.

વૉલ્ટ વિટમને ક્યાંક લખેલું: **'Who touches this book touches a man.'** 'કુમાર'નો અંક હાથમાં આવે ત્યારે આજે ય આ વાત સાચી પડતી જણાય છે. 'કુમાર'ને સંસ્પર્શે જાણે બચુભાઈને પામતા ન હોઈએ!

'કુમાર'ને બચુભાઈએ પોતાના જીવનજળથી સિંચ્યું અને એના પ્રત્યેક પાનનું સંગોપન કર્યું. મુદ્દે વાત એટલી જ કે લોકોને મન જે મજાનો છોડ ગણાય તે બચુભાઈને મન તુલસીક્યારો હતો! □

ચેરી દર્શને જઈ આવ્યા પછી અમે નિયમિત ધ્યાન કરતા. બચુભાઈ-ને મેં તે દિવસે ધ્યાન માટે ઓરડામાં આવવા આમંત્રણ આપ્યું ત્યારે એક વિશિષ્ટ ભાવથી એમણે અંદર આવવાની ના પાડી હતી. એવી જ રીતે એ પોંડિચેરી આવેલા ત્યારે આશ્રમના મેડિટેશન હૉલ-માં શ્રી માતાજીના 'બ્લેસિંગ્સ'–આશીર્વાદ લેવા જતા અનેક માણસો-ની પંક્તિમાં જોડાવાને બદલે તેમણે દૂરથી જ દર્શન કર્યાં હતાં. એ સમયે હું તો ન હતો, પણ પાછળથી મને આ વાત સાંભળવા મળેલી. આમ, એમની ભક્તિભાવના આગવી જ હતી. મને આમાં સામાન્ય ભક્તિ અને યોગશક્તિ વચ્ચેનો તફાવત દેખાયો. આધ્યાત્મિક રીતે મને આ નોંધવા જેવી ઘટનાઓ લાગેલી.

ખરી વાત તો એ છે કે શ્રી અરવિન્દે કહ્યું છે તે મુજબ **All life-yoga** – જીવન માત્ર યોગ છે, અને હવે દરેકને પોતાને માટે વાપરવો ગમે તેવો શબ્દ વાપરી કહીએ તો બધા જ 'યોગી' છે. ગીતાનું આ વાક્ય આપણા બધા માટે એક મુદ્રાલેખ જેવું બની શકે:

स्वे स्वे कर्मण्यभिरतः संसिद्धिं लभते अर्जुन।

પોતપોતાના કામમાં ય બરાબર લાગી રહેનાર–અભિરત મનુષ્ય સંસિદ્ધિને પામે છે, હે અર્જુન! આ રીતે અર્જુનથી માંડી બચુભાઈ સુધીના બધા સંસિદ્ધિને પામેલા છે. આવા 'અભિરત' બચુભાઈની, મારી કવિતામાં જેમને મેં 'પરમ સુહૃદ' કહ્યા છે તેમની ચિરંજીવ સ્મૃતિના આનંદમાં વિરમું છું. □


પચાસ-પંચાવન વર્ષ પહેલાંની

(કુમાર કાર્યાલયમાં બચુભાઈ, દેશળજી પરમાર,ને લેખકની)

એક મુલાકાત

ચંદ્રવદન ચી. મહેતા

▷



બચુભાઈ
અને
ચંદ્રવદન મહેતા
-તા. ૨૭ જૂન - ૧૯૩૦

બચુભાઈ: દેશળજી! ઓળખો છો ને આ વ્યક્તિને – અત્યારે પચ્ચીશીમાં છે.

દેશળજી: એ પચ્ચીશીને એક વિશેષણ જોડવામાં આવે છે.

બચુભાઈ: બોલશો નહિ, પરમાર. આ જરા તેજી અને તીખા જુવાન છે. આપણા 'કુમાર'માં ઈલા-કાવ્યો લખે છે.

દેશળજી: ઓહો, ચન્દ્રવદન મહેતા! બેસો, બેસો. મળ્યાનો બહુ આનંદ થયો.

ચન્દ્રવદન: દેશળજીભાઈ, તમે ને બચુભાઈ બે કવિ બન્ધુ.

બ.: એ આખા કવિ અને હું અરધો કવિ.

ચં.: તો હું યે અરધો—કુલ્લે બે થાય, ત્રણ નહિ થાય.

બ.: ના, ત્રણ જ. દેશળજી બેવડા કવિ.

ચં.: બચુભાઈ, ગણિતની વાત છોડોને. તમે બંને સ્વચ્છ કવિ. શબ્દ-રમતનું પરિમાણ પાકું સમજો. લીટીએ લીટીનું મીજાન—મીજાન ભાવનું, મીજાન ઊર્મિનું, મીજાન હાર્દનું, મીજાન શબ્દોનું તો ખરું, પણ એના કાનામાતરનું, અને એ બધાંમાંથી મલપતી ફોરમે ફોરમનું યે મીજાન.

બ.: તે બધું દેશળજીને લાગુ પડે.

ચં.: તમે બચુભાઈ શરમાળ છો. શબ્દો જોખીજોખીને બોલો છો. વળી, મિત્રની વડાઇને વધાવનારા છો, ઉદાર છો, સ્નેહી છો અને ઓછાબોલા છો. બાકી જે અમે કહી ગયા તે તમને પણ લાગુ પડે હોં.

બ.: તે કઈ રીતે? દેશળજીએ લખેલાં કાવ્યોની સંખ્યા...

ચં.: વળી ગણિતમાં અટવાયા. મારુ ગણિત તો સાવ કાચું, પણ છતાં હું ગણાવું. દેશળજીની વાત એના બે-ચાર સંગ્રહો બહાર પડશે ત્યારે કરીશું. હમણાં તો આ લ્યો. આ 'કુમાર'નો નવો અંક. હવે ગણો એની સફાઈ, એની માપબંધી, એમાંનો માવો, લીટીએ લીટીનું મીજાન, વિષયોનું મીજાન, બે વિષયોની રજૂઆતનું મીજાન, બીબાંની ગોઠવણીનું મીજાન, અને એમાં ટપકે-ટુકડે ચિત્રો, ફોટા. એકાદ ફોટો તૈયાર થઈ છપાઇને તમારી પાસે તેની પ્રૂફ આવી કે તમારી માપબંધીની ચકોર આંખો સ્ફુરી જ છે: 'ના, આ શેઈડ બરાબર નથી, આ કાપ ઠીક નથી, આ છાંટ વધારે પડતી છે, આ નાનકડો ધાબો સોનાની થાળીમાં લોઢાની મેખ જેવો જ લાગે. ફરી પ્રૂફ કાઢો અને જરા દાબ ઓછો આપી હળવેથી મશીન ફેરવજો. જાઓ.' આમ પાનેપાને લખાણ, છપાઈ, ચિત્રો, ફોટા, રેખાંકનો, રંગ-રચના, આયોજન, બીબાંવૈભવ, એની વર્ણ-સગાઈ, શાહીઢાળ, છાપસફાઈ વગેરે બધાંમાં મીજાન, મીજાન. દેશળજીભાઈનાં કાવ્યો ખરાં, પરંતુ એક નહિ, 'કુમાર'નો કોઈ પણ અંક જુઓ તો એ મહાભારત જેવો એપિક અંક નથી, કે નાનકડો બનીઠની બેઠેલો દુહો પણ નથી. સૉનેટનો અતિ વિસ્તાર-સૉનેટનો લિરિકમાં ઊર્મિકાવ્યમાં ઘટાવાએલો અતિ વિસ્તાર બોધ, ચોટ, શિક્ષા, સમજણ, રમૂજ, ચિંતન, સૉનેટના અષ્ટક જેવો વળાંક એવા સર્વ શણગારથી સંયુક્ત બૃહત સૉનેટ-સ્વરૂપ છે. એવા અંકોની સંખ્યા ગણવા ગણિતની મદદ ન લેતા. ભલા છો તમે તો બચુભાઈ, દેશળજી બેવડા કવિ તમે બહુવડા કવિ. એક કવિ નહિ, કવિઓની જાન ઊભી કરનારા કવિ.

દે.: ચન્દ્રવદન, તમે રાજકારણમાં પડો તો ભાષણ સારાં કરી શકો.

ચં.: એ ગંદવાડમાં મને કાં ઝીંકો ભલા? મિત્રની શક્તિઓનું પૃથક્કરણ ન ગમ્યું! તમે તો રાજી થાઓ એવા મિત્ર છો એટલે આટલું કહ્યું. તમે હાજર ન હોત તો અમારી શી મજાલ કે આ ડેલા-તબેલામાં આવી વાતો પણ કરી શકાય. બચુભાઈ છે, એટલે કે એને સમયની કિંમત છે. તમે ન હોત તો તરત ટૂંકે હસીને વાત પતાવી, પોતાને કામે વળગત. અને વાતે ય સાચી, આ ટાહ્યલાખોર પ્રજાજનોમાં એમ કામ પૂરતી વાતો ન કરે તો 'કુમાર'નો અંક નિયમિત પ્રગટ પણ કેમ થાય?

દે.: પણ આ શું કરો છો? અમે તમને સાંભળીએ છીએ એમાં અમારાં બેનાં આંગળાં કેમ પકડ્યાં?

ચં.: તમારા બંનેની આંગળીઓ સરખાવું છું—અને બંને તમારી જીભ કાઢો જોઉં.

બ.: આંગળાં પકડ્યાં ત્યારે થયું કે એ આપણા જોષ-સામુદ્રિકમાં ઝોકાવતા હશે, પણ આ તો ડાક્ટરી વ્યવસાયમાં પડ્યા!

ચં.: હું તો ડાક્ટરે નથી અને હસ્તરેખા-નિષ્ણાત પણ નથી. આ આંગળાંની અદેખાઈ કરું છું. કિયા વડીલે કે કિયા શિક્ષકે ગોંડલમાં શિયાળામાં ઠંડા પાણીમાં હાથ ઝબોળાવી કૉપીબુકો લખાવી હશે, કે પાટી પર ખડીના અક્ષર ઘૂંટાવ્યા હશે, તે આ આંગળીઓમાંથી આમ મોતીના દાણા જેવા અક્ષરો નીસરતા રહ્યા છે? ભારે ઈલમ-મહેનત કે ઈશ્વરદત્ત. ઈશ્વર તો બહુ ઉદાર છે, એ તો મોટીમોટી વસ્તુઓ આપે. રૂડા અક્ષર આલેખવા તો પુરુષ-પ્રયત્ન જ કરવો પડે. એ માટે તમને બંનેને ધન્યવાદ. અને લ્યો, આ મારાં આંગળાં ઉપર તમે બંને તમારી હથેલીનો રંદો ફેરવો કે મારા અક્ષર કંઈ મેળ ખાય એવા પડવા માંડે. હાં, હવે જીભની વાત.

દે.: હું તો મોં નહિ ખોલું.

ચં.: તે ના ખોલશો. ડાક્ટર તો માળો છારી કેટલી છે તે જોવા મોં બહાર જીભ લંબાવડાવે. અમે તો આ જીભને દૂરથી જ જોઈ, એની મહેક-મીઠાશ પ્રમાણી લઇએ. એમાં કૌવત કેટલું ભર્યું છે તે પરા, પશ્યંતિ મધ્યમા વૈખરી બનતાં પહેલાં વાણી આ જીભ પર કિયે ખૂણે પળભર બેઠક જમાવી, યોગ સાધી, પ્રાણાયામ કરી, સ્વચ્છ, મીઠી, હૃદય-સોંસરી ઊતરવા ભણી માયાસભર થાય છે તે જોવા માગતો હતો. અમારી જીભે તો પારાવારની છારી. તેજીલા ભાવથી લીમડો કે નવાંનવાં ઔષધોથી સુગંધાયેલી પેસ્ટલિપિથી લસોટાય તોયે આ અમારી જીભ તો કકંપિયા કટુ અને તોછડી જ રહેવાની. એટલે જીભની પણ અદેખાઈ આવે છે.

બ.: ચન્દ્રવદન, જીભને નિંદવાની તમારી

અ-સરખા મિત્રો

—શિવકુમાર જોશી—

અમદાવાદ જવાનું જ્યારેજ્યારે થાય ત્યારે કાં તો 'કુમાર કાર્યાલય' અથવા તો 'નેપથ્ય'નો એક આંટો મારી આવું જ. અમદાવાદ ગયો હોઉં અને બચુભાઇને મળ્યા વિના પાછો ફર્યો હોઉં તો એક જાતની 'સેન્સ ઑફ ગિલ્ટ' લાગ્યા કરે.

કારણમાં કોઈ ધારી લે કદાચ કે 'કુમાર'ના તંત્રી બચુભાઈ રાવત સાથે ઘરોબો રાખવાનું તો લેખકોને ગમે જ ને—પણ એ અવસ્થામાંથી તો હું ક્યારનોય બહાર આવી ગયો હતો. આમેય સ્વભાવ જ એવો કે આવાં કારણોસર તો કોઈ પણ તંત્રીનાં પગથિયાં હું ચઢ્યો જ નથી. બચુભાઈ સાથે અ-સરખાઓ વચ્ચેની મૈત્રી જેવું બની ગયું હતું. ('સમાનશીલ વ્યસનેષુ સખ્યમ્'માં આવતા સમાન શબ્દ સામે જ વાંધો એ કારણે અ-સરખા શબ્દ યોજ્યો–બચુભાઈ સાથે આવી મજા કરી શકાતી.) એ હતા ચીવટવાળા, હું સાવ બેદરકાર. અક્ષરો, જોડણી, લખાણની કેટલીયે બાબતોમાં એમની ઊંડી સમજ અને અત્યાગ્રહ. જ્યારે રીતસર ગુજરાતી ભાષાનો અભ્યાસ ક્યારેય ન કરનાર હું એની સાથે રમત કરું. પણ બચુભાઈ તે સુધારી લે, નભાવી લે. એ ઓછાબોલા. હું બોલ્યા જ કરું. કલકત્તાની વાતો કરતાં હું થાકું નહિ, એ સાંભળતાં કંટાળે નહિ, એમના ખાસ સ્મિત દ્વારા એને નવાજ્યા કરે.

અમે સાહિત્યની વાતો ભાગ્યે કરતા. એમને માણસમાં રસ. હું રખડનારો માણસ, જાતજાતના માણસો જુદાંજુદાં ક્ષેત્રમાં મળતા રહે, એની સાચી, અને કબૂલ કરું છું કે ક્યારેક ઉપજાવેલી વાતોમાં પણ એમને રસ પડે. એ પકડી પાડે ને અમે બંને હસી લઇએ.

'નિરીક્ષક' એ નિયમિત વાંચે. એમાં મારી કટાર 'ચૌરંગીને ચોતરે'થી(જ્યારે 'રશીદ કલકત્તાવાળા'ના નામથી લખતો)માં એમને ભારે રસ. ક્યાંથી શું સૂઝી આવ્યું એવું એ બેધડક પૂછે અને વિના સંકોચ હું જવાબ આપું. દરમિયાન કૉફી કે ઠંડું પીણું પણ ખરું જ.

કલકત્તામાં એક વાર એ અમારા સૌ સાથે મનભરીને રહેલા. પણ જેમનીજેમની સાથે રૂબરૂ પરિચય થયેલો તેમાંના કોઇનેય યાદ કર્યા વિના ન રહે. મોટા ભાગના વેપારી સજ્જનો અને સફળ ગૃહિણીઓ. એમની બિન-સાહિત્યિક ગણાય એવી રોજની વાતો જાણવામાં પણ એક ભદ્ર વડીલ પુરુષ તરીકે એમને રસ.

બચુભાઇ ક્યારેક નિર્મંળ પણ બની જાય ત્યારે એમના કપાળની કરચલીઓનો ગુણાકાર થઇ જાય. હું બેઠો હોઉં ત્યારે પ્રેસનું કામકાજ તો ચાલતું જ હોય. છાપકામની નાનીમોટી ભૂલ એ ચલાવી ન લે. કારીગર કે કાર્યાલના કોઇનીય પણ ચૂક માટે બચુભાઇ અસહિષ્ણુ બની જાય. પણ થોડી જ ક્ષણોમાં પાણી પોતાની સપાટી પર પણ આવી જાય.

ઘણા સાહિત્યકાર મિત્રોને નવાઇ લાગે એવી વાત આજે જાહેર કરવાનો વાંધો નથી. સાહિત્યકાર મિત્રો તથા બીજાં સામયિકોના સંપાદકો તેમ જ વાચક વર્ગ પાસે હું નિવડેલા વાર્તા-લેખક કે નાટ્યલેખક ગણાવા માંડ્યો. મારી વાર્તાઓને હું પણ 'ફુલપ્રૂફ'-ભૂલચૂક રહિત ગણતો થયો (એવી શેખી કયા લેખકમાં ન હોય?) છતાં લેખકના ભૂતકાળમાં કે એની ભૂતકાળની સિદ્ધિઓ યા કૃતિઓમાં બચુભાઇ નવી કૃતિનું મૂલ્યાંકન કરતી વેળા ભાગ્યે જ રસ બતાવે. લેખકમાં નહિ, કૃતિમાં જ એમને રસ! અને મારી ડઝનેક વાર્તાઓ, બે-ત્રણ એકાંકી પણ નિર્મંળ બનીને બચુભાઇએ પાછાં મોકલ્યાં હશે, પણ મને એનો ક્યારેય રંજ થયો નથી. મારા ગુણપક્ષે જણાવું કે બચુભાઇનો એવો નિર્ણય મને વાજબી ન લાગ્યો હોય છતાં એ બાબતની હું ક્યારેય ચર્ચા ન ઉપાડતો, ન અમારી વચ્ચે તે કારણે મનઃદુખ થાય. તંત્રીઓના એવા વિશેષાધિકારનું મારે મન મોટું સન્માન હતું, અને સૌ તંત્રીઓમાં બચુભાઇ તે બચુભાઇ હતા.

હવે તો ભાગ્યે રાયપુર ચકલામાં જવાનું થાય છે. રાયપુર ચકલું ને 'નેપથ્ય'ની આજુબાજુની થોડી ધરતી જાણે મારે માટે આઉટ ઑવ બાઉન્ડ્ઝ થઇ ગઇ છે. સેન્ટિમેન્ટલ થયા વિના પણ જણાવું કે બચુભાઇ નથી એ કારણે જીવતરનો એકાદ અગત્યનો અંશ મારામાંથી વછૂટી પડી ગયો છે, એ ખોટનો ચણચણાટ ક્યારેય ન શમે એમ ઇચ્છું છું. □

આ ટેવ સારી નહિ.

ચં.: બચુભાઈ, ઘણીઘણી કુટેવો પડવા માંડી છે. કોઈ સારી ટેવો વધારે, તો કોઈ કુટેવો વધારે. તમને જ્યારે મળીએ છીએ, એકલાં કે બેકલાં–ત્યારે તમારો નૈસર્ગિક ઉમળકો, તમારું સુરીલું હસ્તધૂનન, તમારી આંખમાંથી નીતરતાં અમી અને એ ઉપરાંત, જેવી 'કુમાર'ના અંકની સુઘડતા, એની માવજત, એવી તમારા સ્વચ્છ દીદાર-પોશાકની માવજત. બચુભાઈ, સામાન્ય રીતે મારામાં મારો અહં એટલો બધો છે કે સામી વ્યક્તિનાં વખાણ કરવાનું મને સૂઝે જ નહિ, પણ તમે ઢોલત્રાંસાં પીટ્યા વિના, નગારાં, પડઘમ પછાડ્યા વિના સાડાચાર ફીટના ખૂણામાં, દફતરમાં, યા બે ફીટની જગ્યામાં જ હિંચકે ઝૂલતાં જે રીતે મગજને સેવાયોગમાં મચેલું રાખ્યું છે એ માટે પણ ધન્યવાદ! આ વ્યવસ્થા મારામાં તો મોટી ઉંમરે પણ આવે કે કેમ એની મને તો શંકા છે.

બ.: આવશે, આવશે.

ચં.: પુત્રનાં લખ્ખણ પારણામાંથી પરખાય. અમે તો પારણે ઝૂલેલા જ નહિ. તમે તો બચુભાઈ! આજન્મ કવિ. કવિતા તો મેં બહુ મોડીમોડી લખવા માંડી.

'કુમાર' પ્રગટ થયું તે દિવસથી. દર માસનું ગીત – મોટું ગીત. તમે પ્રગટાવેલો 'કુમાર'નો પ્રત્યેક અંક એટલે કવિતા. છંદ, ઓજસ, પ્રસાદ, લાવણ્ય-રસ તો ભરપૂર, ઉપરાંત, લયમાધુર્ય સાંગોપાંગ છેક છેલ્લા પાના સુધી. પ્રત્યેક અંક નોખો-નિરાળો. એ અંકોને કવિતા નહિ કહીએ તો શું કહીએ! અહીં છાપાંચોપાનિયાંમાં લખાતી કવિતા બહુબહુ તો દ્વારકા, દહાણુ, મુંબઈ, દિલ્હી, કલકત્તા, મદ્રાસ, હૈદરાબાદ વંચાય. આ તમારી દર માસની કવિતા તો ઇંગ્લૅન્ડ, યુનાઇટેડ સ્ટેટ્સ, કૅનેડા, આફ્રિકાના ખંડો સુધી પહોંચે ને વંચાય, સંઘરાય, બાંધીને સચવાય. મહાકાવ્ય. બચુભાઈ, જોજોને તમારા આ ભગીરથ કામને લોકો–કોઈ સમજદાર વિવેચક જીવંત વિદ્યાપીઠ કહેશે. અને તેયે જેવી તેવી નહિ, જ્ઞાનસમૃદ્ધ વિદ્યાપીઠ કે જ્ઞાનપીઠ કહેશે. નિશાળ કૉલેજો પડી ભાંગશે, એની કદાચ હસ્તીની ગણતરી પણ નહિ થાય, ત્યારે સાચા જિજ્ઞાસુઓ આ જીવંત વિદ્યાપીઠમાંથી જ્ઞાન મેળવવા જશે. હસો, આજે હસો.

બ.: આજે કંઈ પીઓ. ચા કે કંઈ ઠંડું.

ચં.: વખાણ ન સાંભળવાં એ એક જાણીતો ધર્મ છે, અને એમાંથી કેમ બચવું એનો કીમિયો, બચુભાઈ, તમને આવડે છે. ઠીક, વાદે ચડેલી જીભને તમે રોકી. ખરું ને દેશળજીભાઈ?

દે.: ફરી મળીએ એવું થાય છે. તમે બંને નક્કી કરો. હું તો ગોંડલની બહાર બહુ નીકળી શકતો નથી.

ચં.: અને બચુભાઇને રાયપુરનું આ ડહેલું છોડવું ગમતું નથી. એટલે મારે જ ભટકવું રહ્યું. ચાલો ત્યારે, જય જય. □

થોડાં અંગત સ્મરણો

ગુલાબદાસ બ્રોકર

બચુભાઈનો અને મારો સંબંધ તો અનેક વર્ષો જૂનો. પણ એ સંબંધ બંધાયાં પહેલાંની એક સ્મૃતિ અત્યંત મધુરતાથી મારા મનનો કબજો લઈને બેસી ગઈ છે.

વર્ષો પહેલાંના એ જમાનામાં 'કુમાર' ગુજરાતના યુવાનોનું અત્યંત માનીતું સાહિત્યિક પત્ર. એમાં પોતાની કૃતિ છપાય તો ઊગતો સાહિત્યકાર પોતાનો પૂર્ણ ઉદય નિશ્ચિત છે એમ માને.

દરેક જુવાન લેખક ઝાઝે ભાગે પોતાના સાક્ષર જીવનની શરૂઆત કવિતાના લેખનથી કરે તેમ મેં પણ કરેલું. સદ્‌ભાગ્યે મારા લેખનના લગભગ શરૂઆતના કાળમાં હું શ્રી રામનારાયણ પાઠકના નિકટના સંપર્કમાં આવેલો. કંઈ પણ લખું કે તુરત એમને બતાવું, ત્યારે એ વિલેપાર્લેમાં જ રહેતા, અને એમનું ઘર મારા ઘરથી બહુ દૂર નહોતું. એમની સાહિત્ય વિશેની સૂઝ અને પરખ એટલી ઊંડી અને સ્પષ્ટ હતી કે એમની કસોટીમાંથી પાર ઊતરેલી કૃતિ ભાગ્યે જ અલ્પસત્ત્વ હોય.

એક વાર મારી એક તાજી જ લખાયેલી કવિતા મેં એમને બતાવી. નામ હતું 'બુદ્ધને પ્રશ્ન'. એમને એ કવિતા ગમી. 'પ્રસ્થાન'માં મોકલવા તેમણે તૈયારી બતાવી. પણ મારા મનમાં લોભ જાગ્યો. મેં એમને પૂછ્યું : 'રામનારાયણભાઈ, આ કાવ્ય 'કુમાર'ને મોકલું તો ?' એ હસ્યા, મારા પ્રશ્નથી રાજી થયા. મને કહે : 'સાચું કહું ?'

મેં કહ્યું : 'તમે જે કહો છો તે સાચું જ કહેતા હો છો ને ?' તો કહે : 'મને પણ થતું કે 'કુમાર'માં આ સવિશેષ શોભશે.'

પણ મારા મનમાં સંશય ઊઠ્યો. મેં કહ્યું : 'પણ બચુભાઈ મને ઓળખતા નથી.'

તે હસી પડ્યા. કહે : 'ભલેને ન ઓળખે. કવિતાને તો એ ઓળખે છે ને ?' ને પછી ઉમેર્યું, 'એમના જેવા કવિતાના રસિક પારખુ ગુજરાતમાં કેટલા ઓછા છે !'

ને મને હિંમત આવી ગઈ. મેં કવિતા 'કુમાર'ને મોકલી દીધી.

એ કવિતા સ્વીકારાશે એવું તો હું ધારતો હતો, પણ 'કુમાર'ના ઊઘડતા પાને માત્ર એ એક જ કાવ્ય પ્રસિદ્ધ થશે તેવું હું શી રીતે ધારું ? એથી તો 'કુમાર'નો એ અંક જોયો ને દોડ્યો રામનારાયણભાઈ પાસે.

'એમણે તો આ રીતે આ મૂક્યું.' મેં ઉત્સાહપૂર્વક કહ્યું.

'મેં તમને નહોતું કહ્યું, એ તમને ભલે ન ઓળખે પણ કવિતાને તો ઓળખે જ છે.'

પ્રત્યક્ષ પરિચય, અલપઝલપ તો, વચ્ચેનાં વર્ષોમાં થયો હશે, પણ સવિશેષ નિકટતાથી એમના પરિચયમાં આવ્યો ૧૯૪૩માં. એ વર્ષમાં ગુજરાતી સાહિત્ય પરિષદ વડોદરામાં ભરાઈ હતી. અમે થોડા મિત્રો એ પ્રસંગે ભાઈ શ્રી કિશનસિંહ ચાવડાને ત્યાં ઊતર્યા હતા. બચુભાઈ પણ તેમાં હતા. એ પ્રસંગે ત્યાં શ્રી બળવંતરાય ઠાકોર પણ હતા તેથી સ્મરણીય બની ગયો હતો. એની ચિરસ્થાયી યાદ રહે એ ખાતર એ પ્રસંગે લેવાયેલી છબી, શ્રી બળવંતરાય ઠાકોરને અનુલક્ષીને સંપાદિત થએલા 'પંચોતેરમે' નામના ગ્રંથમાં ભાઈ કિશનસિંહે મૂકી છે.

એ ત્રણ ચાર દિવસનો પરિચય બચુભાઈ સાથેની મધુર મૈત્રીમાં ફેરવાઈ ગયો. થોડું બોલે, મીઠું હસે, પોતાને ક્યાંય આગળ પાડે નહિ, આછકલા તો જરાયે ન થાય. પણ સમજે બધું જ – ઊંડાણથી. તેમના ફરકતા હોઠમાં અને ઝીણી બની જતી આંખોમાં એ સમજણ પૂરેપૂરી ઊપસી આવે.

એ પ્રસંગે બંધાયેલો સંબંધ જિંદગીભર જળવાઈ રહ્યો.

પણ મળવાનું બહુ ઓછું થાય. નાનપણથી હું 'કુમાર'નો પ્રશંસક, પણ મારી કલમમાંથી 'કુમાર'ના ખરનું લખાણ કોઈક વાર જ નીકળે. એટલે વારંવાર પત્ર દ્વારા મળવાનું ન બને. પણ હું જ્યારેજ્યારે અમદાવાદ જાઉં ત્યારે બને તેટલી વખત બચુભાઈને મળવા તો જાઉં જ. અને ત્યારે ન મળ્યાનાં માસો, વર્ષો, પળભરમાં ઊડી જાય, જાણે અમે ગઈ કાલે જ મળ્યા હોઈએ એટલા તાજા થઈ જઈએ.


એક વખત 'ધર્મયુગ'માંથી મિત્ર ધર્મવીર ભારતીનો ટેલિફોન આવ્યો. 'મારી પાસે રોમ શહેરની થોડી, ટ્રાન્સપેરન્સીઓ આવી છે. તમે રોમ જઈ આવ્યા છો, એને વિશે એક લેખ મને આપો. હું આ ટ્રાન્સપેરન્સીઓથી એને સરસ રીતે શણગારીશ.'

લખ્યો એ લેખ 'સનાતન શહેરમાં' એ નામથી. 'ધર્મયુગ'માં સરસ રીતે છપાયો. મારા ઉપર એ વિશે જે પત્રો આવ્યા તે ઉપરથી જાણ્યું કે ભારતના ઘણા ભાગોમાં એ વંચાયો હશે. તે ઉપરથી મને વિચાર આવ્યો. મારી યુરોપયાત્રાનું એક પુસ્તક શા માટે ન લખું ? બેસી ગયો લખવા, 'નવા ગગનની નીચે' પુસ્તક લખાઈ ગયું.

પછી વિચાર આવ્યો. આવાં પ્રવાસવર્ણનો વાંચવાં ઘણાંને ગમે. પુસ્તક તરીકે તો પુસ્તક હાથમાં આવે એ જ વાંચે, પણ લેખમાળા લેખે એ જો ક્યાંક છપાયું હોય તો એને વાંચનારા ઘણા મળી રહે.

એ લેખમાળા ક્યાં છાપવી એ વિચાર કરતાં 'કુમાર' એને માટે સુયોગ્ય વાહન લાગ્યું. બચુભાઈને પત્ર લખ્યો : 'કુમાર'માં છાપી શકો આ ધારાવાહી રૂપે ? તરત જ તેમનો ઉત્તર આવ્યો : 'થોડું લખાણ મને મોકલો, પછી જોઈને જવાબ આપું.'

આ જ એમની રીત. તંત્રીધર્મની આડે બીજું કશુંય ન આવવા દેવું ? મને એ ગમ્યું. ત્રણચાર પ્રકરણો મોકલી આપ્યાં. તરત જ ઉત્તર : ''કુમાર' આ છાપશે. બધું લખાણ મોકલી આપો.'



વડોદરામાં ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૫મા અધિવેશન વખતે (૧૯૪૩માં) તરુણ સાહિત્યકારોએ 'લેખક-મિલન' સ્થાપ્યું એ સમયે યજમાન શ્રી કિશનસિંહ ચાવડાના (૮, અલકાપુરી) નિવાસસ્થાને લેવાએલી છબિ. પાછળ : સુન્દરમ્ અને ઉમાશંકર, આગળ ડાબી બાજુથી યશવંત પંડ્યા, ગુલાબદાસ બ્રોકર, બળવંતરાય ઠાકોર, કિશનસિંહ ચાવડા અને બચુભાઈ રાવત.

આ બચુભાઈ! કદીએ ઉત્તર આપવામાં વિલંબ નહિ, નિર્ણય લેવામાં સમયનો વ્યય નહિ.

હોંશેહોંશે એમણે એ લેખમાળા છાપી. વાચકોને એ ગમી. મારા આનંદનો પાર ન રહ્યો.

'કુમાર'ના સંપાદનના તેમના નિષ્ઠાસભર કાર્યના પ્રશંસકો તો ઘણા છે તેમ હું જાણતો જ હતો, છતાં એક દિવસ ટેલિફોન આવ્યો તેથી મને એમના પ્રત્યેની એ પ્રીતિ લોકોનાં હૃદયમાં કેટલી ઊંડી ઊતરેલી છે તેનું સહસા ભાન થયું.

ટેલિફોન શ્રી ચીમનલાલ પી. શાહના વતી ભાઈ સુરેશ દલાલે કર્યો હતો. ચીમનલાલ પી. શાહ કાગળના મોટા વેપારી તેની મને ખબર, પણ સાહિત્યના રસિક ભોક્તા અને પ્રશંસક હશે તેની ખબર નહિ. સુરેશભાઈએ તે ખબર આપી અને કહ્યું કે ચીમનભાઈ શ્રી બચુભાઈ રાવતને સન્માનવા માગે છે અને તેમને સુવર્ણચંદ્રક ભેટ આપવા ઇચ્છે છે.

'એથી રૂડું શું?' મેં કહ્યું.

'તમારે એ પ્રસંગે અતિથિવિશેષ થવાનું છે, બચુભાઈના મણિ-મહોત્સવનો પ્રસંગ છે.'

મેં હા પાડી. સમારંભ જૈન યુવકસંઘ અને ચીમનલાલ પેપર કંપનીના સંયુક્ત આશ્રયે ગોઠવાયો. પ્રમુખસ્થાને જૈન યુવક સંઘના પ્રમુખ શ્રી ચીમનલાલ ચકુભાઈ શાહ હતા.

સરસ થયો એ સમારંભ. બચુભાઈ માટે પ્રશંસાની છોળો ઊઠી. મારી પાસે બેઠેલા બચુભાઈને મેં કહ્યું:

'તમારાં ખૂબ વખાણ થાય છે. આનંદ આવે છે?'

એમણે કહ્યું: 'બુઢ્ઢો થયો છું. ખાસ સંભળાતું નથી આ બધું', પણ તેમના હાવભાવ ઉપરથી તેમના કહેવામાંનું થોડું પામી જાઉં છું.' ને પછી તેમણે ઉમેર્યું: 'એથી મને આનંદ ન થાય એટલો હું વિરક્ત બની નથી ગયો.'

એ વાત એમની સાચી હતી. એ વિરક્ત નહોતા બની ગયા. રક્ત જ હતા. પૂરેપૂરા રક્ત. 'કુમાર'ને ઉત્તમ સામયિક બનાવવામાં, ઉત્તમ કવિતાનો રસ પીવામાં અને આખા ગુજરાતને પાવામાં, સુંદરતાના પૂજનમાં અને સંસ્કૃતિની ભકિતમાં–સદૈવ અને પૂરેપૂરા રક્ત.

આવા અવિરક્ત પુત્રો મા સરસ્વતીને વારંવાર મળતા રહો! □

સામયિક પત્રકારત્વનું એક અજોડ ઉદાહરણ


નરોત્તમ પલાણ

ગુજરાતના પત્રકારત્વનો જે ટૂંકો અને તેજસ્વી ઇતિહાસ છે, તેમાં સામયિકોના પત્રકારત્વનું પાસું વિશેષ ઊજળું છે. દૈનિકપત્રો કરતાં માસિક અને ત્રૈમાસિક પત્રોને પ્રમાણમાં ટૂંકું પણ વધારે ઊંડાણથી કાર્ય થઈ શકે તેવું ક્ષેત્ર હોય છે. આ ક્ષેત્રમાં સિદ્ધિ પ્રાપ્ત કરવી પ્રમાણમાં વિશેષ સરળ જણાય, પરંતુ વિવિધ વિષયી સામયિકોમાં એના તંત્રી પાસે જે શક્તિ અને સૂઝબૂઝની અપેક્ષા રહે છે તે દૈનિકપત્રના તંત્રી પાસે રહેતી નથી. આ કારણે દૈનિકપત્રોમાં વ્યવસ્થા-શક્તિ મુખ્ય બની રહે છે અને વિષયનો પરામર્શ ગૌણ, જ્યારે સામયિકનો તંત્રી પ્રમાણમાં વધારે સજ્જ, વિવિધ વિષયની પહોંચવાળો અને તેથી બહુશ્રુત તેમ જ વ્યવસ્થાસંપન્ન પણ હોય તો જ તેનાં કાર્યમાં વિત્ત પ્રગટી શકે.

ગુજરાતની જ નહિ, ભારતની છેલ્લી અર્ધશતાબ્દીનો વિચાર કરતાં જણાય છે કે બચુભાઈ જેવો મોટા ગજાનો, વિવિધ વિષયનો પ્રેમી અને જ્ઞાતા તેમ જ રસિક પત્રકાર અન્યત્ર નથી. એમણે જે રીતે 'કુમાર'ને ઘાટ આપ્યો અને એ દ્વારા નાગરિકનું ઘડતર આરંભ્યું તે ગુજરાતી સામયિક સૃષ્ટિમાં એક વિરલ ઘટના છે. બચુભાઈનો ઉચ્ચ આગ્રહ અને સૂઝ, મુદ્રણકલાની સફાઈ અને કરકસરભરી કલાત્મકતા લગભગ અનન્ય રહી છે.

બચુભાઈએ જે રીતે કાવ્યપ્રવૃત્તિ અને ઈતર કલાપ્રવૃત્તિને વેગ આપ્યો તેની ઉપર તો લાખો પુષ્પ ચડાવો તો પણ ઓછાં છે, પરંતુ સવિશેષ તો એમણે જે દોરેદોરાનું માપ લઈને 'કુમાર'ના તંત્રી તરીકેની જિંદગી જીવ્યા તે સામયિક પત્રકારત્વનું એક અજોડ ઉદાહરણ છે. □

▽ મુંબઈના જૈન યુવક સંઘ તથા ચીમનલાલ પેપર કં.ના સંયુક્ત ઉપક્રમે બચુભાઈને સુવર્ણચંદ્રક અર્પણ થયો ત્યારે. ડાબી બાજુથી (?), કવિ રાજેન્દ્ર શાહ, અતિથિવિશેષ ગુલાબદાસ બ્રોકર, બચુભાઈ, સમારંભના અધ્યક્ષ ચીમનલાલ ચ. શાહ, ચીમનલાલ પી. શાહ, (?) અને (વક્તા) શાંતિલાલ હ. શાહ–'જન્મભૂમિ'ને 'નવજીવન' ટ્રસ્ટોના અગ્રણી.

















બચુભાઈની કેટલીક છબિઓ 'કુમાર'ના ૬૭૯ (જુલાઈ-'૮૦)મા અંકમાં આપી હતી. અહીં બીજી વધુ. મળી શકયાં તે છબિકારોનાં નામ તેની સાથે આપ્યાં છે. જેની જાણ નથી થઈ શકી તે નામો નહિ આપી શકવા બદલ તે છબિકારો અમને દરગુજર કરશે તેવી આશા છે.


ડાબી બાજુ મથાળે: બચુભાઈના પિતામહ જીવાભાઈ સવજીભાઈ રાવત, (તેની નીચે) પિતા પોપટભાઈ. ગોંડલ રાજ્યના તેઓ પશુવૈદ્ય અને પૅડોક સુપરિન્ટેન્ડન્ટ હતા. (મથાળે) ખુરશી પર બેઠેલા (અનુક્રમે) પોપટભાઈ, જીવાભાઈ અને બચુભાઈના કાકા જાલમસિંહ. પોપટભાઈની પાછળ ઊભેલાં તે બચુભાઈનાં અપરમાતા રેવાબા. ડાબી બાજુ હાથમાં ચોપડી લઈ ઊભેલો બાળક તે ઉમેદસિંહ, એટલે કે બચુભાઈ. (હા, ઉમેદસિંહ એ એમનું અસલ નામ, પણ ઘર-માં કહેવાતું 'બચુભાઇ' નામ એમણે કાયમ રાખ્યું હતું. (ફોટો: હીરજી જેસિંગ પટાવાળા) ઉપર વચ્ચે નવયુવાન બચુભાઈ (એક જૂના ફાટેલા ફોટો પ્રિન્ટમાંથી) ખોળામાં કાળી ટોપી ધ્યાન દોરે છે. (જમણી બાજુ) ઈ. ૧૯૨૨ના અરસાની એક છબિ. અમદાવાદ આવ્યા પછી પોશાકના આ પરિવર્તનમાં સ્વતંત્ર ઘર માંડયા પછીની કરકસર અને ગાંધીયુગનો પ્રભાવ દેખાય છે. ડાબી બાજુની છબિ પણ લગભગ એ જ કાળની પણ પછીની છે.




અમદાવાદના રાયપુર વિસ્તારમાં બદવા પોળની ૮×૮ ફૂટની ઓરડી, જ્યાં માસિક ત્રણ રૂપિયાના ભાડાથી ઈ. ૧૯૨૦ના જાન્યુઆરીથી બચુભાઇએ અમદાવાદનું જીવન શરૂ કરેલું. (ફોટો : બચુભાઇ)







ઉપર : અમદાવાદમાં એલિસબ્રિજના નાકા પર આ ફોટો લીધો લાગે છે. સંભવતઃ ઈ. ૧૯૩૩ના અરસાનો એ હશે. એમનો પોશાક નોંધનીય છે. બચુભાઇએ ખાદીની ઊંચી દીવાલની ટોપી, ઝભ્ભો, ને સુરવાલ નહિ પણ ધોતિયું પહેર્યું છે.



...પણ આ ફોટોમાં લાંબો કોટ અને સુરવાલ તો છે, પરંતુ ટોપી ખાદીની નહિ, ભરત ભરેલી છે. એવી જ સુંદર ભરતકામવાળી શાલ પણ હાથમાં રાખી છે. બાજુના બે ફોટો એમના પાનકોરનાકાના ઘરમાં લીધેલા છે. (ફોટો : બલવન્ત ભટ્ટ) તેમાં ઉપરના ચિત્રમાં તેઓ એમનાં મોટાં પુત્રી ચંદ્રાબેન તથા પત્ની સુધાબેન સાથે. નીચે એ જ ઘરની છતમાં રાખેલા 'મધરિયા'માંથી આવતા પ્રકાશમાં તેઓ પોતાની લાક્ષણિક ઢબે બેસી કંઈ વાંચી રહ્યા છે. એ સમયનું એમનું રાચરચીલું અને એની ગોઠવણ ધ્યાન ખેંચે છે. પોતાનાં ફોઇબા તરફથી વારસામાં મળેલા આ ઘરમાં તેઓ ૧૯૨૩થી ૧૯૩૩ સુધી રહ્યા હતા. અને પછી એલિસબ્રિજમાં બનાવેલા પોતાના મકાન 'નેપથ્ય'માં જઈ વસ્યા.



'કુમાર'નું લિમિટેડ કંપનીમાં રૂપાંતર થયા પહેલાંની ત્યાંની બચુભાઈની બેઠકનો અંધારિયો ખૂણો, જ્યાંથી એમણે જ્ઞાનપ્રકાશ પ્રસાર્યો.





'કુમાર'ના પ્રારંભકાળનું પંચ : ડાબી બાજુથી – ચિત્રકાર રવિશંકર પંડિત, બચુભાઈ રાવત, કવિ દેશળજી પરમાર, 'ધૂમકેતુ' અને પાછળ ખુરશી પર રવિશંકર રાવળ. નીચે ડાબી બાજુ : રવિશંકર રાવળ અને બચુભાઈ, શિયાળાના તડકાની હૂંફમાં 'કુમાર' માટે કંઈ ઉથલાવતા. જમણી બાજુ : 'કુમાર'ની અંગત જવાબદારીઓમાંથી રવિભાઈ મુક્ત થયા અને 'કુમાર કાર્યાલય લિમિટેડ'ની સ્થાપના થઈ ત્યારે 'કુમાર'ના સંપાદન ઉપરાંત કંપનીનીવહીવટી જવાબદારી પણ ઉપાડી લઇને બચુભાઈ મૅનેજિંગ ડિરેક્ટર પદે આવ્યા તે સમયે, કાર્યાલયમાં પોતાની નવી બેઠક પર (તા. ૨૦ જાન્યુઆરી ૧૯૪૫).




ડાબી બાજુ :
ઈ. ૧૯૪૮માં દિલ્હીની સખ્ત ઠંડીમાં.
(બચુભાઈથી કદી ઠંડી સહન થતી નહોતી.)
ફોટો : જગન મહેતા.










બચુભાઈ માટે તો કોઈ પણ સ્થળ કામ માટે અનુકૂળ હતું. (ઉપર)

પાછલાં વર્ષોમાં સાઈકલ છોડી દઈ બસમાં આવવા-જવાનું શરૂ કર્યું હતું તે પછી બસ-સ્ટૅન્ડ પર કે બસમાં યે એ તક મળે તો કંઈ ને કંઈ લખવા-વાંચવા માંડે. એ રીતે પોતાના આવાસ 'નેપથ્ય' પાસેના બસ-સ્ટૅન્ડના બાંકડા પર કોઈ સામયિક પર નજર ફેરવતા બચુભાઈ (ફોટો : નરેન્દ્ર રાવળ). અને ઘર પણ એમને મન 'કુમાર કાર્યાલય'નું બીજું દફ્તર જ હતું ને? રૂ ભરેલી બેવડી જાડાઈની તળાઈ પર પગ લંબાવી મોટા તકિયાને અઢેલીને પોતાની લાક્ષણિક ઢબે બેસી 'કુમાર'નું અર્ધોઅર્ધ કામ તો એમણે અહીં કર્યું હતું. બાજુમાં જ એમને જરૂરી એવી – દવાથી દવાત સુધીની બધી સામગ્રી રહેતી. (ફોટો : ત્ર્યંબકલાલ પટેલ). આમ, વિવિધ ક્ષેત્રે એમણે સતત કાર્યરત રહીને કરેલી મૂક સેવા તથા એમણે કરેલાં પ્રદાનોની સ્વીકૃતિઓ પણ થઈ. એ જાહેર સન્માનોમાંની ત્રણની છબિઓ નીચે આપી છે. ડાબી બાજુ ઉપર : મુંબાઈમાં તા. ૧૪ જુલાઈ ૧૯૭૪ના રોજ 'મુંબઈ જૈન યુવક સંઘ' તથા 'ચીમનલાલ પેપર કંપની'ના સંયુક્ત ઉપક્રમે 'કુમાર'ની સુવર્ણજયંતી નિમિત્તે બચુભાઇને સુવર્ણચન્દ્રક પહેરાવતા ચીમનલાલ પી. શાહ, જમણી બાજુ એ સંમેલનના અધ્યક્ષ અને જૈન યુવક સંઘના પ્રમુખ ચીમનલાલ ચકુભાઈ શાહ. તેની નીચેની છબિમાં તા. ૨૯ માર્ચ ૧૯૮૦ના રોજ ગુજરાતના રાજ્યપાલ શ્રીમતી શારદા મુખરજીના હસ્તે રાજ્ય લલિતકલા અકાદમીનો ઍવૉર્ડ સ્વીકારતા બચુભાઈ તથા જમણી બાજુની છબિમાં તા. ૨૯ માર્ચ ૧૯૭૫ના રોજ નવી દિલ્હીમાં ત્યારના રાષ્ટ્રપ્રમુખ ફખરુદ્દીન અલી અહમદના હસ્તે પદ્મશ્રીનું માન સ્વીકારતા બચુભાઈ.







'કુમાર'નું પહેલું પાનું

ભોળાભાઈ પટેલ

કુમારનું પહેલું પાનું એટલે કવિતાનું પાનું.

'કુમાર'ના આ પહેલા પાના પર લગભગ અર્ધ સદીની ગુજરાતી કવિતા મ્હોરતી રહી છે. અર્ધ સદીની સમયયાત્રામાં કવિતામાં આવતાં નવાં વલણો આ પહેલા પાના પર પ્રતિબિંબિત થતાં રહ્યાં છે. ગુજરાતી કવિતાના અનેક નવા હસ્તાક્ષર આ પહેલા પાના પર પ્રકટ થયા છે. 'કુમાર' તેના વિશિષ્ટ સ્તંભો માટે જાણીતું છે, પરંતુ આ પહેલા પાના પર આવતો કવિતાનો સ્તંભ પ્રથમ રહેશે. કવિતાના સંપાદક તરીકે બચુભાઈ રાવતની ક્ષમતા અને સીમાનો તે દ્યોતક છે.

ઈ. સ. ૧૯૨૪માં 'કુમાર'નું પ્રકાશન શરૂ થયું હતું. તેના પહેલા અંક પર મિતિ હતી પોષ સંવત ૧૯૮૦ની. સંવત અને ભારતીય મહિનાનું નામ લખવામાં એ દિવસોની દૃષ્ટિએ સ્વસંસ્કૃતિ-અનુરાગી દૃષ્ટિ હતી. શરૂઆતનાં વર્ષોમાં તંત્રી રવિશંકર રાવળ હતા, પણ બચુભાઈ સક્રિયપણે તેના સંપાદનમાં જોડાયેલા હતા એ જાણીતી વાત છે.

'ગુજરાતની ઊગતી પ્રજાના આ માસિક'માં શરૂઆતમાં કવિતાઓ જૂજ છે. પહેલા અંકમાં શરૂઆતમાં વસંતતિલકા છંદમાં પ્રાર્થના છે. નીચે પ્રાર્થયિતાનું નામ નથી. કદાચ સંપાદન કર્મનો અંશ હોય. પણ તે ઉપરાંત ત્રિભુવન ગૌરીશંકર વ્યાસની કવિતા 'શીઆળો' છે. કવિતા સાથે સૂચક ચિત્રો પણ છે.

આ વર્ષો એટલે દેશના ઇતિહાસમાં ઊથલપાથલનાં વર્ષો છે. પણ ગુજરાતી કવિતાપ્રવાહની દૃષ્ટિએ વાત કરીએ તો બળવંતરાય અને ન્હાનાલાલની બોલબાલા હતી. 'કલાપી' લોકપ્રિય થઈ ચૂક્યા હતા અને 'કાન્ત'નો 'પૂર્વાલાપ' પ્રકટવામાં હતો.

એ દૃષ્ટિએ શરૂઆતનાં વર્ષ 'કુમાર' કવિતા પરત્વે મોળું લાગે. ત્રિભુવન વ્યાસ ઉપરાંત પહેલા અંકમાં અરદેશર ફરામજી ખબરદારની 'હાથ જોડી ના બેસો' કવિતા છે. ઉપરાંત 'જેસલ તોરલનું' ભજન અને દલપતરામની 'નમેલી ડોશી' કવિતા છાપી છે. લાગે છે કે 'ઊગતી પ્રજાનું માસિક' એ ધ્યાનમંત્ર મોટા અક્ષરે સામે રહ્યો હશે. નહિતર, બીજા અંકમાં ન્હાનાલાલની સહી સાથે તેમની કવિતા હોય, પણ તે હોય—

'નાવનો કપ્તાન, થઈશ હું નાવનો કપ્તાન'

બીજા અંકમાં પણ શરૂમાં ઇન્દ્રવજ્રામાં 'પ્રાર્થના' છે. ત્રિભુવન વ્યાસનું 'ઉષા' કાવ્ય છે. 'માધાવાવ' લોકગીત અને દલપતરામની 'ઊંટ કહે' પણ છાપ્યાં છે. પહેલા વર્ષના અંકોમાં લગભગ આ પેટર્ન રહે છે. મુખ્ય કવિ ત્રિભુવન વ્યાસ રહે છે. મોટા ભાગની તેમની કવિતાઓ વર્ણનાત્મક છે—જેમ કે શીઆળો, ઉષા, વસંત, ઉનાળો, સંધ્યા, અષાઢી મેઘ, મધરાત, ભાદરવો, દીવાળી, વગેરે. ન્હાનાલાલ કવિનાં 'બ્હેનના શણગાર' તથા 'દુ:ખસુખ' નામે કાવ્યો અંક ૮ અને ૧૦માં છપયાં છે.

બીજા વર્ષની શરૂઆતના અંકમાં બળવંતરાય કલ્યાણરાય ઠાકોરનું પછી જાણીતું થયેલું કાવ્ય 'શેર-દોરો' સચિત્ર છપાયું છે. આ વર્ષમાં હરિહર ભટ્ટનું અતિ પ્રસિદ્ધ રહેલું પદ 'એક જ દે ચીનગારી' કુમારમાં છપાય છે. કવિ દેશળજી પરમારનો અને ચંદ્રવદન ચીમનલાલ મહેતાનો પ્રવેશ થાય છે. ઈ. ૧૯૨૬ (સંવત ૧૯૮૨-'૮૩)નું ત્રીજું વર્ષ ચંદ્રવદન અને દેશળજી પરમારનું છે. ચંદ્રવદનનાં ઈલાકાવ્યો શરૂ થઈ ગયાં છે. પરંતુ ચોથા વર્ષમાં એટલે કે ઈ. ૧૯૨૭માં એક પ્રતિભાશાળી કવિની રચના આવે છે. એ કવિ છે કૃષ્ણલાલ સિધરાણી.

આ બધાં વર્ષોમાં કવિતાઓ પહેલે પાને ભાગ્યે જ આવતી. કુમારના પાંચમા વર્ષથી એટલે કે ઈ. ૧૯૨૮થી કવિતાને પહેલું પાનું મળે છે. જો કે વચ્ચેવચ્ચે એ ખસી પણ જાય છે.

આ વર્ષોની કવિતાની વાત કરીએ તો ચંદ્રવદનની કવિતા ભગિની-પ્રેમની કિશોર વયની ભાવનાની નવી લહેર લાવે છે. દેશળજીની 'તું ઊઠ જાગ, જગ પાછળ કાં પડ્યો છે' – જેવી રાષ્ટ્રપ્રીતિની કવિતાઓ છે. પણ તેમાં એકદમ નવો સ્વર કૃષ્ણલાલ સિધરાણી (આગળ જતાં શ્રીધરાણી) અને કવિ સુંદરમ તથા ઉમાશંકર જોશીનો આવે છે. ઈ.સ. ૧૯૩૦ (સં. ૧૯૮૬-'૮૭)માં શ્રીધરાણીની 'મુક્તિગાન' કવિતા આવી—

'આવો ગુલામો આવો પીડિતો'

અને સુન્દરમ્‌ની પૃથ્વી છંદમાં 'જવાન દિલ !' કવિતા આવી. શ્રીધરાણીની કુચબારશ મિતિએ લખાયેલી કવિતા 'વાંછા' કનુ દેસાઈના ચિત્રાંકન સાથે છપાય છે. ઈ.સ. ૧૯૩૦ (સંવત ૧૯૮૬-૮૭)નું આ વર્ષ દેશના ઇતિહાસમાં મહાત્મા ગાંધીજીની દાંડીયાત્રાને લીધે અતિમહત્ત્વનું છે. તે 'કુમાર'ના કાવ્યસંપાદનના ઇતિહાસમાં પણ અગત્યનું ગણી શકાય તેમ છે. આગળ જતાં અતિ પ્રતિભાશાળી કવિઓ તરીકે સિદ્ધ થનાર ત્રણ કવિઓની પોતાના સમયબોધથી અનુપ્રાણિત રચનાઓ છપાય છે આ વર્ષે. કવિઓ અને તેમની કૃતિઓની સૂચિ આ રહી :

કૃષ્ણલાલ શ્રીધરાણી : મુક્તિગાન, વાંછા, દાંડીને, મુક્તપ્રાણ.

સુન્દરમ્ : જવાન દિલ !, મુક્ત થતા રાષ્ટ્રની સ્વતંત્રતા, લડે, નિરધાર, સાફલ્યટાણું અને—

ઉમાશંકર જોશી : ગુલામ, રેંટિયો.

શ્રીધરાણી તો દાંડીયાત્રાના યાત્રિક હતા. 'મુક્તપ્રાણ' કવિતા એ યાત્રાથી થયેલ 'નાશિક જેલ'માંથી આવેલી છે. આપણા આ ત્રણે તરુણ કવિઓની એ સમયની માનસિકતાનો અહીં આલેખ મળે છે. કવિતારીતિ પરત્વે સૉનેટનું અને સંસ્કૃતવૃત્તોનું આકર્ષણ છે. છતાં ઉમાશંકરે 'હું ગુલામ?'માં સુન્દરમે 'મુક્ત થતા રાષ્ટ્રની સ્વતંત્રતા'માં અને કૃષ્ણલાલ શ્રીધરાણી (અહીંથી 'સિ' ને બદલે 'શ્રી' થાય છે)એ 'મુક્તપ્રાણ'માં ગુલબંકીનો ઉપયોગ કર્યો છે. ('હું ગુલામ'માં બીજી પંક્તિનો પાઠ છે 'સૃષ્ટિ બાગનું અતુલ ફૂલ માનવી ગુલામ ?). ઉમાશંકરની 'રેંટિયો' નામે કવિતા પછી ક્યાંય ગ્રંથસ્થ થઈ લાગતી નથી. 'સમગ્ર કવિતા'(૧૯૮૧)માં ય તે નથી, એટલે એની પહેલી પંક્તિ અહીં આપું છું:

'શું કોઈ તારક નભેથી તૂટી પડેલ...'

બળવંતરાય ન્હાનાલાલ અને 'કાન્ત' આદિની પંડિત-યુગની કાવ્યધારા પછી ગાંધીયુગની કાવ્યધારાના આમ 'કુમાર'માં ધ્યાનાર્હ ઉન્મેષ છે. કાવ્ય-સંપાદન અને કાવ્ય માવજતની દૃષ્ટિ 'કુમાર'માં ૧૯૩૦થી વધુ ઉજાગર બને છે. અન્ય કવિઓમાં પૂજાલાલ, ઈન્દુલાલ ગાંધી, મન:સુખલાલ મગનલાલ ઝવેરી, ઝવેરચંદ મેઘાણી, ચમનલાલ ગાંધી, મુકુન્દ વિ. પારાશર્ય, વિજયશંકર કાનજી પટ્ટણી, ચંદ્રવદન મહેતા, કેશવ હ. શેઠ, ખબરદાર, ચુ. ડા. પાટડિયા વગેરે છે.

પછીના વર્ષમાં રતિલાલ (પછીથી રામપ્રસાદ) શુક્લ પ્રવેશ કરે છે. ધીમેધીમે ત્રિભુવનદાસ લુહાર, ઉમાશંકર જોશી અને રતિલાલ શુક્લ ('ત્રિઉર')ની ગોઠડી જામતી જાય છે. ઉમાશંકરે તો એ વિષે એક સૉનેટ કરેલું છે. ('કુમાર' અંક ૧૭૬). ઝવેરચંદ મેઘાણીનું 'કોઇનો લાડકવાયો' આ વર્ષે (ઈ. ૧૯૩૧માં) છપાય છે. એટલું જ નહિ, ઉમાશંકરના 'વિશ્વશાંતિ' ખંડ કાવ્યનો અંશ છપાય છે. (અંક ૯૩). સાથે નોંધ છે: 'દેશભરમાં ઉજવાયેલી પૂ. ગાંધીજીની ત્રેસઠમી જન્મજયંતી

પ્રસંગે લખાયેલા અને તુરતમાં પ્રકટ થનારા એક ખંડકાવ્યમાંથી.'

ઈ. ૧૯૩૨માં 'કુમાર'નો ૧૦૦મો અંક આવે છે. તેમાં 'નવયુગના કવિઓ' વિષે એક લેખ આવે છે. આ કવિઓ છે: ઇન્દુલાલ ગાંધી, ચમનલાલ ગાંધી, કૃષ્ણલાલ શ્રીધરાણી, સુંદરમ્, ઉમાશંકર જોષી, રતિલાલ શુક્લ અને મનસુખલાલ ઝવેરી. આજે પચાસ વર્ષ પછી નવયુગના એ કવિઓમાંથી કોણ કેટલે પહોંચ્યા તેનો વિચાર કરવાનું રસપ્રદ બની શકે. પણ તે વખતે ય 'કુમાર'ના સંપાદકને નવીધારાનાં આ કાવ્યો છાપવાનો આનંદ છે – એક નોંધમાં લખે છે:

'ઉન્નત આત્મભાનની ઉક્તિવાળાં આવાં કાવ્યોની ખરીખોટી પણ શરૂઆત કર્યાનો પ્રયત્ન 'કુમારે' છેલ્લાં દશ વર્ષથી જે કર્યો છે, તેમાં નિયમિત વાંચનાર જોતાં આવતાં હશે કે ધીમેધીમે ભાવ અને લઢણમાં ફેરફારો થયા કર્યા છે....'હું તૈયાર હું તૈયાર' જેવાં ચમૂગીતોથી માંડીને 'સૈનિકોને નયનરમતા મૃત્યુનો હું ઉમંગ' જેવા ઉદાત્ત આદર્શોની તમન્ના ને મહેચ્છાની મસ્તીથી ભરેલાં સમધુર કલ્પનારંગી સૉનેટો અને 'વિશ્વમાનવી' જેવાં વિરાટ ભાવનાભર્યાં કાવ્યખંડો સુધીની વિવિધતા એમાં આવ્યા કરી છે.'

કવિતાના સંપાદક તરીકે બચુભાઈની સભાનતા અને માવજત વધતાં જાય છે, કવિતા છાપવા સાથે તેની માર્મિક અને મિતાક્ષરી નોંધ બ. રા.ની સહી સાથે આપવાનું શરૂ કરેલ છે. એ રીતે સર્જાતી કવિતા માટે ભાવકોની રુચિ શિક્ષિત કરી તે માટે અભ્યાસ કરવાનું પ્રશંસાર્હ સંપાદકકૃત્ય કરે છે. એવી નોંધમાંથી થોડા ટુકડા જુઓ; અર્થ જ નહીં, કાવ્યરૂપ પ્રત્યે પણ તેમની સભાનતા જણાશે:

એક કવિતા વિષે: '૨૫ સૉનેટનું છે, પણ અંત જોઇએ તેટલો જોરદાર લાવી શકાયો નથી એટલું ખૂંચે છે.' 'બળતાં પાણી' (ઉ. જોષી) વિષે નોંધ લખ્યા પછી કહે છે: 'નદીના પ્રવાહ જેટલી જ વેગભરી વહેતી, બળતી કાવ્યની સળંગ ભાષા......'

ધીમેધીમે કુમાર નવકવિઓને વધુ ને વધુ આકર્ષતું જાય છે. કુમાર કાર્યાલયમાં દર શુક્રવારે ચાલતી ફોટોગ્રાફી કલબ 'નિહારિકા'ની ઢબે કવિતાની ચર્ચા માટે બુધવારનો દિવસ નક્કી કરી ઈ. ૧૯૩૪માં બુધ કાવ્યસભા શરૂ થાય છે. બુધ કાવ્યસભાના પચાસ વર્ષનો આ ઇતિહાસ* એક રીતે પચાસ વર્ષની ગુજરાતી કવિતાના ઇતિહાસનો પણ સંકેત કરી રહે છે.

આ વર્ષોમાં રમણિક અરાલવાળા કે ગણપત ભાવસાર જેવા કવિઓની રચનાઓ આવે છે. બ. રા.ની નોંધ હોય—'આ સૉનેટ અંગ્રેજીનો કક્કો નહીં જાણનારા ને મિલમાં શાળખાતામાં કામ કરી રોજી રળનારા એક યુવાન ભાઈની આશાસ્પદ શક્તિઓ દાખવે છે.' (અરાલવાળા વિષે). 'શાંતિનિકેતનમાં હજુ કુમારવયની કેળવણી લેતા એના કર્તા ભાઈ ગણપત ભાવસાર......'

સુંદરમ્-ઉમાશંકરની ઉત્તમ રચનાઓ તો આવ્યાં જ કરે છે, ત્યાં પ્રવેશ કરે છે. હરિશ્ચંદ્ર ભટ્ટ, સુંદરમ્‌ની 'આથમણી બારી', 'દ્રૌપદી', 'કર્ણ' જેવી રચનાઓ તથા ઉમાશંકરનાં 'આત્માનાં ખંડેર' શ્રેણીનાં કેટલાંક સૉનેટ તથા 'નિશીથ', બ. રા.ના ટિપ્પણ અને કનુ દેસાઈના સુશોભન સાથે આવે છે. કવિતા માટેનો બચુભાઇનો પક્ષપાત એ રીતે છતો થતો. ત્યારે એક કવિતાને આખું એક સુશોભિત પાનું મળતું!

'કુમાર'માં રાજેન્દ્ર શાહનો પ્રવેશ 'કને નવ શું માહરી' એ કવિતાથી ૧૯૩૮ (જેઠ: ૧૯૯૪ અંક ૧૭૪)માં થાય છે. તે પછી પ્રજારામ, સ્વપ્નસ્થ, અશોક હર્ષ, તનસુખ ભટ્ટ, જશભાઈ પટેલ, હસિત બૂચ, બાલમુકુન્દ દવે, જયંત પાઠક, ઉશનસ્, ગોવિંદ સ્વામી, પિનાકિન્ ઠાકોર વગેરે આવતા જાય છે. ઈ. સ. ૧૯૪૨ના ફેબ્રુઆરી અંક-(૨૧૮)થી એક પાના પર એકાધિક રચનાઓ છાપવાનું શરૂ થાય છે. આવા એક પાના પર છે ઉમાશંકર, બળવંતરાય, પ્રહ્લાદ, પારાશર્ય.

નિરંજન 'છકેલી ફાલ્ગુની'થી શરૂ થતું તેમનું પ્રસિદ્ધ કાવ્ય 'જાગૃતિ' લઇને ૧૯૪૫માં આવે છે. મકરન્દ દવેની રચનાઓ પણ શરૂ થાય છે. કવિતાઓનો રંગરાગ હવે બદલાવા લાગે છે. કવિતામાં ગાંધીયુગીન ભાવનાઓને સ્થાને હવે શુદ્ધ સૌન્દર્યચેતનાનો ઉન્મેષ જોવા મળે છે. હરિશ્ચંદ્ર ભટ્ટ યુરોપીય વસ્તુ વિચારની કવિતાઓ લઈ આવે છે. આ વર્ષોમાં પણ સુંદરમ્-ઉમાશંકરની ઉત્તમ રચનાઓ 'કુમાર'ને મળ્યે જાય છે. ૧૯૪૭ના જાન્યુઆરીથી 'સંસ્કૃતિ' શરૂ થતાં ઉમાશંકરની કવિતાઓ 'કુમાર'માં પછી ક્વચિત જ આવે છે. ૧૯૪૭ના વર્ષમાં તો તેમની કવિતા એક પણ નથી, પણ એ વર્ષે જ કવિ પ્રિયકાંત મણિયાર 'પ્રભો હું પાપી છું, પરિચય તમોને દઈ શકું'થી શરૂ થતી 'એકરાર' કવિતા સંપાદકની ઉત્સાહવર્ધક નોંધ સાથે છપાય છે. પછી રાજેન્દ્ર-નિરંજનની કવિતાની બહાર આવે છે. ૧૯૪૯ના જાન્યુઆરીના અંકમાં તો રાજેન્દ્રની 'આયુષ્યના અવશેષે' એ પ્રસિદ્ધ સૉનેટમાળા છપાય છે. 'કુમાર'નું ૨૫મું વર્ષ છે. 'કુમાર'ના સંપાદક સગૌરવ નોંધ લે છે:

'ગુજરાતી સાહિત્યમાં ગણનાપાત્ર થયેલી જે કેટલીક કૃતિઓના પ્રથમ પ્રકાશનનું ભાગ્ય 'કુમાર'ને મળ્યું છે તેમાં પોતાના ગુણવૈશિષ્ટ્યને લીધે સ્થાન પામે તેવી, આપણા ક્ષિતિજ પર પ્રકાશવા માંડેલા યુવાન કવિ રાજેન્દ્ર શાહની આ કૃતિને આવકારતાં અમને આનંદ થાય છે.'

હવે જે કવિઓ આવે છે તેમાં અગાઉ ઉલ્લેખિત ઉપરાંત વ્રજલાલ દવે, શ્રીકાન્ત માહુલીકર, રતિલાલ છાયા, સરોદ, વેણીભાઈ પુરોહિત, અશોક હર્ષ, ગીતા કાપડિયા વગેરે છે. હસમુખ પાઠકનો પ્રવેશ 'આંબો' કાવ્ય સાથે ૧૯૫૩માં થાય છે. આ પછી આવે છે પદ્યુમ્ન તન્ના, વિનોદ અધ્વર્યુ, દિનેશ કોઠારી, હેમંત દેસાઈ, ભાનુપ્રસાદ ત્રિવેદી, ગની દહીંવાલા, જશવંત દેસાઈ, સુરેશ દલાલ, ભગવતીકુમાર શર્મા વગેરે કવિઓ.

અહીં અનિયતકાલિક 'કવિતા' પત્રિકાનો ઉલ્લેખ કરવો જોઇએ. બચુભાઈની કવિતાપ્રીતિ અનન્ય હતી, એ વારંવાર કહેવાની જરૂર નથી. તેમ છતાં 'આવતી કાલના નાગરિકો' માટેના સામયિક 'કુમાર'માં કેટલીક ઉત્તમ રચનાઓ તેના વિષયવસ્તુ કે અન્ય કારણે તેઓ છાપી શકતા નહીં. તેમણે લગભગ સોળ પાનાની ટચૂકડી પત્રિકા 'કવિતા' ૧૯૫૦ની આસપાસ શરૂ કરી, ચાર આનાની આ પત્રિકા – સોળ જેટલી કવિતાઓ, બંગાળીમાં એક વેળા પ્રકટતી 'એક પયસાય એકટિ' શ્રેણીની જેમ.

'કવિતા'ના ઝાઝા અંકો નીકળ્યા નહિ. છેલ્લો દળદાર અંક ૧૦મો હતો. એ કાવ્યસત્ર વિશેષાંક હતો, ૧૯૬૧ના જૂનમાં થએલું એ કાવ્યસત્ર ઘણાને યાદ હશે. કવિતાની અભિજ્ઞતા કેળવવાની દિશામાં આ કાવ્યસત્ર પાંચ દિવસ સુધી અસ્ખલિત ચલાવેલી 'બુધસભા' ઉપરાંતનાં બચુભાઇએ કરેલા પુરુષાર્થોમાંનો એક જાહેર પુરુષાર્થ છે. જૂનાનવા લગભગ તમામ કવિઓ અને કાવ્યરસજ્ઞોને તેમાં તેઓ સંડોવી શક્યા હતા. તે પછી તેમણે બીજું પણ એક કાવ્યસત્ર યોજ્યું હતું. ('કવિલોક'નાં કાવ્યસત્રોનું પણ અહીં સ્મરણ થશે.)


ઈ. ૧૯૫૮, '૫૯, '૬૦માં 'કુમાર'માં નવ કવિઓની એક બીજી પેઢી પ્રવેશે છે. ગુલામમોહમ્મદ શેખ, લાભશંકર ઠાકર, ચિનુ મોદી, મનહર મોદી, રઘુવીર ચૌધરી, ચંદ્રકાંત શેઠ, નલિન રાવળ વગેરે કવિઓની આરંભના રચનાઓ જોવા મળે છે.

ગુલામમોહમ્મદ શેખનાં કાવ્યોના વાચકને આજે તો શેખના 'કુમાર'માં આવેલા 'ખોરડું'' ગીતની આ કડી નવાઈ પમાડશે:

ફરી પાછું આ ખોરડું ચૂવે
એકબીજાને બાથ ભરીને નળિયાં રાતાં પાણીએ રૂવે
મનનું મારું ખોરડું ચૂવે.

* એ માટે બચુભાઈ રાવતનો 'બુધવાર કવિતાસભા' એ લેખ જુઓ: 'પરબ' ફેબ્રુઆરી ૧૯૮૦.

'કુમાર'માં કવિતાને પ્રથમ સ્થાન મળ્યું ઇ. ૧૯૨૮થી–'કુમાર'ના પાંચમા વર્ષથી. આરંભમાં વચ્ચે ક્યારેક સ્થાનફેર થયો, પણ પછી તેનું સ્થાન નિશ્ચિત બની ચૂક્યું. ત્યારે આ પાના પર એક જ કાવ્ય પ્રકટ થતું અને બચુભાઈ વિવિધ શોભનો કે સૂચિત ચિત્રોથી તેને શણુગારતા. એવું એક પૃષ્ઠ બાજુમાં દર્શાવ્યું છે. આ પહેલા પાને એકાધિક કૃતિઓ આપવાનો આરંભ થયો ઈ. ૧૯૪૨માં. સુંદર કાવ્યોના વધેલા ફાલનો લાભ આપવાની દૃષ્ટિ તો તેમાં હશે જ, ઉપરાંત, એક બીજું કારણ પણ હોઈ શકે. બીજું વિશ્વયુદ્ધ ત્યારે ચાલતું હતું, અને એથી 'કુમાર'નું પ્રકાશન જારી રાખવું મુશ્કેલ બનતું જવાથી તથા પોતાની નાદુરસ્ત રહેલી તબિયતના કારણે રવિભાઈ 'કુમાર' બંધ કરવા વિચારી રહ્યા હતા, અને એ વર્ષના છેલ્લા અંકમાં એમણે એની જાહેરાત પણ કરી દીધી. દરમિયાન બચુભાઇને આ અંગે જાણ હશે જ, અને જો એવું બને તો એ પહેલાં 'કુમાર' માટે એકઠાં કરેલાં કાવ્યો એ વર્ષમાં જ પ્રકટ કરી દેવાની પણ એમની નેમ હોઇ શકે. પણ 'કુમાર' ચાલુ રહ્યું. અનેક શુભચિંતકોએ 'કુમાર'ને લિમિટેડ કંપનીમાં રૂપાંતરિત કરવાની યોજના વિચારી અને લોકોએ તે વધાવી લીધી. પછી ૧૯૪૪માં 'કુમાર'ની બધી જવાબદારી એ 'કુમાર કાર્યાલય લિમિટેડે' સ્વીકારી લીધી ત્યાં સુધી રવિભાઇએ 'કુમાર'નું પ્રકાશન જારી રાખ્યું. ને 'કુમાર'-ની જવાબદારીમાંથી રવિભાઇ નિવૃત્ત થતાં તંત્રી અને મૅનેજિંગ ડિરેક્ટર તરીકે બચુભાઇની નિમણૂક થઈ. મહાયુદ્ધ ત્યારે યે ચાલતું હતું. સરકારે કાગળના વપરાશ પર નિયંત્રણો લાદ્યાં હતાં 'કુમાર'ના એ ૨૧મા વર્ષના અંકોમાં તેની અસર સ્પષ્ટ દેખાય છે. નિયત સમયે તેનું પ્રકાશન મુશ્કેલ બની ગએલું, ક્યારેક બબ્બે માસના અંકો ભેગા કરવા પડ્યા અને કેટલાક અંકોમાં તો માત્ર ૧૨-૧૩ પાનાંમાં જ બધી વાચનસામગ્રી સમાવવી પડેલી. આમ છતાં બચુભાઈએ 'કુમાર'ની આગવી બધી લાક્ષણિકતા જાળવી રાખી હતી. એ અંકોમાં બચુભાઈ-એ દાખવેલી એમની સંપાદનસૂઝ એ સચિત્ર સામયિકના પ્રકાશનક્ષેત્રમાં એક ઉમદા અને પ્રેરક દૃષ્ટાંત બની રહેશે.



આ પછી ૧૯૭૦ સુધીમાં રાવજીભાઈ (રાવજી) પટેલ, દિલીપ ઝવેરી, અનિલ જોષી, યૉસેફ મેકવાન, આદિલ મન્સૂરી, મુકુન્દ પરીખ, હરિકૃષ્ણ પાઠક, મનોજ ખંડેરિયા, મણિલાલ દેસાઈ, રમેશ પારેખ, માધવ રામાનુજ, શ્યામ સાધુ, યશવંત ત્રિવેદી, મફત ઓઝા, ચંદ્રકાંત ટોપીવાલા, ધીરુ પરીખ, મીન બલોલી, વગેરે કવિઓની રચનાઓ આવે છે.


ઈસ્વીસનના સાતમા દાયકામાં ગુજરાતી કવિતાએ અછાંદસ યુગમાં પ્રવેશ કર્યો. આ બધા કવિઓ છંદોબદ્ધ રચનાઓની સાથે અછાંદસ પણ લખતા, ગીત ગઝલ પણ લખતા. આમાંથી ઘણાખરા 'કુમાર'ની બુધસભામાં નિયમિત જનાર પણ ખરા. તેમાંથી કેટલાક ક્વચિત્ બચુભાઈની મજાક પણ ઉડાવતા. પણ બચુભાઈની ટીકાટિપ્પણી કરનારા આ કવિઓ તે વખતે ય 'કુમાર'માં પોતાની કવિતા છપાય એમ તો ઇચ્છતા. બચુભાઈ છેક સુધી છંદોના આગ્રહી રહ્યા. એટલે સાતમા-આઠમા દાયકામાં લખાયેલી અછાંદસ કવિતાની ધારા 'કુમાર'માં આવકાર પામી નથી. બચુભાઇએ નોંધ્યું છે :

'આ પચાસ વર્ષમાં કવિતાની વિભાવનાએ ઉત્તરોત્તર બદલાતી ગઈ તેની સાથે હું પણ કદમ મિલાવતો રહ્યો. દેશળજી-ચંદ્રવદન પછી ઉમાશંકર–સુન્દરમ્ આદિ, ત્યાર બાદ રાજેન્દ્ર-નિરંજન વગેરે અને તે પછી લાભશંકર, ચિનુભાઈ મોદીના વિકાસનો હું સાક્ષી રહ્યો, એનો આનંદ માણ્યો. પણ તે પછી એ છેલ્લી પેઢીમાં કવિતા-વિષયમાં તથા વલણમાં જે પલટો આવ્યો તેની સાથે મારો મેળ બેઠો નહિ...

સાહિત્યમાં આવતી નવી ચેતનાથી હું રાજી થાઉં છું, પણ એની મર્યાદાઓ હોવી જોઈએ, ઔચિત્ય હોવું જોઇએ, અનુભૂતિની સચ્ચાઈ હોવી જોઇએ. આજે જે લખાય છે તેની જોડે હું બહુ સહમત થતો નથી...' ('પરબ' ફેબ્રુઆરી ૮૦, પૃ. ૭૭)

કવિતાના સંપાદક તરીકે બચુભાઈ પોતાના આગ્રહો જાળવી રહ્યા. પરિણામે છેલ્લા બે દાયકામાં બહાર આવેલી કેટલીક સમર્થ કલમોનો 'કુમાર' સાથે સંવાદ સધાયો નહિ. વળી 'રે', 'કૃતિ', 'શબ્દ', 'વૈશાખી', 'અભિવ્યક્તિ' જેવી પત્રિકાઓ નીકળવા લાગી હતી. 'સંસ્કૃતિ'-માં પણ અછાંદસ રચનાઓને સ્થાન મળવા લાગ્યું હતું. 'વિશ્વમાનવ' અને 'ક્ષિતિજ' જેવાં સામયિકોએ તો અછાંદસને પુષ્ટ કરવામાં સહયોગ આપ્યો હતો. 'કવિલોક' અને 'કવિતા'—કવિતાનાં જ માત્ર આ સામયિકોએ નવાં વલણોનો પુરસ્કાર કર્યો. 'કવિલોક' શરૂઆતમાં મુંબઈથી પ્રકટતું, પણ પછી બચુભાઈ, રાજેન્દ્ર શાહ તેને અમદાવાદ લઈ આવ્યા. દ્વિજ 'કવિલોક' બચુભાઈની માવજત પામવા લાગ્યું. પરંતુ પછી તેના તંત્રી ધીરુ પરીખ નવાં વલણોવાળી રચનાઓનો પુરસ્કાર કરતા રહ્યા છે. આ ઉપરાંત, કેટલીય લઘુપત્રિકાઓ આવતી-જતી રહી, પણ 'કુમાર'ના પહેલા પાન પર એના સંપાદકની દૃષ્ટિ-રુચિ પ્રમાણેની જ રચનાઓ આવતી રહી.

છેલ્લા દાયકાના 'કુમાર'ના પહેલા પાના પર નજર નાખતાં જણાશે કે તેમાં ગીતો અને ગઝલોનું પ્રાચુર્ય રહ્યું છે. છંદોબદ્ધ રચનાઓ પણ છે, પરંતુ તેમાં ય અભિનવતા ઓછી લાગે. તેમ છતાં તંત્રી માત્ર મુદ્રક નથી એ સંપાદક પણ છે એવી દૃઢ પ્રતીતિ થયા કરે. ગત અર્ધી સદીની ગુજરાતી કવિતા-પ્રવૃત્તિ સાથે બચુભાઈનું નામ હમેશા માટે જોડાયેલું રહેશે. અનેક ઊડવા ઇચ્છતી પાંખોમાં તેમણે વેગ ભર્યો છે. □



◁ રાવત-મરોડ

દુનિયાની કોઈ પણ લિપિ પ્રથમ જેવી રચાઈ તેવી ને તેવી રહી નથી, અને આજે તેનું જે સ્વરૂપ છે તે પણ કાયમ રહેશે નહિ. યુગે-યુગે સંસ્કાર અને સંસ્કૃતિ બદલાય તેમ લિપિના મરોડ અને રૂપમાં પણ નવો પ્રાણ-સંચાર થયા કરતો દેખાય છે. જે પ્રજા કે રાષ્ટ્ર એ વિકાસ બતાવી શકયાં નથી તેનો એ કાળનો ઇતિહાસ મંદ અને પ્રમાદી હોય છે. સાધારણ રીતે અક્ષરો મનુષ્યનું માનસિક વલણ બતાવનાર પ્રતીક છે તેમ કહીએ તો પણ ખોટું નથી.

સફળતા, સુવાચ્યતા અને સુંદરતા એક સાથે હોય તેવી લિપિઓ બહુ જ થોડી છે. યુરોપની બધી લિપિઓ મૂળ ખીલાના લીસોટામાંથી જન્મી હોવાથી મોટે ભાગે તેમાં ઊભા-આડા લીટાની ઢબે અક્ષરો ઘડાયા છે. પણ આપણી નાગરી અને પૂર્વના દેશોની અરબી, ચીની વગેરે લિપિઓ એ રીતે જન્મી હોવાનો સંભવ નથી, ને તેથી એ બધીમાં વળાંકને મહત્ત્વ અપાએલું જોવા મળે છે.

ઇતિહાસના લાંબા પંથ ઉપર દરેક યુગમાં કોઇ ને કોઈ વિચક્ષણ માનવી લિપિના મરોડમાં કંઈ ને કંઈ સુધારાવધારા કરતો જ રહ્યો છે. આપણી ગુજરાતી લિપિનો હાલનો મરોડ પણ તેના આરંભના મરોડ કરતાં આજ ઘણો બદલાઈ ગએલો છે. મરોડના આવા અવનવા પ્રયોગો કરી તેનું નવું રૂપવિધાન કરવામાં બચુભાઇને પણ ઊંડો રસ હતો. 'કુમાર' સાથે સંકળાયા પહેલાં પણ તેઓ પોતાના હસ્તલિખિત સામયિકોમાં અક્ષરમરોડોના અવનવા પ્રયોગો કરતા રહેલા. આ મરોડ પણ તેવા પ્રયોગોનું એક સુફળ છે. 'કુમાર'માં પ્રકટ થયા પછી તે વ્યાપક પ્રસાર પામતાં આરંભમાં ભૂલથી 'રાવત-લિપિ' નામે જાણીતો

ગુજરાતી લિપિની રાષ્ટ્રલિપિ બનવાની ક્ષમતા પ્રતિપાદિત કરતો એક ખાસ લેખ બચુભાઈએ 'કુમાર'ના ૪૦૦મા અંકમાં આપ્યો હતો. પછી તે રાજરત્ન શ્રી નાનજી કાલિદાસ મહેતા સ્મૃતિગ્રંથ – 'સ્મૃતિ અને સંસ્કૃતિ'માં પણ પ્રકટ થએલો. એક ટૂંકી અભ્યાસનોંધ' રૂપે રજૂ થએલો એ લેખ ભલે બહુ લાંબો નહોતો પણ તેમાં એમણે વિવિધ લિપિઓના વિકાસ અને બ્રાહ્મીમાંથી વિકસી આવેલી નાગરીનું અને તેમાંથી ગુજરાતી લિપિનું જે ચારુ સ્વરૂપ ઘડાયું તે બતાવવા સાથે તેમાં બહુ ઓછા ફેરફાર કરી તેને કઈ રીતે રાષ્ટ્રલિપિ બનાવી શકાય તે દર્શાવ્યું હતું. એમણે આપેલો રાવત-મરોડ એ એક રીતે તો લિપિ-વિકાસ અંગેના એમના અભ્યાસમાંથી પ્રકટેલી કલ્પનાઓ અનુસાર એમણે પોતાનાં હસ્તલિખિતો તથા 'કુમાર' માટે અવનવા અક્ષરમરોડ અજમાવેલા તેમાંનું એક પરિણામ હતું. પાતળી રેખાઓ છતાં ભર્યા-ભર્યા લાગતો તેનો નવો ગોળાકારયુક્ત સરળ ઘાટ અક્ષર-આલેખકોએ તુરત અપનાવી લીધો હતો.

અક્ષરોને વિવિધ મરોડમાં ઢાળવા મથનાર સૌ જાણે છે કે આ કાર્ય પ્રથમ દૃષ્ટિએ લાગે છે તેટલું સરળ નથી. પાયાનો કોઈ એક વળાંક વિચારીને તે જ લઢણમાં કોઈ પણ લિપિના બધા જ મૂળાક્ષરોને ઢાળવા એ કપરું કામ છે. આપણી લિપિમાં માત્રા, વરડુ, વિલંટી અને જોડાક્ષરો આવા પ્રયાસમાં બહુ બાધારૂપ બની રહે છે. અને આથી જ શીર્ષકો કે સૂત્રો જેવાં ઓછા શબ્દોવાળાં લખાણમાં રચી શકાતું અક્ષરવળાંકનું નાવીન્ય સમગ્ર કક્ષામાં ઉતારવું મુશ્કેલ બની રહે છે. વળી હસ્તલિખિત લખાણોમાં લહિયાઓને પોતપોતાની આગવી લઢણ અને કલાસૂઝ બતાવવાની જે મોકળાશ રહે તે મુદ્રણ (છાપકામ) અને મુદ્રાલેખન (ટાઇપરાઇટિંગ) માટે બનાવાતાં બીબાંમાં સીમિત

થએલો. પણ હકીકતે એ નવી 'લિપિ' નહિ, પણ નવો મરોડ હોઈ એને 'રાવત મરોડ' કહેવો ઉચિત છે. એમના પોતાના કહેવા પ્રમાણે ઈ. ૧૯૨૩માં એમના હસ્તલિખિત 'ધ્વનિ'ના અંક માટે જુદાજુદા લેખનાં મથાળાં સારુ નવાનવા મરોડ શોધવાના પ્રયત્નમાં આ એક રૂપ રચાયું, અને આગળ જતાં વ્યાપક આવકાર પામ્યું.

આ મરોડનો વ્યાપક પ્રચાર થયો તેનાં કારણો છે, પ્રથમ તો એની તદ્દન જુદી તરી આવતી નવીનતા અને બીજું એના આલેખનની સરળતા. 'મોટા પેટવાળા અક્ષરો' એટલી કૂંચી સમજાઈ જાય એટલે કલમ-પીંછી પર કાબૂવાળો ગમે તે માણસ સહેલાઈથી તે લખીઆલેખી શકે. ગુજરાતી લિપિના ઘણાખરા અક્ષરોમાં વર્તુલનો કંઈ ને કંઈ અંશ છે. આ મરોડ એ વર્તુલના આધારે જ રચાએલો હોવાથી તે ગુજરાતી લિપિમાં સરળતાથી બંધબેસતો થઈ ગયો છે. જે વિવિધ અંગ્રેજી લઢણો ઉપરથી આની સ્ફુરણા થએલી તેને મુકાબલે તો આનું બંધબેસતાપણું ઘણું ચડિયાતું અને સ્વાભાવિક લાગે છે. આ મરોડના આલેખનમાં આખા કાંડાને વળાંક લેવાની સરસ તાલીમ મળે છે, અને કલમ ઉપર આલેખકનો સંયમ જામે છે, એટલે ચિત્રાંકન-શિક્ષણની પ્રાથમિક કક્ષાનું જ્ઞાન એના આલેખનથી સ્વાભાવિક રીતે જ થઈ જાય છે. ચિત્રાંકનના પ્રાથમિક પાઠોમાં વર્તુલની ક્રિયા સાધ્ય કરવી જરા અઘરી છે. આ મરોડના અભ્યાસથી આડકતરી રીતે, તેના આલેખકને જાણ થયા વિના ચિત્રાંકનમાં તેનાં આંગળાં અને કાંડા ઉપર જે કાબૂ જોઇએ તે આવી જાય છે. આ મરોડનો આ આડલાભ છે.

બચુભાઈને ખરો રસ તો હતો ગુજરાતી લિપિના વિકાસના અભ્યાસમાં. જે થોડા ખાસ લેખો એમણે લખ્યા છે તેમાંનો એક લેખ 'લિપિનો વિકાસ' અભ્યસનીય અને મનનીય છે. સંસ્કૃત ભાષામાંથી ઊતરી આવેલી ભાષાઓ માટે જો એક જ લિપિ પ્રચલિત બનાવી શકાય તો તે ભાષાઓ બોલનારા દેશના બહુ મોટા ભાગની પ્રજાઓને એકત્ર કરવાની દૃષ્ટિએ તે એક મોટું કાર્ય થાય. આવી એક સમાન લિપિની ખોજમાં બચુભાઇનો પણ કેટલોક હિસ્સો હતો. ગુજરાતી લિપિમાં થોડા મૂળાક્ષરોના વળાંકને નાગરી લિપિની નજીક લઈ જવામાં આવે તો તમાં એક વ્યાપક સમાન લિપિ બનવાની બધી ક્ષમતા છે તેમ તેઓ માનતા હતા. અને એ માટે જે કેટલાક ગુજરાતી અક્ષરોનું નાગરીકરણ કરવા યોગ્ય હતું તેના નાગરી નજીકના વળાંકોનો પણ એમણે વિચાર કરેલો. લિપિ-સુધારની દિશામાં આ દૃષ્ટિએ જે પ્રયત્નો થએલા તેની નોંધ તેમણે તે વિષેના લેખમાં અનેકઉદાહરણચિત્રો સાથે આપેલી. એટલે અક્ષરવળાંકના એમના પ્રયોગો એ માત્ર કલાચાતુરીના પ્રયોગો જ નહિ, લિપિના અભ્યાસ સાથે પણ તે સંકળાએલા હતા.

બની જાય છે. બચુભાઈએ તો આ મરોડ એક નવીનતા રૂપે જ રજૂ કર્યો હતો, પણ મુદ્રણક્ષમ બનવાની તેમાં ક્ષમતા છે જ તે મુદ્રણ કામ સાથે સંકળાએલા સૌ સરળતાથી સમજી શકશે. એ ખરું છે કે આ મરોડ બહુ વ્યાપક પ્રસાર પામ્યો હતો, અને હજી યે તેના પાયાના સિદ્ધાંત પર ઓછાવત્તા ફેરફાર સાથે અનેક નવા રૂપે તેનો ઉપયોગ થતો રહે છે, પરંતુ પાછલાં વર્ષોમાં ખુદ બચુભાઇને પણ તેનો વધુકો વપરાશ ગમતો ન હતો. જેમ કાવ્યરચનામાં તેઓ છંદના આગ્રહી હતા તેમ અક્ષરલેખનની બાબતમાં તેઓ અક્ષરના અસલ સ્વરૂપની વધુમાં વધુ જાળવણી કરવાના હિમાયતી હતા. લેખનની પ્રવાહિતાને માર્ગે કાલાનુક્રમે નાગરી લિપિમાંથી ઉત્તરોત્તર સરળ બનતું જઈને ગુજરાતી લિપિનું જે એક સુંદર રૂપ ઘડાયું તેના એ ચાહક હતા અને આજની પ્રચલિત ગુજરાતી લિપિને વધુ મરડવી તેમને ગમતી નહોતી. અલબત્ત, મુદ્રણની જરૂરિયાત સાચવી તેને વધુ સુવાચ્ય વળાંક આપવા પૂરતી બાંધછોડ માટે તેમનો વિરોધ ન હતો; પણ તેમ કરતાં અક્ષરના પાયાના બંધારણને ચુસ્તપણે વળગી રહેવાનો તેમને આગ્રહ રહેતો. અને એ બંધારણ સચવાઈ રહે તો દેવનાગરી લિપિ ઉકેલી શકતો કોઇ પણ માણસ ગુજરાતી લિપિ પણ વાંચી શકે તેવી માન્યતા તેમણે પણ સ્વીકારી હતી. નાગરી લિપિની શિરોરેખા કાઢી નાખીને તથા થોડા ગુજરાતી મૂળાક્ષરોને નાગરીની વધુ નજીકનો વળાંક આપીએ તો ગુજરાતી લિપિ શિરોરેખા વિનાની નાગરિ લિપિથી બહુ ભિન્ન નહિ લાગે. અને આમ થઈ શકે તો નાગરી લિપિનો ઉપયોગ કરતા તથા એ લિપિ વાંચી શકતા દેશના બહુ મોટા વિસ્તાર માટે એ સુધારેલી ગુજરાતી લિપિ એક સમાન લિપિ તરીકે ઉપયોગમાં લઈ શકાય. આજે યે દેશભરમાં નાગરી લિપિ વ્યાપકપણે પ્રચલિત-પરિચિત તો છે, જ પરંતુ તેના સાર્વત્રિક પ્રચારાર્થે તેને વધુ સરળ સ્વરૂપ આપવાની પણ જરૂર છે. જો આમ થઈ શકે તો વિચારવિનિમયની દૃષ્ટિએ તથા દેશનાં જુદાંજુદાં રાજ્યોને એકત્ર કરવાની દૃષ્ટિએ ઘણી સવલત થાય.

દેશ સ્વતંત્ર થયા પછી આરંભનાં વર્ષોમાં આ વિચારને પુષ્ટિ મળી હતી અને આ દિશામાં કેટલુંક કાર્ય પણ થયું. સ્વાતંત્ર્ય પૂર્વે પણ આ અંગે થોડા પ્રયત્નો થતા રહ્યા હતા. ઇ. ૧૯૩૪માં ગાંધીજીના પ્રમુખપદે ઈન્દોરમાં મળેલા હિંદી સાહિત્ય સંમેલનના અધિવેશનમાં આ વિષે વ્યાપક વિચાર થએલો, અને પ્રચલિત નાગરી લિપિને રાષ્ટ્રવ્યાપી બનાવવા તથા મુદ્રણ અને નવા શીખનારાઓ માટે તેને વધુ સરળ બનાવવા થોડા સુધારા કરવાની જરૂર સ્વીકારાઈ હતી. પણ ઉત્તર પ્રદેશના કેટલાક રૂઢિવાદીઓએ એવા સુધારાઓનો વિરોધ કરેલો.

એમ તો છેક ઈ. ૧૯૦૫માં પહેલી ગુજરાતી સાહિત્ય પરિષદમાં હિંમતલાલ ગણેશજી અંજારિયાએ 'લિપિ' ઉપર એક નિબંધમાં કેટલાક વિચારો રજૂ કરેલા. પણ લિપિસુધારના વિચારનો આરંભ ઈ. ૧૯૨૯ની સાહિત્ય પરિષદમાં કાકાસાહેબ કાલેલકરે 'રાષ્ટ્રીય લિપિ' પર મોકલેલા નિબંધ પછી થયો. તે પછી ૧૯૩૧માં કિશોરલાલ મશરૂવાળાએ તો પોતાની દૃષ્ટિએ ફેરવવા યોગ્ય અક્ષરોનાં ખાસ બીબાં બનાવરાવીને પોતાનાં લખાણો આગ્રહપૂર્વક તેમાં છપાવવાં માંડેલાં. પરંતુ નાગરી અક્ષરોને અતિ તત્ત્વશુદ્ધ રાખવાના આગ્રહને કારણે એમાં નાગરીકરણ કરેલા અક્ષરો અન્ય અક્ષરો સાથે એકરસ ન બનતાં અલગ તરી આવી આંખને ખૂંચે તેવા હતા.

મહારાષ્ટ્રમાં યે છેક લોકમાન્યના સમયથી ત્યાંની દેવનાગરી -બાળબોધ લિપિને લેખન અને મુદ્રણ માટે સરળ બનાવવાના વિચારો શરૂ થએલા. મરાઠી સાહિત્ય સંમેલનમાં 'अ'ની બારાખડી (अ, आ, अि, अी, अु, अू...) જેવા કેટલાક સુધારા સ્વીકાર પામેલા, તથા વિનોબાજી પણ પોતાના જેલવાસ દરમિયાન આ અંગે વિશેષ અધ્યયન કરીને 'લોકનાગરી' નામે લિપિ રચીને એ દિશામાં વધુ આગળ વધ્યા હતા.

ઈ. ૧૯૩૮માં નાગપુરમાં ભારતીય લિપિ-વિચારણા સમિતિ રચાએલી જેમાં બચુભાઈ પણ હતા. ઈ. ૧૯૪૮માં મુંબઈ સરકારે પણ આ બાબત હાથ ધરેલી. મુંબઈ રાજ્યમાં ચાલતી બાળબોધ અને ગુજરાતી લિપિને એકબીજાની નજીક આણવા માટે એ બંનેમાં કેવા સુધારા કરી શકાય તે વિચારવા કાકાસાહેબના અધ્યક્ષ પદે એક સમિતિ રચાઈ. બચુભાઈ તેમાં પણ એક સભ્ય હતા. આ સમિતિએ જે અહેવાલ આપ્યો તેમાં અન્ય સુધારા સાથે નાગરી લિપિની નજીક જવા ગુજરાતી લિપિમાં અ, ક, ચ, જ, ઝ, દ, ફ, બ, ભનાં મરોડ જરા ફેરવીને તથા ખ અને ધ લખવામાં આરંભમાં મીંડાં વાળવા જેટલો ફેરફાર તથા અની બારાખડીમાં હ્રસ્વ અને દીર્ઘ ઈની સંજ્ઞાઓ અને માત્રાઓનો ઉપયોગ કરવાનાં અને આંકડાઓમાં પણ

प्रिय महोदय,

निवेदन है कि 'किशोर' के इस अंक में हम कार्तिक मास के 'कुमार' में प्रकाशित आचार्य काका कालेलकर लिखित 'लिपिनो टूंक इतिहास' का अनुवाद प्रकाशित कर रहे हैं। आशा है, आप इसकी अनुमति देकर हमें अनुगृहीत करेंगे।

इति।

भवदीय

हंस कुमार तिवारी

संपादक 'किशोर'

अ आ इ ई उ ऊ ऋ ॠ ॡ ए ऐ
ओ औ अं अः क ख ग घ ङ च
छ ज झ ञ ट ठ ड ढ ण त थ द
ध न प फ ब भ म य र ल व
श ष स ह क्ष ज्ञ ळ
१ २ ३ ४ ५ ६ ७ ८ ९ ०

શિરોરેખા વિના પણ ઘણા હિંદીભાષીઓ દેવનાગરી લખે છે. મથાળે તેનો એક નમૂનો આપ્યો છે. તેમાં 'અ' અને 'ક' વગેરે પરથી પ્રતીત થશે કે દેવનાગરીમાંથી ગુજરાતી લિપિ કેટલી સાહજિક સરળતાથી સરજાઈ છે. તેની

क ख ग घ ङ
च छ ज झ ञ
ट ठ ड ढ ण
त थ द ध न
प फ ब भ म
य व र ल ळ
श ष स ह
क्ष ज्ञ श्र ॐ
अ आ अि अी अु अू
अृ अॆ अे अै ओ औ
अं अः अः

નીચેનો નમૂનો : ઈ. ૧૯૫૩માં લખનૌમાં મળેલી અખિલ ભારત લિપિ-સમિતિએ સૂચવેલી અને મધ્યસ્થ સરકારે માન્ય રાખેલી સુધારાવાળી 'પ્રમાણિત' દેવનાગરી લિપિ; જેમાં ખ, ધ અને ભ એ અક્ષરોમાં આરંભમાં મીંડું વાળવાનું સ્વીકારાયું છે. ઉપર : શિરોરેખા વિનાની દેવનાગરી કેટલાકને અટવી લાગતી હોય તો ટૂંકી શિરોરેખાવાળી, અને 'અ'ની સુધારેલી બારાખડીવાળી, મુંબઈ સરકારે નીમેલી લિપિસમિતિએ સૂચવેલી લિપિ. જમણી બાજુ મથાળે બચુભાઈએ નાગરીથી

ક	ખ	ગ	ઘ	ઙ
ચ	છ	જ	ઝ	ઞ
ટ	ઠ	ડ	ઢ	ણ
ત	થ	દ	ધ	ન
પ	ફ	બ	ભ	મ
ય	ર	લ	વ	ળ
શ	ષ	સ	હ	ૐ
ક્ષ	જ્ઞ	अ	श्र	प्र
૦	૧	૨	૩	૪
૫	૬	૭	૮	૯

તદ્દન જુદા પડતા નવેક અક્ષરોનું નાગરીકરણ કરેલા અક્ષરોવાળી ગુજરાતી લિપિ. જે એ સમિતિના અહેવાલમાં રજૂ કરવામાં આવી છે.

આ અગાઉ કાકાસાહેબ કાલેલકરની સૂચનાથી એવી નાગરીકૃત ગુજરાતીનાં બીબાં પણ તૈયાર થએલાં અને 'કુમાર'માં કાકાસાહેબના લેખો એ બીબાંમાં જ છપાતા રહેલા. 'કુમાર'ના જૂના વાચકોને તો એ સુવિદિત છે. નવા વાચકોના પરિચય માટે આ નીચે એ બીબાંમાં એક વાક્ય ઉદાહરણાર્થે છાપ્યું છે—

ગુજરાતી લિપિમાં ઝાઝો ફેર ન કરતાં ફક્ત તેર અક્ષર ફેરવીએ તો હિંદભરમાં બાળબોધ જાણનારા બધા પરપ્રાંતીઓ વાંચી શકે એમ છે. એ તેર અક્ષરો આ લખાણમાં આવી જાય છે.

સહેજ ફેરફાર કરવાનાં સૂચન કરેલાં. આ ઉપરાંત, હ્રસ્વ ઇની સંજ્ઞા (િ) જે અક્ષરને લાગુ પડતી હોય તેની પાછળ દીર્ઘ ઈ (ી)ની સંજ્ઞા પેઠે, પણ અક્ષર કે કાનાની અર્ધી ઊંચાઈ જેટલી રાખવાનું, જોડાક્ષરોમાં ઉચ્ચારક્રમ પ્રમાણે હલન્તના ચિહ્ન સાથે અને કાનાવાળા અક્ષરોને કાના વિના અર્ધા લખવાનું રાખીને, તથા રેફ અને અક્ષરનાં પેટામાં કરાતી ત્રાંસી રેખા યા અક્ષર નીચે મુકાતી સંજ્ઞા (દા.ત. ર્મ, ક્ર, ટ્ર) ને દૂર કરવાનું પણ સૂચવેલું. આ રીતે સુધારેલી ગુજરાતી લિપિ અને શિરોરેખા વિનાની નાગરી લિપિ વચ્ચેનો તફાવત ઘટાડવા સાથે મુદ્રણ અને મુદ્રાલેખન માટે બીબાંઓની સંખ્યા ઘટાડવાનો પણ પ્રયાસ થયો હતો. પરંતુ આ સમિતિનો અહેવાલ પેશ થયા બાદ તે અંગે આગળ કશું અમલી પગલું ભરાયું નહિ. ગુજરાતી સાહિત્ય પરિષદે પણ ગુજરાતીના નવ મૂળાક્ષરોને નાગરીરૂપ આપવા માટે એક વાર ઠરાવ કર્યા પછી તે અંગે આગળ ઉત્સાહ દાખવ્યો નહિ.

એમ તો ૧૯૫૩માં લખનૌમાં યે ભારતનાં તમામ રાજ્યોના મુખ્ય પ્રધાનોએ એકઠા મળી રાષ્ટ્રલિપિ અંગે ચર્ચા કરેલી. ને ત્યારે વિચારાએલા સુધારાઓ એ તરફના રૂઢિવાદીઓને મંજૂર નહોતા. છતાં હ્રસ્વ ઇની સંજ્ઞાને અર્ધી ઊંચાઈની ને અક્ષર પછી લખવાનો સુધારો તથા જોડાક્ષરોમાં કાના વિનાના અક્ષરોને હલન્તનું ચિહ્ન મૂકીને તથા કાનાવાળા અક્ષરોનો કાનો કાઢીને લખવાનો સુધારો સ્વીકૃતિ પામ્યો હતો. આ સુધારાને કેન્દ્રીય પ્રધાનમંડળે માન્યતા પણ આપી હતી, પરંતુ તેમાં 'અ'ની બારાખડી જેવો થોડો સુધારો સ્વીકારવા સિવાય તેના અમલમાં યે શિથિલતા જ રહી. આપણે ત્યાં 'મિલાપ' માસિકે પણ જોડાક્ષરોમાં હલન્ત અને અર્ધા અક્ષરો વાપરવાનો પ્રયોગ કરેલો.

પણ જો દેવનાગરીની શિરોરેખાનો દુરાગ્રહ છોડી દેવામાં આવે અને ગુજરાતીમાં નાગરીથી જુદા પડતા અક્ષરોનું મુદ્રણ અને મુદ્રાલેખન પૂરતું નાગરીકરણ સ્વીકારવામાં આવે તો એક વ્યાપક સમાન લિપિનો પ્રશ્ન ઉકલવા સાથે મુદ્રણ વગેરેમાં પણ ઘણી સરળતા આણી શકાય. આ અંગેના બધા મુદ્દાઓ બચુભાઈએ તેમના લેખમાં વિગતે ચર્ચ્યા છે. નાગરીલિપિમાંથી જે ક્રમવિકાસને માર્ગે ગુજરાતી મરોડ ઊતરી આવ્યો એ માર્ગરેખા પર ગુજરાતી અક્ષરો સાથે એકરસ થઈ રહે તેવું તેના કેટલાક અક્ષરોનું નાગરીકરણ પણ બચુભાઈએ કરી આપ્યું હતું. આ અગાઉ કાકાસાહેબે સૂચવ્યા પ્રમાણે નાગરીકૃત ગુજરાતી અક્ષરોવાળી લિપિમાં 'કુમારે' વર્ષો સુધી કાકાસાહેબના લેખો છાપ્યા હતા. આમ, લિપિઓના વિકાસનો અભ્યાસ, મુદ્રણનાં બીબાંઓ અંગેની સમજ તથા પ્રયોગશીલતાના આધારે દેશ માટે એક સમાન લિપિ વિચારવામાં બચુભાઈનો પણ ફાળો હતો. □

બચુભાઈ

—નિરંજન ભગત—

બચાસી વરસનું આયુષ્ય—બચુભાઈનું આ સદ્‌ભાગ્ય. આયુષ્યનાં અર્ધઝાઝેરાં વરસો લગી, એકવીસ વરસની વયથી તે આયુષ્યના અંત લગી બાસઠ વરસો સુધી સક્રિય—બચુભાઈનું આ એથીયે મોટું સદ્‌ભાગ્ય. અને પોતાને પ્રિય એવી કવિતા-કળાની પ્રવૃત્તિમાં સક્રિય—બચુભાઈનું આ સૌથી મોટું સદ્‌ભાગ્ય.

અમદાવાદ બચુભાઈની જન્મભૂમિ અને એ જ એમની કર્મભૂમિ. પ્રાથમિક અભ્યાસ અમદાવાદમાં. પણ પિતા સૌરાષ્ટ્રમાં ગોંડલમાં વેટરીનરી સર્જન અટલે મૅટ્રિક લગીનો અભ્યાસ ગોંડલમાં. પછી પિતાની ઇચ્છાને અધીન સોળ વરસની વયે અભ્યાસનો અંત અને ચાર-પાંચ વરસ લગી ગોંડલમાં શિક્ષક. અહીં પ્રશ્ન પૂછી શકાય કે બચુભાઈ યુનિવર્સિટીમાં ગયા હોત તો ? તો ઉત્તર પણ આપી શકાય કે બચુભાઈ કદાચ અધ્યાપક થયા હોત... આ થયા હોત... તે થયા હોત... પણ કદાચ બચુભાઈ ન થયા હોત. ત્યારે એકવીસ વરસના આ યુવાનમાં એ બચુભાઈ થાય એવું શું હતું ? આ પ્રશ્નનો ઉત્તર તો એક શબ્દમાં જ આપી શકાય. અંગ્રેજિયત.

ગોંડલમાં પિતા વેટરીનરી સર્જન અને અંગ્રેજીના જાણકાર. ગામથી દૂર એમનો પૅડોક. વળી ગોંડલમાં ત્યારે જે ચાર પાંચ અંગ્રેજો હતા એમનો પણ ગામથી દૂર નિવાસ. આ અંગ્રેજો અને પિતા પરસ્પર પડોશી. એથી આ અંગ્રેજોની પિતા સાથે મૈત્રી. આ અંગ્રેજોમાં એક ગાર્ડન સુપરિન્ટેન્ડેન્ટ મિ. મેરટ હતા. એ પ્રસિદ્ધ અંગ્રેજી સાપ્તાહિક 'બુકમેન'ના ચાહક અને ગ્રાહક. પિતા આ સામયિક પોતે વાંચવા માટે અને યુવાન પુત્રને વંચાવવા માટે મિ. મેરટ પાસેથી નિયમિત ઘરે લાવે. આ સામયિકમાં વરસમાં એક વાર કોઈ એક કવિ કે સાહિત્યકાર કે સાહિત્ય-પ્રવૃત્તિ પર એક વિશેષ ચિત્રસંપુટ પણ સાથે આવે. એના ક્રિસ્ટમસના અંકો અત્યંત સમૃદ્ધ. એના તંત્રી સેન્ટ જ્હૉન ઍડકોક એક વિરલ વ્યક્તિ. અંગ્રેજી સાહિત્યના જગતમાં એમનો પ્રબળ પ્રભાવ. ફ્લીટ સ્ટ્રીટમાં એમની કૅબિનમાં રોજ મોડી રાત લગી દીવો બળતો હોય અને એ કોઈ નવા લેખકનો લેખ સુધારવામાં કે કોઈ તરુણ સર્જકને પ્રોત્સાહનનો પત્ર લખવામાં કાર્યરત હોય. અંગ્રેજ પ્રજાએ એમના અવસાન પછી એમને 'ફ્લીટ સ્ટ્રીટના સેન્ટ જ્હૉન'ના નામે નવાજીને અંજલિ અર્પી હતી. 'બુકમેન' આ યુવાનની યુનિવર્સિટી અને સેન્ટ જ્હૉન ઍડકોક આ યુવાનના કુલપતિ. આ અંગ્રેજી સામયિક, આ અંગ્રેજ તંત્રી અને એમની અંગ્રેજિયત એ યુવાન બચુભાઈના જીવન અને કાર્યની મુખ્ય અને પ્રથમ પ્રેરણા.

આ ઉપરાંત, ગોંડલના કવિ 'વિહારી'ની પ્રેરણાથી કવિતા – સવિશેષ ગુજરાતી કવિતા – માં ભારે રસ. અન્ય સ્થાનિક કવિઓ, લેખકો અને ચિત્રકારોની મૈત્રી. સ્થાનિક લાઇબ્રેરીમાંથી પુસ્તકોનું વાચન ને પ્રસિદ્ધ ગુજરાતી સામયિક 'વીસમી સદી'નું ભારે આકર્ષણ. પરિણામે ગોંડલમાં આ યુવાને એ હજી અમદાવાદ જાય અને બચુભાઈ થાય તે પૂર્વે સ્વરચિત લખાણો અને ચિત્રોથી સભર એવું 'જ્ઞાનાંજલિ' હસ્તલિખિત પ્રગટ કર્યું હતું.

આ 'જ્ઞાનાંજલિ'ને નિમિત્તે જ ગોંડલમાં આ યુવાનનું શ્રી રવિશંકર રાવળ સાથે મિલન થયું. આ મિલનમાં આ યુવાનને ગોંડલથી વધુ વિશાળ એવા કોઈ જગતમાં કશુંક કરવાની ઇચ્છા છે અને શ્રી રવિશંકર રાવળને પણ એવી જ કોઈ ઇચ્છા છે એમ પરસ્પર સ્વપ્નવિનિમય થયો. આમ, આ મિલન 'કુમાર'ના બીજરૂપ હતું.

એકવીસ વરસની વયે બચુભાઈ અમદાવાદમાં આવ્યા. આરંભમાં 'સસ્તું સાહિત્યવર્ધક કાર્યાલય'માં કાર્ય કર્યું પછી મુંબઈમાં 'વીસમી સદી'માં કાર્ય કરવાનું વિચાર્યું ત્યાં જ એના તંત્રી હાજીમહમદ અલારખિયાનું અકાળ અવસાન થયું શ્રી રવિશંકર રાવળના સૂચનથી બચુભાઇએ 'હાજી મહમદ સ્મારક ગ્રંથ'નું સંપાદન કર્યું. એમાં બચુભાઈનું ગુજરાત વિશેનું એક કાવ્ય પ્રગટ થયું આ સમયમાં જ 'નવજીવન'નો આરંભ થયો એમાં પણ બચુભાઇએ દોઢેક વરસ કાર્ય કર્યું. આમ અમદાવાદમાં આરંભનાં પાંચ વરસ લગી આ બે પ્રસિદ્ધ મુદ્રણ-પ્રકાશનની સંસ્થાઓમાં બચુભાઈનું કાર્ય 'કુમાર'ની પૂર્વભૂમિકારૂપ હતું

વિશેષ તો ગોંડલમાં 'બુકમેન'ના અનુભવના અનુસંધાનમાં અમદાવાદમાં બચુભાઈ રેલ્વે સ્ટેશન પરના વ્હીલર બુકસ્ટૉલ પર દાયકાઓ લગી દર અઠવાડિયે નિયમિત ગયા. પરદેશનાં કળા અને સાહિત્યનાં અનેક સામયિકોના પરિચયમાં આવ્યા. એમાંથી કેટલાંક સામયિકો એ નિયમિત ઘરે લાવ્યા. અને એના વાચનમનનથી સમૃદ્ધ થયા. એમાંથી 'જ્હૉન ઑફ લંડન્સ વીકલી'ના તો એ ગ્રાહક પણ થયા. ઇંગ્લંડના કવિઓ અને સાહિત્યકારોનું એ પ્રિય સાપ્તાહિક. એમાં 'લૅટર્સ ટુ ગૉગ ઍન્ડ મૅગૉગ' આદિ તંત્રીલેખો, સાહિત્ય વિશેના વિવિધ પ્રશ્નોના તંત્રીના ઉત્તરો, વચ્ચેનાં પાનાં પરના વાય. વાય.ના ઉપનામથી રૉબર્ટ લીન્ડના અંગત નિબંધો આદિનું બચુભાઇને ભારે આકર્ષણ. ત્યારે બચુભાઇનું બીજું એક પ્રિય સાપ્તાહિક તે 'એથીનિયમ'. મિડલટન મરી, કૅથૅરિન મૅન્સફીલ્ડ, ડી.એચ. લૉરેન્સ આદિ એનાં સંપાદકો. બચુભાઈનું એવું જ એક પ્રિય સામયિક તે અમેરિકાનું 'લિટરરી ડાયજેસ્ટ'. એનો 'કરંટ પોએટ્રી' – કવિતા વિભાગ અત્યંત સમૃદ્ધ. એમાં અનેક નવીન કવિઓનાં અનેક કાવ્યો એકસાથે પ્રસિદ્ધ થાય. એના વાચનમનનથી બચુભાઇનો કવિતારસ વધુ તીવ્ર થયો. વળી બચુભાઈનું બીજું એક પ્રિય સાપ્તાહિક તે 'ઍમેટર ફોટોગ્રાફર'. ફોટોગ્રાફીની કળાનું એ પ્રસિદ્ધ સામયિક, એમાં નવા ફોટોગ્રાફરોની કૃતિઓ પરનું વિવરણ, ફોટોગ્રાફીની કળા પરના લેખો આદિનું બચુભાઇને ભારે આકર્ષણ. આમ, અમદાવાદમાં આરંભમાં જ બચુભાઈનું આ સામયિકોનું વાચનમનન 'કુમાર'ની વધુ સૂક્ષ્મ પૂર્વભૂમિકા રૂપ હતું.

અને ૧૯૨૪માં શ્રી રવિશંકર રાવળ અને બચુભાઇએ 'કુમાર' માસિકનો આરંભ કર્યો. ત્યાર પછીનો બચુભાઈની સંપાદનસિદ્ધિનો ઇતિહાસ તો ૧૯૨૪ના જાન્યુઆરીના પ્રથમ અંકથી તે એમણે આયુષ્યના અંતિમ દિવસોમાં પણ મૃત્યુશય્યા પરથી જેનું સંપાદન કર્યું તે ૧૯૮૦ના જુલાઈના અંક લગીના 'કુમાર'ના પ્રત્યેક અંકને પાનેપાને અંકિત છે. ૧૯૪૨માં શ્રી રવિશંકર રાવળ 'કુમાર'માંથી મુક્ત થયા. એથી ૧૯૪૩થી 'કુમાર'નું 'કુમાર કાર્યાલય લિમિટેડ'માં રૂપાન્તર થયું. બચુભાઈના અંગત મિત્રોની સક્રિય સહાયથી 'કુમાર' સજીવન રહ્યું અને બચુભાઈ હવે 'કુમાર'ના સંપાદક ઉપરાંત આયુષ્યના અંત લગી 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના સંચાલક પણ રહ્યા. બચુભાઇએ એમના અંતિમ દિન લગી 'કુમાર'નું સંપાદન કર્યું હતું. એમણે ૧૯૮૦ના જુલાઇનો સમગ્ર અંક ૧૪૫૪ રાયપુરમાંથી નહિ પણ નિવાસસ્થાન 'નેપથ્ય'માંથી તૈયાર કર્યો પછી ૧૨મીએ એમનું અવસાન થયું એથી તો એમની અવસાન નોંધ એ અંકની વચમાં ૨૩૯/૧ થી ૨૩૯/૪ એવા પૃષ્ઠાંક સાથે ચાર પાનાંમાં પ્રગટ કરવામાં આવી છે. 'કુમાર' જેવા સાહિત્યસભર અને કળાસમૃદ્ધ સામયિકનું સતત અઠ્ઠાવનેક વરસ લગી લિપિ અને

મુદ્રણની સૂક્ષ્મ અને માર્મિક સૂઝસમજપૂર્વકનું સંપાદન – બચુભાઈની આ સંપાદનસિદ્ધિ એ સંપાદનના ઇતિહાસની એક વિરલ ઘટના છે.

અક્ષરો – સ્વરો અને વ્યંજનો – ના અવાજને જેમ એનો આરોહ-અવરોહ અને લયલહેકો છે તેમ એમના આકારને પણ એનો મોડ-મરોડ અને લયલહેકો હોય છે. અક્ષરોમાંથી, શબ્દોમાંથી, વાણીમાંથી જેમ સર્વાંગસંપૂર્ણ અને સાદ્યંતસુંદર એવી સુશ્લિષ્ટ અને સુગ્રથિત કૃતિ, કલાકૃતિ, કલા-આકૃતિનું સર્જન થાય છે તેમ અક્ષરોમાંથી, લિપિમાંથી, મુદ્રણમાંથી પણ એવી જ કૃતિ, કલાકૃતિ, કલા-આકૃતિનું સર્જન થાય છે. બચુભાઇએ 'કુમાર'ના અસંખ્ય અંકોમાં, અન્ય સામયિકોના અનેક અંકોમાં અને કેટલાક ગ્રંથોમાં – અરે, પત્રિકાઓ, લગ્નપત્રિકાઓ, મંગલાષ્ટકો, માનપત્રો, પ્રમાણપત્રો, પત્રનામાક્ષરો આદિ સુધ્ધાંમાં – આવું સર્જન કર્યું છે. આ અર્થમાં બચુભાઈ સર્જક હતા, કલાકાર હતા. ગુજરાતી લિપિએ બચુભાઈ સમક્ષ એનું હૃદય ખુલ્લું કર્યું હતું. બચુભાઇએ ગુજરાતી લિપિને કેટકેટલાં લાડ લડાવ્યાં છે. મુદ્રણની કળા બચુભાઇને સહજ હતી. મુદ્રણ એક કળા છે એ દૃષ્ટિ ગુજરાતને બચુભાઇએ અર્પી છે, તો લિપિ અને મુદ્રણ અંગેની અનેક ઔપચારિક–અનૌપચારિક સંસ્થાઓ અને સમિતિઓમાં પદ દ્વારા તથા પદકો અને પુરસ્કારો દ્વારા અનન્ય અને અધિકારજન્ય એવી પ્રતિષ્ઠા ગુજરાતે બચુભાઇને અર્પી છે.


સવિશેષ તો ગોંડલમાં અને અમદાવાદમાં 'બુકમેન', જૉન ઑ'લંડન્સ વીક્લી', 'લિટરરી ડાયજેસ્ટ', 'ઍમૅટર ફોટોગ્રાફર' આદિના અનુભવના અનુસંધાનમાં બચુભાઇએ, ૧૯૨૪માં 'કુમાર'ના આરંભની સાથેસાથે જ શ્રી રવિશંકર રાવળે 'કુમાર કૅમેરા ક્લબ'નો પણ આરંભ કર્યો હતો એની પૂર્તિરૂપે નવા ફોટોગ્રાફરોને એમની કૃતિઓના વિવરણ અને વિવેચન દ્વારા પ્રોત્સાહન અને માર્ગદર્શન પ્રાપ્ત થાય એ માટે 'નિહારિકા'નો આરંભ કર્યો. કુમાર કાર્યાલયમાં દર શુક્રવારે રાત્રે આઠ વાગ્યે 'નિહારિકા'ની આ પ્રવૃત્તિ નિયમિત યોજાવા લાગી. પછી તો 'નિહારિકા'નો સ્વતંત્ર વિકાસ થયો અને આજે હવે ફોટોગ્રાફીની કળાની એક રાષ્ટ્રીય સંસ્થારૂપે એનું સ્વતંત્ર એવું સ્વાયત્ત અસ્તિત્વ છે. ૧૯૨૪થી તે આજ લગી 'કુમાર'ના પ્રત્યેક અંકમાં કવિતાનું સ્થાન પણ ખરું. એથી 'કુમાર' માટે ટપાલમાં કાવ્યો આવે. સ્થાનિક નવા કવિઓ રૂબરૂ કાવ્યો લાવે. એ કાવ્યો વિશે બચુભાઈ અને દેશળજી પરમાર આદિ કવિમિત્રો વચ્ચે અવારનવાર ચર્ચા-વિચારણા થાય. આ પરથી તરત જ 'નિહારિકા'ને પગલેપગલે બચુભાઈએ નવા કવિઓને એમની કૃતિઓના વિવરણ અને વિવેચન દ્વારા પ્રોત્સાહન અને માર્ગદર્શન પ્રાપ્ત થાય એ માટે 'બુધસભા'નો આરંભ કર્યો અને કુમાર કાર્યાલયમાં દર બુધવારે રાત્રે આઠ વાગ્યે 'બુધસભા'ની આ પ્રવૃત્તિ નિયમિત યોજવાનો નિર્ણય કર્યો. રવીન્દ્રનાથના શાંતિનિકેતનમાં રજા દર બુધવારે હોય છે એની બચુભાઇને માહિતી હતી એમાં બુધવાર માટેની પ્રેરણા હતી. અંગ્રેજી કવિતાનું અગ્રણી સામયિક લંડનની 'પોએટ્રી સોસાયટી'નું દ્વિમાસિક 'પોએટ્રી રીવ્યુ' અને અમેરિકન કવિતાનું અગ્રણી સામયિક શિકાગોનાં વિદુષી સન્નારી હૅરિયટ મનરોનું માસિક 'પોએટ્રી'.– દેશળજી પરમાર ત્યારે આ બંને સામયિકોના ગ્રાહક હતા. આ સામયિકોમાં જે સામગ્રી હતી એમાં 'બુધસભા' માટેની મુખ્ય પ્રેરણા હતી.

આરંભનાં પાંચ-છ વરસોમાં 'બુધસભા'માં સંખ્યા નહિવત્, પછીથી ઠીકઠીક. આ સમય ગુજરાતી કવિતાના ઇતિહાસમાં એક નવા યુગના આરંભનો સમય હતો. એટલે ૧૯૩૦માં તો વીરમગામ સત્યાગ્રહ છાવણીમાંથી ટપાલમાં એક દિવસ ઉમાશંકરનાં કાવ્યો આવ્યાં. સુન્દરમ્ સ્વયં એમનાં કાવ્યો લાવ્યા. પછીથી આ બન્ને કવિઓ સત્યાગ્રહમાં સક્રિય એથી અભ્યાસ માટે કૉલેજ કે વિદ્યાપીઠમાં નહિ, પણ સ્વરાજના પ્રચારકાર્ય માટે ગ્રામ પ્રદેશમાં પ્રવાસમાં હોય ત્યાંથી કોઈકોઈ બુધવારે અવારનવાર અમદાવાદ પાછા ફરે અને કુમાર કાર્યાલયમાં અને પછીથી ક્યારેક બચુભાઈના નિવાસસ્થાન 'નેપથ્ય'માં જ રાતવાસો કરે. એમાં સાથે રામપ્રસાદ શુક્લ પણ હોય. પછી સુન્દરમ્ અમદાવાદમાં સ્થાયી થયા. એથી 'બુધસભા'માં એમની નિયમિત હાજરી હોય. એમણે આ વરસોમાં કાલિદાસ અને પ્રેમાનંદની કવિતાનું તથા સંસ્કૃત કાવ્યશાસ્ત્ર અને આઈ.એ. રિચર્ડ્ઝના 'પ્રિન્સિપલ ઑફ લિટરરી ક્રિટિસિઝમ'નું નિયમિત વાચન કર્યું. અને આમ એક દાયકામાં 'બુધસભા' સમૃદ્ધ બની, કવિતાની 'વર્કશૉપ' (કાર્યશિબિર) બની. પછીના દાયકામાં તો રાજેન્દ્ર શાહ, પિનાકિન્ ઠાકોર, બાલમુકુન્દ દવે, વેણીભાઈ પુરોહિત, અશોક હર્ષ, રમણિક અરાલવાલા આદિ કવિઓની નિયમિત હાજરી હતી એથી 'બુધસભા' વધુ સમૃદ્ધ બની. વધુ સક્રિય 'વર્કશૉપ' બની.

'બુધસભા'માં મારો પ્રવેશ ૧૯૪૪માં થયો. ત્યારે હું મૅટ્રિકમાં. મારો નિવાસ ચંદનભવનમાં. નિકટમાં જ માણેકલાલ જેઠાભાઈ પુસ્તકાલય. ૧૯૩૮થી, એટલે પુસ્તકાલયના પ્રથમ દિવસથી જ લગભગ રોજ ત્યાં સામયિકો વાંચવા જવાનું. દર મહિને નિયમિત 'કુમાર' વાંચવાનું. એમાં પહેલું પાનું પણ અચૂક વાંચવાનું. જો કે આ વરસોમાં મને ચિત્રકળા અને ગણિત–વિજ્ઞાનમાં વિશેષ રસ. ત્યારે મને ખ્યાલ જ નહિ કે મારે ક્યારેય કવિતા કરવાનું થશે અને એ તો સ્વપ્ને ય ખ્યાલ નહીં કે 'કુમાર'ને પહેલે પાને મારું કાવ્ય મારે વાંચવાનું હશે. ત્યારે મને એવી કોઈ ઇચ્છા જ ન હતી. મને જો કોઈ ઇચ્છા હોય તો ત્યારે ચિત્રકાર થવાની ઇચ્છા હતી. પણ ૧૯૪૧થી અકસ્માત જ કવિતા કરવાનું થયું. કવિતા દ્વારા લાખિયાકુટુંબનો પરિચય થયો, પછી ૧૯૪૩માં લાખિયાકુટુંબ દ્વારા 'રંગમંડળ'માં પિનાકિન્ ઠાકોર અને મહેન્દ્ર ભગતનો પરિચય થયો અને પિનાકિન્ ઠાકોર દ્વારા રાજેન્દ્ર શાહનો પરિચય થયો. એક બુધવારે રાત્રે આઠ વાગ્યે રાજેનભાઈ, પિનુભાઈ અને મહેન્દ્રની સાથે પ્રથમ વાર 'બુધસભા'માં ગયો. પૂર્વે કુમાર કાર્યાલય પર કદી ગયો ન હતો એટલે કુમાર કાર્યાલય પર પણ આમ પ્રથમ વાર જ ગયો. રાયપુર ચકલાથી સારંગપુર ચકલા જવાના મોટા માર્ગ પર ડાબી બાજુ ૧૪૫૪ નંબરના ચોથા મકાનમાં કુમાર કાર્યાલય છે. એને બે બારણાંનો મોટો દરવાજો છે. રાતનો સમય હતો એટલે દરવાજો અંદરથી બંધ હતો. અમે ચારે મિત્રો સાયકલ પર ગયા હતા. જમણા બારણામાંની બારીમાંથી સાયકલો કુદાવીને અમે અંદર ગયા. આ આગલા ખંડમાં ડાબી બાજુ હિસાબખાતું હતું અને જમણી બાજુ સાયકલો માટેની વ્યવસ્થા હતી. બચુભાઈની સાઈકલ ત્યાં હતી. એકને ટેકે એક એમ અમારી ચારે સાયકલો ત્યાં ગોઠવીને અમે સામી ભીંતની જમણી બાજુના બારણામાંથી બે પગથિયાં ચડીને વચલા ખંડમાં ગયા. વચલા ખંડમાં વચમાં ચોક હતો. જમણી બાજુની ભીંતની ધારેધારે પાંચ છ કેઈસીસ અને સ્ટૂલ્સ એમ કમ્પોઝ માટેની વ્યવસ્થા હતી. ડાબી બાજુ આગળ એક ખુરશી અને એક ટેબલ એમ એક સહાયક માટેની વ્યવસ્થા હતી. પછી એક બાજુ ભીંત અને બાકીની ત્રણ બાજુ પર લાકડાનાં કબાટો, ખોખાં ને પાટિયાંની ભીંતો રચીને એક નાનકડો ખંડ કર્યો હતો. એમાં બચુભાઈની બેઠક હતી. ચોકની બાજુથી એનો પ્રવેશ હતો. જમણી બાજુ બે ટ્રેડલ મશીન હતાં. પછીથી બેઠકને અંતે પાછલા ખંડમાં પાણી પીવા જવાનું થયું ત્યારે કાર્યાલયનો બાકીનો ભાગ જોવાનું પણ થયું એનું વર્ણન પણ અહીં જ અગાઉથી કરવું જોઈએ. ટ્રેડલ મશીન પછી આ વચલા ખંડની સામેની ભીંતમાં ડાબી બાજુ પાછલા ખંડમાં જવાનું બારણું હતું. પાછલા ખંડમાં

પણ વચમાં ચોક હતો. જમણી બાજુ એક મોટું પ્રિંટિંગ મશીન હતું. એની સાથે બેત્રણ કેઇસીસ અને સ્ટૂલ્સ એમ કંપોઝ માટેની વ્યવસ્થા હતી. ડાબી બાજુની ભીંતની ધારે ધારે બેત્રણ મોટા ઘોડાઓ પર જે ફરમા તાજા છપાયા હોય એને સૂકવવાની વ્યવસ્થા હતી ને પછી ડાબી બાજુ બે ખંડ હતા. આગલા નાના ખંડમાં કટિંગ મશીન અને પાછલા મોટા ખંડમાં કાગળના સંગ્રહ માટેની વ્યવસ્થા હતી. પાસે જ ડાબી બાજુ મેડા ઉપર જવાનો દાદર હતો અને જમણી બાજુ પાણિયારું હતું. મેડા પર દાદર પાસેનો ખંડ તે સ્ટોરરૂમ હતો, જ્યાં એક સમયે દિવસના ભાગમાં રવિભાઇનો કલાવર્ગ ચાલતો ને રાતના ભાગમાં એ વર્ગના વિદ્યાર્થીઓનો નિવાસ હતો, સાથેસાથે અવારનવાર મેઘાણી, ઉમાશંકર આદિનોપણ રાતવાસો થતો. એની બાજુનો ખંડ તે પ્રોસેસ ખાતાનો ડાર્કરૂમ. બાકીની બહારની ખુલ્લી જગામાં પ્રોસેસખાતાનો કૅમેરા આદિ સાધન-સામગ્રીની વ્યવસ્થા હતી. આ હતું ત્યારનું 'કુમાર કાર્યાલય'. એ પણ અહીં જ નોંધવું જોઇએ કે પછીનાં વરસોમાં વચલા ખંડમાંથી એક ટ્રેડલ મશીન દૂર થયું છે, જ્યારે પાછલા ખંડમાં એક વધુ મોટું પ્રિંટિંગ મશીન અને પાછલી જમણી બાજુ વધુ નવી જગાનો તથા મેડા પર એક ખંડનો ઉમેરો થયો છે. આ નવી જગામાં ત્રણ નાના ખંડ છે. એમાં આગલા ખંડમાં બે ત્રણ કેઇસીસ અને સ્ટૂલ્સ એમ કંપોઝ માટેની વ્યવસ્થા છે, વચલા ખંડમાં એક વધુ મોટું પ્રિંટિંગ મશીન છે. અને પાછલા ખંડમાં સ્ટેશનરીની દુકાન છે. આ દુકાન રાયપુર ચકલાથી ખાડિયા ચાર રસ્તા જવાના મોટા માર્ગ પર ખૂલે છે. મેડા પરના ખંડમાં જવા માટે વચલા ખંડના ચોક પછી ડાબી બાજુ નવો દાદર છે અને ખંડમાં લાયબ્રેરી તથા વાંચવા-લખવાની અને સૂવાબેસવાની વ્યવસ્થા છે. આમ, કુમાર કાર્યાલયનો આકાર લંબચોરસ છે અને આજે એનો એક છેડો રાયપુર ચકલાથી સારંગપુર જવાના મોટા માર્ગ પર અને બીજો છેડો રાયપુર ચકલાથી ખાડિયા ચાર રસ્તા જવાના મોટા માર્ગ પર છે. કુમાર કાર્યાલય એટલે માત્ર આટલી જ જગા અને આટલી જ સાધનસામગ્રી. અહીં એનું આટલું વિગતે વર્ણન સકારણ કર્યું છે.

જેમ 'કુમાર'ને પાનેપાને તસુએ તસુ જગામાં તેમ કાર્યાલયને ખૂણેખૂણે, ઉપરનીચે, આજુબાજુ, આગળપાછળ જ્યાં નજર નાખો ત્યાં, ઇંચઇંચ જગામાં બચુભાઈનું વિશિષ્ટ વ્યક્તિત્વ પ્રત્યક્ષ થતું હતું. બધું જ સ્વચ્છ, સુઘડ, સુન્દર અને સુવ્યવસ્થિત. બચુભાઈ એટલે કરકસર, કંજુસાઈ નહીં પણ કરકસર. બચુભાઇ એટલે જાહોજલાલી, ઉડાઉગીરી નહિ પણ જાહોજલાલી. બચુભાઈ એટલે ચીવટ અને ચોકસાઈ. બચુભાઈ એટલે પ્રશિષ્ટતા. બચુભાઈ એટલે પ્રશિષ્ટતામાં હોય તે સમૃદ્ધિ અને સંયમ. ત્રેવડ બચુભાઈનો ત્રીજો નહિ પણ બીજો ભાઈ. અરે, બચુભાઈ એકાદ નાનો સરખો પત્ર લખે ને તો એ પણ હમેશાં લખાણના પ્રમાણમાં 'કુમાર'નાં ચિહ્ન-નામ-સરનામાવાળા કાગળ કે કાર્ડ પર લખે, એટલું જ નહિ પણ ઝીણા - મોતી જેવા સ્વચ્છ, સુઘડ, સુન્દર અને વ્યવસ્થિત-અક્ષરોમાં લખે. શું પત્ર, શું 'કુમાર', શું કાર્યાલય, તસુએ તસુ, ઇંચેઇંચ જગાને રસેકસે નહિ તો બચુભાઈ નહિ. ૧૯૪૨ લગીમાં 'કુમાર'નું જો એક સધ્ધર અને સમૃદ્ધ સંસ્કાર-સંસ્થાનું સ્વરૂપ થયું હોય તો તે ૧૯૨૪થી ૧૯૪૨ બરોબર બે તપની બચુભાઈની નૈષ્ઠિક તપશ્ચર્યાને કારણે. શ્રી રવિશંકર રાવળ તો પ્રાણવાયુરૂપ, વાતાવરણરૂપ હતા. ૧૯૪૨માં તેમણે સ્વાસ્થ્યને કારણે 'કુમાર'-માંથી મુક્ત થવા નિર્ણય કર્યો. પછી 'કુમાર કાર્યાલય લિમિટેડે' 'કુમાર' સંભાળી લીધું. એમાં અલબત્ત કેટલાક સંસ્કારી સંપન્ન સહૃદય સજ્જનોની આર્થિક સહાય તો હતી જ. પણ 'કુમાર'ને સંજીવની તો અર્પી બચુભાઈએ, એમનાં ત્યાગ અને સમર્પણ દ્વારા. ત્યારથી તે



બચુભાઈ, એમના જાણીતા બેઠક પર (ફોટો : ?)

આયુષ્યના અંતિમ શ્વાસ લગી એમણે એકલે હાથે 'કુમાર કાર્યાલય લિમિટેડ'નું, આર્થિક લાભાલાભનાં લેખાંજોખાં કર્યા વિના, વેતનની રકમમાં એક પણ મીંડું ચડાવ્યા વિના સંચાલન કર્યું. બચુભાઈને આટલી ઓછી જગા અને આટલી આછી સાધનસામગ્રીને સ્થાને વિશાળ જગા અને વિપુલ સાધનસામગ્રી સુલભ હોત, અથવા બચુભાઈમાં ગુજરાતીઓને સહજસુલભ એવું સાહસ, આર્થિક સાહસ હોત તો...તો આજે 'કુમાર' એ માત્ર ગુજરાતની જ નહિ પણ સમગ્ર ભારતની રસરુચિપૂર્વકની, કલાસૂઝપૂર્વકની સૌંદર્યદૃષ્ટિપૂર્વકની એક અગ્રણી સંસ્કારસંસ્થા હોત!

અમે ચાર મિત્રોએ બચુભાઈની બેઠક જ્યાં હતી ત્યાં ચોકની બાજુથી પ્રવેશ કર્યો. પિનુભાઈએ બચુભાઈને અને મને પરસ્પરનો પરિચય કરાવ્યો. જો કે બચુભાઈ તો મને ૧૯૩૮થી એમના નામથી અને કામથી પરોક્ષરૂપે પરિચિત હતા. પણ હું એમને મારા નામથી કે કામથી (કામ તે વળી કર્યું જ શું હતું?) પ્રત્યક્ષ કે પરોક્ષરૂપે પરિચિત ન હતો. બચુભાઈ પ્રવેશ માટેના ખૂણાથી બરોબર સામેના ખૂણામાં એક રીવૉલ્વિંગ ચૅર પર બેઠા હતા. કોઈને પત્ર લખી રહ્યા હતા—કદાચને કોઈ કવિ-લેખકને એના કાવ્ય-લેખના સ્વીકારનો, અથવા અલબત્ત પ્રોત્સાહન અને માર્ગદર્શનના બે શબ્દો સાથે જ અસ્વીકારનો; અથવા કાવ્ય-લેખમાં કોઈ સુધારાના સૂચનનો, અથવા માત્ર સંસ્થાના કોઈ વ્યાપાર-વ્યવહારનો—તે લખવાનું ચાલુ રાખ્યું. અસ્ત્રી વિનાનું, ખાદીનું સફેદ લાંબી બાંયનું, બંધ કોલરનું પહેરણ અને ખાદીનો સફેદ સુરવાલ પહેર્યાં હતાં. જમણી બાજુ ઊંચે ખીંટી પર અસ્ત્રીવાળો ખાદીનો સફેદ લાંબો કોટ લટકાવ્યો હતો. તો ટોપી ક્યાં હશે? એ ખાદીની, સફેદ, ઊંચી દિવાલની ટોપી તો અસ્ત્રી કરવા ખુરશીની ગાદી નીચે દાબી હતી, તે બેઠકને અંતે કોટની સાથે પહેરે ત્યારે જ પામી શકાય ને? બચુભાઈને કદી આથી અન્ય એવા કોઈ પોશાકમાં જોયાનું સ્મરણ નથી, કોઇને નહિ હોય. લાંબો, પાતળો દેહ; શ્યામ વર્ણ; ચોરસ, ચપટું મો; મોટું કપાળ; ઊંડા ગાલ; લાંબા, પહોળા કાન, ગોળ, બેઠું નાક; પાતળા, દાબેલા હોઠ; પહોળી, તીણી આંખો—જેમ બચુભાઇનું આંતર્ વ્યક્તિત્વ તેમ એમનું બાહ્ય વ્યક્તિત્વ પણ વિશિષ્ટ હતું. ડાબી બાજુ ખૂણામાં એક કબાટ હતું. કબાટનું કબાટ અને ટેબલનું ટેબલ. કબાટનું એક ખાનું એવું કે તેને ઢાંકતું પાટિયું નીચું કરો એટલે એ ખાનું ઊઘડી જાય અને ટેબલ તરીકે કામ લાગે. ખાનામાં યે અંદર અનેક ખાનાં. એકએક ખાનામાં અનેક ચીજવસ્તુ. કોઇ ખાનામાં પ્રેસના

મૂકીને

પાંચ-સાત ટહુકા ઓછાયામાં મૂકીને
ઊડયું ઝાડવું આંખ અચંબામાં મૂકીને.

સાવ અચાનક વળાંક લેતો પ્રવાહ અદૃશ્ય
જળ ડૂબ્યાં નભ તરતું ઢીવામાં મૂકીને

અડખે-પડખે આગળ-પાછળ ક્યાંય કશું ના
અવસર ચાલ્યા જીવ ઝુરાપામાં મૂકીને.

મનહર જાની

એકએક વિભાગની માહિતીની વિગતોની નોંધપોથીઓ, કોઇ ખાનામાં અનેક પ્રેસકટિંગ્સ, કોઇ ખાનામાં અનેક પત્રો, કોઇ ખાનામાં અનેક લેખોની હસ્તપ્રતો, કોઇ ખાનામાં અનેક કાવ્યોની હસ્તપ્રતો; કોઇ ખાનામાં અનેક ફોટોગ્રાફ્સ, કોઇ ખાનામાં પેન, પેન્સિલ, રબર, શાહી, ગુંદરની શીશી, કાતર, ફૂટપટ્ટી, મૅગ્નિફાઇંગ ગ્લાસ આદિ અનેક સામગ્રી, કોઇ ખાનામાં જુદાજુદા કદનાં 'કુમાર'નાં ચિહ્ન-નામ-સરનામાવાળાં અનેક કોરા કાગળો અને કાર્ડ્ઝ. ત્રણ બાજુ લાકડાનાં કબાટો, ગોખાં અને પાટિયાંની ભીંતો રચી હતી એમાં સામયિકો, પુસ્તકો, કોશો, સંદર્ભગ્રંથો આદિ અનેક સામગ્રી. બચુભાઈની બેઠકની જમણી બાજુ બેચાર ગાદીવાળા મૂડા અને સામેની બાજુ ચારેક વ્યક્તિઓ બેસી શકે એવી એક ગાદીવાળી પાટલી. બધું જ સ્વચ્છ, સુઘડ, સુન્દર અને સુવ્યવસ્થિત. જેમાં દિવસે પણ વીજદીવો કરવાનો હોય એવો આ માંડ ૮'×૮'નો નાનકડો ખંડ. એ જ બચુભાઇનું ગોકુળ અને એ જ બચુભાઇનું વૃન્દાવન !

અમે ચારે મિત્રો બચુભાઈની ખુરશીની સામેની પાટલી પર બેસી ગયા. પછી જે કવિમિત્રો આવ્યા તે બચુભાઈની ખુરશીની જમણી બાજુ મૂડાઓ પર બેસી ગયા. ત્યાર પછી જે કવિમિત્રો આવ્યા તે પ્રવેશના ખૂણામાં કંપોઝિટરોનાં સ્ટૂલ્સ લાવીને એની પર બેસી ગયા. (પછીનાં વરસોમાં જ્યારે સંખ્યા કંઇક વધુ-વીસપચીસની-હતી ત્યારે કેટલાક કવિમિત્રો ચોકમાં પણ સ્ટૂલ્સ લાવીને એની પર બેસી જતા હતા. 'બુધસભા'ના જે સામાન્ય ઉપક્રમ હતો એનું વર્ણન પણ અહીં જ કરવું જોઇએ. પ્રથમ જે કવિમિત્રો આવ્યા હોય એમાંથી જેઓ કાવ્યો લાવ્યા હોય એમનાં કાવ્યોનું પઠન થાય - પઠન કવિ સ્વમુખે કરે અથવા બચુભાઇ કરે, ક્યારેક બન્ને-પ્રથમ કવિ અને પછી બચુભાઇ કરે, અને એ કાવ્યો વિશે ચર્ચા થાય. પછી ટપાલમાં જે કાવ્યો આવ્યાં હોય એનું બચુભાઈ પઠન કરે અને એ કાવ્યો વિશે ચર્ચા થાય. આવો ક્રમ હતો. બે અઢી કલાકનો આ ઉપક્રમ. સાડાદસ-અગિયાર વાગ્યે બેઠક બંધ થાય. જેમને તરસ લાગી હોય તે પાછલા ખંડમાં પાણિયારે પાણી પીવા જાય. ક્યારેક કેટલાક પાણી પીવાને બહાને વચમાં જતાં કે આવતાં જો 'કુમાર'નો પહેલો ફરમો છપાયો હોય અને ઘોડા પર સુકાવા મૂક્યો હોય અથવા સુકાયો હોય ને વાળીને ખૂણામાં મૂક્યો હોય તો પહેલે પાને કોનું કાવ્ય છપાયું છે તે છાનુંમાનું જોવાને જાય. ત્યાં પણ ક્યારેક ચર્ચા ચાલુ હોય. ત્યાં લગીમાં બચુભાઈ કબાટ બંધ કરે, કોટટોપી પહેરે, મુખ્ય દરવાજાના બારણા પાસે સાઈકલની બાજુમાં એમના દોરી વિનાના બૂટ મૂક્યા હોય તે પહેરે અને ઘરે જવાની તૈયારી કરે. અને આમ સૌ ઘરે જાય. ના, ક્યારેક ચર્ચામાં એવી ઉગ્રતા કે ઉત્તેજના હોય તો પિનુભાઇ, પ્રિયકાન્ત, નલિન, હસમુખ, શેખાદમ અને હું એમ કેટલાક કવિમિત્રો રાયપુર ચકલામાં અથવા બાલાહનુમાન પાસે અથવા ભદ્રના બસસ્ટૉપ પાસે અથવા એલિસબ્રિજને નાકે અથવા નદી પાર ટાઉનહૉલ પાસે મધરાતના એકાદ વાગ્યા લગી થોભી જઇએ અને અમારી ચર્ચા ચાલુ હોય તો વળી અશોક હર્ષ, કાલિદાસ જાદવ આદિ કેટલાક કવિમિત્રો રાયપુર ચકલા અથવા રાયપુર દરવાજા અથવા કાંકરિયાની પાળે લગભગ સવારોસવાર લગી થોભી જાય અને એમની ચર્ચા ચાલુ હોય - રાયપુર દરવાજાનાં ભજિયાં અને મરચાંનો તીખો રસ પણ એમની ચર્ચાના મધુર રસમાં વૃદ્ધિ કરે.)

બચુભાઈ એ એમનું પત્ર લખવાનું થોડીક વારમાં જ પૂરું કર્યું અને મને પૂછ્યું, 'કાવ્યો લાવ્યા છો ?' મેં કહ્યું, 'હા.' એટલે બચુભાઈ એ તો કહ્યુ, 'તો વાંચો !' મેં કહ્યુ, 'તમે વાંચો !' અને બે કાવ્યો લાવ્યો હતો તે બચુભાઈના હાથમાં મૂક્યાં. ક્યારેક ખાનગીમાં રાજેન્દ્રભાઈ, પિનુભાઇ, મહેન્દ્ર કે અન્ય કોઈ અંગત આત્મીય અતિ નિકટના મિત્ર સમક્ષ મેં મારાં કાવ્યોનું પઠન કર્યું હતું, પણ જાહેરમાં કદી કર્યુ ન હતું. શાળાના વાર્ષિક નાટ્યોત્સવ કે 'રંગમંડળ'ના નૃત્યનાટ્ય માટે કેટલાંક ગીતો રચ્યાં હતાં એ જાહેરમાં અન્ય ગાયકોને કંઠે ગવાયાં હતાં, પણ સ્વકંઠે કદી ગવાયાં ન હતાં બચુભાઈ મારી મૂંઝવણ તરત સમજી ગયા અને એમણે બન્ને કાવ્યોનું પઠન કર્યું. 'સ્વપ્ને છકેલ બસ પાગલ જિંદગાની...' એક સૉનેટ અને પછી 'છકેલી ફાલ્ગુની છલબલ છટા શી પૃથિવીની...' બીજું સૉનેટ જેમ બચુભાઈના અક્ષરો તેમ બચુભાઈના ઉચ્ચારો પણ સ્વચ્છ, સુઘડ, સુન્દર અને સુવ્યવસ્થિત, બચુભાઈ ને છંદોનો પક્ષપાત, છંદોમાં લઘુને સ્થાને ગુરુ અને ગુરુને સ્થાને લઘુ અક્ષરના સ્વચ્છંદનો વિરોધ, વ્યાકરણશુદ્ધિનો આગ્રહ. મને પણ ત્યારે બાલાશંકર-મણિશંકરના છંદોનો છાક, એથી બચુભાઇ બન્ને કાવ્યોના છંદોલયથી પ્રસન્ન, બન્ને કાવ્યોમાં વ્યાકરણશુદ્ધિ તો હતી, પણ 'ફાલ્ગુની'માં ગુરુને સ્થાને લઘુ અને 'પૃથિવીની'માં લઘુને સ્થાને ગુરુ અક્ષર આદિ દોષોથી એ અપ્રસન્ન પણ બચુભાઈને બન્ને કાવ્યો - અને તે પણ સૉનેટો, અને વળી તે પણ સત્તર વરસના છોકરડાનાં સૉનેટો - છંદ ઉપરાંત ભાવ અને વિચારને કારણે પણ કાવ્યો તરીકે ગમ્યાં હશે એથી જ તો એમાંથી એક સૉનેટ એમણે પછીથી ૧૯૪૫ના ફેબ્રુઆરીના 'કુમાર'ના અંકમાં પહેલે પાને પ્રથમ સ્થાને 'જાગૃતિ' શીર્ષક સાથે અને માત્ર 'નિરંજન' એટલા જ કવિનામ સાથે પ્રગટ કર્યુ હતું. શીર્ષક, અને સંકોચને કારણે અપૂર્ણ કવિનામ મેં સૂચવ્યું હતું. આ મારું પ્રથમ પ્રસિદ્ધ કાવ્ય હતુ. બચુભાઇએ આમ વરસે દોઢ વરસે આ સૉનેટ પ્રગટ કર્યુ એમાં એમની પ્રસિદ્ધ એવી સંપાદનની લાક્ષણિક શૈલી હતી. સ્વયં કવિને કે પછી સંપાદકને કાવ્યમાં કંઈ સુધારો-વધારો-ઘટાડો કરવાનું સૂઝે તો ! એથી કાવ્યહિતાર્થે બચુભાઈ 'કુમાર' માટે કાવ્ય પસંદ કરે પછી લાંબા સમય લગી પ્રગટ કરે નહિ.

બચુભાઇએ બન્ને સૉનેટોનું પઠન પૂરું કર્યું અને પછી એમણે પૂછ્યું, 'બીજાં કાવ્યો છે!' મેં કહ્યું, 'ના.' એટલે પિનુભાઈએ કહ્યું. 'છે પણ લાવ્યા નથી. ગીતો પણ રચે છે.' બચુભાઈ એ તરત કહ્યું, 'કોઈ ગીતો સ્મરણમાં હોય તો ગાઓ !' શાળાના વાર્ષિક નાટ્યોત્સવ માટે 'જમુનાને તીર...નીર...ગાગર...સાગર' એવા પ્રાસ સાથે ગોવાલણી વિશે એક ગીત રચ્યું હતું તે સ્મરણમાં હતું (આજે હવે નથી !) તે ગાયું. અને પછી બન્ને સૉનેટો અને ગીત વિશે ચર્ચા...આમ, 'બુધસભા'માં નિયમિત જવાનો મેં આરંભ કર્યો.

ત્યારથી માંડી ૧૯૪૯ લગી ત્રણચાર વરસ હું 'બુધસભા'માં નિયમિત ગયો. આ વરસોમાં બચુભાઇએ મારાં બે કાવ્યો 'કુમાર'ને પહેલે પાને પ્રગટ કર્યાં હતાં. કાવ્યના કદ પ્રમાણે એક, બે કે ત્રણ રૂપિયાનો પુરસ્કાર મને પ્રાપ્ત થયો હતો. આ મારી મહેનતમજૂરીની પહેલવહેલી કમાણી હતી, આ પરસેવાનું ધન હતું. એથી મને અને વિશેષ

તો મારી બાને—અનિર્વચનીય આનંદ થયો હતો. એટલો આનંદ પછીથી જીવનભરની કમાણીથી, અનેકગણા ધનથી પણ અમને બેમાંથી એકેને કદી થયો નથી.

ઇ. ૧૯૪૬થી ૧૯૪૮ બે વરસ હું મુંબઈ ગયો. તે પૂર્વે ૧૯૪૪થી રાજેન્દ્રભાઈ મુંબઈમાં વસ્યા હતા. હું ગીરગામ પર વ્હીગાસ સ્ટ્રીટમાં અને એ કાલબાદેવી પર ભૂલેશ્વરમાં. પાસેપાસે. એટલે રાજેન્દ્રભાઇને કબૂતરખાના પાસેના મણિભવનને ચોથે માળે એમને ઘરે લગભગ રોજ રાતના નવથી દસ-અગિયાર લગી મળવાનું થતું હતું. પરસ્પરનાં કાવ્યોનું વાચન-વિવેચન કરવાનું અને ક્યારેક એમાં સુધારા-વધારા કરવાનું થતું હતું. ત્યારે અમારે બન્નેને અવારનવાર અમારાં કાવ્યો મુંબઈથી ટપાલમાં બચુભાઇને મોકલવાનું થયું હતું. જો કે આ વરસોમાં ઉનાળા-શિયાળાની લાંબીટૂંકી રજાઓમાં અમદાવાદ આવું ત્યારે 'બુધસભા'માં નિયમિત ગયો હતો. આ વરસોમાં બચુભાઈ જ્યારે મુંબઈ આવે ત્યારે એમને પ્રિન્સેસ સ્ટ્રીટ પર કાકાભાઈ ટાઈપ ફાઉન્ડ્રીના મેડા પર બીજે માળે શ્રી હરિશ્ચન્દ્ર ભટ્ટને ઘરે ઊતરવાનું થતું હતું. આ સમયમાં બચુભાઈ જ્યારે મુંબઈ આવે ત્યારે રાજેન્દ્રભાઈની સાથે મારે એમને હરિશ્ચન્દ્રભાઈને ઘર અવારનવાર મળવાનું થયું હતું. ૧૯૪૬માં બચુભાઈએ મને હરિશ્ચન્દ્રભાઈનો પરિચય કરાવ્યો હતો. હરિશ્ચન્દ્રભાઈના ઘરમાં યુરોપીય કવિતાના અંગ્રેજી અનુવાદોની નાની પણ અતિ સમૃદ્ધ લાઇબ્રેરી હતી. શાળામાં હું ફ્રેન્ચ ભણ્યો હતો એથી ફ્રેન્ચ કવિતાની પૂર્વભૂમિકા તો હતી. હવે હરિશ્ચન્દ્રભાઇને કારણે મને યુરોપીય કવિતા -સવિશેષ બૉદલેર અને રિલ્કેની કવિતાના વિશાળ વિશ્વમાં વિચરવાનું-વિહરવાનું થયું. ૧૯૪૬થી તે આજ લગી હું વિશ્વકવિતાનો અનિર્વચનીય આનંદ લૂંટી રહ્યો છું એનું અધઝાઝેરું શ્રેય હરિશ્ચન્દ્રભાઈને છે, ૧૯૪૬થી ૧૯૫૦માં હરિશ્ચન્દ્રભાઈના અવસાન લગી એમની સાથેની મૈત્રી એ મારા જીવનનું એક પરમ સદ્ભાગ્ય છે. આ મૈત્રીનું શ્રેય બચુભાઈને છે. આ અનુભવ માટે બચુભાઇ પ્રત્યેની મારી કૃતજ્ઞતા હું શબ્દોમાં કદી પ્રગટ નહિ કરી શકું.

આ વરસોમાં અમદાવાદમાં પિનુભાઈ અને મહેન્દ્રએ તથા મુંબઇમાં રાજેન્દ્રભાઈ અને મડિયાએ જ્યારેજ્યારે કોઇ અપરિચિત કવિ કે સહૃદય સાથે મારો પરિચય કરાવ્યો હોય ત્યારે 'કુમાર'માં કાવ્યો વાંચ્યાનો ઉલ્લેખ થાય. કવિઓ અને સહૃદયોના આ પ્રતિભાવ પરથી 'કુમાર'નું પહેલું પાનું એ કવિઓને માટે એમની મહત્ત્વાકાંક્ષાનું કેવું તો પરમ લક્ષ્ય છે અને સહૃદયોને માટે એમની રસચર્વણાનું કેવું તો અમોઘ આકર્ષણ છે એનો અનુભવ થયો. ૧૯૪૭માં 'સંસ્કૃતિ' પ્રગટ થયું ત્યાં લગીના બે દાયકા સુધી 'કુમાર'નું પહેલું પાનું એ ગુજરાતી કવિતાનું એકમાત્ર 'ધોરણ' હતું. જે કવિનું કાવ્ય 'કુમાર'ને પહેલે પાને પ્રગટ થાય એનો ગુજરાતમાં કવિ તરીકે તરત સ્વીકાર થતો હતો. આ સદીની પહેલી પચ્ચીસીમાં ફ્રેન્ચ કવિતાના જગતમાં 'નુવેલ રેવુ ફ્રાન્સે' અને ગાલિમાર્દનું જે સ્થાન તે માત્રાનું નહીં તો તે પ્રકારનું આ સદીની બીજી પચ્ચીસીમાં ગુજરાતી કવિતાના જગતમાં 'કુમાર' અને બચુભાઇનું સ્થાન.

ઈ. ૧૯૪૮માં હું અમદાવાદ પાછો આવ્યો. પછી ૧૯૫૬ લગી 'બુધસભા'માં નિયમિત ગયો હતો. આ સમયમાં પ્રિયકાન્ત મણિયાર, નલિન રાવળ, ઇન્દુકુમાર ત્રિવેદી, શેખાદમ આબુવાલા, હસમુખ પાઠક, લાભશંકર ઠાકર આદિ અનેક કવિમિત્રોનો 'બુધસભા'માં પ્રવેશ થયો હતો. એમાંથી પ્રિયકાન્તે 'બુધસભા'નો સૌથી વધુ આનંદ લૂંટ્યો હતો. આ સમયમાં 'બુધસભા'ના અનુસંધાનમાં બે બુધવારની વચ્ચેના દિવસોમાં ચંદનભવનના હીંચકા પર લઘુ 'બુધસભા' રૂપે આ કવિઓનું મિલન વારંવાર થતું હતું. ૧૯૫૩માં પ્રિયકાન્તે એમનો પ્રથમ

બોલ્યા વિણ...

બોલ્યા વિણ ઘણું બોલ્યા, લખ્યા વિણ લખ્યું ઘણું,
ઘડાવ્યા ઘાટ ઝાંઝેરા, આપીને શિલ્પ–ટાંકણું!

બાલમુકુન્દ દવે

કાવ્યસંગ્રહ 'પ્રતીક' પ્રગટ કર્યો એમાં અર્પણમાં સુયોગ્ય એવું પ્રથમ બચુભાઈનું નામ છે. ૧૯૫૧થી ૧૯૫૬નાં પાંચેક વરસો મુંબઈમાં રાજેન્દ્રભાઇએ અને મેં તથા અમદાવાદમાં આ કવિઓમાંથી મુખ્યત્વે પ્રિયકાન્ત, નલિન, હસમુખ, શેખાદમ અને મેં – એમ અમે કેટલાક કવિઓએ અનેક સ્થળે અનેક સમયે અનેક કાવ્યોનું જાહેરમાં, કવિ-સંમેલનરૂપે પઠન કર્યું હતું. એમાં કોઈ ઘોષણાપત્ર નહિ કોઈ વ્યૂહરચના નહિ, અન્ય એવી કોઈ ચેષ્ટા નહિ, કેવળ કાવ્યપઠન. કવિતારસિકો સમક્ષ સ્વયં કાવ્ય રજૂ કરવું એ જ એકમાત્ર ઉપક્રમ હતો. અંતે શું થાય તે કાવ્ય જાણે અને શ્રોતા જાણે! એની સાથે અમારે કવિઓને કંઈ નહિ. જે કંઈ કહેવા-કરવાનું હોય તે કવિતાએ, અમારે કંઈ કહેવા-કરવાનું નહિ. અમારી એવી શૈલી હતી. અમારા આ કાવ્યપઠનમાં 'બુધસભા'ની પરોક્ષ પ્રેરણા હતી. આ સમયમાં ક્યારેક સુન્દરમ્, ઉમાશંકર, રાજેન્દ્ર, પ્રજારામ આદિ કવિઓ અથવા ભટ્ટસાહેબ આદિ સહૃદયો 'બુધસભા'માં આવ્યા હતા. એમનાં કાવ્યોનું પઠન અને એમની સાથે વાર્તાલાપ એ જ 'બુધસભા'નો ત્યારે એકમાત્ર ઉપક્રમ હોય. આ સમયમાં 'છંદોલય', 'કિન્નરી', 'અલ્પવિરામ' અને 'પ્રતીક'નું પ્રકાશન થયું. બચુભાઈએ એનું મુદ્રણ કર્યું. સંગ્રહનું કદ, સંગ્રહનું પૂઠું, સંગ્રહનો કાગળ, જાત, વજન, રંગ, ડિઝાઈન, લે-આઉટ આદિ અથથી ઇતિ બચુભાઇનો નિર્ણય. ત્યારે બચુભાઈના અપાર વાત્સલ્ય-પ્રેમનો ને એમની લિપિ તથા મુદ્રણ વિશેની અસાધારણ સૂઝસમજનો અંગત અનુભવ થયો હતો. (પછીથી ૧૯૭૮માં 'સાહિત્ય' ત્રૈમાસિકનું સંપાદન કરવાનું થયું ત્યારે પણ અગાઉથી જ બચુભાઇએ સામેથી કહ્યું હતું, 'સાહિત્ય' તો હું જ છાપીશ'. ત્યારે પણ એવો જ અંગત અનુભવ પુનઃશ્ચ થયો હતો.)

આ સમયમાં મારું કોઈ કાવ્ય 'બુધસભા'માં રજૂ ન થયું હોય અને અન્યત્ર કોઈ સામયિકમાં પ્રગટ થયું હોય અને બચુભાઈના ધ્યાન પર આવ્યું હોય તો એમણે અચૂક કહ્યું જ હોય, 'આ કાવ્ય 'બુધસભા'-માં તમે રજૂ કર્યું ન હતું.' 'બુધસભા'માં રજૂ થયું હોત તો 'કુમાર'માં પ્રગટ થયું હોત. એમ થયું એનું બચુભાઇને દુઃખ. 'બુધસભા' અને 'કુમાર' પ્રત્યે એમનું આટલું મમત્વ હતું. એમની આટલી મમતા હતી. આ સમયમાં એક વાર બચુભાઈ અને હું ન્યૂ ઑર્ડર બુક કંપનીમાં એકસાથે થઈ ગયા. દિનકરભાઇએ બચુભાઇને મારે વિશે પૂછ્યું, 'આ 'બુધસભા'માં આવે છે? ત્યાં શું કરે છે?' બચુભાઇએ કહ્યું, 'કાચી કેરી જેવો છે, ખાટો. પાકશે એટલે મીઠો થશે, છૂટકો નથી.' મેં કહ્યું, 'અને પાકશે નહિ તો બગડી જશે.' તાજેતરની એકાદ 'બુધસભા'માં મારી ચર્ચામાં કંઈક વધુ ઉગ્રતા કે ઉત્તેજના હશે એના અનુસંધાનમાં આ સંવાદ હતો. એમાં પણ મને બચુભાઈના એ જ અપાર વાત્સલ્ય-પ્રેમનો અનુભવ થયો હતો. સત્તાવીસ વરસનો અમારો સંબંધ. બચુભાઈના વાત્સલ્યપ્રેમનાં આવાં અનેક સંસ્મરણો છે. એ વિશે અત્યારે અહીં નહિ; અન્ય કોઈ સમયે, અન્ય કોઈ સ્થળે.

ઈ. ૧૯૫૬ પછી 'બુધસભા'માં અવારનવાર ગયો હતો અને ૧૯૫૮ પછી તો ક્વચિત. એનું મુખ્ય કારણ ૧૯૫૮ પછી મારી પાસે કવિતા ન હતી. જો કે બચુભાઇને પણ 'બુધસભા'માં જેટલો આનંદ સુંદરમ્–ઉમાશંકરના સમયમાં હશે તેટલો આનંદ પછીના દાયકામાં નહિ

આલવાલનનું સ્મરણ

પિંડને પ્હોંચ્યાં જ કરશે એના પાલનનું સ્મરણુ
એ અમુલખ લાડનું, લયનું ને લાલનનું સ્મરણુ
સાવ નાનો છોડ હો કે હો ખખડધજ વૃક્ષ એ
કૂંપળો સમ ફૂટતું રહેશે આલવાલનનું સ્મરણુ.

રાજેન્દ્ર શુકલ

મુ. બચુભાઈ રાવતને

સાહિત્યને કાવ્ય કલા સુમિત્ર
સંવર્ધીને નિત્ય કીધાં સમૃદ્ધ
સારસ્વતોના ઉમદા સુમિત્ર
નમું નમું કર્મઠ જ્ઞાનવૃદ્ધ.

ઇન્દુકુમાર ત્રિવેદી

હોય. અને તે પછી તો ક્રમેક્રમે એકંદરે એથી પણ ઓછો આનંદ હશે. જો કે ત્યારે પણ આરંભમાં લાભશંકર જેવા એક પ્રતિભાશાળી કવિને કારણે અને વળી ત્યારે રાવજી પટેલ, ચંદ્રકાન્ત શેઠ, રાજેન્દ્ર શુકલ, દિનેશ કોઠારી, આદિલ મન્સૂરી, ચિનુ મોદી, મનહર મોદી, સુભાષ શાહ, રઘુવીર ચૌધરી, યોસેફ મેકવાન, અનિલ જોષી, માધવ રામાનુજ, હરિકૃષ્ણ પાઠક, હેમન્ત દેસાઈ, વ્રજલાલ દવે, ગીતા પરીખ, ધીરુ પરીખ આદિ અનેક કવિમિત્રોનો પણ 'બુધસભા'માં પ્રવેશ થયો હતો એ કારણે પણ હજુ આનંદ તો હશે જ. પણ પછીથી કવિતામાં શૈલીસ્વરૂપ અને વસ્તુવિષયમાં છંદ, વ્યાકરણ, નીતિ, બોધ આદિના એમના કેટલાક આગ્રહને કારણે ક્યારેક ક્લેશ પણ થતો હશે એવું એમના અંતિમ વરસના એક વક્તવ્યમાં સૂચન છે.

અરધી સદીથી યે વધુ સમય સુધી બચુભાઇએ સતત નિયમિત 'બુધસભા'નું સંચાલન કર્યું, ગુજરાતના કવિઓની ચાર પેઢીઓના સાન્નિધ્યમાં. કોઈ કોઈ વિરલ અપવાદ સાથે બચુભાઈ બુધવારે આઠથી દસ-અગિયાર 'બુધસભા'માં જ હોય. શિયાળામાં ઠંડીમાં કે ચોમાસામાં વરસાદમાં ક્યારેક તો એ એકલા જ હોય, માત્ર સગડી અને છત્રીના સાન્નિધ્યમાં. બચુભાઇએ ૧૯૬૨માં અને ૧૯૬૫માં એમ બે કાવ્યસત્રોનું બુધસભા સહયોગથી આયોજન કર્યું. રણજિતરામ 'કુમાર' અને બચુભાઈના જીવન તથા કાર્યમાં પરોક્ષ પ્રેરણારૂપ હતા. એથી જ્યારે ૧૯૮૦માં બચુભાઇએ જેની સ્થાપનામાં રણજિતરામ પ્રત્યક્ષ પ્રેરણારૂપ હતા એ ગુજરાતી સાહિત્ય પરિષદને 'બુધસભા'નું સંચાલન વિધિપૂર્વક અર્પણ કર્યું ત્યારે એમને પરમ ચરિતાર્થતાનો અનુભવ થયો હશે એ સહેજે કલ્પી શકાય છે. બચુભાઈ સ્વયં કવિ કે સર્જક નહિ. જોકે આરંભમાં કવચિત્ કાવ્યસર્જન કર્યું હતું. પણ 'કુમાર'માં પ્રસંગકણિકા આદિ સ્વરૂપે તથા અન્યત્ર લિપિ અને મુદ્રણ વિશે નિબંધ, વ્યાખ્યાન આદિ સ્વરૂપે કેટલુંક મૌલિક ગદ્યલખાણ કર્યું છે. 'કુમાર'માં ચિત્રો અને કાવ્યોની નીચે નોંધ સ્વરૂપે કેટલુંક વિવેચન પણ કર્યું છે. બચુભાઇએ અંતિમ વરસોમાં પ્રસંગકણિકાનો સંગ્રહ 'ચારિત્ર્યરેણુ' શીર્ષકથી પ્રગટ કરવાનું વિચાર્યું હતું. એ અને અન્ય ગદ્યપદ્ય લખાણોમાંથી બે-ત્રણ સંગ્રહોનું મરણોત્તર પ્રકાશન હવે થવું જોઇએ. બચુભાઇને ગુજરાતી ભાષાનાં ઉત્તમ કાવ્યો—આદિ કવિથી તે આજના કવિનાં ઉત્તમ કાવ્યો–નો સંચય પ્રગટ કરવાનું, ઉમાશંકર એનું સંપાદન કરે તો એમને એનું સુન્દર મુદ્રણ-પ્રકાશન કરવાનું સ્વપ્ન હતું. એનો હું સાક્ષી છું. હવે એ સ્વપ્ન તો સ્વપ્ન જ રહ્યુ ! બચુભાઈની કવિતાવિરોની સૂઝસમજને મર્યાદા હતી તે ભલે, બચુભાઈ કવિતા વિવેચક નહિ, તે ભલે. પણ બચુભાઈ એક ઉત્તમ કવિતાપ્રેમી, એક ઉત્તમ કવિતા સંચાલક કવિતાસંપાદક. કવિ અને કવિતાના એક પરમ સખા, એક પરમ સુહૃદ. 'બુધસભા' જેવી કવિતાની 'વર્કશોપ' – કાર્યશિબિર–શું ભારતમાં કે શું જગતમાં, કોઈ પણ ભાષામાં વિરલ. કવિનો કાવ્યસંગ્રહ પ્રગટ થાય પછી એનું અવલોકન-વિવેચન પ્રગટ થાય એથી સહૃદયોને લાભ થાય, કવિને કે કાવ્યને નહિ. પણ કવિનું કાવ્ય હજી હસ્તપ્રતમાં હોય અને અન્ય કવિમિત્રો અને સહૃદયોનો પ્રતિભાવ પ્રગટ થાય તો કવિને અને કાવ્યને ક્યારેક લાભ થાય. 'બુધસભા' જેવી કવિતાની 'વર્કશોપ'નું આ મૂલ્ય, આ મહત્ત્વ. 'બુધસભા' એ બચુભાઈની એક અસાધારણ સિદ્ધિ છે.

મારા સાહિત્યિક મુરબ્બી મિત્રોમાં પાંચ મિત્રો સંપૂર્ણપણે ગુજરાતી, પણ માત્ર ગુજરાતી નહિ, ગુજરાતીથી કંઈક વિશેષ. બલ્લુકાકા ગ્રીક, હરિશ્ચન્દ્ર ફ્રેન્ચ, મડિયા અમેરિકન, ઉમાશંકર (અન્ય એક જ પ્રદેશનું નામ આપવું શક્ય નથી એથી) વૈશ્વિક અને બચુભાઈ અંગ્રેજ. બચુભાઈ એટલે શિસ્ત, વ્યવસ્થા, નિયમિતતા. આરંભનાં વરસોમાં બચુભાઈનું ઘર રાયપુરમાં અને પછી પાનકોરનાકામાં. એ ચાલીને કાર્યાલય પર જાય. ૧૯૩૩માં એલિસબ્રિજમાં 'નેપથ્ય'માં નિવાસ કર્યા પછી સાઈકલ પર જાય. અંતિમ વરસોમાં સ્વાસ્થ્યને કારણે સાઇકલનો ત્યાગ કર્યો હતો, ત્યારે બસ કે રિક્ષામાં જાય. અંતિમ દિવસોમાં એક બપોરે બારેક વાગ્યે હું કાર્યાલયથી એમના ઘર લગી એમની સાથે રિક્ષામાં ગયો હતો. અચાનક અંગ્રેજોના આગમન પછીનું અમદાવાદ અને ગુજરાત તથા ભારત, ભારત અને યુરોપની બે મહાન સંસ્કૃતિઓનો સમન્વય, એ સમન્વયની સિદ્ધિઓ, સિદ્ધિઓમાં અંગ્રેજોનું અર્પણ એ સતત અમારા વાર્તાલાપનો વિષય હતો. ત્યારે બચુભાઈએ ગણીગણીને અંગ્રેજોના એકેએક ગુણનું હોંસેહોંસે સ્મરણ કર્યું હતું. (બચુભાઈમાં અંગ્રેજનો આત્મા હતો. ૧૯૭૭માં ઇંગ્લૅંડ ગયા ત્યારે બચુભાઇને જાણે ગુજરાતમાં દેશવટે વસીને સ્વદેશ પાછા ફર્યા જેવો આનંદ થયો હશે.) બચુભાઈ સાથેનું મારું એ અંતિમ મિલન હતું. એ બચુભાઈ વિશેનું મારું અંતિમ સ્મરણ હતું. બચુભાઈ ગુજરાતીઓમાં અંગ્રેજ હતા. બચુભાઈના સમૃદ્ધ જીવન અને સધ્ધર કાર્યનું રહસ્ય હતું બચુભાઈની અંગ્રેજિયત ! □

અનુસંધાન] **બચુભાઈનાં સંભારણાં** [પૃ. ૨૮૩થી

આનંદથી આસ્વાદ કરતા, ને અનહદ સ્નેહ વરસાવતા. એમનું હૈયું વત્સલ હતું. એવી જ વત્સલતા મેં મુ. યશવંતભાઇમાં પણ અનુભવી છે.

બચુભાઇને મળવા જવાનું હતું, પણ મારી આળસ કરતાં ય વિશેષે કરીને જડતાને લીધે હું મળવા ગયો નહિ ને મે વૅકેશનમાં પ્રવાસે ઊપડી ગયો. પાછા આવીને પણ ફોન કરવામાં અકારણ સંકોચ નડ્યો. અચાનક ડૉ. ધીરુભાઇ પરીખે ફોન પર વાત કરી, 'બચુભાઇ બહુ માંદા છે'. હું એમને તરત મળવા ગયો. બહુ પ્રેમથી ને રસપૂર્વક વાતો કરી. એ પછી તરત એમના પર હૃદયરોગનો હુમલો આવ્યો. હું ખબર જોવા ગયો ત્યારે અશોકભાઇના મોટા ભાઇએ તેમના કાનમાં મોટેથી કહ્યું: 'મધુસૂદનભાઈ આવ્યા છે'. પણ એમનો કશો પ્રતિભાવ પડ્યો નહિ.

અને પછી તો એમના અવસાન નિમિત્તે જ જવાનું બન્યું. એમના પુત્ર અશોકભાઇ કહે : 'ગયે વખતે તમે ગયા હશો ને તુરત પૂછ્યું કે મધુભાઇ જતા રહ્યા ?' એક સારા પ્રસંગે મારે બચુભાઇને પેંડા ખવડાવવાના બાકી હતા. મને મનમાં ખટકો રહી ગયો કે છેલ્લેછેલ્લે બચુભાઇ મારી પાસેથી પેંડાની પ્રસાદી લીધા વિના જ વિદાય થઇ ગયા ! □

બચુભાઈનાં સંભારણાં

મધુસૂદન પારેખ

મુરબ્બી બચુભાઈ વિશે લખતાં મારું ચિત્ત અતીતમાં દૂરદૂર મારી કિશોરાવસ્થામાં દોડી જાય છે. એ વખતે અમે અમદાવાદમાં ઘાશીરામની પોળમાં રહેતા હતા, અને માધ્યમિક શાળામાં ભણતા હતા. અમારા સાહેબ (અમે એમને માસ્તર કહેતા. એમનું નામ હનમાનભાઈ પટેલ. ગુજરાત વર્નાક્યુલર સોસાયટીમાં એ હિસાબનીશ હતા.) અમને ભણાવવા આવે. સવારના નવ-દસ વાગ્યા હોય ને ક્યારેક ક્યારેક બચુભાઈ મારા પિતાશ્રી (હીરાલાલ પારેખ)ને મળવા આવે. અમે કુતૂહલથી એમની ઊંચાઈ અને એમનો પહેરવેશ જોઈ રહીએ. મારા પિતાશ્રીને મળવા અનેક મિત્રો-સંબંધીઓ આવતા, પણ બચુભાઈ એમાં નિરાળા તરી આવે. એ સમયની બચુભાઈની મૂર્તિ મારા ચિત્તમાં હજુ અંકાયેલી રહી છે.

એ સમય ૧૯૩૨-'૩૩ની સાલનો કે તેની આસપાસના વરસનો હશે. બચુભાઈની અવસ્થા યુવાનીની. એમની ચાલમાં એ વખતે અમે જોમ અને તરવરાટ સ્પષ્ટ જોઈ શકતા. બચુભાઈ ચા કે કૉફી કશું પીએ નહિ. એટલે અમારા પિતાશ્રી (અમે એમને 'મોટા શેઠ' કહેતા) અમને સોડા કે લેમન લેવા મોકલે. આવાં કામનો અમને કંટાળો આવી જાય, પણ બચુભાઈ પાછા જાય ત્યારે મારા પિતાશ્રી તેમને વળાવવા છેક નીચે સુધી જાય ત્યારે બચુભાઈ માટેનો એમનો આદર અને સ્નેહભાવ અમને સહેજે સમજાઈ જાય. અમે મુગ્ધતાપૂર્વક વિચારી રહીએ કે મોટા શેઠ બચુભાઈનો આટલો બધો આદર કેમ કરતા હશે?

પિતાશ્રીના મરણ પછી પચીસ-ત્રીસ વર્ષ સુધી બચુભાઈને મારે મળવાનું ભાગ્યે જ બન્યું હશે. હું ભારતી વિદ્યાલયમાં શિક્ષકની નોકરી કરતો હતો ત્યારે એક વાર, મેં એક એકાંકી જેવું કંઈક ચીતરી નાખ્યું. લખવાની કટેવ એ વખતથી જ હતી! મને તુક્કો આવ્યો કે 'કુમાર'માં એ છપાય તો સારું. બચુભાઈ મારા પિતાના ગાઢ મિત્ર હતા એ હું જાણતો હતો. મેં એક નિશાળિયા સાથે ચિઠ્ઠી લખીને તેમને નાટક વાંચવા મોકલ્યું—એમના 'કુમાર કાર્યાલય'માં. ચિઠ્ઠીમાં લખેલું કે આ નાટક તરત જોઈ આપવા વિનંતી છે.

કલાકેક પછી એ નિશાળિયો પાછો આવ્યો. બચુભાઈએ મારો અવિનય લક્ષમાં લીધા વિના મારી વિનંતીનો સ્વીકાર કરી, પોતાનું કામ બાજુએ મૂકીને આખું નાટક તરત વાંચી લીધું અને સવિનય પાછું મોકલ્યું.

પછી મને થયું કે બચુભાઈ કવિતાનો ક્લાસ ચલાવે છે. ત્યાં કંઈ ગજ વાગે તો જોઈએ, એટલે હું પણ બુધસભામાં થોડા મહિના સુધી નિયમિત જવા માંડ્યો. બચુભાઈ પૂરેપૂરી સહૃદયતાથી અને આત્મવિશ્વાસપૂર્વક કવિઓની કવિતા વાંચીને તેને ચર્ચા માટે મૂકે. બચુભાઈના વર્ગમાં થોડાંક કાવ્યો લખવાની મને પણ પ્રેરણા થઈ આવેલી અને ચીતરામણ કરેલું પણ ખરું. ડાયરી પણ રાખવા માંડી ને એમાં કવિતા-મોટે ભાગે ગીતો! એ ડાયરી હજુ મારી પાસે સચવાઈ રહી છે. આજે લાગે છે કે બચુભાઈની બુધસભામાં એ ના લઈ ગયો તે ડહાપણનું કામ કર્યું. ઈ. ૧૯૫૫માં 'ભારતી વિદ્યાલય'માંથી 'શ્રી રામાનંદ મહાવિદ્યાલય'માં આવ્યો. ત્રણ-ચાર વર્ષમાં ગુજરાત સાહિત્યસભામાં મને સ્થાન મળ્યું અને સત્તાવન તેમ જ અઠ્ઠાવનના વર્ષની સાહિત્ય સમીક્ષાની કામગીરી મને સોંપાઈ, અને ૧૯૬૦ પછી 'બુદ્ધિપ્રકાશ'માં સંપાદક થવાનું માન મળ્યું.

આ દરમિયાન અવારનવાર બચુભાઈને મળવાનું થતું, પણ એમની આંખમાં કંઈક નારાજી દેખાતી. 'બુદ્ધિપ્રકાશ'ના સંપાદન અંગે તેમને સંતોષ નહોતો અને એ ગુજરાત વિદ્યાસભાની કારોબારીમાં હતા. એ મૌન રહે તો પણ મારી કામગીરી પ્રત્યેનો એમનો અણગમો છૂપો રહી શકતો નહિ. બચુભાઈ માટે મારા ભાવમાં પણ ઓટ આવી ગઈ. એમનાથી ગભરાવા પણ લાગ્યો અને એમને મળવાનું ટાળવા લાગ્યો. એવામાં શેક્સ્પીઅરની ચતુર્થ જન્મશતાબ્દી આવી. બચુભાઈએ વાતવાતમાં મને કહ્યું: 'શેક્સ્પીઅરનાં નાટકો પરથી 'કુમાર' માટે વાર્તા લખશો?'

બચુભાઈના પ્રતાપે 'બુદ્ધિપ્રકાશ'માં અંગ્રેજી પરથી ગુજરાતી વાર્તાનુવાદ કરવાની પ્રવૃત્તિ મારે કરવાની આવી હતી. અને મને એમાં ખાસ મુશ્કેલી લાગી નહોતી. અનુવાદનો મહાવરો પડ્યો હતો. એટલે મેં શેક્સ્પીઅર બાબતમાં હા પાડી દીધી. પહેલી જ વાર્તા 'મેકબેથ' એમને લખી મોકલી. 'કુમાર'ના તંત્રીએ તે સ્વીકારી, પણ અભિનંદન આપવા માટે તેમની ડોક ડોલી નહિ. બીજે મહિને બીજી વાર્તા ''વેનિસનો વેપારી' આપી, તંત્રીશ્રી રીઝ્યા. પછી તો ખભો થાબડ્યો ને પછી એમના હૃદયનો ઊમળકો છલકાવા જ માંડ્યો. 'કુમાર' કાર્યાલયમાં મારાં માનપાન વધી ગયાં. બચુભાઈનો હું આત્મીય બની ગયો. બચુભાઈને રસ હતો સન્નિષ્ઠામાં. એ પોતે સન્નિષ્ઠ ને કાર્યકુશળ તંત્રી હતા. ઘણા 'લઘુ'ને તેમણે 'ગુરુ' કર્યા. મારી કલમ ઘડવામાં એક તરફ મુરબ્બી યશવંતભાઈનો ફાળો તો બીજી તરફ 'કુમાર'માં લખવાની બચુભાઈએ આપેલી તક પણ કારણરૂપ બની ગઈ.

હું સ્વભાવે મળતાવડો નહિ. કોઈને પણ મળવા જવાનું મને ફાવે નહિ. પણ બચુભાઈ પત્ર લખીને નિયમિત સંભારે: 'ચા પીવા ક્યારે આવો છો?' અને મારે જવું જ પડે. લગભગ દરેક મુલાકાતે બચુભાઈ મારા પિતાશ્રીને અચૂક સંભારે અને એમનો સ્વભાવ યાદ કરીને ભાવવિભોર બની જાય. મારી પણ રીતરસમોનો તેમને કોઈએ ખયાલ આપી દીધો હશે એટલે મારું 'સૂરતીપણું' પણ વખાણે. મને કહે: 'તમને જોતાં જ તમારા પિતાશ્રી યાદ આવી જાય છે.'

મને નવાઈ લાગતી. મને એવો અણસારો કદી આવ્યો નથી. હા, એક વાર ડૉ. ભોગીલાલ સાંડેસરા બેઠા હતા ને હું એમને મળવા એમના રૂમમાં પ્રવેશ્યો. ડૉ. સાંડેસરા મને કહે: 'તમારો ચહેરો જોતાં મને એમ લાગ્યું કે હીરાકાકા આવ્યા!' મને તો બહુમાન મળ્યું હોય તેવો આનંદ થયો. જો કે મારી યોગ્યતા કેટલી તેનો મને પાકો અંદાજ છે. પણ આ પ્રસંગ ટાંકવાનું તાત્પર્ય એટલું જ કે મારા પિતા પ્રત્યે આ મહાનુભાવોનો કેટલો બધો સદ્ભાવ હતો!

છેલ્લાં દસેક વર્ષથી તો બચુભાઈ મારા કુટુંબના વડીલ જેવા બની ગયા હતા. મને કૉલેજનું આચાર્યપદ મળ્યું ત્યારે મેં મારો ગભરાટ તેમને ફોન પર જણાવ્યો હતો. તેમણે કહેલું તે હજી યાદ છે: 'ભગવાને અનુગ્રહ કરીને ખોળામાં ફળ નાખ્યું તો તે સ્વીકારી લેવું.' હું આચાર્યપદે નિમાયો તેનો એમને ખૂબ આનંદ હતો. પણ હું મારી મૂંઝવણ પ્રગટ કર્યા જ કરું! કટેવ જ એવી! એટલે જ્યારે એમાંથી હું છૂટ્યો ત્યારે મારો સંતોષ જોઈ બચુભાઈએ પણ રાહત અનુભવી હતી. મને કહેલું: 'તમારું કામ સરસ ચાલતું હતું ને આખી કૉલેજ તમારે પડખે હતી એવા હેવાલો હું સાંભળ્યા જ કરતો હતો, પણ તમારી પ્રકૃતિમાં જ આ બધી જંજાળ વિશે કંટાળો છે...જે થયું તે સારું થયું.'

પૂજ્ય રસિકભાઈના પણ બચુભાઈ પહેલાં આવા જ ઉદ્ગાર હતા. બચુભાઈને હું મારે ઘેર પણ નોતરતો. સૂરતી વાનગીનો એ (અનુ.પૃ.૨૮૨)

પિતાતુલ્ય બચુભાઈ

— સુનીલ કોઠારી —

બચુભાઈને પ્રથમવાર રૂબરૂ મળવાનું થયું. ઈ. ૧૯૫૭ના સપ્ટેમ્બરમાં પીટીટ લાઇબ્રેરી (મુંબઇ)માં 'માર્ગ'નો 'ભરતનાટ્યમ્' વિશેષાંક ઉથલાવતો હતો ત્યાં પ્રદ્યુમ્ન તન્નાની ઓળખાણ થઈ. 'કુમાર'-માં તેમનાં કાવ્યો વાંચેલાં અને ચિત્રો પણ જોયેલાં. તેમણે પોતાના હેતાળ સ્વભાવ મુજબ સરળતાથી ઉષ્માપૂર્વક ઘણી વાતો કરી. મને પણ નૃત્ય તથા કાવ્યોમાં રસ એટલે અમારી મૈત્રી બંધાઈ. તે દિવસોમાં બચુભાઈ મુંબઈ રાજ્યની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં મેમ્બર હોવાથી એમને અવારનવાર મુંબઈ આવવાનું થતું. એક વાર પ્રદ્યુમ્ન મને એમને મળવા લઈ ગયા. બચુભાઈ એ મને સ્નેહપૂર્વક આવકાર્યો. નૃત્ય-વિષયક મારો રસ જાણી 'કુમાર'માં લખવા નિમંત્રણ આપ્યું.

તે દિવસોમાં 'કુમાર'માં કંઇક પ્રગટ થાય એ જ મોટા ગૌરવની વાત. બચુભાઈના ઉચ્ચ ધોરણની ભારે છાપ. લેખ સરખા ઊતર્યા ન હોય તો ખચકાયા વિના ટીકા-ટિપ્પણ સાથે પાછા મોકલે. જોડણીના પાકા આગ્રહી. દરેક પત્રનો ટૂંકો ને મુદ્દાસર પ્રત્યુત્તર આપે. લેખ સાથે મોકલેલી અલગ નોંધો ને ફોટાની યે વિગતવાર પહોંચ લખે. નૃત્ય વિષયક આ લેખોમાંની બાબતો અંગે મારાં સૂચનો માન્ય રાખે. અને 'કુમાર'માં લેખની રજૂઆતમાં યે કાળજી લે. દરેક ફોટો સાથે પૂરતી સમજણ આપે. હસ્તમુદ્રા, અંગવિન્યાસ, પાદ-સ્થિતિ વગેરે દરેક વિશે જેમ સૂચવ્યું હોય તેમ જ છાપે. એટલું જ નહિ, શક્ય હોય ત્યાંથી દસ્તાવેજી મૂલ્યોવાળાં જૂનાં ચિત્રો-ફોટો વગેરે પણ શોધીને છાપે અને એના વડે લેખનું મૂલ્ય વધારે. આવી બાબતો અંગે તેમની ચીવટ અને ચીકાશ ભારે. પરંતુ આ બધું મને ખૂબ કામમાં આવ્યું. શરૂમાં તો હું અકળાતો, પણ લેખ છપાઇને આવે અને બધું વ્યવસ્થિત પ્રગટ થએલું જોઈ આંતરડી ઠરતી. આવા બીજા કોઈ તંત્રીનો મને હજી લગી ભેટો થયો નથી. વર્ષો પછી સ્નેહ અને વિશ્વાસ સંપાદિત કર્યા બાદ ડૉ. મુલ્કરાજ આનંદ જોડે 'માર્ગ'ના નૃત્ય-વિશેષાંકોમાં અને ગયે વર્ષે મારું 'ભરતનાટ્યમ્'નું પુસ્તક પ્રગટ થયું ત્યારે 'કુમાર'ની આ તાલીમ ઉપયોગમાં આવી. ડૉ. મુલ્કરાજ આનંદ પણ બચુભાઈ દ્વારા મળેલી આ તાલીમમાં મને સફળ નીવડેલો જાણી ઘણો સહકાર આપતા. અને 'કુમાર' પ્રેરિત મારી ચીવટ તથા ચીકાશની કદર કરતા.

'કુમાર'માં લખવું શરૂ કર્યું ત્યારે દિલ્હીમાં (૧૯૫૮માં) પ્રથમ અખિલ ભારતીય નૃત્ય પરિષદ યોજાઈ હતી. તેમાં મેં હાજરી આપી તેનો અહેવાલ 'કુમાર'માં આપ્યો હતો. ત્યાર પછી પ્રમુખ નૃત્યકારોની કળાનો ને તેમનાં જીવનનો તથા મુખ્ય નૃત્યશૈલીઓનો પરિચય આપતી લેખમાળા શરૂ કરી. એ બદલ 'કુમાર-ચંદ્રક' તો મળ્યો જ, ઉપરાંત, ગુજરાતમાં તથા બહાર નૃત્યના એક અભ્યાસી લેખક-વિવેચક તરીકે મને જે પ્રતિષ્ઠા મળી તે બચુભાઈ અને 'કુમાર' થકી જ હતી.

મુંબઈમાં ગીરગામ ખાતે 'લિપિની પ્રિન્ટરી'માં રાજેન્દ્ર શાહ રવિવારે સવારે ઊગતા કવિઓને મળતા. 'કુમાર'ની 'બુધસભા' જેવી એ બેઠકોમાં પ્રદ્યુમ્ન તન્ના સાથે હું પણ ઘણી વાર જતો. પછી ચિત્રકાર ભૂપેન ખખ્ખર પણ આવતા થયેલા. મુંબઈમાં હોય તો બચુભાઈ પણ ઘણી વાર ત્યાં આવી ચડતા. આનાથી અમે ત્રણે બચુભાઈના ઘણા નિકટ આવેલા અને બચુભાઈ અમને ત્રણેને 'સુપ્રભુ' (સુનીલ, પ્રદ્યુમ્ન અને ભૂપેન્દ્ર) કહેતા. બચુભાઈ વાલકેશ્વરમાં શ્રી નરેન્દ્ર અને શ્રીમતી નિરંજના પંડ્યાને ત્યાં ઊતરતા ત્યારે ત્યાં વારંવાર અમે એમને મળવા જતા. ત્યાં આવતા અન્ય ઘણા સાહિત્યકારો સાથે પણ બચુભાઇએ પ્રેમથી મારો પરિચય કરાવ્યો હતો.

ઈ. ૧૯૬૮માં બચુભાઈને લંડન જવાનું નિમંત્રણ મળ્યું. વીઝા વગેરેની તકલીફ હતી તે મેં માથાફોડ કરી રિઝર્વ બૅન્કના ગવર્નરને રૂબરૂ મળીને દૂર કરેલી. લંડનમાં સ્થિર થયેલા શ્રી રમણિકલાલ સોલંકીએ ત્યારે 'ગરવી ગુજરાત' પાક્ષિક નવુંનવું શરૂ કરેલું. બચુભાઈને એમણે જ નિમંત્રેલા. બચુભાઈ થકી રમણિકભાઈનો પરિચય થએલો અને ૧૯૬૯માં બ્રિટિશ કાઉન્સિલના નિમંત્રણથી હું નૃત્યપ્રવાસે લંડન ગયો ત્યારે એ પરિચય દૃઢ મૈત્રીમાં પરિણમ્યો. તેમાં બચુભાઈનો મોટો ફાળો હતો, મારા પર બચુભાઇ પુત્રવત્ સ્નેહ રાખે એટલે તેમના મિત્રો પણ મને સરળતાથી સ્વીકારતા.

હું ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની પરીક્ષામાં સફળ થતો નહિ એટલે બહુ નિરાશ થઈ જતો. પણ બચુભાઈ હિમ્મત આપી સી. એ. નો અભ્યાસ પૂરો કરવા આગ્રહ કરતા રહેલા, અને મને તે ન ગમતો હોવા છતાં એમણે પ્રેરેલા ઉત્સાહથી અંતે જ્યારે હું એ પરીક્ષામાં પાસ થયો ત્યારે તેમની ખુશીનો પણ પાર નહોતો.

પછીનાં વર્ષોમાં નૃત્યક્ષેત્રે સંશોધન, પરિભ્રમણ વગેરે ચાલ્યું અને 'યુનેસ્કો'ની ઈન્ટરનેશનલ ડાન્સ કાઉન્સિલ(પારિસ)ની કારોબારી સમિતિમાં પણ મારી નિમણૂક થઈ. મારી આ પ્રગતિથી બચુભાઈ ઘણા ખુશ હતા. મેં ગુજરાતી અને સંસ્કૃત સાથે એમ. એ. કર્યું હોવાથી સીડનહામ કૉલેજમાં ગુજરાતીના પાર્ટ-ટાઈમ લેક્ચરરની નોકરી સ્વીકારી લીધી હતી. આ બદલ તેઓ ઘણા રાજી થઈ આ રીતે સદાય સ્વાશ્રયી બનવાની સલાહ આપવા સાથે આફતો સામે માર્ગ કોતરી કાઢવા મારી હિમ્મત બઢાવતા. સી. એ.નો વ્યવસાય મને ગમતો નહિ તોપણ જરૂર પૂરતું કમાઈ લેવા માટે તે વ્યવસાયનું મર્યાદિત કામ કરતા રહેવાની પણ તેઓ સલાહ આપતા.

ઈ. ૧૯૬૯માં મેં એક વર્ષ યુરોપનો પ્રવાસ કર્યો અને ચં. ચી. (ચંદ્રવદન ચી. મહેતા)ની જેમ મન ભરીને યુરોપનાં પાટનગરોમાં ઘૂમી જે પાશ્ચાત્ય બાલે વગેરે જોયાં તેના ખબર હું તેમને નિયમિત પહોંચાડતો. બચુભાઈ તે વિશે પણ લેખો લખાવતા. પછી તો યુરોપના પ્રવાસો પ્રતિ વર્ષ કરી શકાય તેવી તકો સાંપડી. ૧૯૭૧માં ચં. ચી. જોડે કોપનહૅગન જવાનું થએલું. બચુભાઇએ તેની વાતો પણ અમારી બંનેની પાસે લખાવીને 'કુમાર'માં જુગલબંધીમાં પ્રકટ કરી.

મને નૃત્યવિષયક ક્યાંય ઠરીઠામ નોકરી મળતી નહોતી તેનો તેમને ભારે રંજ રહેતો. તેમની એ પારદર્શક લાગણીનો મને સુપેરે અનુભવ થએલો છે. છેલ્લે '૭૯માં રમણિકભાઈ સોલંકીએ બચુભાઈને ફરી લંડન નિમંત્ર્યા ત્યારે તેમની નાજુક તબિયતના કારણે તેમને ત્યાં લઈ જવાની જવાબદારી મને સોંપી હતી તેને હું મારું ધન્યભાગ્ય માનું છું. વડીલની થઈ શકે તેટલી ચાકરી મેં કરેલી. મારી ખડેપગે તહેનાતમાં રહેવાની તત્પરતાની તેઓ ભારે કદર કરતા અને લંડનમાં રમણિકભાઈ સોલંકીના આતિથ્યને માણતા. મારી ઉપસ્થિતિ પોતાની માનસિક હિમ્મતને કેટલી બઢાવી રહી છે તે વાત તેઓ અચૂક કહેતા. આથી હું ઘણો ક્ષોભ અનુભવતો, પરંતુ તેમને છેલ્લાં વર્ષોમાં આમ લંડન લઈ જઈ હેમખેમ પાછા અમદાવાદ લઈ આવ્યો તેને હું ઈશ્વરનો મોટો ઉપકાર માનું છું. પરદેશમાં બચુભાઈનું સ્વાસ્થ્ય સારું રહ્યું ને આટલી વયે પણ એ બધે હરીફરી શક્યા તે અમારા બધાં માટે આનંદની વાત રહી.

ગુજરાતનું એક તેજસ્વી રત્ન

—પ્રભુદાસ પટવારી—

બચુભાઈ રાવત ગુજરાતનું એક તેજસ્વી રત્ન હતા. ગુજરાતમાં જ નહિ, પરપ્રાંતમાં પણ સામયિક-પત્રકારત્વના ક્ષેત્રમાં એમની બહુવિધ ક્ષમતાની આગવી પ્રતિષ્ઠા હતી. મુદ્રણના ક્ષેત્રમાં પણ એમની એ અંગેની ઊંડી સૂઝ-સમજનું માન હતું. 'કુમાર' દ્વારા એમણે ગુજરાતની ત્રણત્રણ પેઢીનું સંસ્કાર-ઘડતર કર્યું હતું અને ગુજરાતની કવિતાવાડીનું એમણે જે સિંચન કર્યું તેની ફોરમ તો ચોગરદમ મઘમઘી રહી છે. આ બચુભાઈની અપેક્ષારહિત કાર્યનિષ્ઠા અને એમના સૌજન્યશીલ વ્યક્તિત્વે મારા મનમાં હમેશાં નરસિંહ મહેતાએ વર્ણવેલા વૈષ્ણવ જનની યાદ તાજી કરી છે.

'કુમાર' દ્વારા અને અન્ય વિવિધ સંસ્થાઓમાં સક્રિય રસ લઇને એમણે સાહિત્ય અને કલાક્ષેત્રે સન્નિષ્ઠાભરી જે સેવા અવિરત બજાવી છે તેને લક્ષમાં લઇને ઈ. ૧૯૫૨માં મુંબઈ રાજ્યની લેજિસ્લેટિવ કાઉન્સિલમાં એ ક્ષેત્રના પ્રતિનિધિ તરીકે તેમની વરણી થઈ હતી. સામાન્યતઃ આવા મોભાદાર સ્થાને આવવા માટે આજે ઘણા મહાનુભાવો અનેક પ્રકારની સીધી કે આડકતરી વગ લગાડવા મથતા હોય છે, ત્યારે બચુભાઇને આ સ્થાન સ્વીકારવા આગ્રહપૂર્વક સમજાવવા પડ્યા હતા. લગભગ પ્રત્યેક ક્ષેત્રમાં આજે જ્યારે દંભભર્યો લજ્જાહીન અનિષ્ઠ વ્યવહાર અને બદી જોવા મળે છે ત્યારે બચુભાઈની સન્નિષ્ઠાભરી મૂક સેવાઓ જોઈ ગૌરવ અનુભવીએ એ સ્વાભાવિક છે. 'મહાકવિ ન્હાનાલાલ ટ્રસ્ટ' તથા 'કલારવિ ટ્રસ્ટ'માંની એમની ઊલટભરી સક્રિયતાનો તો મને પ્રત્યક્ષ અનુભવ છે. આ બંને ટ્રસ્ટોની કામગીરીમાં પોતાનો સારો એવો હિસ્સો હોવા છતાં એમણે એ કદી કળાવા દીધો નથી. એમની એ એક ખાસિયત જ હતી–સદાયે નેપથ્યમાં રહેવાની. આ ખાસિયતથી જ પ્રેરાઇને કદાચ એમણે પોતાના આવાસનું નામ 'નેપથ્ય' રાખ્યું હશે!

મુદ્રણના ક્ષેત્રમાં પણ બચુભાઇએ જે સૂઝ-સમજ અને કરકસરયુક્ત કલાદૃષ્ટિ દાખવી તે 'કુમાર' માસિક ઉપરાંત, 'કુમાર કાર્યાલય'માં છપાએલાં સંખ્યાબંધ પ્રકાશનો, પત્રિકાઓ અને ચિત્રસંપુટોમાં દાયકાઓથી સતત પ્રતિબિંબિત થતી રહી છે. 'દિવ્યબંસરી ગાયક' અને તેની અંગ્રેજી આવૃત્તિ 'The Divine Flutist' નામના, રાજસ્થાની શૈલીનાં પૂર્ણરંગી ચિત્રો સાથેના મારા સંપાદનનું એમણે જે સુંદર મુદ્રણ કરી આપેલું તેની પ્રશંસાના સંખ્યાબંધ પત્રો મને વિદેશાથી પણ મળતા રહેલા. પોતાને ત્યાંની મર્યાદિત ને ટાંચી સાધનસામગ્રીથી પણ બચુભાઇએ મુદ્રણમાં કલાસૂઝ ભર્યા જે સુંદર પ્રયોગો કરી બતાવ્યા છે તે અદ્યતન સાધનોથી સંપન્ન કોઈ પણ વિદેશી મુદ્રકોની સ્પર્ધામાં ઊભા રહી શકે તેવા છે. કલાક્ષેત્રે ગુજરાતમાં રવિભાઇએ જેમ જાગૃતિ પ્રકટાવી તેમ જ બચુભાઇએ મુદ્રણના ક્ષેત્રમાં પોતાની સૂઝસમજ અને કલાદૃષ્ટિ વડે એ વ્યવસાયને પ્રગતિ અને પ્રતિષ્ઠાના માર્ગે ચડાવ્યો.

'કુમાર'ના તંત્રી તરીકેની એમની બહુવિધ ક્ષમતા અને નિષ્ઠાથી તો સૌ પરિચિત છે. છેક સવારથી આરંભી મોડી રાત સુધી 'કુમાર કાર્યાલય'ના જુનવાણી મકાનમાં એક ખૂણે ઊભી કરેલી નાનકડી દેરી જેવી એમની ઑફિસ (?)માં એમણે અર્ધી સદીથી યે વધુ વર્ષો સુધી એકધારી સરસ્વતીની ઉપાસના કરીને જ્ઞાનસંસ્કારનો પ્રસાદ સર્વત્ર વહેંચ્યા કર્યો. રવિભાઇએ 'કુમાર'ની જવાબદારીમાંથી નિવૃત્તિ લેતાં 'કુમાર'ને જારી રાખવા સ્થપાએલા 'કુમાર કાર્યાલય લિમિટેડ'ના મેનેજિંગ ડિરેક્ટર તરીકેની વહીવટી ફરજ પણ ઉપાડી લઇને બચુભાઈએ બેવડા પુરુષાર્થથી પોતાની જાત ઘસી નાખીને નિષ્ઠાપૂર્ણ કાર્યનું એક ઉત્તમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. ધારાસભામાં હતા ત્યારે ઘણી વાર મુંબઈ જતાં અમે સાથે થઈ જતા, ત્યારે ગાડીમાં યે મેં એમને 'કુમાર'નું કામ કરતા જોયા છે. રાજ્ય સરકારમાં માનભર્યું સ્થાન પામ્યા છતાં એ સ્થાનનો પોતાના માટે કે કાર્યાલયને માટે એમણે કદી લાભ લીધો નથી તેનો હું સાક્ષી છું.

અને 'કુમાર' તથા 'કુમાર કાર્યાલય'ની બેવડી જવાબદારી તથા અન્ય અનેક પ્રવૃત્તિઓમાં સક્રિય રહીને યે એમણે લીધું શું? પ્રતિષ્ઠા તો એ બીજે ક્યાંય હોત તો યે પામ્યા જ હોત, અને 'કુમાર' કરતાં અનેક ગણા વેતને અન્યત્ર જવાની પણ એમને માટે અનેક તકો હતી, પણ એવા પ્રસ્તાવો એમણે સદાય પાછા વાળ્યા હતા. 'કુમાર' સાથે જોડાયા ત્યારે માસિક માત્ર ૭૫ રૂપિયાથી એમણે આરંભ કરેલો, અને ૫૭ વર્ષથી વધુ સમય પછી યે એ રકમ પર મીંડું ચડવા જેટલું વેતન પણ એ નહોતા લેતા. પરંતુ આવા નજીવા વળતરનો વસવસો એમના ચહેરા પર કદી દેખાયો જાણ્યો નથી. પોતાની એ સીમિત આવકમાં યે એમણે કરકસરની અનેક તરકીબો પ્રયોજીને પોતાના બહોળા પરિવાર પ્રત્યેની પ્રત્યેક જવાબદારીઓ અદા કરી હતી. પોતાની સર્વ ક્ષમતા અને શક્તિ એમણે 'કુમાર'ની કામગીરીમાં જ સિંચી હતી. 'કુમાર' દ્વારા એમણે કરેલી બહુમુખી સંસ્કારસેવાની આજે ચોપાસ મહોરતી સુવાસ એ જ એમને મન મોટું વળતર હતું, મોટી મૂડી હતી, પોતાના પુરુષાર્થનું સુફળ હતું.

બચુભાઈ સામાનું દૃષ્ટિબિંદુ સમજવાનો હમેશાં પ્રામાણિક પ્રયત્ન કરતા, પરંતુ પોતાની માન્યતાઓમાં બાંધછોડ કરતા નહિ. પોતાનાં કામમાં તેઓ કાળી મજૂરી કરતા, કરકસર પણ કરતા. પાક્કા ગાંધીવાદી. સામા પાસે પણ એવા જ પરિશ્રમની અપેક્ષા રાખતા. પોતાને સાચું લાગે તે કહેતાં ખચકાયા વિના મીઠાશથી અને એટલી જ દૃઢતાથી કહેતા. દરેક તંત્રી જેમ 'પઝેસિવ' પણ ખરા. નવીનવી પ્રતિભાઓને શોધી, મઠારી, સંમાર્જીને ખીલવવાની પણ ભારે ધગશ રાખતા અને જો એમાંથી કોઈ કવિ, લેખક કે ચિત્રકાર નામ કાઢે તો ઘણા રાજી થતા.

મારે મન બચુભાઈ પિતાતુલ્ય હતા. નૃત્યક્ષેત્રે ખંત, ચીવટ, ચોકસાઈ અને નિષ્ઠાના ગુણો હું તેમના સંસર્ગથી જ કેળવી શક્યો ને તેનું સુફળ પણ મને મળ્યું. આ બદલ હું સદાય તેમનો ઋણી રહીશ. ગયે વરસે હું લંડન ગયો હતો ત્યારે કલકત્તામાં રવીન્દ્ર ભારતી યુનિવર્સિટીમાં નૃત્ય વિભાગના વડા તથા પ્રોફેસર તરીકે મારી નિમણૂક થયાના સમાચાર મેં તેમને લંડનથી જણાવેલા. અને અંતે હું ઠેકાણે પડ્યો તે જાણી એમના જીવને ટાઢક વળેલી. નિષ્ઠામાં અને પસંદ કરેલા ક્ષેત્રમાં શ્રદ્ધા રાખવાની એમની હિમાયતની જાણે પૂર્તિ થયેલી મેં અનુભવી. પણ એનો આનંદ એમની જોડે બેસીને માણવાનું નસીબમાં નહોતું. હું ત્યાંથી ૧૨મી જુલાઇએ રવાના થયો તે જ દિવસે તેમનું અવસાન થયું. તેમને રૂબરૂ ન મળી શકાયાનો રંજ જીવનભર રહેશે. તેમનો સ્નેહ પામવાના સૌભાગ્યને હું મારા જીવનની મોટી મૂડી સમજું છું. □

'...તરુણ વયના અમારા ઘડતરમાં એ પિતાતુલ્ય વડીલનો કેટલો ફાળો છે! 'સુપ્રભુ'ની અમારી ત્રિપુટી – (સુનીલ કોઠારી, પ્રદ્યુમ્ન તન્ના અને ભૂપેન ખખ્ખર) પર એમને અઢળક વહાલ. એ વહાલે અમારી ત્રણે કને કંઈ કેટલું લખાવ્યું–ચિતરાવ્યું છે. એ ઘડતરકાળમાં જીવન પ્રત્યેની અભિરુચિ કેળવવામાં 'કુમાર' અને પૂ. બચુભાઈ નો કેટલો બધો ફાળો છે એ અમારી જેવા અનેકે નિખાલસપણે સ્વીકારવું રહ્યું.' **—પ્રદ્યુમ્ન તન્ના**

બચુભાઈની માન્યતા

—ચંપકલાલ મહેતા—

'કુમાર'માં વર્ષો સુધી ચાલેલા 'મારી માન્યતા' વિભાગથી વાચકો પરિચિત છે. પોતાના કાર્યક્ષેત્ર અંગેના વિચારો અને જીવન પ્રત્યેના અભિગમ અંગે સંખ્યાબંધ વ્યક્તિવિશેષના ઉત્તરો તેમાં પ્રકટ થતા રહેલા. ઈ. ૧૯૬૬માં બચુભાઇને પણ મેં કેટલાક પ્રશ્નો મોકલ્યા હતા અને તેના ઉત્તરો એમણે આપેલા તે એમણે ત્યારે તો 'કુમાર'માં પ્રકટ કર્યા નહોતા પણ હવે અહીં રજૂ કરું છું. એમને સમજવામાં એ સહાયક બની રહેશે.

૧) શ્રી રવિશંકર રાવળ સાથે આપ પ્રથમ ક્યારે પરિચયમાં આવ્યા?

ઉ. લગભગ ઈ. ૧૯૧૯ના અરસામાં.

૨) આપનું બાળપણ સૌરાષ્ટ્રમાં વીત્યું અને જીવનનાં સ્વપ્નો પણ પણ ત્યાં જ પાંગર્યાં. ત્યાંના વિષે આપના ભાવ જણાવશો?

ઉ. જન્મે ગુજરાતી, પણ પાંચ પેઢીની કર્તવ્યભૂમિ અને મારો ઉછેર સૌરાષ્ટ્રમાં, એટલે ત્યાંની વિશિષ્ટતાઓ મનભર માણ્યા છતાં અને તેની ઊંડી છાપ જીવન પર હોવા છતાં તે પ્રદેશને ગુજ-રાતથી અલગ અનુભવી શકતો નથી.

૩) ગુજરાત અને ગુજરાતીઓ માટે અંગત અભિપ્રાય શો છે?

ઉ. ગુજરાતીઓ ગરવા છે એટલું કહેવામાં બધું આવી જાય છે.

૪) આપને 'કુમાર' ખાતર કુરબાની કરવાનું કેમ મન થયું?

ઉ. 'કુરબાની' શબ્દનું અપમાન નહિ કરું. હા, 'કુમાર' માટે ઉત્સાહ અને ઉદ્યમ દાખવ્યા છે અને તેની પ્રેરણા સ.પ્રથમ રણજિત-રામના જીવન અને લેખનમાંથી મળી.

૫) આપના પર પત્રોની તો ઝડી વરસતી હશે. એમાંથી ખાસ ગમી ગએલા કોઈ પત્રો ખરા?

ઉ. એ 'ઝડી'માં તો છ યે રસ હોય છે. બધા જ માણું છું. કોઈ ખાસનો ઉલ્લેખ શક્ય નથી.

૬) આપને કયા સાહિત્યકારો વધુ ગમે, પ્રાચીન કે અર્વાચીન?

ઉ. પ્રાચીન, અને પ્રાચીન થતાં સુધી ટકી રહે તેવા અર્વાચીન.

૭) મૈત્રીની મોજ પણ માણી હશે. કોની મૈત્રી સવિશેષ માણી?

ઉ. કોઈ એકનું નામ આપીને બીજાને અન્યાય ન કરું. પણ સદ્-ગતમાં તો દેશળજી પરમારની મૈત્રી સૌથી વિશેષ માણી છે.

૮) આજ સુધીમાં આપને કોનું વ્યક્તિત્વ વિશેષ ગમ્યું છે?

ઉ. મહાનમાં મહાનને પણ મર્યાદાઓ હોય છે, એટલે દત્તાત્રેયની પેઠે સૌનું સારું શોધવામાં માનું છું.

૯) સાહિત્ય, કલા, જ્ઞાન અને સંસ્કારની આપ શી વ્યાખ્યા આપો?

ઉ. વ્યાખ્યા તો નહિ, પણ એને વિષેની મારી જે કંઈ સમજ છે તેનો આવિષ્કાર 'કુમાર'માં થોડોઘણો થાય છે: જો કે મારા આદર્શનો દસમો ભાગ પણ નહિ.

૧૦) 'કુમાર'નાં કંઈ કડવાં-મીઠાં સંસ્મરણો ખરાં?

ઉ. કહ્યે પાર આવે તેમ નથી. ને કડવાં પણ હવે મીઠાં બની ગયાં છે!

૧૧) આપને મન કળા એટલે?

ઉ. જીવનનું મોણ, જીવનનું રસાયણ.

૧૨) આપની દૃષ્ટિએ કાવ્ય એટલે?

ઉ. 'કાવ્ય' અને 'કલા'ની વ્યાખ્યા વચ્ચે ભેદ કરતો નથી.

૧૩) જીવન અને જગત શું આંસુ અને પ્રેમનાં બનેલાં છે?

ઉ. પ્રેમ તો પાયો છે, ને આંસુ યે ગાંધીજીની જેમ અનુકંપાનાં હોય, રોતલવેડાનાં નહિ. મારે મન જીવન એટલે ઉત્સાહ અને ઉદ્યમ.

૧૪) શુદ્ધ, અવ્યક્ત, અલૌકિક પ્રેમની શી વ્યાખ્યા આપશો?

ઉ. કોણ આપી શક્યું છે? મારું એ ગજું નથી. હું તો વ્યાખ્યા કરતાં જીવનને જ મહત્ત્વ આપું છું.

૧૫) આપને લઘુકથા વધુ ગમે કે નવલિકા?

ઉ. બંને. એમાં ઘટનાતત્ત્વ, છેવટના પલટા અને અંતિમ ચોટ એટલાં લક્ષણ મહત્ત્વનાં ગણું છું.

૧૬) નૂતન સાહિત્યયુગની ખૂબી અને ખામી કહેશો?

ઉ. પશ્ચિમમાંથી-પરમાંથી પ્રેરણા પામવાનું વલણ. નવા વિચારોનો આદર કરવાની હોંશ એ પ્રશસ્ય લક્ષણ ખરું, પણ પોતાના પુરોગામીઓના વારસાના અભ્યાસ વિના અહોભાવથી માત્ર પશ્ચિમના વિચારોને જ પૂજ્યા કરવાની કુટેવ એ ખામી.

૧૭) ધર્મ સંબંધી આપનું વલણ કયા પ્રકારનું છે?

ઉ. સર્વધર્મ સમભાવમાં માનું છું.

૧૮) આપના કોઈ ખાસ શૉખ ખરા?

ઉ. શૉખમાં સામયિક પત્રકારત્વ, તેના પ્રકાશનને લગતું તથા અન્ય વાચન અને કલાત્મક સજાવટ-સુશોભન—પ્રકાશનોનું, ઘરનું કે બગીચાનું, ગમે તે હોય.

૧૯) આજ સુધીમાં આપનાં કેટલાં પુસ્તકો બહાર પડ્યાં છે?

ઉ. 'મારું' અને 'પુસ્તક' કહી શકાય તેવું એક પણ નહિ.

૨૦) આપની દિનચર્યા?

ઉ. સવારના પાંચ-છથી રાતના અગિયાર-બાર સુધી પ્રવાહી રહે છે. રાતના પાંચેક અને બપોરે અર્ધાએક કલાકના આરામ અને પ્રાત:કર્મ તથા ભોજન સિવાયના બધા જ કલાકો 'કુમાર'ના કામમાં.

૨૧) માસિક પત્રના તંત્રી બનનારમાં કયાકયા ગુણોની આવશ્યકતા આપને જરૂરી લાગે છે?

ઉ. લેખકના અને વાચકના બંનેનાં દૃષ્ટિબિંદુથી કૃતિને મૂલવવાની આવડત સાથે કડક વિવેકબુદ્ધિ, વાચકને જોઇએ તે નહિ, પણ પોતાના પત્રની નીતિ અનુસાર જે આપવું ઘટે તે આપવાની તકેદારી અને તૈયારી - પૂર્વ તૈયારીની સૂઝ અને શક્તિ જોઇએ.

'...ચોકસાઈ બચુભાઈની, નિખાલસતા બચુભાઈની. પોતાને લાગેલ સત્ય સામે કોઈ બોલે એટલે એમની આંખોમાં તીક્ષ્ણતા આવે જ-પણ ત્યાં જ, પછી નહિ. આત્મીયતા યે કેટલી? શબ્દોમાં ન આવી શકે એટલી સભર...એક જમાનાએ વિદાય લીધી. જર્મન કાર્યપદ્ધતિ ને કાર્યક્ષમતાએ વિદાય લીધી, એક સાચા ભારતીએ વિદાય લીધી...વર્ષો પહેલાં માણેકચોકમા એમને એકલા માતાજીની મૂર્તિ સામે પ્રાર્થના કરતા વહેલી સવારે જોએલા. ત્યારે એ શું માગતા હશે? 'કુમાર'ની ઉન્નતિ જ ને?'

— **મહેન્દ્ર સી. દવે** (દિલ્હી)

વિકાસની હરણફાળ ભરતું ગુજરાત

રાજકીય આંદોલનો દ્વારા એના વિકાસને સ્થગિત કરવાના અનેક પ્રયાસો થવા છતાં, રાષ્ટ્રિય સ્તરે અગ્રેસર બનવા માટે ગુજરાતે તેની વિકાસકૂચ જારી રાખી છે. લોકોના અટલ વિશ્વાસ અને સહયોગ સાથે તેમ જ કેન્દ્ર સરકારના સહકારથી ગુજરાત સરકારે વિકાસના તમામ મોરચે મહત્ત્વનાં સોપાન સર કર્યાં છે.

- ✠ કાકરાપાર ખાતે અણુવિદ્યુત મથક.
- ✠ કવાસ ખાતે બીજું પેટ્રો રસાયણ સંકુલ.
- ✠ ઉભરાટ ખાતે દરિયાઈ ગેસ પાઈપલાઈનનું ભૂમિબિંદુ.
- ✠ વણાકબોરી ખાતે દક્ષિણ એશિયાનું પ્રચંડકાય પાવર સ્ટેશન.
- ✠ હજીરા ખાતે ગેસ આધારિત ખાતરનાં બે કારખાનાં.
- ✠ ઉદ્યોગને ક્ષેત્રે બીજું સ્થાન.
- ✠ રૂા. ૩૭૬૦ કરોડની છઠ્ઠી યોજના.

ગુજરાત તેની યોજનાઓ જનકલ્યાણ માટે કાર્યાન્વિત કરે છે:

- ✠ રૂા. ૬૪૦ કરોડ આદિવાસી વિકાસ માટે.
- ✠ છઠ્ઠી યોજનાનો ૫૦ ટકા ખર્ચ ૨૦ મુદ્દાના કાર્યક્રમ માટે.
- ✠ રૂા. ૨૭ કરોડ હરિજન કલ્યાણની અંગભૂત યોજના માટે.
- ✠ ૩ લાખ આવાસો ભૂમિહીન ખેડૂતો માટે.
- ✠ ચાલુ વર્ષે ૯૦૦ ગામડાંને પાણી અને ૧૦૦૦ને વીજળી.
- ✠ ૮૩ ટકા વસ્તીને વીજળીનો લાભ.
- ✠ ઉદ્યોગોનો વિકાસ દર ૧૦-૫ ટકાથી વધીને ૧૫ ટકા.
- ✠ ચાર લાખને રોજગાર.
- ✠ જિલ્લા વિકાસ માટે રૂા. ૩૨ કરોડ.
- ✠ ગ્રામ રોજગાર માટે ૮૦ લાખ માનવદિનનું નિર્માણ.
- ✠ રાજ્યની કાયાપલટ કરનારી સરદાર સરોવર યોજના : નર્મદાયોજના.
- ✠ છઠ્ઠી યોજનામાં રૂા. ૩૩૦ કરોડ.

ગુજરાતનો ઝડપી અને સમતોલ વિકાસ આપણા સૌનું એક જ લક્ષ્ય

('કુમાર' અંક ૬૯૪-૬૯૫ • ઑક્ટો.-નવે. ૧૯૮૧)

मानं हित्वा प्रियो भूयात, क्रोधं हित्वा न शोचति।
कामं हित्वार्थवान् भूयात, लोभं हित्वा सुखी भवेत्॥

માન તજવાથી મનુષ્ય પ્રિય થાય છે, ક્રોધ તજવાથી શોક કરવો પડતો નથી; કામ તજવાથી ધનવાન થવાય છે અને લોભના ત્યાગથી મનુષ્ય સુખી થાય છે.